ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી / અભ્યાસક્રમ / 2020 / 4320, તા.18-02-2020 થી મંજૂર

અજમાયશી

# સામાજિક વિજ્ઞાન

## ધોરણ 7

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતા-પિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર
રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

ડૉ. જી. ટી. સરવૈયા
શ્રી નીતિન કોઠારી
ડૉ. મૂકેશ એચ. ખટીક

**લેખન**

ડૉ. બિમલ એસ. ભાવસાર (કન્વીનર)
ડૉ. નવનીત જયસ્વાલ
શ્રી બી. એમ. મેટાલિયા
ડૉ. જાયમલ જી. રંગિયા
ડૉ. પૂર્ણિમા એ. ત્રિવેદી
શ્રી હરજીભાઈ પ્રજાપતિ
શ્રી પંકજ એ. પ્રજાપતિ
શ્રી એ. ટી. પટેલ
ડૉ. ભાવેશ પંડ્યા
ડૉ. અખિલ ડી. ઠાકર
ડૉ. જનક ગઢવી
શ્રી સલીમ એસ. કુરેશી
શ્રી વસંતરાય એમ. તેરૈયા

**સમીક્ષા**

શ્રી નરેન્દ્રભાઈ રાવલ
ડૉ. હસમુખ એસ. પટેલ
શ્રી અનીલભાઈ પંડ્યા
શ્રી કાંતિભાઈ પરમાર
શ્રી દિલીપભાઈ જી. મેવાડા
શ્રી હર્ષદાબહેન એમ. પટેલ
શ્રી અનીલકુમાર જે. રાણા
શ્રી કેતનભાઈ આર. પટેલ
શ્રી તરલભાઈ ડી. વ્યાસ
શ્રી દિનેશભાઈ જી. વાઘેલા
શ્રી નિલમબા ડી. ચાવડા
શ્રી વર્ષાબા બી. ઝાલા
ડૉ. મહેશ કે. પટેલ
શ્રી કુલદીપસિંહ આર. ચૌહાણ
શ્રી લલિતભાઈ એ. વાઘેલા
શ્રી દીપકકુમાર આર. કંબોયા
શ્રી પ્રકાશભાઈ એન. વસોયા
શ્રી જય એ. પટેલ

**ભાષાશુદ્ધિ**

શ્રી વિજય ટી. પારેખ

**ચિત્રાંકન**

શ્રી રાજેશ બારૈયા

**સંયોજન**

ડૉ. ચિરાગ એન. શાહ
(વિષય-સંયોજક : કૉમર્સ)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા તૈયાર થયેલ અને રાજ્ય સરકાર તરફથી મંજૂર કરવામાં આવેલ નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ **સામાજિક વિજ્ઞાન, ધોરણ 7** વિષયનું અજમાયશી પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં આનંદ થાય છે.

આ પાઠ્યપુસ્તકનું લેખનકાર્ય તથા સમીક્ષા નિષ્ણાત પ્રાધ્યાપકો અને શિક્ષકો પાસે કરાવવામાં આવ્યું છે અને સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કરવામાં આવ્યા છે. નવા અભ્યાસક્રમ મુજબ તૈયાર થયેલા આ પાઠ્યપુસ્તકના અધ્યાપનકાર્યમાં શિક્ષકોને સહાયરૂપ થાય તેવી સામગ્રીનો પણ આમાં સંક્ષેપમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વાલીઓને પણ આ સામગ્રી ઉપયોગી થશે એવી આશા છે. વિદ્યાર્થી જે શીખે તે પાકું શીખે તેમજ તેઓ જે શીખ્યાં હોય તેનું દૃઢીકરણ થતું રહે તે માટે સ્વાધ્યાય-સામગ્રી પણ આ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવી છે. આ કારણે વર્ગશિક્ષણ વિશેષ ફળદાયી નીવડશે તેવી અપેક્ષા છે.

આ પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. આમ છતાં, પ્રસ્તુત પાઠ્યપુસ્તકની ગુણવત્તા વધારવા માટેનાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી (IAS)**
નિયામક — કાર્યવાહક પ્રમુખ
તા. 18-2-2020 — ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2020

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો તથા સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની તથા તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા

D6G3V9


1. રાજપૂતયુગ : નવાં શાસકો અને રાજ્યો 1
2. દિલ્લી સલ્તનત 8
3. મુઘલ સામ્રાજ્ય 13
4. મધ્યયુગીન સ્થાપત્યો, શહેરો, વેપારી અને કારીગરો 19
5. વનવાસી, વિચરતી જાતિ અને સ્થાનિક સમુદાય 27
6. ભક્તિયુગ : ધાર્મિક સમુદાયો અને વિચારકો 32
7. પ્રાદેશિક સંસ્કૃતિનું ઘડતર 37
8. અઢારમી સદીના રાજકીય શાસકો 46
9. પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો 49
10. પર્યાવરણનાં ઘટકો અને આંતરસંબંધો 55
11. વાતાવરણની સજીવો પર અસરો 62
12. આપત્તિ અને વ્યવસ્થાપન 69
13. સંસાધનોનું જતન અને સંરક્ષણ 77
14. લોકશાહીમાં સમાનતા 87
15. રાજ્ય સરકાર 91
16. જાતિગત ભિન્નતા 102
17. સંચાર માધ્યમ અને જાહેરાત 108
18. બજાર 115
- ચાલો, સમજ ચકાસીએ 125


## CERTIFICATE OF THE MAPS


1. © Government of India, Copyright - 2020


2. The responsibility for the correctness of internal details rests with the publisher.

3. The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line.

4. The external boundaries and coastlines of India agree with the record/master copy certified by Survey of India.

5. The state boundaries between Uttarakhand and Uttarpradesh, Bihar and Jharkhand and Chattisgarh and Madhyapradesh have not been verified by the Governments concerned.

6. The spellings of names in this map, have been taken from various sources.

# 1 રાજપૂતયુગ : નવાં શાસકો અને રાજ્યો

W4X3X8

રાજપૂત રાજવીઓએ ઈ.સ. 700 થી ઈ.સ 1200 વચ્ચેનાં 500 વર્ષના સમયગાળા દરમિયાન મોટા ભાગના ઉત્તર ભારત અને દક્ષિણ ભારત પર વર્ચસ્વ જમાવી રાજપૂતયુગની સ્થાપના કરી. તેમણે ભારતીય હિંદુ સંસ્કૃતિને પ્રજ્વલિત રાખી. આ તમામ નાનાં-મોટાં છતાં નોંધપાત્ર એવાં રાજપૂત રાજ્યો કયાં અને કેવાં હતાં તે વિસ્તારથી જોઈએ :


સમ્રાટ હર્ષવર્ધન

## હર્ષવર્ધન પછીનો સમયગાળો

સાતમી સદીમાં હર્ષવર્ધનના અવસાન બાદ ઉત્તર ભારતમાં તેમના વિશાળ સામ્રાજ્યનું નાનાં-નાનાં સ્વતંત્ર રાજ્યોમાં વિભાજન થયું. એ જ રીતે પુલકેશી બીજાના અવસાન પછી દક્ષિણ ભારતમાં પણ સ્વતંત્ર રાજ્યો બન્યાં. મધ્યયુગના આ સમયકાળને ભારતીય ઇતિહાસમાં રાજપૂતયુગ કહેવામાં આવે છે.

**આટલું જાણો**

'રાજપૂત' શબ્દનો અર્થ રાજપુત્ર થાય છે. 14મી સદીના ભાટો રાજપૂતોને છત્રીસ કુળ ધરાવતા સમૂહ તરીકે વર્ણવે છે.

રાજપૂતો બહાદુર હતા એટલા જ ટેકીલા હતા. આપેલ વચન પ્રાણને ભોગે પણ પાળતા. દુશ્મનને પીઠ બતાવવા કરતાં તેઓ મૃત્યુ વિશેષ પસંદ કરતા. તેઓ ગૌબ્રાહ્મણ પ્રતિપાલક હતા. શરણે આવેલાનું તેઓ કોઈ પણ ભોગે રક્ષણ કરતા. લડાઈમાં પણ અધર્મ આચરતા નહિ.

ભારતની રાજપૂતાણીઓ વીરત્વ માટે વિખ્યાત હતી. પુત્ર અને પતિને હસતા મુખે યુદ્ધમાં વિદાય આપતી. સતીત્વ, નીડરતા અને સત્ય માટે તે પ્રાણની પણ પરવા કરતી નહિ. જરૂર પડે તો હાથમાં તલવાર લઈને રણમેદાને નીકળી પડતી. આવી વીરાંગનાઓનાં અનેક ઉદાહરણો જોવા મળે છે.


રણમેદાનમાં વિદાય આપતી રાજપૂત વીરાંગના

● **વિચારો** : રાજપૂતાણીઓ શાસ્ત્ર અને શસ્ત્રનો અભ્યાસ શા માટે કરતી હતી ? આજની મહિલાઓએ કયાં-કયાં ક્ષેત્રનો અભ્યાસ કરવો જોઈએ ? શા માટે ?

ભારતના મધ્યયુગીન ઇતિહાસમાં રણધીરા રાજપૂત શાસકોની વીરતા, સાહસ અને શૌર્યના પ્રસંગો નોંધાયેલા છે. આશરે પાંચ સો વર્ષ સુધી રાજપૂતોએ ભારતને વિદેશી આક્રમણોથી બચાવ્યો હતો. આવા રાજપૂત રાજ્યવંશો વિશે જાણીએ.


સાતમી સદીના અંતમાં સામંતશાહી શક્તિઓનો ઉદય થતાં ભારત અનેક નાના-મોટા ટુકડાઓમાં વહેંચાયો. દેશમાં અનેક રાજપૂત રાજ્યવંશોનો ઉદય થયો. આ સમયને મધ્યયુગ કહે છે. આપણે તે સમયના ઉત્તર અને દક્ષિણ ભારતનાં રાજ્યોનો અભ્યાસ કરીશું.

## ઉત્તર ભારતનાં રાજ્યો

W2U1J2

ગુર્જર પ્રતિહાર સામ્રાજ્યના પતન બાદ કનોજનું ગઢવાલ રાજ્ય, બુંદેલખંડ(જેજાકભુક્તિ)ના ચંદેલો, માળવાનું પરમાર રાજ્ય, અણહિલવાડનું ચૌલુક્ય (સોલંકી) રાજ્ય, ડાહલનું ચેદિરાજ્ય, શાકંભરીનું ચૌહાણ રાજ્ય, દક્ષિણ રાજસ્થાનનું ગોહિલ રાજ્ય સ્થાપિત થયાં.

ગઢવાલ રાજ્યનો સ્થાપક ચંદ્રદેવ હતો. તેમણે કનોજ સિવાય કાશીને પણ બીજી રાજધાની બનાવી હતી. આ વંશમાં મદનચંદ્ર, ગોવિંદચંદ્ર જેવા શાસકો થયા હતા. જેમાં ગોવિંદચંદ્ર આ કુળનો સૌથી પ્રતાપી અને પરાક્રમી રાજા હતો. તેણે ગઝનીના આક્રમણને અટકાવ્યું હતું. તેમજ અનેક બૌદ્ધવિહારોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ઉત્તર ભારતના અન્ય શાસકોમાં બુંદેલખંડના ચંદેલોનો સમાવેશ થાય છે. બુંદેલખંડ પ્રદેશનું ચંદેલોનું આ રાજ્ય પાછળથી જેજાકભુક્તિના નામથી ઓળખાયું હતું. આ રાજ્યમાં યશોવર્મા, કીર્તિવર્મા, પરમર્દિદેવ (પરમાલ) જેવા મહાન શાસકો થઈ ગયા હતા. ભારતના ઈતિહાસમાં ચંદેલવંશનું ઘણું મહત્ત્વ છે. ખજુરાહો, કાલિંજર અને મહોબા ચંદેલોનાં મુખ્ય નગરો હતાં. ખજુરાહો તેનાં ભવ્ય મંદિરોને લઈને તીર્થસ્થાન તરીકે પ્રખ્યાત થયું હતું. ચંદેલોએ બુંદેલખંડમાં મહાન ધાર્મિક મકાનો અને જળાશયો બંધાવીને સુશોભિત બનાવ્યું હતું.




રાજાભોજ

માળવાનો પ્રદેશ પ્રાચીનકાળથી અવંતિ અથવા ઉજ્જૈનીના રાજ્ય તરીકે જાણીતો છે. ઈ.સ. 820માં કૃષ્ણરાજે પરમારવંશની સ્થાપના કરી હતી. પરમારવંશમાં સીયક, મુંજ, ભોજ જેવા મહાન શાસકો થયા હતા. ભોજ પરમારવંશનો સૌથી શ્રેષ્ઠ રાજા હતો. તેની ખ્યાતિ ભારતના એક આદર્શ લોકપ્રિય રાજા તરીકેની હતી. રાજા ભોજે ધારાનગરીમાં એક મહાશાળાની સ્થાપના કરી હતી. ફરતી ટેકરીઓની વચમાં સુંદર નગર ભોજપુર (વર્તમાન ભોપાલ) નામનું નગર વસાવ્યું હતું. ચૌહાણ કે ચાહમાનવંશના અનેક રાજપૂત સરદારો ગુજરાત અને રાજસ્થાનના વિવિધ ભાગોમાં રાજ્ય કરતા હતા. એમાંની એક શાખા આઠમી સદીમાં સાંભર સરોવર નજીક શાકંભરી (અજમેરની ઉત્તરે આવેલ સાંભર) નામના સ્થળે રાજ્ય કરતી હતી. શાકંભરીના ચાહમાન(ચૌહાણ)વંશનો સ્થાપક વાસુદેવ હતો. બારમી સદીના આરંભમાં અજયરાજ શાકંભરીની ગાદી ઉપર બેઠો હતો. તેણે અજયમેરુ નામના નગરની સ્થાપના કરી હતી, જે પાછળથી અજમેર નામે ઓળખાયું હતું.

ગુજરાતના સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહની રાજકુંવરીનાં લગ્ન ચૌહાણવંશના અર્ણોરાજ સાથે થયેલાં. તેનો પુત્ર સોમેશ્વર ચૌહાણ ગાદીએ આવ્યો. તેના પછી તેનો પુત્ર પૃથ્વીરાજ ત્રીજો ગાદીએ આવ્યો હતો. આ પૃથ્વીરાજ ત્રીજો ભારતના ઈતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. ઈ.સ. 1191માં થાણેશ્વર અને કર્નાલ વચ્ચે આવેલા તરાઈના મેદાનમાં શિહાબુદ્દીન ઘોરીને પૃથ્વીરાજ ચૌહાણે સજ્જડ હાર આપી હતી. તે પછી ઈ.સ. 1192માં પૃથ્વીરાજ ચૌહાણની હાર થઈ અને દિલ્લીના તખ્તા પર મુસ્લિમ સત્તાનો ઉદય થયો. આથી તરાઈની લડાઈ ભારતીય ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ ગણાય છે.

રાજપૂતયુગમાં ગુજરાતના શાસકોનું વિશેષ સ્થાન છે. આઠમી સદીમાં ગુર્જર પ્રતિહારોનું રાજ્ય હતું. આઠમી સદીના મધ્યમાં આશરે ઈ.સ. 756માં સરસ્વતી નદીના કિનારે વનરાજ ચાવડાએ અણહિલવાડ પાટણની સ્થાપના કરી હતી.

પોતાના બાળમિત્ર અણહિલ ભરવાડના નામ ઉપરથી વનરાજ ચાવડાએ નવીન નગરનું નામ અણહિલવાડ પાટણ રાખેલ એવી સામાન્ય માન્યતા છે. આ સમયે ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચાવડાવંશના શાસકો હતા.



વનરાજનો રાજ્યાભિષેક અણહિલવાડ પાટણની સ્થાપના

- **વિચારો :** (1) સાચી મિત્રતાના પ્રસંગોની વર્ગખંડમાં ચર્ચા કરો.
  (2) નવીન ગામ/શહેરોની સ્થાપનાને લગતાં પ્રસંગો શોધીને વર્ગમાં ચર્ચા કરો.

જેમાં વઢવાણ, દીવ, ઓખામંડળ, પાટગઢ (લખપત), ભદ્રાવતી (કચ્છ) વગેરેનો સમાવેશ થાય છે. આ બધા શાસકોમાં સોલંકીઓના શાસનકાળને ગુજરાતના રાજપૂત શાસનનો સુવર્ણયુગ ગણવામાં આવે છે. આ વંશમાં મૂળરાજ, ભીમદેવ (પ્રથમ), સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ, ભીમદેવ બીજો વગેરે શક્તિશાળી શાસકો થઈ ગયા. સોલંકીઓના શાસનમાં ગુજરાત આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમૃદ્ધ હતું. જૂનાગઢના શાસક રા'ખેંગારની દીકરી ઉદયમતિનાં લગ્ન ભીમદેવ (પ્રથમ) સોલંકી સાથે થયાં હતાં. રાણી ઉદયમતિએ પાટણમાં વિશ્વપ્રસિદ્ધ વાવ બનાવી હતી, જે રાણીની વાવ તરીકે ઓળખાય છે. આજે આ રાણીની વાવને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો મળેલ છે. સિદ્ધરાજ જયસિંહની માતા મીનળદેવી (મયણલ્લદેવી) આદર્શ રાજમાતા હતાં. તેમણે પ્રજાને ન્યાય આપવા અનેક કામ કર્યાં હતાં. સોમનાથનો યાત્રાળુવેરો બંધ કરાવવામાં, ધોળકામાં મલાવ તળાવના બાંધકામમાં તેમનો જ નિર્ણય હતો. સિદ્ધરાજ જયસિંહે ''કલિકાલસર્વજ્ઞ'' હેમચંદ્રાચાર્યજી પાસે ''સિદ્ધહેમશબ્દાનુશાસન'' નામના સમૃદ્ધ ગ્રંથની રચના કરાવી હતી અને આ ગ્રંથની નગરમાં હાથી ઉપર શોભાયાત્રા કાઢી હતી ત્યારે પાટણનો રાજા આમપ્રજાની સાથે ચાલ્યો હતો. કુમારપાળ પણ પ્રજાકલ્યાણી શાસક હતો અને આચાર્ય હેમચંદ્રાચાર્યનો તેના ઉપર ઘણો પ્રભાવ હતો. તેમની પ્રેરણાથી રાજા કુમારપાળે રાજ્યમાં જુગારની રમત, પશુવધ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો અને અહિંસાના પાલન માટે કડક આજ્ઞાઓ કરી હતી. ''કુમારપાળ-ચરિત્ર'' ગ્રંથ લખીને હેમચંદ્રાચાર્યજીએ આ રાજાની પ્રતિષ્ઠામાં વધારો કરેલ છે.

કુમારપાળ બાદ અજયપાળ પાટણની ગાદીએ આવ્યો હતો. લગભગ ચાર વર્ષના શાસન બાદ તેનું અવસાન થતાં ગુજરાતની રાજગાદી ઉપર તેનો પુત્ર મૂળરાજ બીજો આવ્યો. ઈ.સ. 1178ની આસપાસ શિહાબુદ્દીન ઘોરીએ ગુજરાત પર આક્રમણ કરેલ ત્યારે મૂળરાજ બીજાએ નાની ઉંમરે તેનો સામનો કરી તેને હરાવ્યો હતો. આ લડાઈમાં નાડોલના ચાહમાન રાજા કેલ્હણે તથા એના ભાઈ કીર્તિપાલે તેને મદદ કરી હતી.

સોલંકી શાસકોની સત્તા નબળી પડતાં ગુજરાતની ગાદી ઉપર વાઘેલાવંશનું શાસન આવ્યું. વાઘેલાઓ સોલંકીઓના વફાદાર સરદાર હતા. તેમની સેવાના બદલામાં સોલંકીઓએ વ્યાઘ્રપલ્લી (વાઘેલ) ગામ અર્ણોરાજને આપ્યું હતું. જે ગામના નામ ઉપરથી તેમના વંશજો વાઘેલા કહેવાયા. આમ તો તેઓ પણ મૂળ ચૌલુક્ય જાતિના હતા. વાઘેલાવંશમાં વીરધવલ, વીસળદેવ, અર્જુનદેવ, સારંગદેવ જેવા શાસકોએ ગુજરાતનું શાસન સારી રીતે ચલાવ્યું હતું. વીરધવલના શાસનકાળમાં ગુજરાતને વસ્તુપાળ અને તેજપાળ જેવા સમર્થ મંત્રીઓ મળ્યા હતા. આ મંત્રીઓની કુનેહના કારણે ગુજરાત મુસ્લિમનાં આક્રમણોથી બચ્યું હતું. વાઘેલાવંશના છેલ્લા શાસક કર્ણદેવ વાઘેલાના સમયમાં ઈ.સ. 1304ની આસપાસ ગુજરાતમાં દિલ્લી સલ્તનતની સ્થાપના થઈ.

આઠમી સદીના મધ્ય ભાગમાં બંગાળમાં પાલવંશનું શાસન હતું. આ વંશના સ્થાપક અને તેના વંશજોનાં નામોમાં 'પાલ' શબ્દ પાછળના ભાગમાં આવતો હોવાથી આ વંશને બંગાળનો 'પાલવંશ' કહેવામાં આવે છે. આ વંશનો સ્થાપક ગોપાલ (ઈ.સ. 750-770) નામનો રાજવી હતો. પાલવંશના પતન બાદ ઈ.સ. 1095માં સેનવંશની સ્થાપના થઈ હતી. આ વંશમાં વિજયસેન પ્રથમ નોંધપાત્ર રાજા હતો. તેના પુત્ર બલ્લાલ સેને ''દાનસાગર'' અને ''અદ્ભુતસાગર'' નામના ગ્રંથો રચ્યા હતા.

કર્ણદેવ વાઘેલા પાસેથી ગુજરાત જીતી લીધા પછી દિલ્લીના સુલતાન નાઝિમો(સૂબા)ની નિમણૂક કરતા. તે દ્વારા રાજ્યનો વહીવટ થતો હતો. ઈ.સ. 1407માં ઝફરખાન મુઝફ્ફરશાહ નામ ધારણ કરીને સુલતાન બન્યો. આ વંશમાં ચૌદ સુલતાનો થઈ ગયા, જેમાં અહમદશાહ, મહમૂદ બેગડો, બહાદુરશાહ જેવા સુલતાનોનો સમાવેશ થાય છે. સત્તરમી સદીમાં ગુજરાતમાં મુઘલ શાસનની શરૂઆત થતાં સલ્તનતકાળ પૂરો થયો હતો.

**આટલું કરો**

વનરાજ ચાવડા એ અણહિલવાડ પાટણ તો અહમદશાહે અમદાવાદ વસાવ્યું. આ બંને શાસકોની નવા નગરની સ્થાપના સાથે જોડાયેલા કેટલાક પ્રસંગો એકત્ર કરો.

## દક્ષિણ ભારતનાં રાજ્યો

F1B1L1

નર્મદા નદીની દક્ષિણમાં આવેલાં રાજ્યોને દક્ષિણનાં રાજ્યો કહેવામાં આવે છે. આઠમી સદીમાં ઉત્તર ભારતની જેમ દક્ષિણ ભારતમાં પણ અનેક નાના-મોટા રાજવંશો સ્વતંત્ર થયા. તેમાંથી ચાલુક્ય, રાષ્ટ્રકુટો, પલ્લવ, ચોલ, પાંડ્ય, ચેર જેવા રાજ્યવંશો વિશે ટૂંકમાં જાણકારી મેળવીએ.

ચાલુક્યવંશનો પ્રથમ રાજા જયસિંહ હતો. પુલકેશી પ્રથમે ઈ.સ. 540માં વાતાપીને રાજધાની બનાવીને અલગ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. આ વંશ વાતાપી-(વર્તમાન સમયમાં બાદામી)ના ચાલુક્યવંશ તરીકે ઓળખાયો. આ વંશમાં કીર્તિવર્મા, પુલકેશી પ્રથમ, પુલકેશી બીજો જેવા મહત્ત્વના શાસકો થઈ ગયા. વાતાપીના ચાલુક્યોની સત્તા નબળી પડી ત્યારે તેમની એક શાખા કૃષ્ણા અને ગોદાવરી નદીના વચ્ચેના પ્રદેશમાં સ્થાપિત થઈ. તેનો સ્થાપક વિષ્ણુવર્ધન હતો. આ પૂર્વીય ચાલુક્ય શાસકોએ પોતાની રાજધાની વેંગીમાં રાખી હોવાથી તેઓ વેંગીના ચાલુક્યો તરીકે ઓળખાયા. વાતાપી અને વેંગીની જેમ કલ્યાણીમાં પણ ચાલુક્યવંશની એક શાખા હતી. આ ચાલુક્યો કલ્યાણીના ચાલુક્યો તરીકે ઓળખાયા.



પુલકેશી બીજો

દક્ષિણમાં ચાલુક્યવંશની પડતી થઈ ત્યારે રાષ્ટ્રકૂટ વંશની સત્તાનો ઉદય થયો. આ વંશનો સૌથી પ્રથમ રાજા ઈન્દ્ર પ્રથમને માનવામાં આવે છે. ગોવિંદ ત્રીજો રાષ્ટ્રકૂટ વંશના શાસકોમાં સૌથી વધુ શક્તિશાળી શાસક હતો.

આ સમયમાં યાદવવંશનાં બે રાજ્યો અસ્તિત્વમાં હતાં : (1) દેવગિરિ અને (2) દ્વારસમુદ્ર. દ્વારસમુદ્રમાં હોયસલ વંશનું શાસન હતું અને દેવગિરિમાં યાદવોનું શાસન હતું. દ્વારસમુદ્ર હોયસલોની રાજધાની હતી અને દેવગિરિ (વર્તમાન દોલતાબાદ) યાદવોની રાજધાની હતી.

દક્ષિણમાં કલ્યાણી ચાલુક્ય સામ્રાજ્યના પતન બાદ ત્યાં નવાં રાજ્યોનો ઉદય થયો. તેમાં વરંગલના કાકતીય પણ હતા. કૃષ્ણા અને કાવેરી નદીઓ વચ્ચેના ભૂમિપ્રદેશ ઉપર તેમનું રાજ્ય હતું. વરંગલ તેમની રાજધાની હતી. આવો જ એક મહત્ત્વનો વંશ પલ્લવવંશ પણ હતો. આ વંશની સ્થાપના બપ્પદેવે કરી હતી. તેમની રાજધાની કાંચિપુરમમાં હતી. મહેન્દ્રવર્મા પ્રથમ, નરસિંહવર્મા પ્રથમ અને નરસિંહવર્મા બીજો આ વંશના મહત્ત્વના શાસકો હતા. તાંજોર, ત્રિચિનાપલ્લી અને પુદુકોટ્ટઈ જ્યાં આવેલા છે ત્યાં મધ્યકાળમાં ચોલમંડળનું રાજ્ય હતું. તાંજોર તેમની રાજધાની હતી. રાજરાજ પ્રથમ રાજાધિરાજ પ્રથમ અને રાજેન્દ્ર પ્રથમ ચોલવંશના મહત્ત્વના શાસકો હતા. દક્ષિણનું આવું એક પ્રાચીન રાજ્ય પાંડ્ય પણ હતું. પાંડ્યોનું રાજ્ય નાનું હતું પણ વેપારનું મોટું મથક હતું. આ સમયે તમિલથી અલગ થયેલા એક ભાગ પર ચેરવંશનું શાસન હતું. ચેરનું બીજું નામ કેરલ અથવા મલયાલમ છે. અયન ચેરવંશનો પ્રથમ શાસક હતો અને સેતુંગવન ચેર શાસકોમાં સર્વશ્રેષ્ઠ શાસક હતો.

## રાજપૂતયુગની શાસન-વ્યવસ્થા

રાજપૂતયુગમાં વિવિધ રાજ્યવંશોનું શાસન હતું. એ સમયમાં શાસક રાજ્યવંશોમાં પરિવર્તનો આવતાં પરંતુ રાજનીતિક પરિસ્થિતિમાં કોઈ ફેરફાર જોવા મળતા નથી.

રાજપૂતયુગમાં રાજાનું પદ વંશપરંપરાગત હતું. રાજાનો જયેષ્ઠ પુત્ર રાજ્યાધિકારી બને તેવું ન હતું. રાજા પોતાના પુત્રોમાંથી ઉત્તરાધિકારી તરીકે કોઈ એક પુત્રને યુવરાજ બનાવતા. આ યુવરાજ પાછળથી રાજા બનતો. લોકો અથવા રાજદરબારીઓએ ચૂંટણી કરીને અથવા પસંદગી કરીને રાજાઓની પસંદગી કરી હોવાનાં ઉદાહરણો છે. જેમકે કશ્મીરના યશસ્કરની બ્રાહ્મણોની સભાએ પસંદગી કરી હતી. આ સમયે મંત્રીઓના બે પ્રકાર હતા : (1) અમાત્ય અને (2) સચિવો. અમાત્યનું કાર્ય મંત્રણા અને રાજનીતિ કરવાનું હતું અને સચિવોનું કાર્ય લડાઈ તથા સુલેહનું હતું. દરેક પ્રકારની નીતિનો અંતિમ નિર્ણય રાજા કરતો હતો. આ સમયે શાસનના અમલદારોમાં મહા-પ્રતિહાર અને દંડનાયક જેવા હોદ્દાઓ અમલમાં હતા. નગરની સભાનો વડો નગરપતિ કહેવાતો.

રાજપૂતયુગમાં ગ્રામીણ સંસ્થાઓનું મહત્ત્વ વિશેષ હતું. આ સંસ્થાઓનો એવો વિકાસ થયો કે, મુઘલકાળમાં પણ ગ્રામ-પંચાયતનું મહત્ત્વ રહ્યું. ઉત્તરની જેમ દક્ષિણ ભારત પણ ગ્રામપંચાયતને આધીન હતું. તેનો વડો મુખી કે સરપંચ ગણાતો. કેટલીક બાબતોમાં ગ્રામસભા ન્યાય આપતી, પરંતુ રાજ્ય શાસનમાં ન્યાયતંત્રનો સર્વોચ્ચ વડો રાજા હતો.

● **વિચારો :** ન્યાય માટે પંચને પરમેશ્વર ગણવામાં આવે છે. અદાલતમાં શા માટે સોગંદ લેવડાવવામાં આવે છે ?

**વેપાર-વાણિજ્ય :** રાજપૂતયુગમાં વાણિજ્યવ્યવસ્થા ઉપર દેખરેખ રાખવા માટે એક અલગ વિભાગ હતો. આ વિભાગ વિદેશ ખાતેના વેપાર ઉપરની જકાત વસૂલ કરવાની, વસ્તુઓનું મૂલ્ય ઠરાવવાની અને રાજ્યમાં ઉપયોગી થતી વસ્તુઓ મંગાવવાની વગેરે વ્યવસ્થા કરતો. મુખ્ય કર જમીનની ઉપજનો છઠ્ઠો 'ભાગ' હતો. રાજપૂતયુગમાં જમીન પરનો કર 'ભાગ' નામે ઓળખાતો. આજે પણ જમીન ઉપર કર લેવાય છે. બંદરો અને નાકા ઉપર તથા સિંચાઈ ઉપર કર ઉઘરાવવામાં આવતો. આ સમયે દરિયાપારના વેપાર માટે ગુજરાતના સ્તંભતીર્થ (ખંભાત) અને ભૃગુકચ્છ (ભરૂચ) બંદરો જાણીતાં હતાં.

## ભારત પર વિદેશી આક્રમણો

આઠમીથી બારમી સદી દરમિયાન ભારતમાં મુસ્લિમ આક્રમણો થયાં. આઠમી સદીમાં આરબ રાજ્યસત્તાનો વિસ્તાર કરવાના હેતુથી મુહમ્મદ ઈબ્ન-કાસીમે ભારતના ઉત્તરપશ્ચિમ ભાગ પર આક્રમણ કર્યું. વાયવ્ય ખૂણામાંથી સબુક્તેગીનના લશ્કરે પણ આક્રમણ કર્યું હતું, પણ આ આક્રમણો તે સમયે ભારતમાં રાજ્યસત્તા ના સ્થાપી શક્યા. એ પછી ગઝનીના સુલતાન મહંમદ ગઝનીએ ઈ.સ. 1000થી ઈ.સ. 1026ના સમયગાળામાં ભારતની અઢળક ધનસંપત્તિ જોઈને કેટલીક

ચડાઈઓ કરી. મહંમદ ગઝનીની ચડાઈનું મુખ્ય કારણ ભારતની અઢળક સંપત્તિ હતી. તે એક ચડાઈ પછી બીજી ચડાઈ કરતો હતો અને દરેક વખતે વધુ તાકતવર થઈને ભારત ઉપર ચડી આવતો. આ સમયે ભારતના શાસકો એક થઈને શક્તિશાળી સેના ના બનાવી શક્યા. પરિણામે ઈ.સ. 1025માં તેણે સોમનાથ પર ચડાઈ કરીને અઢળક સંપત્તિ લૂંટી.

મહંમદ ગઝનીની ચડાઈ બાદ આશરે દોઢ સો વર્ષ બાદ પુનઃ ભારત ઉપર તે જ દિશામાંથી આક્રમણ થયું. અગાઉનાં આક્રમણોની વાત ભારતીય શાસકો ભૂલી ગયા. મહંમદ ગઝનીના અવસાન બાદ સત્તા માટે ગઝનીમાં લડાઈઓ ચાલુ હતી પણ આ સમયે સત્તા સ્થિર થઈ ન હતી ત્યારે આપણા શાસકો આ નબળાઈનો લાભ લઈ શક્યા નહિ. પરિણામે બારમી સદીના અંતમાં શિહાબુદ્દીન ઘોરીએ આક્રમણ કર્યું. શરૂઆતમાં તેને કેટલીક હાર સહન કરવી પડી છેવટે તરાઈના મેદાનમાં તેણે બીજી ચડાઈમાં પૃથ્વીરાજ ચૌહાણને હાર આપી દિલ્લીમાં સત્તા સ્થાપી.

## સ્વાધ્યાય

V3L6P2

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો :**

(1) રાણીની વાવ કોણે બંધાવી હતી ?

(2) ચૌહાણવંશના શાસકો આરંભમાં ક્યાં શાસન કરતા હતા ?

(3) અણહિલવાડ પાટણની સ્થાપના કોણે કરી હતી ?

(4) વાઘેલાવંશનો છેલ્લો શાસક કોણ હતો ?

**2. (અ) ટૂંક નોંધ લખો :**

(1) રાજપૂતોના ગુણો (2) રાજપૂતયુગનું વેપાર-વાણિજ્ય

**(બ) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ઉત્તર ભારતના કોઈ પણ ત્રણ મુખ્ય રાજ્યવંશોનાં નામ જણાવો.

(2) દક્ષિણ ભારતના કોઈ પણ ત્રણ મુખ્ય રાજ્યવંશોનાં નામ જણાવો.

(3) ગુજરાતનો પ્રથમ સુલતાન કોણ હતો ?

(4) રાજમાતા મીનળદેવીએ પ્રજાકલ્યાણનાં કયાં-કયાં કાર્યો કર્યાં હતાં ?

**3. (અ) નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને ઉત્તર લખો :**

(1) ઉત્તર ભારતમાં કયા રાજાના અવસાન બાદ નાનાં-નાનાં રાજ્યો સ્વતંત્ર થયાં ?

(A) પુલકેશી બીજાના (B) હર્ષવર્ધનના

(C) મિહિરભોજના (D) અશોકના

(2) બુંદેલખંડનું રાજ્ય પાછળથી કયા નામે ઓળખાયું હતું ?

(A) જેજાકભુક્તિ (B) ઉજ્જયનિ

(C) પ્રતિહારો (D) ચૌલુક્ય

(3) માળવાના પરમારવંશના શાસકોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) કુમારપાળ (B) ભોજ

(C) સીયક (D) મુંજ

(4) આઠમી સદીમાં બંગાળમાં કયા વંશનું શાસન હતું ?

(A) ચંદેલવંશનું (B) પરમારવંશનું

(C) પાલવંશનું (D) પ્રતિહારોનું

(5) રાણીની વાવ કયા વંશના શાસનકાળમાં બનાવવામાં આવેલ હતી ?

(A) ચાવડાવંશના (B) સોલંકીવંશના

(C) વાઘેલાવંશના (D) મૈત્રકવંશના

**(બ) યોગ્ય જોડકાં જોડો :**

| (અ) રાજ્ય | (બ) શાસકો |
|---|---|
| (1) સેનવંશ | (A) નરસિંહ વર્મા બીજો |
| (2) સોલંકીવંશ | (B) ગોવિંદ ત્રીજો |
| (3) પાલવંશ | (C) વિજયસેન પ્રથમ |
| (4) રાષ્ટ્રકૂટ વંશ | (D) ગોપાલ |
| (5) પલ્લવ વંશ | (E) કુમારપાળ |
| | (F) ભોજ |

•

# 2 દિલ્લી સલ્તનત

F3E3Z7

પ્રાચીનકાળથી જ દિલ્લી ભારતીય રાજનીતિના કેન્દ્રમાં રહ્યું છે. 12મી સદીમાં તોમર અને ચૌહાણ રાજપૂતોના સમયમાં દિલ્લી વેપાર-વાણિજ્યનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું. 13મી સદીની શરૂઆતમાં દિલ્લી સલ્તનતની સ્થાપના થઈ. ઈ.સ. 1206થી ઈ.સ. 1526 દરમિયાન ઉત્તર ભારતના વિશાળ વિસ્તાર ઉપર શાસન કરનાર શાસકોને સુલતાન અને શાસનકાળને દિલ્લી સલ્તનત તરીકે ઓળખવામાં આવે છે. આ શાસકો મૂળભૂત રીતે તુર્ક અને અફઘાન મૂળના હતા. આ સવા ત્રણ સો વર્ષ દરમિયાન દિલ્લી સલ્તનતમાં કુલ પાંચ વંશોએ સત્તા ભોગવી જેમાં ગુલામવંશ, ખલજીવંશ, તુગલકવંશ, સૈયદવંશ અને લોદીવંશનો સમાવેશ થાય છે. દિલ્લી સલ્તનતની સાથે આપણે આ પાઠમાં વિજયનગર અને બહમની સામ્રાજ્યનો પણ અભ્યાસ કરીશું.

## દિલ્લી સલ્તનતના શાસકો

**ગુલામવંશ (ઈ.સ. 1206 - ઈ.સ. 1290) :** ઈ.સ. 1192માં તરાઈના બીજા યુદ્ધમાં શિહાબુદ્દીન ઘોરીએ પૃથ્વીરાજ ચૌહાણની સામે નિર્ણાયક વિજય મેળવી દિલ્લીમાં સલ્તનતની સત્તાનો પાયો નાખ્યો. મુહમ્મદ ઘોરીના ગુલામ કુતુબુદ્દીન ઐબક મામ્લૂક વંશનો હતો. માત્ર પાંચ વર્ષના તેના શાસનકાળમાં તેણે સલ્તનત સત્તાને જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો. ઈ.સ. 1210માં પોલો રમતાં ઘોડા પરથી પડી જવાના કારણે તેનું મૃત્યુ થયું. કુતુબુદ્દીન ઐબકના અવસાન બાદ તેનો ગુલામ અને જમાઈ ઇલ્તુત્મિશ ગાદીએ આવ્યો. તેણે સલ્તનત સત્તાને સર્વોપરી બનાવવા 'ચેહલગાન' (ચારગાન)ની સ્થાપના કરી એટલે કે 40 તુર્ક અમીરોના દળની રચના કરી. તેણે રાજધાનીનું સ્થળાંતરણ લાહોરથી દિલ્લી કર્યું. ઇલ્તુત્મિશને ગુલામવંશનો સાચો સ્થાપક માનવામાં આવે છે. પોતાના એક પણ પુત્રને સુલતાન બનાવવા યોગ્ય ન સમજતાં ઇલ્તુત્મિશે પોતાની કાબેલ પુત્રી રઝિયાને પોતાની ઉત્તરાધિકારી જાહેર કરી.

ઇલ્તુત્મિશના અવસાનના થોડા સમય બાદ તેની પુત્રી રઝિયા સુલતાના દિલ્લીની ગાદીએ આવી. જે દિલ્લીની ગાદીએ આવનાર પ્રથમ મહિલા શાસક હતી. એ સમયના ઇતિહાસકાર મીન્હાજ-એ-સીરાજ પણ સ્વીકારે છે કે, રઝિયા સુલતાના તેના બધા જ ભાઈઓમાં સૌથી વધુ કાબેલ અને સક્ષમ હતી. આમ છતાં એક મહિલા શાસનકર્તા તરીકે માન્યતા મળવી મુશ્કેલ હતી. દરબારીઓ પણ તેને સ્વતંત્ર શાસક તરીકે સ્વીકારવા રાજી ન હતા. અમીરોની સત્તાલાલસા અને સતત ચાલતા વિદ્રોહોએ તેના શાસનનો અંત આણ્યો. તેના અવસાન પછી 6 વર્ષ સુધી રાજ્યમાં અંધાધૂંધી ચાલી. અમીરોએ ઇલ્તુત્મિશના પુત્ર નાસિરુદ્દીનને દિલ્લીની ગાદીએ બેસાડ્યો. 21 વર્ષના તેના શાસનકાળ બાદ તેનું અવસાન થતાં ગ્યાસુદ્દીન બલ્બન ગાદીએ આવ્યો. તેણે 'ચેહલગાન' દળનો નાશ કરી શાસનતંત્ર પરથી અમીરોની પકડને હળવી કરી. તેણે રાજાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું. બલ્બન સાહિત્ય અને કલાનો પોષક પણ હતો. 22 વર્ષના તેના શાસનના થોડા સમય બાદ દિલ્લી સલ્તનત પર ખલજીવંશની સ્થાપના થઈ.



રઝિયા સુલતાના

**ખલજીવંશ (ઈ.સ. 1290 - ઈ.સ. 1320) :** જલાલુદ્દીન ખલજીથી ખલજીવંશના શાસનની શરૂઆત થઈ. જલાલુદ્દીનનાં 6 વર્ષના શાસન બાદ દિલ્લીની ગાદીએ મહત્ત્વાકાંક્ષી સુલતાન અલાઉદ્દીન આવ્યો. તેણે ઉત્તર ભારત, ગુજરાત અને દક્ષિણ ભારત પર વિજય પ્રાપ્ત કરી સામ્રાજ્યનો વિસ્તાર કર્યો. દિલ્લીમાં સ્થાયી સેનાની શરૂઆત કરી. તેણે સૈન્યના ઘોડા અને સૈનિકોની વિશિષ્ટ ઓળખ માટે 'દાગ' અને 'ચહેરા' પદ્ધતિની શરૂઆત કરી. આ ઉપરાંત ભાવ-નિયમન, બજાર-નિયંત્રણ, સંગ્રહખોરી-નિયમન જેવા વહીવટી સુધારા પણ કર્યા. અલાઉદ્દીન ખલજીના અવસાન

બાદ રાજ્યમાં અંધાધૂંધીનું વાતાવરણ રહ્યું. ખલજી રાજવંશનો અંત આણી દિલ્લીની ગાદીએથી તુગલક શાસનની શરૂઆત કરનાર ગિયાસુદ્દીન તુગલક હતો.

**આટલું જાણો**

અલાઉદ્દીન ખલજીના સમયમાં પ્રસિદ્ધ કવિ અમીર ખુશરો થયા, જેમણે કિરાતુલ-સદાયન, આશિકા, નૂહ વગેરે જેવી પ્રસિદ્ધ સાહિત્ય કૃતિઓની રચના કરી હતી.

**તુગલકવંશ (ઈ.સ. 1320 - ઈ.સ. 1414) :** તુગલકવંશ દરમિયાન મુહમ્મદ-બિન-તુગલક એક પ્રતિભાવંત સુલતાન થયો. જેણે તેના સમયમાં કેટલીક યોજના અમલમાં મૂકી જેમાં દિલ્લીથી દોલતાબાદ રાજધાનીનું સ્થળાંતર, પ્રતીક મુદ્રાપ્રયોગ વગેરે જેવી યોજનાનો સમાવેશ થાય છે. પરંતુ મોટા ભાગની યોજનાઓમાં વ્યાવહારિકતાનો અભાવ તેમજ તબક્કાવાર અને આયોજનબદ્ધ અમલીકરણના અભાવના કારણે નિષ્ફળ ગઈ તેથી ઇતિહાસમાં આ યોજનાઓ ‘તરંગી યોજનાઓ’ તરીકે સ્થાન પામી. મુહમ્મદ તુગલકના સમયમાં આફ્રિકન મુસાફર ઇબ્નબતુતા ભારતની મુલાકાતે આવેલ મુહમ્મદ તુગલક બાદ તેનો પિતરાઈ ભાઈ ફિરોજશાહ તુગલક ગાદીએ આવ્યો. ફિરોજશાહ તુગલકના અવસાન બાદ તૈમૂર લંગે દિલ્લી પર આક્રમણ કર્યું (ઈ.સ. 1398-99). જેથી સત્તાના પાયા હચમચી ગયા અને તુગલક-સત્તા મર્યાદિત બની.

**સૈયદવંશ (ઈ.સ. 1414 - ઈ.સ. 1451) અને લોદીવંશ (ઈ.સ. 1451 - ઈ.સ. 1526) :** તુગલકવંશના શાસનના અંત બાદ ખિજ્રખાંએ સૈયદવંશની સ્થાપના કરી. સૈયદવંશ બાદ બહલોલ લોદીએ લોદીવંશની સ્થાપના કરી. બહલોલ લોદી સલ્તનતનો પ્રથમ અફઘાન શાસક હતો. લોદીવંશનો અંતિમ બાદશાહ ઇબ્રાહીમ લોદી હતો ઈ.સ. 1526માં બાબર સામે પાણીપતના પ્રથમ યુદ્ધમાં તેનો પરાજય થયો અને સલ્તનતયુગનો અંત આવ્યો અને મુઘલ શાસનની શરૂઆત થઈ.

### રાજ્ય-વ્યવસ્થા

ઈ.સ. 13મી સદીમાં સ્થપાયેલ દિલ્લી સલ્તનત ભારતમાં રાજ્ય શાસન-વ્યવસ્થાની દૃષ્ટિએ વિશિષ્ટ હતું. દિલ્લી સલ્તનત શાસનના કેન્દ્રમાં સુલતાન હતો. સુલતાનની સત્તા સર્વોપરી ગણાતી. જે સર્વોચ્ચ સેનાપતિ, કારોબારીનો સર્વોચ્ચ વડો અને સર્વોપરી ન્યાયાધીશ પણ હતો. સુલતાનને મદદ કરવા એક મંત્રીમંડળ હતું. મંત્રીમંડળના મંત્રીઓ અને અધિકારીઓની નિમણૂક સુલતાન પોતે કરતો. સલ્તનત શાસન-વ્યવસ્થા કેન્દ્રીય, પ્રાંતિક અને સ્થાનિક એમ ત્રણ વિભાગોમાં વહેંચાયેલી હતી.

**કેન્દ્રીય શાસન :** સુલતાન પછી મંત્રીમંડળ મુખ્ય હતું. સુલતાનનો પ્રધાનમંત્રી વજીર કહેવાતો, જે વહીવટી તંત્રનો વડો હતો. આ ઉપરાંત મંત્રીમંડળમાં સેનાવિભાગ, પત્રવ્યવહાર વિભાગ, ધર્મવિભાગ, વિદેશવિભાગ, ગુપ્તચર વિભાગ વગેરે વિભાગોનો સમાવેશ થતો. આમ, થોડાઘણા અંશે આધુનિક મંત્રીમંડળ જેવી વ્યવસ્થા તે સમયે જોવા મળે છે.


**આટલું જાણો**

અલાઉદ્દીન ખલજીના સમયમાં સરકારી તંત્ર પૂરતી ટપાલ-વ્યવસ્થા અસ્તિત્વમાં આવી હતી. ખેપિયાઓ શાહી હુકમો, સંદેશાઓ લઈ જતા. રાજ્યના મહત્ત્વના મથકે ખેપિયાઓ મળતા. આ રીતે અત્યારની ટપાલ-વ્યવસ્થાની પ્રારંભિક આવૃત્તિ તેને કહી શકાય.

**પ્રાંતીય શાસન :** સલ્તનતકાળમાં પ્રાંતને જાગીરમાં વહેંચવામાં આવતું. જેને ઇક્તા કહેવામાં આવતું. ઇક્તાનો વડો ઇક્તેદાર કે મુક્તિ કહેવાતો. જે પ્રાંતની કારોબારી અને ન્યાયતંત્રનો વડો હતો. તેનું કાર્ય જમીન-મહેસૂલ એકત્ર કરવાનું અને સુલતાનને જરૂર પડે ત્યારે લશ્કરી મદદ કરવાનું રહેતું. જોકે અલાઉદ્દીન ખલજી અને મુહમ્મદ તુગલકના સમયમાં કેન્દ્રીય સેનાને મહત્ત્વ આપી ઇક્તેદારો પર નિયંત્રણ સ્થાપવામાં આવેલ.

**સ્થાનિક શાસન :** પ્રાંત પછીના એકમને જિલ્લા અને તાલુકામાં વહેંચવામાં આવતા, જેને અનુક્રમે ‘શિક’ અને ‘પરગણા’ કહેવામાં આવતા. ગામનો વહીવટ મુખી કે મુકદ્દમ કરતો તેને પરવારી અને કારકુન મદદ કરતા.

## કિલ્લા અને અન્ય બાંધકામ



કુતુબમિનાર

દિલ્લી સલ્તનતની સ્થાપનાથી ભારતમાં ભારતીય ઇસ્લામિક શૈલીનાં સ્થાપત્યોના નિર્માણની શરૂઆત થઈ. દિલ્લી સલ્તનત સમયગાળા દરમિયાન કિલ્લાઓ, મસ્જિદો, મકબરા, મકાનો, બગીચા, દરવાજા, મિનારાઓ વગેરે જેવી સ્થાપત્યકલાની દૃષ્ટિએ નોંધપાત્ર કૃતિઓ તૈયાર થઈ.

કુતુબુદ્દીન ઐબકના સમયમાં દિલ્લીમાં કુવત-ઉલ-ઈસ્લામ નામની મસ્જિદનું નિર્માણ થયું. ઐબકે બંધાવેલ બીજી મહત્ત્વની ઈમારત કુતુબમિનાર છે. કુતુબુદ્દીનના સમયમાં તેનો એક જ માળ બાંધી શકાયો. તેના અવસાન બાદ બાકીનું કામ ઈલ્તુત્મિશે પૂર્ણ કરાવ્યું. ફિરોજશાહ તુગલક અને સિકંદર લોદીએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલો. કુતુબુદ્દીન ઐબક નિર્મિત અન્ય એક ઈમારત 'ઢાઈ દિનકા ઝોંપડા' નામની મસ્જિદ જે અજમેરમાં આવેલ છે. ઈલ્તુત્મિશના સમયમાં હોજ-એ-શમ્મી, શમ્મી ઈદગાહ અને જુમામસ્જિદનો સમાવેશ થાય છે. ખલજીવંશ દરમિયાન અલાઉદ્દીન ખલજીએ બંધાવેલ અલાઈ દરવાજા નામનો પ્રવેશદ્વાર સીરી નામનો કિલ્લો અને સીરી નામનું નગર તથા હોજ-એ-ખાસનો સમાવેશ થાય છે. તુગલક શાસન દરમિયાન તુગલકાબાદ, ફિરોઝાબાદ, હિસ્સાર, જૌનપુર, ફિરોજપુર, ફતેહાબાદ વગેરે નગરો વસાવવામાં આવ્યાં. આ સમયગાળા દરમિયાન દિલ્લીમાં અનેક કિલ્લાઓ, મસ્જિદો, તળાવો, મહેલો, સ્નાનાગારો, મકબરાઓ, પુલો, સરાઈઓ, બગીચાઓ વગેરેનું નિર્માણ થયું. સૈયદ અને લોદીવંશ દરમિયાન મકબરાઓ અને મસ્જિદનું નિર્માણ થયું. જેમાં બંદેખાનનો ગુંબજ, બડાગુંબજ, મોઠની મસ્જિદ અને શિહાબુદ્દીનનો મકબરો મુખ્ય છે.



ઢાઈ દિનકા ઝોંપડા

## વિજયનગર સામ્રાજ્ય (ઈ.સ. 1206 - ઈ.સ. 1290)

F2Q3I6

તુગલકવંશના નિર્બળ સુલતાનોના સમય દરમિયાન દિલ્લી સલ્તનતના વિઘટનની પ્રક્રિયાનો પ્રારંભ થયો. સૈયદ- વંશ અને લોદીવંશ દરમિયાન આ પ્રક્રિયા ઝડપી બની. તૈમૂરના આક્રમણના કારણે પણ સ્થિતિ વધુ વણસી હતી. આ બધી પરિસ્થિતિના કારણે ઉત્તર અને દક્ષિણ ભારતમાં અનેક પ્રદેશો સ્વતંત્ર થયા, જેમાં વિજયનગર, બહમની, માળવા, મેવાડ, બંગાળ, જૌનપુર વગેરેનો સમાવેશ થાય છે. અહીં આપણે વિજયનગર અને બહમની રાજ્ય વિશે થોડી વાત કરીશું.

હરિહરરાય અને બુક્કારાય નામના બે ભાઈઓએ (ઈ.સ. 1336માં) તુંગભદ્રા નદીના કિનારે પોતાના રાજ્યની રાજધાની બનાવી વિજયનગર સામ્રાજ્યનો પાયો નાખ્યો. શરૂઆતમાં આ નગર તેમના ગુરુ સ્વામી વિદ્યારણ્યના નામ પરથી વિદ્યાનગર તરીકે ઓળખાયું. પાછળથી તેમના સમ્રાટોની લશ્કરી સફળતાના કારણે તે વિજયનગર તરીકે ઓળખ પામ્યું. હરિહરરાય અને બુક્કારાય સંગમવંશના રાજા હતા. વિજયનગર સામ્રાજ્યમાં સંગમવંશ, સાલુવવંશ, તુલુવવંશ

અને અરવિંદુ વંશે શાસન કર્યું. હરિહરરાય પ્રથમ અને બુક્કારાયે નાના રાજ્યને સામ્રાજ્ય બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું. સાલુવવંશનું શાસન 20 વર્ષ ચાલ્યું અને ત્યાર બાદ તુલુવવંશની સ્થાપના થઈ.

તુલુવવંશમાં કૃષ્ણદેવરાય જેવો શ્રેષ્ઠ શાસક થયો જે માત્ર તુલુવવંશનો જ નહિ સમગ્ર વિજયનગર સામ્રાજ્યનો સર્વશ્રેષ્ઠ શાસક સાબિત થયો, એટલું જ નહિ તેને ભારતના એક મહાન શાસક બનવાનું ગૌરવ પણ મળ્યું. તેણે શાસન દરમિયાન અનેક વિજયો હાંસલ કર્યા. કૃષ્ણદેવરાયનું મોટા ભાગનું જીવન યુદ્ધ-ભૂમિ પર પસાર થવા છતાં તેણે વહીવટી તંત્રની ઉપેક્ષા કરી ન હતી. તેણે રાજ્યમાં તળાવો, નહેરો ખોદાવી ખેતીવાડીને સમૃદ્ધ કરી. કેટલાક અયોગ્ય વેરાઓ નાબૂદ કરી પ્રજાનો પ્રેમ મેળવ્યો. વિજયનગરની પાસે નાગલપુર નામનું નગર વસાવ્યું અને તેને અનેકવિધ ઈમારતો અને મંદિરોથી શણગાર્યું. કૃષ્ણદેવરાય પોતે વિદ્વાન હતા. તેમણે સંસ્કૃત અને તેલુગુ ભાષામાં કેટલાક ગ્રંથો લખ્યા હતા. તેના સાહિત્ય-કલાના ઉત્તેજનના કારણે તે 'આંધ્રના ભોજ' તરીકે ઓળખ પામ્યા.


કૃષ્ણદેવરાય

કૃષ્ણદેવરાયના અવસાન બાદ વિજયનગરમાં આંતરિક સંઘર્ષ અને કાવતરાં શરૂ થયાં. 23 જાન્યુઆરી, 1565ના તાલીકોટાનાં યુદ્ધમાં મુસ્લિમ રાજ્યોના બનેલા સંઘની સામે વિજયનગરનો પરાજય થયો. યુદ્ધ બાદ પણ વિજયનગર સામ્રાજ્ય એક સદી સુધી ટકી રહ્યું પણ પહેલા જેટલી ભવ્યતા પ્રાપ્ત કરી શક્યું નહિ.

### બહમનીનું રાજ્ય (ઈ.સ. 1347 - ઈ.સ. 1518)

તુગલકવંશના સમયમાં જ દખ્ખણમાં ઝફરખાને (ઈ. સ. 1347માં) બહમની રાજ્યની સ્થાપના કરી. આ રાજ્યે લગભગ દોઢ સદી સુધી દક્ષિણ ભારતની રાજનીતિ પર પ્રભાવ પાડ્યો. ઝફરખાને અલાઉદ્દીન બહમનશાહ નામ ધારણ કરી સ્વતંત્ર શાસન કર્યું. તેણે નવા સ્વતંત્ર રાજ્યની રાજધાની ગુલમર્ગને બનાવી પોતાના રાજ્યમાં અનેક પ્રદેશો જોડ્યા. બહમની સામ્રાજ્યમાં અહમદશાહ અને મુહમ્મદશાહ ત્રીજાનું શાસન નોંધપાત્ર છે. અહમદશાહે ગુલમર્ગથી રાજધાની બીડર ખસેડી અને બીડરમાં અનેક ઈમારતો બંધાવી. મુહમ્મદશાહ ત્રીજાનો વજીર મહમૂદ ગવાં હતો. તેણે સક્ષમ વહીવટી તંત્રની રચના કરી. મુહમ્મદશાહ ત્રીજાના સમયમાં બહમની સત્તા મજબૂત બની હતી, પરંતુ ત્યાર બાદ મહમૂદશાહ બહમની બીજાના સમયમાં રાજ્યની તમામ સત્તા તેના વજીર કાસિમ બરીદના હાથમાં આવી અને તેના સમયમાં જ બહમની સામ્રાજ્યનો અંત આવ્યો. સમગ્ર સામ્રાજ્ય બીજાપુર, અહમદનગર, ગોલકોંડા, બિડર અને બરાર જેવા પાંચ સ્વતંત્ર રાજ્યોમાં વિભક્ત થઈ ગયું.

### દિલ્લી સલ્તનત શાસનનો અંત

દિલ્લી સલ્તનત શાસનની સ્થાપના ઈ.સ. 1206માં કુતુબુદ્દીન ઐબક દ્વારા થઈ અને 320 વર્ષ પછી ઈ.સ. 1526માં ઈબ્રાહીમ લોદીના શાસનના અંત સાથે તેનો અસ્ત થયો. આ લગભગ સવા ત્રણ સો વર્ષ દરમિયાન યોગ્ય, શક્તિશાળી અને કેટલીક વાર નિર્બળ સુલતાનો પણ ગાદીએ આવ્યા. દિલ્લીના આ મુસ્લિમ મહારાજ્યે અનેક તડકી-છાંયડી જોઈ અને ઉદય તેનો અસ્ત એ ન્યાયે તેનું પતન થયું.

## સ્વાધ્યાય

W9D4R8

**1. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને સાચો ઉત્તર લખો :**

(1) દિલ્લી સલ્તનતના ‘ચેહલગાન’(ચારગાન)ની સ્થાપના કોણે કરી હતી ?

(A) રઝિયા સુલતાના (B) કુતુબુદ્દીન ઐબક

(C) બલ્બન (D) ઈલ્તુત્મિશ

(2) દિલ્લી સલ્તનતનાં પ્રથમ મહિલા શાસક કોણ હતાં ?

(A) રઝિયા સુલતાના (B) નૂરજહાં

(C) અર્જમંદબાનુ (D) મહેરુન્નીશા

(3) દિલ્લીના કયા શાસકની યોજના ‘તરંગી યોજના’ તરીકે ઓળખાય છે ?

(A) ઈલ્તુત્મિશ (B) કુતુબુદ્દીન ઐબક

(C) મુહમ્મદ તુગલક (D) ફિરોજશાહ તુગલક

(4) વિજયનગર સામ્રાજ્યની સ્થાપના કોણે કરી હતી ?

(A) અહમદશાહ (B) હરિહરરાય અને બુક્કારાય

(C) કૃષ્ણદેવરાય (D) ઝફરખાન

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) ઢાઈ દિનકા ઝોંપડા ......... શહેરમાં આવેલ છે.

(2) દિલ્લી સલ્તનતની શાસન-વ્યવસ્થાના કેન્દ્રમાં ......... હતો.

(3) દિલ્લી સલ્તનતનો અંતિમ શાસક ......... હતો.

(4) સીરી નગર .........એ વસાવ્યું હતું.

**3. નીચેના પ્રશ્નોના એક-બે શબ્દમાં ઉત્તર લખો :**

(1) કુતુબમિનાર ક્યાં આવેલ છે ?

(2) પાણીપતનું પ્રથમ યુદ્ધ કોની વચ્ચે થયું હતું ?

(3) અલાઈ દરવાજાનું નિર્માણ કોના સમયમાં થયું ?

(4) બહમની રાજ્યની સ્થાપના કોણે કરી હતી ?

**4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો :**

(1) તુગલક સમયગાળા દરમિયાન દિલ્લીની આસપાસ કયાં-કયાં શહેરો વસાવવામાં આવ્યાં ?

(2) સલ્તનત સમયનાં સ્થાપત્યોનું વર્ણન કરો.

(3) કૃષ્ણદેવરાય વિશે ટૂંકમાં માહિતી આપો.

### પ્રવૃત્તિ

- દિલ્લીમાં આવેલ પ્રવાસન સ્થળોની માહિતી એકત્ર કરી હસ્તલિખિત અંક તૈયાર કરો.
- તમારાં ગામ, શહેર કે જિલ્લાના દેશી રાજ્ય કે રજવાડાની વંશાવલિ તૈયાર કરો.
- વિજયનગર અને બહમની સામ્રાજ્યની સ્થાપત્યકલા વિશે સચિત્ર હસ્તલિખિત અંક તૈયાર કરો.

•

# 3 મુઘલ સામ્રાજ્ય

K9W2I6

તમે તાજમહાલ જોયો છે ? દિલ્લીનો લાલકિલ્લો ! ફતેહપુર સિક્રીનો બુલંદ દરવાજો ? આ બધાં સ્થાપત્યો મુઘલ શાસકોએ બંધાવ્યાં હતાં.

મુઘલ શાસનની સ્થાપના પહેલાં સલ્તનતયુગનું શાસન હતું. ઉપરાંત કેટલાક રાજપૂત રાજ્ય પણ હતા.

## મુઘલ સલ્તનતની સ્થાપના

ભારતમાં મુઘલ સામ્રાજ્યની સ્થાપના (ઈ.સ. 1526) બાબરે કરી હતી. તેનું મૂળ નામ ઝહીરુદ્દીન મુહમ્મદ બાબર હતું.

બાબર અને ઈબ્રાહીમ લોદી વચ્ચે પાણિપતનું યુદ્ધ થયું. (20મી એપ્રિલ, 1526) જેને પાણિપતના પ્રથમ યુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. બાબરે આ યુદ્ધમાં તોપનો ઉપયોગ કરી ઈબ્રાહીમ લોદીને હરાવ્યો અને ભારતમાં મુઘલ સામ્રાજ્યની સ્થાપના કરી.

## મુઘલ શાસકો

મુઘલ શાસકોમાં બાબર, હુમાયુ, અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબનો સમાવેશ થાય છે.

**બાબર (ઈ.સ. 1526 - ઈ.સ. 1530) :** બાબર કુશાગ્ર બુદ્ધિવાળો અને શક્તિશાળી યોદ્ધા હતો. તે ફારસી અને અરબી ભાષાનો જાણકાર, પ્રકૃતિપ્રેમી અને લેખક હતો. તેણે તેની આત્મકથા ‘‘તુઝુક-એ-બાબરી’’ (બાબરનામા) લખી હતી, જે વિશ્વસાહિત્યની પ્રસિદ્ધ કૃતિ છે.

**હુમાયુ (ઈ.સ. 1530 - ઈ.સ. 1540, ઈ.સ. 1555 - ઈ.સ. 1556) :** હુમાયુ ઈ.સ. 1530માં દિલ્લીની ગાદી પર બેઠો. હુમાયુનો અર્થ નસીબદાર થાય છે, પરંતુ તેણે જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તેને ગુજરાતના સુલતાન બહાદુરશાહ અને બિહારના શક્તિશાળી શાસક શેરશાહ સાથે યુદ્ધ થયાં (ઈ.સ. 1540માં). કનોજના યુદ્ધમાં શેરશાહે હુમાયુને હરાવી તેને ભારતની બહાર હાંકી કાઢ્યો. હુમાયુ બાદશાહમાંથી બેરોજગાર થઈ ગયો અને ઈરાન ચાલ્યો ગયો. પરંતુ થોડાં વર્ષો બાદ ફરીથી ભારત પર ચઢી આવ્યો. ઈરાનના શહેનશાહની મદદથી (ઈ.સ. 1545માં) તેણે કાબુલ અને કંદહાર જીતી લીધાં તેમજ (ઈ.સ. 1555માં) ભારત પર પુનઃ પોતાની સત્તાની સ્થાપના કરી.


હુમાયુ તેના પિતાની જેમ જ વાચન-લેખનનો શોખીન હતો. તેણે દિલ્લી પાસે દીનપનાહ નગર વસાવ્યું હતું. સાંજના પ્રાર્થનાનો સમય થતાં વાંચનાલયમાંથી ઝડપથી પગથિયાં ઊતરતાં પડી જવાથી તેનું અવસાન થયું.

**શેરશાહ સૂરી (ઈ.સ. 1540 - ઈ.સ. 1545) :** શેરશાહ અફઘાનવંશનો મુસ્લિમ હતો. તેનું મૂળ નામ ફરીદખાં હતું. હુમાયુને હરાવી ભારત પર પોતાની સત્તા સ્થાપી હતી. તે સુધારક અને ન્યાયપ્રિય શાસક હતો. ડાકુ, લુંટારાઓને અંકુશમાં લઈ તેણે રાજ્યમાં શાંતિની સ્થાપના કરી. નવી ટપાલ-વ્યવસ્થા ઊભી કરી. તેણે વેપારીઓ અને યાત્રાળુઓ માટે ધર્મશાળાઓ બંધાવી હતી. રૂપિયાનું ચલણ શરૂ કરાવ્યું હતું. વિશાળ સેના નિર્મિત કરી હતી. તેણે એક મહાન રાજમાર્ગ ગ્રાન્ડ ટ્રંક રોડનું નિર્માણ કરાવ્યું હતું, જે બંગાળ અને ઉત્તર ભારત સુધી વિસ્તરેલ હતો.

શેરશાહ ઈ.સ. 1545માં તોપનું નિરીક્ષણ કરતા હતા ત્યારે અકસ્માત થવાથી મૃત્યુ પામ્યા. તેમના મૃત્યુ પછી તેમના જેવો કોઈ શક્તિશાળી શાસક ગાદી પર આવ્યો નહિ. પરિણામે (ઈ.સ. 1555માં) હુમાયુએ દિલ્લી અને આગ્રા પર આક્રમણ કરી અફઘાનોને હરાવીને પુનઃ મુઘલ સામ્રાજ્યની સ્થાપના કરી.

**અકબર (ઈ.સ. 1556 - ઈ.સ. 1605) :** અકબર રાજા તરીકે ભારતના ઈતિહાસમાં ગણનાપાત્ર સ્થાન ધરાવે છે. તેનો જન્મ ઈ.સ. 1542માં અમરકોટના હિંદુ રાજપૂત રાજાના ઘેર થયો હતો. હુમાયુના અવસાન બાદ માત્ર 14 વર્ષની વયે તે દિલ્લીનો બાદશાહ બન્યો હતો. હુમાયુના અવસાન બાદ અકબર અને હેમુ વચ્ચે (ઈ.સ. 1556માં) પાણીપતનું બીજું યુદ્ધ થયું જેમાં અકબરનો વિજય થયો.

અકબરે પંજાબથી બંગાળ અને દિલ્લીથી ગુજરાત સુધીના મોટા ભાગ પર રાજ્ય સ્થાપિત કર્યું હતું. અકબર અને મેવાડના રાણા પ્રતાપ વચ્ચે બહુ જ જાણીતું હલ્દીઘાટીનું યુદ્ધ થયું હતું. અકબરે કાબુલ, કશ્મીર, બલૂચિસ્તાનથી દક્ષિણમાં અહેમદનગર સુધી પોતાની વિજયયાત્રા કરી વિશાળ સામ્રાજ્યનું સર્જન કર્યું હતું. અકબરે ફતેહપુર સિક્રીને પોતાની રાજધાની બનાવી અનેક ભવનોનું નિર્માણ કરાવ્યું હતું.



બુલંદ દરવાજા

અકબરે હિંદુઓ પ્રત્યે ઉદારનીતિ અપનાવી રાજપૂતો સાથે સામાજિક સંબંધોની શરૂઆત કરી હતી. તેણે રાજપૂતોની સેનાનાં ઉચ્ચ પદો પર નિમણૂક કરી હતી. રાજપૂતોએ પણ પોતાની વીરતા અને સાહસથી અકબરને ભારત વિજય માટે ખૂબ જ મદદ કરી હતી.

અકબર બિનસાંપ્રદાયિક રાજા હતો. અકબરે બધા ધર્મોનાં ઉત્તમ તત્ત્વોને એકઠાં કરીને દીન-એ-ઇલાહી નામના સંપ્રદાયની સ્થાપના કરી હતી. તેણે રામાયણ, મહાભારત, અથર્વવેદ, પંચતંત્ર અને બાઇબલ, કુરાન જેવા મહાન ગ્રંથોનો અનુવાદ ફારસીમાં કરાવ્યો હતો.

અકબર સમાજસુધારક પણ હતો. તેણે બાળલગ્ન અને સતીપ્રથાનો વિરોધ કર્યો હતો. તેણે યાત્રાવેરો નાબૂદ કર્યો હતો તથા બળજબરીપૂર્વક ધર્માંતરણ પર પ્રતિબંધ મૂક્યો હતો.

અકબરના સમયનું ભારત આર્થિક રીતે સમૃદ્ધ હતું. તેણે સામાજિક સહિષ્ણુતાના યુગનો પ્રારંભ કરાવ્યો હતો. ઈ.સ. 1605માં તેનું અવસાન થયું ત્યારે મોટા ભાગનું ભારત મુઘલ સામ્રાજ્યમાં સમાવિષ્ટ હતું.

**જહાંગીર (ઈ.સ. 1605 - ઈ.સ. 1627) :** અકબરે સ્થાપેલા મહાન સામ્રાજ્યને સાચવવાનો વારસો જહાંગીરને મળ્યો. તેણે અકબરની નીતિઓને ચાલુ રાખી હિંદુઓ સાથે સારા સંબંધો સ્થાપિત કર્યા. તેણે અસમ અને દક્ષિણ ભારતના ગોલકોન્ડા સુધી વિજય મેળવ્યા હતા. તેની પત્ની નૂરજહાં ચતુર અને પ્રતિભાશાળી હતી. તેણે અનેક કલાઓને પ્રોત્સાહન આપ્યું હતું. જહાંગીરના સમયમાં ચિત્રકલાનો ખૂબ જ વિકાસ થયો હતો. તે પોતે પણ મહાન ચિત્રકાર હતો. (ઈ.સ. 1627માં) જહાંગીરનું અવસાન થતાં તેનો પુત્ર શાહજહાં ગાદી પર આવ્યો.

**શાહજહાં (ઈ.સ. 1627 - ઈ.સ. 1658) :** શાહજહાંનું હુલામણું નામ ખુર્રમ હતું. તેણે દક્ષિણ ભારતનો વિજય કર્યો તે તેના પિતા જેટલો જ શક્તિશાળી અને કલા-સ્થાપત્યનો ચાહક હતો. તેની પત્ની મુમતાજમહલનાં




અકબરના સમયનું ભારત

અવસાન પછી તેની યાદમાં વિશ્વપ્રસિદ્ધ તાજમહાલનું નિર્માણ કર્યું હતું. તાજમહાલ દુનિયાની અજાયબી ગણાય છે.



તાજમહાલ

**ઔરંગઝેબ (ઈ.સ. 1658 - ઈ.સ. 1707) :** શાહજહાંની નાદુરસ્ત તબિયતનો લાભ લઈ તેના પુત્રો વચ્ચે સામ્રાજ્ય પર આધિપત્ય જમાવવા ભયંકર આંતરવિગ્રહ શરૂ થયો. શાહજહાંના મોટા પુત્ર દારાશિકોહ અને ઔરંગઝેબ વચ્ચે મુખ્ય સંઘર્ષ થયો. ઔરંગઝેબે પોતાના ત્રણેય ભાઈઓને એક પછી એક હરાવી, તેમની હત્યા કરીને અને જેલમાં ધકેલી દઈને (દારાની હત્યા અને મુરાદને જેલની સજા) ગાદી પચાવી પાડી. અન્ય એક ભાઈ સુજાને હરાવી દેશનિકાલ કર્યો.

ઔરંગઝેબે લગભગ 50 વર્ષ સુધી રાજ્ય કર્યું. તેના રાજ્યમાં ઉત્તરે કશ્મીરથી લઈને દક્ષિણે જિંજી અને પૂર્વના ચટ્ટગાંવથી લઈ પશ્ચિમના હિંદુકુશ પર્વતમાળાના વિસ્તારો સમાવિષ્ટ હતા.

ઔરંગઝેબ સુન્ની મુસ્લિમ હતો અને અત્યંત સાદું જીવન જીવતો હતો. તેણે અકબરની ધાર્મિકનીતિનો ત્યાગ કરી ધાર્મિક અસહિષ્ણુતા દાખવી હતી. તે સંગીતકલાનો, મૂર્તિપૂજાનો અને ધાર્મિક ઉત્સવોનો વિરોધી હતો. તેના સમયમાં ઘણાબધા વિદ્રોહો થયા. તે એક શક્તિશાળી બાદશાહ હતો. જેણે લાંબા સમય સુધી ભારતના મોટા ભાગ પર શાસન કર્યું. ઈ.સ. 1707માં તેનું મૃત્યુ થયું. તેના મૃત્યુ બાદ નિર્બળ શાસકો ગાદી પર આવતાં મુઘલ સામ્રાજ્યના પતનનો આરંભ થયો.

**રાણા સંગ્રામસિંહ :** બાબરના સમકાલીન મેવાડના રાણા સંગ્રામસિંહ રાણા સાંગા તરીકે પણ પ્રખ્યાત છે. તેઓ વીર અને સાહસિક હતા. અનેક યુદ્ધોમાં વિજયી બન્યા હતા. જોકે બાબર સામેના ખાનવાના યુદ્ધમાં તેમની હાર થઈ અને તેમનું સામ્રાજ્ય નહિવત્ થઈ ગયું.




**મહારાણા પ્રતાપ :** મુઘલ સામ્રાજ્યમાં અકબરની સામે મેદાને પડનાર મહારાણા પ્રતાપ મેવાડના પ્રતાપી રાજવી હતા. અકબરે મેવાડ પર આક્રમણ કરતાં બંને વચ્ચે હલ્દીઘાટીનું યુદ્ધ થયું. અકબર વિજયી થયા, પરંતુ રાણા પ્રતાપે ઉદેપુરની આસપાસના વિસ્તારોમાં પોતાની સત્તા સ્થાપી, સંઘર્ષ ચાલુ જ રહ્યો. બંને વચ્ચે સમજૂતીના અનેક પ્રયત્નો થયા, પરંતુ રાણા ચિત્તોડ છોડવા તૈયાર ન હતા. તેમણે છાપામાર યુદ્ધ ચાલુ રાખ્યું. ઈ.સ. 1576ના હલ્દીઘાટીના પરાજય બાદ રાણા પ્રતાપ ગોગુંડામાં રાજધાની લઈ ગયા અને જીવનના અંત સુધી યુદ્ધ કરતા રહ્યા. બાદમાં ડુંગરપુરના ચાવંડમાં પોતાની રાજધાની સ્થાપી. 51 વર્ષની વયે તેમનું અવસાન થયું.



ચેતક ઘોડા સાથે રાણા પ્રતાપ

**વીર દુર્ગાદાસ રાઠોડ :** દુર્ગાદાસ રાઠોડ મારવાડના શાસક જશવંતસિંહના મંત્રી અશકરણ રાઠોડના પુત્ર હતા. તેમની તુલના રાણા પ્રતાપ સાથે કરવામાં આવે છે. ઔરંગઝેબના સમયમાં તેમણે તેનું આધિપત્ય સ્વીકાર્યું નહોતું.

**છત્રપતિ શિવાજી :** ભારતના મહાનતમ રાજાઓમાં સ્થાન પામનાર છત્રપતિ શિવાજી મરાઠા સામ્રાજ્યના સ્થાપક હતા. ઈ.સ. 1627માં તેમનો જન્મ શિવનેરી(મહારાષ્ટ્ર)માં થયો હતો. માતા જીજાબાઈ અને પિતા શાહજીના સંતાન શિવાજીના જીવન પર તેમના સમર્થ ગુરુ સમર્થ રામદાસ અને દાદા કોંડદેવનો વ્યાપક પ્રભાવ હતો. તેમણે નાની જાગીરમાંથી મહાન મરાઠા રાજ્યનો વિસ્તાર કરવા 40થી પણ વધારે કિલ્લા જીત્યા હતા. મુઘલ બાદશાહ ઔરંગઝેબ અને બીજાપુર સાથે તેમણે લાંબો સમય સંઘર્ષ કરી વિજયો પ્રાપ્ત કર્યા હતા.

ઈ.સ. 1665માં મુઘલ સમ્રાટ સાથે તેમની હાર થતાં તેમની સાથે સંધિ કરી હતી. ઔરંગઝેબે તેમને જેલમાં પણ પૂર્યા હતા, પરંતુ ચાલાકીથી છટકી જઈ ફરી વખત તેમણે મોરચો માંડી વિજયો કર્યા. ઈ.સ. 1674માં રાજગઢમાં તેમનો રાજ્યાભિષેક થયો હતો અને તે હિન્દુ સમ્રાટ તરીકે ખ્યાતિ પામ્યા.

તેઓ મહાન વિજેતા હોવા ઉપરાંત કુશળ વહીવટકર્તા અને સંગઠનકર્તા હતા. તેમના મંત્રીમંડળને અષ્ટપ્રધાનમંડળ કહેવામાં આવતું. ઈ.સ. 1680માં તેમનું અવસાન થયું.



શિવાજીનો રાજ્યાભિષેક

## મુઘલ સામ્રાજ્ય – રાજ્યવ્યવસ્થા

મુઘલ વહીવટીતંત્રની વ્યવસ્થિત સ્થાપના અકબર દ્વારા થઈ હતી. શાસનના કેન્દ્રમાં બાદશાહ રહેતા અને તેમને સલાહ આપવા એક મંત્રીપરિષદ હતી. બાદશાહ સર્વોચ્ચ સેનાપતિ અને ન્યાયાધીશ હતા. બાદશાહ અને વહીવટીતંત્ર વચ્ચે તાલમેલ રાખવા વજીરની નિમણૂક કરવામાં આવતી. તે દીવાન-એ-વઝીરે-કુલ કહેવાતો અને નાણાં અને મહેસૂલી વ્યવસ્થાનો વડો હતો. સેનાના વડાને મીરબક્ષ કહેવામાં આવતો, જે સેનાની ભરતી કરતો અને સેનાના અધિકારીઓની નિમણૂક કરતો. તે ગુપ્તચર તંત્રની દેખરેખ પણ રાખતો. મુઘલ વહીવટીતંત્રના ગુપ્તચરો વાકિયાનવીસ તરીકે ઓળખાતા.

સમ્રાટની અંગત જરૂરિયાતોનું ધ્યાન રાખવા મીર-એ-સામાન નામનો વિભાગ હતો. જે સરકારી કારખાનાઓનો વડો હતો. ન્યાયવ્યવસ્થાનો વડો કાઝી હતો.

**મહેસૂલી વ્યવસ્થા :** અકબરે ભારતમાં એક નવી જ મહેસૂલી વ્યવસ્થાનો આરંભ કર્યો હતો જેને મનસબદારી વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવતી. મહેસૂલનો દર વાર્ષિક ઉપજના $\frac{1}{3}$ ભાગ જેટલો હતો. અકબરની મહેસૂલી વ્યવસ્થાનો સ્થાપક ટોડરમલ હતો. મનસબદારી પદ્ધતિ સેના અને મહેસૂલ એમ બંને સાથે સંકળાયેલ હતી. મનસબ એટલે જાગીર અને મનસબદાર એ જાગીરનો વડો અધિકારી ગણાતો. જે જાગીરમાંથી મહેસૂલ ઉઘરાવતો અને તે વિસ્તારનો કાયદો અને વ્યવસ્થા જાળવતો. આ માટે તેને જાગીર પ્રમાણે લશ્કર આપવામાં આવતું. તે તેના વિસ્તારનો વડો ન્યાયાધીશ પણ ગણાતો. તેની નિયત સમયે બદલી કરવામાં આવતી. મુઘલ મનસબદારની વ્યવસ્થા વિશ્વમાં અનોખી હતી અને વિશ્વમાં સૌથી વધારે વેતન ધરાવતી હતી.

## મુઘલકાલીન સંસ્કૃતિ

મુઘલયુગમાં ભારતીય સંસ્કૃતિનો બહુમુખી વિકાસ થયો હતો. હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય થયો હતો. જેને ગંગા-જમુના સંસ્કૃતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. મુઘલોએ અનેક કિલ્લા, મહેલો, દરવાજા, મસ્જિદો અને બગીચાઓની સ્થાપના કરી હતી.

- બાબરે આગ્રા અને લાહોરમાં બગીચા નિર્માણ કરાવ્યા હતા.
- શેરશાહે સાસારામમાં મકબરો અને દિલ્લીમાં મસ્જિદ બંધાવી હતી.
- અકબરે આગ્રાનો કિલ્લો બંધાવ્યો હતો અને આગ્રાથી 36 કિમી દૂર ફતેહપુર સિક્રીમાં વિશિષ્ટ બાંધકામો કર્યાં હતાં. જેમાં ગુજરાત વિજયની યાદમાં બંધાવેલ બુલંદ દરવાજા, સલીમ ચિશ્તીની દરગાહ, મસ્જિદ અને પંચમહલનો સમાવેશ થાય છે.
- જહાંગીરના સમયમાં બાંધકામમાં સંગેમરમરનો ઉપયોગ વધ્યો હતો.
- શાહજહાંનો સમય મુઘલ સામ્રાજ્યનાં સ્થાપત્યનો સુવર્ણયુગ ગણાય છે. તેણે આગ્રામાં તાજમહાલ અને મોતીમસ્જિદ તેમજ દિલ્લીમાં પ્રસિદ્ધ લાલકિલ્લાનું નિર્માણ કરાવ્યું હતું.
- ઔરંગઝેબે પોતાની પત્નીની યાદમાં ઔરંગાબાદમાં રાબિયા-ઉદ્-દૌરાનનો મકબરો બનાવ્યો હતો જે તાજમહાલ જેવો જ કલાત્મક છે.

**ચિત્રકલા :** મુઘલ ચિત્રકલા વિશ્વવિખ્યાત હતી. જહાંગીરના સમયમાં તેનો ખૂબ વિકાસ થયો હતો. મુઘલ શાસકો ઉત્તમ ચિત્રકારોને દિલ્લીમાં આમંત્રિત કરતા હતા. અકબરના સમયમાં જશવંત અને બસાવન નામના મહાન ચિત્રકારો હતા. તેમણે ફારસી કથાઓ, મહાભારતના અનુવાદનાં પુસ્તકો અને અકબરનામામાં પુષ્કળ સુંદર ચિત્રો દોર્યાં હતાં. જહાંગીરનો મનસૂર નામનો ચિત્રકાર વિશ્વવિખ્યાત હતો. જહાંગીરે એક ચિત્રશાળાની સ્થાપના કરી હતી.

આ સમયે રાજસ્થાન, ગુજરાત, પંજાબ, હિમાચલપ્રદેશ અને દક્ષિણનાં રાજ્યોમાં પણ ચિત્રકળાનો વિકાસ થયો હતો.

**સાહિત્ય :** મુઘલ રાજાઓ સાહિત્યના પોષક હતા. તેઓ સારા લેખકો હતા. આ સમયે ફારસી, અરબી, હિંદી અને અન્ય ભારતીય ભાષાઓમાં વ્યાપક સાહિત્યની રચના થઈ હતી.

અબુલફઝલે ''અકબરનામા'' નામના ગ્રંથમાં અકબરની જીવનકથા આલેખી છે. તેણે મહાભારતનો અનુવાદ કર્યો હતો. ભારતીય ભાષાઓમાં શ્રીકૃષ્ણના જીવન પર આધારિત ઘણું સાહિત્ય રચાયું હતું. મરાઠીમાં એકનાથ, જ્ઞાનેશ્વર અને સ્વામી રામદાસે ભક્તિસાહિત્યની રચના કરી હતી.

**સંગીત :** અકબર સંગીતનો જ્ઞાતા હતો. તેનાં નવરત્નોમાં તાનસેન મહાન શાસ્ત્રીય ગાયક હતા. જેણે અનેક રાગો પર રચના કરી હતી.

## સમાપન

ઈ.સ. 1526માં સ્થપાયેલ મુઘલ સામ્રાજ્ય ઈ.સ. 1707માં ઔરંગઝેબના મૃત્યુ બાદ પતન તરફ ધકેલાયું. કોઈ શક્તિશાળી શાસકના અભાવે ભારત નાનાં-નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયું. જેમાં મુઘલવંશના નિર્બળ શાસકો, હૈદરાબાદના નિઝામ, બંગાળ-બિહારના નવાબ, રાજસ્થાનનાં રાજપૂત રાજ્યો, મરાઠા, પંજાબનું શીખ રાજ્ય વગેરેનો સમાવેશ થાય છે. આ બધાં રાજ્યો એકબીજાં સાથે ઝઘડતાં રહેતાં. પરિણામે તેઓ નિર્બળ બનતાં રહ્યાં. આવા સંજોગોમાં યુરોપમાંથી વેપાર કરવા આવેલી કંપનીઓ ભારતમાં શાસન સ્થાપવાનાં સ્વપ્નો સેવવા લાગી.

## સ્વાધ્યાય

F7U4T7

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો :

(1) પાણીપતનું પ્રથમ યુદ્ધ ક્યારે અને કોની-કોની વચ્ચે થયું હતું ?

(2) શેરશાહનાં સ્થાપત્યો વિશે જણાવો.

(3) અકબરના સમયના મહાન સંગીતજ્ઞ-ગાયકનું નામ આપો.

(4) જહાંગીરના ચિત્રકારોનાં નામ જણાવો.

(5) છત્રપતિ શિવાજીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

### 2. માંગ્યા મુજબ ઉત્તર લખો :

(1) મુઘલ વહીવટીતંત્રની રૂપરેખા આપો.

(2) મુઘલ સ્થાપત્યકલાના નમૂનાઓ વિશે નોંધ તૈયાર કરો.

(3) છત્રપતિ શિવાજીનાં વિજયો વિશે નોંધ લખો.

(4) અકબરની ધાર્મિકનીતિની ચર્ચા કરો.

(5) શેરશાહના સુધારાની ચર્ચા કરો.

### 3. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને સાચો ઉત્તર લખો :

(1) પાણીપતનું બીજું યુદ્ધ ......... અને ......... વચ્ચે થયું હતું.

(A) અકબર-શિવાજી (B) અકબર-હેમુ

(C) બાબર-ઇબ્રાહીમ લોદી (D) મુઘલ-મરાઠા

(2) બુલંદ દરવાજો કોણે બનાવડાવ્યો હતો ?

(A) અકબર (B) જહાંગીર

(C) શાહજહાં (D) ઔરંગઝેબ

(3) દિલ્લીનો લાલકિલ્લો .........એ બનાવડાવ્યો હતો.

(A) બાબર (B) અકબર

(C) હુમાયુ (D) શાહજહાં

(4) અકબરનો જન્મ ......... નામના સ્થળે થયો હતો.

(A) અમરકોટ (B) ઈરાન

(C) દિલ્લી (D) જયપુર

# 4 મધ્યયુગીન સ્થાપત્યો, શહેરો, વેપારી અને કારીગરો


Q5Z9T3

## મધ્યયુગીન સ્થાપત્યો

ભારતીય શિલ્પસ્થાપત્ય-કલાઓને અનોખો અને લાંબો ઐતિહાસિક વારસો છે. ભારત કલા અને સ્થાપત્યના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને લીધે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પ્રાચીન સમયથી શરૂ કરી વિવિધ સમયગાળાઓ દરમિયાન વિવિધ પ્રાંતોમાં મૌર્યયુગ દરમિયાન સ્તૂપો તથા સ્તંભલેખો, અનુમૌર્યયુગ દરમિયાન ગાંધાર તથા મથુરાશૈલીમાં સ્તૂપો, ગુપ્ત સમય દરમિયાન રાજમહેલ, સ્તૂપો, સ્તંભો, વિહારો, ભવનો તથા મંદિરોનું નિર્માણ થયું હતું. મધ્યયુગ દરમિયાન પાલ, પ્રતિહાર, રાષ્ટ્રકૂટ, રાજપૂત, દિલ્લી સલ્તનત તથા મુઘલ સામ્રાજ્ય દ્વારા વિવિધ સ્થળોએ બંધાયેલ સ્થાપત્યોમાં વાવ, તળાવ, મંદિર અને મસ્જિદો વગેરે મોટા પ્રમાણમાં છે. ભારતના વિવિધ પ્રાંતોએ વારસામાં મળેલી સ્થાપત્યકલાને પોતપોતાની રીતે વિકસાવી છે.

**શિલ્પકલા :** શિલ્પીના મનમાં જાગતા ભાવોને છીણી, હથોડી વડે પાષાણ, લાકડા, ધાતુ પર કંડારિત કરવાની કલા.

**સ્થાપત્ય :** સ્થાપત્ય માટે 'શિલ્પશાસ્ત્ર' શબ્દ પણ વપરાય છે. સ્થાપત્યનો સરળ અર્થ બાંધકામ એવો થાય છે. મકાનો, નગરો, કૂવાઓ, કિલ્લાઓ, મિનારાઓ, મંદિરો, મસ્જિદો, મકબરાઓ, વાવ વગેરેનાં બાંધકામને સ્થાપત્ય કહે છે. સ્થાપત્યકલામાં નિપુણ વ્યક્તિને 'સ્થપતિ' કહેવાય છે.



વિજયસ્તંભ

## ભારતનાં સ્થાપત્યો

ઈ.સ. 700થી ઈ.સ. 1200 સુધી રાજપૂતયુગ હતો. રાજપૂતયુગીન સ્થાપત્યમાં મંદિરની નાગરશૈલી ઉત્તર ભારતમાં પ્રચલિત થઈ. ખજુરાહોનાં મંદિરો, પુરીનું લિંગરાજ મંદિર તથા સૌરાષ્ટ્રના ગોપના મંદિરનો સમાવેશ થાય છે. દિલ્લી સલ્તનતના સમયગાળામાં ઈસ્લામ સાથે સંકળાયેલ નવી જ સ્થાપત્યશૈલી જોવા મળે છે. જેમાં શરૂઆતમાં આરબશૈલી પ્રમુખ છે. આ સ્થાપત્યમાં મસ્જિદ, મકબરા અને રોજા એમ ત્રણ સ્થાપત્યો મુખ્ય છે. દિલ્લી સ્થાપત્યોમાં જામામસ્જિદ, કુતુબમિનાર, હોજે-એ-ખાસ, અલાઈ દરવાજા, સીરીનો કિલ્લો મુખ્ય છે. ફિરોજ તુગલકે બનાવેલી મસ્જિદો અને નહેરો વિશિષ્ટ છે. ગુજરાત, બંગાળ અને માળવાના મુસ્લિમ શાસકોએ આ સમયમાં અનેક સ્થાપત્યો તૈયાર કરાવ્યાં હતાં. જેમાં અમદાવાદનો ભદ્રનો કિલ્લો અને જામામસ્જિદ, બંગાળની સોના મસ્જિદ અગત્યનાં છે. આ સમયમાં હિંદુ સ્થાપત્યોમાં રાણા કુંભાએ બનાવેલ કુંભલગઢનો દુર્ગ અને ચિતોડનો કીર્તિસ્તંભ કે વિજયસ્તંભ અગત્યનાં છે.

13મી સદીનું કોણાર્કનું સૂર્યમંદિર અને કર્ણાટકનું હૌશલેશ્વરનું મંદિર સૌથી વિશિષ્ટ પ્રકારનાં સ્થાપત્યો છે.

ઓડિશા રાજ્યના પુરી જિલ્લામાં બંગાળના અખાત પાસે કોણાર્ક સૂર્યમંદિર આવેલું છે. આ મંદિરનું નિર્માણ 13મી સદીમાં ગંગવંશના રાજા નરસિંહવર્મન પ્રથમના સમયમાં થયું હતું. આ રથમંદિર સાત અશ્વો વડે ખેંચાતા સૂર્યના રથ જેવું નિર્માણ થયેલ છે. એને 12 વિશાળ પૈડાં છે. આ મંદિરનું નિર્માણ કાળા પથ્થરોમાંથી થયું હોવાથી તેને 'કાળા પેગોડા' તરીકે પણ ઓળખવામાં આવે છે.



કોણાર્કનું સૂર્યમંદિર

ઉત્તર ભારતમાં મંદિરોની લાક્ષણિકતા એના ગોળ શિખરો અને સ્તંભ વિનાના ખંડો છે. દક્ષિણ ભારતમાં શંકુ આકારનાં અણીદાર શિખરોવાળાં મંદિરો બંધાયાં. દક્ષિણ ભારતમાં ગોપુરમ્ (મંદિરનું પ્રવેશદ્વાર) મંદિરોની વિશેષતા છે.

મંદિરોમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ, શૃંગાર-ચોકી કે મુખમંડપ હોય છે. મંદિરને પ્રદક્ષિણાપથ હોય છે.

આ સમયગાળામાં કેટલાંક મહત્ત્વપૂર્ણ મંદિરોમાં પલ્લવકાલીન રથમંદિરો અને તાંજોરના રાજરાજેશ્વર મંદિરનો સમાવેશ થાય છે. તાંજોરનું રાજરાજેશ્વર મંદિર તે સમયનું સૌથી ઊંચું મંદિર ગણાતું હતું.



આગ્રાનો કિલ્લો

મુઘલ સ્થાપત્યકલા એકદમ વિશિષ્ટ હતી. મુઘલ સ્થાપત્યકલાનો વિશેષ નમૂનો હુમાયુના મકબરામાં દેખાય છે.

અકબરે આગ્રાનો કિલ્લો અને ફતેપુર સિક્રીનો કિલ્લો બંધાવ્યો હતો. શેરશાહનો સસારામનો મકબરો આ સમયનું અગત્યનું સ્થાપત્ય છે. મુઘલોએ બાગ-બગીચાની એક આખી પરંપરા શરૂ કરી હતી. જેમાં કશ્મીરનો નિશાતબાગ, લાહોરનો શાલીમાર બાગ અને આગ્રાના આરામબાગનો સમાવેશ થાય છે.

મુઘલ સ્થાપત્યકલાનું સર્વોચ્ચ શિખર શાહજહાંએ બંધાવેલ આગ્રાના તાજમહેલમાં જોવા મળે છે. વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન ધરાવતા ઉત્તરપ્રદેશના આગ્રામાં યમુના નદીના કિનારે આવેલ તાજમહાલનું નિર્માણ મુઘલ બાદશાહ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં કરાવ્યું હતું. તાજમહાલ ભારતના સ્થાપત્યકલાના વારસાને ગૌરવાન્વિત કરે છે અને દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

આ ઉપરાંત દિલ્લી સ્થિત લાલકિલ્લાનું નિર્માણ શાહજહાંએ કરાવ્યું હતું. લાલ પથ્થરોથી તૈયાર થયેલ આ કિલ્લામાં દીવાન-એ-આમ, દીવાન-એ-ખાસ, રંગમહેલ જેવી મનોહર ઈમારતો બંધાવી હતી. તેની સજાવટમાં સોનું, ચાંદી, કીમતી પથ્થરોનો અદ્ભુત સમન્વય થયો છે. આ જ કિલ્લામાં શાહજહાંએ કલાત્મક મયૂરાસન બનાવડાવ્યું હતું. દર વર્ષે 15મી ઑગસ્ટ તથા 26મી જાન્યુઆરીએ આ લાલકિલ્લા પરથી ધ્વજવંદન કરવામાં આવે છે.


લાલકિલ્લો


સુવર્ણમંદિર, અમૃતસર

આ સમયે શીખ સંપ્રદાયના શ્રેષ્ઠતમ સ્થાપત્ય સુવર્ણમંદિરનું નિર્માણ અમૃતસરમાં કરવામાં આવ્યું.

## ગુજરાતનાં સ્થાપત્યો

ગુજરાતના સોલંકી શાસનકાળ અને સલ્તનતયુગ દરમિયાન અત્યંત ઉચ્ચ કોટિનું સ્થાપત્ય નિર્માણ પામ્યું હતું. સોલંકીકાલીન સ્થાપત્યોમાં 11મી સદીમાં ભીમદેવ દ્વારા સોમનાથના મંદિરના જીર્ણોદ્ધાર અને મોઢેરાના સૂર્યમંદિરનો સમાવેશ થાય છે.

Y9E4R4



સોમનાથ મંદિર



ઉપરકોટ, જૂનાગઢ

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ પાસે આવેલા પ્રભાસપાટણમાં સોમનાથ મંદિર આવેલું છે. સોમનાથ શૈવપંથનું એક અત્યંત પુરાતન, સમૃદ્ધ અને મહત્ત્વનું કેન્દ્ર હતું. આજે પુરાણા મંદિરનું માત્ર સ્થાન જોવા મળે છે. છેલ્લે 1951માં આ નવા મંદિરનું નિર્માણ થયું છે. સોમનાથ એ ભારતમાં અત્યંત પવિત્ર એવાં 12 જ્યોતિર્લિંગોમાંનું એક છે.

જૂનાગઢ શહેરમાં ઉપરકોટનો કિલ્લો છે. ઉપરકોટનું મૂળ નામ ગિરિદુર્ગ હતું. રા'ખેંગારે તેમાં અડી-કડી વાવ અને નવઘણ કૂવો બંધાવી પાણીની સુવિધા પૂરી પાડી હતી. એક ઉક્તિ છે કે, 'અડી-કડી વાવ અને નવઘણ કૂવો જેણે ન જોયો તે જીવતો મૂઓ'.

ગુજરાતના મહેસાણા જિલ્લામાં મોઢેરા ખાતે આવેલ સૂર્યમંદિર સોલંકીયુગના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયેલ હતું. આ મંદિરનું પૂર્વ દિશામાં આવેલ પ્રવેશદ્વાર એવી રીતે રચાયેલ હતું કે, સૂર્યનું પ્રથમ કિરણ મંદિરની છેક અંદર ગર્ભગૃહ સુધી રેલાઈને સૂર્યપ્રતિમાના મુકુટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશથી ઝળહળી ઊઠતું. પરિણામે સમગ્ર વાતાવરણમાં જાણે કે દિવ્યતા પ્રગટતી હતી. આ મંદિરમાં સૂર્યની બાર વિવિધ મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઈ શકાય છે. મંદિરની બહારના જળકુંડની ચારેબાજુ નાનાં-નાનાં કુલ 108 જેટલાં મંદિરો આવેલાં છે જે ઉષા અને સંધ્યાકાળે પ્રગટતી દીપમાળાને લીધે એક નયનરમ્ય દૃશ્ય ઊભું કરે છે.



મોઢેરાનું સૂર્યમંદિર



રાણીની વાવ

ભીમદેવ પહેલાનાં રાણી ઉદયમતિ દ્વારા સ્થાપિત રાણીની વાવ વિશ્વપ્રસિદ્ધ વાવનો નમૂનો છે. શિલ્પ-સ્થાપત્યના અજોડ નમૂના સમાન તથા અજાયબી સમાન સાત માળની રાણીની વાવ આજે પણ ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં છે. રાજા ભીમદેવની રાણી ઉદયમતિએ ભીમદેવનાં મૃત્યુ પછી તેનું બાંધકામ કરાવેલ હતું. યુનેસ્કોએ આ વાવને વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો આપ્યો છે.

સિદ્ધરાજ જયસિંહ દ્વારા સ્થાપિત સિદ્ધપુરનો રુદ્રમહાલય ગુજરાતનું વિશિષ્ટ સ્થાપત્ય ગણાય છે. પોતે શૈવપંથી હોવાથી સિદ્ધરાજે પોતાના આ મહાલયનું નામ રુદ્ર સાથે સાંકળ્યું હતું. કેટલાક ઇતિહાસકારોના મતે તે સાત માળનો ઝરૂખા સાથે સંકળાયેલો મહેલ હોવો જોઈએ જોકે અત્યારે એક માળનો રુદ્રમહાલય હયાત છે. તેમાં સ્તંભો અને તોરણોનાં સ્થાપત્યનો સમાવેશ થાય છે.



રુદ્રમહાલય

સિદ્ધરાજનાં માતા મીનળદેવીના કહેવાથી ધોળકામાં મલાવ તળાવ અને વિરમગામમાં મુનસર તળાવ બાંધવામાં આવ્યાં હતાં. સિદ્ધરાજ જયસિંહના શાસન દરમિયાન પાટણમાં સહસ્રલિંગ તળાવ બાંધવામાં આવ્યું હતું. આ ઉપરાંત વડનગરમાં કીર્તિતોરણ અને શર્મિષ્ઠા તળાવ જોવાલાયક સ્થળો છે.


ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન અમદાવાદમાં રાજધાનીનું સ્થળાંતરણ થતાં અમદાવાદમાં વિશિષ્ટ સ્થાપત્યોમાં અમદાવાદ શહેરની સ્થાપના અહમદશાહ દ્વારા ઈ.સ. 1411માં કરવામાં આવી. આ સ્થાપત્યોમાં અમદાવાદનો કોટ, ભદ્રકાળીનો કિલ્લો અને જામામસ્જિદ મુખ્ય છે. કિલ્લો જે વૈશ્વિક વારસાનાં સ્થળોમાં સામેલ છે. ચાંપાનેરમાં

જામામસ્જિદ અને ચાંપાનેરનો કિલ્લો તથા અડાલજની રાણી રૂડાદેવીની વાવ પ્રસિદ્ધ સ્થાપત્ય છે. ગુજરાતનાં અન્ય સ્થાપત્યોમાં હોજે-કુતુબ એટલે કે કાંકરિયા તળાવ અને નગીનાવાડી, ડભોઈનો કિલ્લો, ખંભાત અને ધોળકાની મસ્જિદો પ્રમુખ સ્થાપત્યો ગણાવી શકાય.

અમદાવાદનાં વિશિષ્ટ સ્થાપત્યોમાં સીદી સૈયદની જાળી વિશ્વવિખ્યાત



સીદી સૈયદની જાળી



વડનગરનું કીર્તિતોરણ

છે. તેની બારીઓમાં વિશિષ્ટ પ્રકારની જાળીઓની કોતરણી જોવા મળે છે. અત્યંત બારીક કોતરણી પથ્થરમાં નકશી કરીને તૈયાર કરવામાં આવી છે જેને વિશ્વની ઉત્કૃષ્ટ સ્થાપત્યકલાનો નમૂનો ગણવામાં આવે છે.

### આટલું જાણો

અમદાવાદના સુલતાન કુતુબશાહે 'હોજે-કુતુબ' નામનું એક સરોવર નિર્મિત કરાવ્યું હતું. જે પછીથી 'કાંકરિયા તળાવ' તરીકે જાણીતું બન્યું. સરોવરના વચ્ચેના ભાગમાં એક બગીચો પણ તૈયાર કરાવ્યો હતો જેને 'નગીનાવાડી' તરીકે ઓળખવામાં આવે છે.

પાદલિપ્તસૂરિ નામનાં જૈન મુનિએ પાલિતાણાના શત્રુંજય ડુંગર પર જૈનમંદિર નિર્મિત કરાવ્યાં. દુનિયામાં એક જ જગ્યાએ પહાડ પર સૌથી વધારે મંદિરો હોય તેવા પાવાપુરી અને પાલીતાણા સ્થળો છે. ચોવીસે તીર્થંકર અહીં બિરાજમાન છે. પાવાપુરી અને સમેત શિખરની જેમ જ પાલિતાણા પણ જૈનોનું મહાન તીર્થધામ છે.



પાળિયા

ગુજરાતમાં એક વિશિષ્ટ સ્થાપત્ય તરીકે પાળિયાનો સમાવેશ થાય છે. પાળિયા સાથે કોઈ વીર ગાથાઓ જોડાયેલ હોય છે. મોટે ભાગે આવા યોદ્ધાઓના પાળિયા યુદ્ધસ્થળ અથવા તેમના મૃત્યુના સ્થળે બાંધવામાં આવે છે. આ પાળિયાની વર્ષમાં તેની તિથિ પ્રમાણે પૂજા-અર્ચના કરવામાં આવતી હોય છે. ગુજરાતમાં પાળિયાનાં શ્રેષ્ઠતમ ઉદાહરણોમાં જામનગર પાસે ભૂચર મોરીનો સૂરજ કુંવરબાનો પાળિયો અને સોમનાથનાં મંદિર પાસે હમીરજી ગોહિલ પાળિયાનો સમાવેશ થાય છે.

### પ્રવૃત્તિ

- તમારા વિસ્તારની આસપાસ આવેલ પાળિયા અને પીરનાં સ્થાનોની માહિતી મેળવો.

### ચિત્રકલા :

H7V4T3

બાબરના સમયથી ચિત્રકલાનો વિકાસ જોવા મળે છે. ચિત્રકલા પર ''ગુલશન ચિત્રાવલિ'', ''હમ્ઝનામા'' વિશિષ્ટ ગ્રંથો હતા. આકારિઝા નામના મહાન ચિત્રકારના નેતૃત્વમાં આગ્રામાં એક ચિત્રશાળાની સ્થાપના કરવામાં આવી હતી. આ સમયના ચિત્રકારોએ પશુ-પક્ષીનાં ચિત્રો અને પુષ્પોનાં ચિત્રો વિશિષ્ટ રીતે આલેખ્યાં છે. અકબરના સમયથી છબીચિત્રોની શરૂઆત થઈ, તો જહાંગીરના સમયમાં વિશિષ્ટ તહેવારો અને પ્રસંગોનાં ચિત્રો પણ બનાવવામાં આવતાં.

મુઘલ ચિત્રકલાની જેમ જ રાજસ્થાનમાં મેવાડ, જયપુર, મારવાડ અને કોટાની શૈલી સુવિખ્યાત હતી. ગુજરાતી શૈલી તળપદી, સાદી અને કથાપ્રસંગને વિશદતાથી રજૂ કરતી અને લોકજીવનનો ધબકાર ઝીલતી સજીવકલા હતી.

### સંગીત :

સલ્તનકાળમાં ભારતીય સંગીતની સાથે-સાથે ઈસ્લામિક સૂફી સંગીતનો પ્રારંભ થયો. આ ક્ષેત્રે અમીર-ખુશરોએ કવાલીની શોધ કરી અને ધ્રુપદને બદલે ખયાલપદ્ધતિ દાખલ કરી હતી. દેવગીરીના સારંગદેવે ''સંગીત રત્નાકર'' અને ગુજરાતમાં હરિપાલ દેવે ''સંગીત સુધાકર'' નામનો ગ્રંથ લખ્યો હતો. અકબરના સમયના તાનસેન શાસ્ત્રીય ગાન સાથે સંકળાયેલ સૌથી મહાન કલાકાર હતા.

### સાહિત્ય :

મધ્યયુગમાં ઘણાબધા સાહિત્યકારોએ જુદા-જુદા વિષયોમાં ખેડાણ કરીને નોંધપાત્ર ગ્રંથોનું સર્જન કર્યું છે. કેટલાક ગ્રંથોની માહિતી નીચે મુજબ છે :

| ગ્રંથ | રચયિતા |
|---|---|
| સિદ્ધહેમશબ્દાનુશાસન | હેમચંદ્રાચાર્ય |
| ગીતગોવિંદમ્ | જયદેવ |
| હિતોપદેશ | નારાયણ |
| સિદ્ધાંત શિરોમણિ અને લીલાવતી | ભાસ્કરાચાર્ય |
| પૃથ્વીરાજરાસો | ચંદબરદાઈ |
| તુઘલખનામા અને તારીખે દિલ્લી | અમીર ખુશરો |
| કિતાબુલ હિન્દ-રહેલા | ઈબ્નબતુતા |
| કાનડદે પ્રબંધ | પદ્મનાભ |
| પદ્માવત | મહંમદ જાયસી |

**આટલું જાણો**

| | |
|---|---|
| ભાસ્ય | રામાનુજચાર્ય |
| કાવ્યપ્રકાશ | મમ્મટ |
| મન સોલ્લાસ | સોમેશ્વર |
| હિતાબુલ હિન્દ | અલબરૂની |

### લોકનૃત્યો અને હસ્તકલા

ગુજરાત તેની લોકસંસ્કૃતિ લોકનૃત્યો તથા ભરતગૂંથણ જેવી હસ્તકલા કારીગીરી માટે સમગ્ર વિશ્વમાં વિખ્યાત થયું છે. જેમાં ભવાઈ, નાટક જેવા પ્રકારનો પણ સમાવેશ થાય છે. ભવાઈ લેખન અને ભજવવાનું શ્રેય અસાઈત ઠાકરને ફાળે જાય છે.

ઝાલાવાડ વિસ્તારમાં પશુપાલકો એક વિશિષ્ટ પ્રકારનો રાસ રમે છે જેને 'હુડો' કહેવામાં આવે છે. તરણેતરના મેળામાં હુડો રાસને જોવા દેશ-વિદેશના લોકો ગુજરાત આવે છે.

ગુજરાતમાં નવરાત્રિ ગરબા-ઉત્સવ મહત્ત્વના છે. ગરબી પરથી ઊતરી આવેલ ગરબો શક્તિની આરાધના અને સ્તુતિ સાથે સંકળાયેલો છે. દયારામના સમયથી ગરબીનો ખૂબ વિકાસ થયો. સ્ત્રીઓ અને પુરુષો બંને નવરાત્રિમાં ગરબા, ગરબી અને રાસ દ્વારા આ ઉત્સવ ઊજવે છે.



પાટણનું પટોળું



ગરબા

ગુજરાતના પહેરવેશમાં પણ અનેકવિધ વિશેષતાઓ જોવા મળે છે. જેમાં કચ્છનું ભરતકામ, મોતીકામ, પાટણનાં પટોળાં, જામનગર અને જેતપુરની બાંધણી વિશ્વવિખ્યાત થયાં છે. કચ્છના બન્ની અને ખદિર વિસ્તારમાં કચ્છી સ્ત્રીઓ દ્વારા તૈયાર થયેલ ભરતગૂંથણની વિશ્વભરમાં માંગ રહી છે. એ જ રીતે પાટણમાં છેક અગિયારમી-બારમી સદીથી વિશિષ્ટ વણાટકામ સાથે સંકળાયેલ પટોળાં પણ વિશ્વવિખ્યાત થયાં છે

## શહેરીકરણ

આ સમય શહેરોનાં પુનઃઉત્થાન અને વિકાસનો હતો. ગુપ્તકાળનાં શહેરોની જગ્યાએ નવીન શહેરોનો ઉદય થયો. રાજપૂતયુગની રાજધાનીઓ મોટે ભાગે શહેરોમાં પલટાતી ગઈ. ગુજરાતમાં અણહિલવાડ પાટણ, ચાંપાનેર, અમદાવાદ, સુરત, ખંભાતનો સવિશેષ વિકાસ થયો.

શહેરીકરણનું ચરમબિંદુ આપણને દિલ્લીમાં જોવા મળે છે. રાજપૂતકાળથી મુઘલકાળ સુધી વિકસતું ગયું. જહાંગીર અને શાહજહાંના સમય દરમિયાન દિલ્લી રાજધાની અને વેપાર-વાણિજ્યનું મોટું મથક હતું. શાહજહાંએ લાલકિલ્લાની રચના કરી તેને વિશાળ બનાવ્યું હતું.

આ સમયનાં લાહોર, જોનપુર અને ઢાકા વેપારીમાર્ગ પર આવતા હોવાથી તેનો શહેરો તરીકે વિકાસ થયો હતો. શીખધર્મને કારણે અમૃતસર પણ અગત્યનું શહેરી કેન્દ્ર હતું. દક્ષિણ ભારતમાં દેવગીરી (દોલતાબાદ) ઉત્તર અને દક્ષિણને જોડતું સમૃદ્ધ શહેરી કેન્દ્ર હતું. મરાઠા સામ્રાજ્યમાં પૂણે, સતારા, ગ્વાલિયર અને વડોદરા જેવાં શહેરોનો વિકાસ થયો હતો, તો યુરોપિયન કંપનીઓનાં આગમનને કારણે દીવ, દમણ, ગોવા, મુંબઈ, મદ્રાસ, પુડુચેરી, કોચી, ચંદ્રનગર અને સુરતનો શહેરી કેન્દ્રો તરીકે વિશિષ્ટ વિકાસ થયો હતો.

વિજયનગરની રાજધાની હમ્પી હતું. હમ્પીમાં આવેલા વિદેશી મુસાફરોએ હમ્પીના વિશિષ્ટ હુન્નર ઉદ્યોગોની માહિતી આપી છે. વિજયનગરથી સુતરાઉ કાપડ, રેશમી કાપડ અને મસાલા સહિતની ચીજવસ્તુઓ યુરોપ સુધી જતી હતી. હમ્પીમાંથી ત્રણ પ્રકારના સુવર્ણ સિક્કાઓ મળી આવ્યા છે, જે દર્શાવે છે કે હમ્પી હુન્નરકલાનું અને વેપાર-વાણિજ્યનું મોટું કેન્દ્ર હતું.

ગુજરાતના ભરૂચ અને ખંભાત બંદર પછી ખાસ કરીને સોળમી સદીમાં સુરત ભારતનું મહત્ત્વનું વ્યાપારિક કેન્દ્ર હતું. વીરજી વોરા અને ગોપી મલિક જેવા વિશ્વવિખ્યાત સોદાગરો સુરતમાં રહેતા. સુરતમાં સત્તરમી સદીમાં મસલિન, સુતરાઉ કાપડ અને જહાજ બનાવવાના ઉદ્યોગો વિકસ્યા હતા. જરીભરત કાપડનો વિશ્વભરમાં સૌથી મોટો વેપાર સુરતથી

થતો હતો. સુરત એક આંતરરાષ્ટ્રીય બંદર હોવાથી ભારતીય અને યુરોપિયન વેપારીઓનાં અનેક વેપારી સંસ્થાનો અહીં જોવા મળ્યાં હતાં. સુરતમાં મરીમસાલા, સુતરાઉ અને રેશમી કાપડ તથા ગળીનાં મોટાં ગોદામો પણ હતાં. સુરતમાં ચાલતા ઉદ્યોગ-ધંધાને કારણે અને વિદેશ વ્યાપારને પરિણામે આનુષંગિક હુન્નર-ઉદ્યોગો જેવા કે ગોદામો, પૅકિંગ, વહાણ બાંધવાના ઉદ્યોગો, નિવાસની વ્યવસ્થા, વણાટકામ, છાપકલા, ધાતુકલાનો વ્યાપક વિકાસ થયો હતો.

## સ્વાધ્યાય

S5V1F8

**1. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને સાચો ઉત્તર લખો :**

(1) દિલ્લી સલ્તનતના આ સમયગાળામાં, મસ્જિદ, મકબરા અને રોજા એમ ત્રણ સ્થાપત્યોની ......... શૈલી પ્રમુખ હતી.

(A) ઈસ્લામ (B) નાગર

(C) સલ્તનત (D) આરબ

(2) આગ્રા : ......... બાગ, કશ્મીર : ......... બાગ

(A) લાલ (B) નિશાંત

(C) આરમ (D) શાલીમાર

(3) મુંબઈ ......... મંદિર, તાંજોર ......... મંદિર

(A) રાજરાજેશ્વર (B) ઍલિફન્ટાની ગુફા

(C) રથ (D) સુવર્ણ

(4) વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો પ્રાપ્ત કરનાર સ્થાપત્ય.

(A) અડી-કડી વાવ (B) રાણીની વાવ

(C) કાંકરિયા તળાવ (D) રૂડાદેવીની વાવ

(5) બારીઓમાં વિશિષ્ટ પ્રકારની જાળીઓની કોતરણી ધરાવનાર ......... .

(A) સીદી સૈયદની જાળી (B) જામામસ્જિદ

(C) ડભોઈનો કિલ્લો (D) ધોળકાની મસ્જિદ

**2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :**

(1) સ્થાપત્ય એટલે શું ?

(2) રાજસ્થાનની કઈ-કઈ ચિત્રશૈલીઓ સુવિખ્યાત હતી ?

(3) હમ્પીને કઈ બાબતો દ્વારા હુન્નરકલા તથા વેપાર-વાણિજ્યનું કેન્દ્ર ગણી શકાય ?

(4) મુઘલયુગના સ્થાપત્યકલાનાં નામ લખો.

**3. વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો :**

(1) રાણીની વાવ સોલંકીયુગ દરમિયાન બંધાયેલી હતી.

(2) રાજરાજેશ્વર મંદિર શીખ સંપ્રદાયનું શ્રેષ્ઠતમ સ્થાપત્ય છે.

(3) ઉપરકોટનું મૂળ નામ ઈલ્વદુર્ગ હતું.

(4) દુનિયામાં એક જ જગ્યાએ પહાડ પર સૌથી વધારે મંદિર હોય તેવું સ્થળ એટલે પાવાપુરી.

(5) ગુજરાતમાં કચ્છ અને કાઠિયાવાડમાં પાળિયાઓની પરંપરા આજે પણ જીવંત છે.

**4. (અ) ટૂંક નોંધ લખો :**

(1) પાળિયા (2) મોઢેરાનું સૂર્યમંદિર (3) રાણીની વાવ (4) મુઘલ સ્થાપત્યકલા

•

# 5 વનવાસી, વિચરતી જાતિ અને સ્થાનિક સમુદાય

J5J6D5

આપણે આગળ જોયું કે, કેવી રીતે રાજ્યોનો ઉદ્ભવ અને તેમનું પતન થયું. આમ છતાં નગરો અને ગામોમાં નવી કળાઓ, હસ્તકળાઓ અને ઉત્પાદક પ્રવૃત્તિઓનો વિકાસ થયો. આ સમયગાળામાં કેટલાંક મહત્ત્વપૂર્ણ રાજનૈતિક, સામાજિક અને આર્થિક પરિવર્તનો થયાં. પરંતુ સામાજિક પરિવર્તન બધી જગ્યાએ એકસરખું ન હતું. વિવિધ સમાજ અલગ-અલગ રીતે વિકસિત થયા. આવું શા માટે થયું તે સમજવું જોઈએ.

## જનજાતિઓ અને વિચરતી જાતિઓ

મોટાં શહેરો અને રાજ્ય-વિસ્તારોથી દૂર સદીઓથી પોતાની સંસ્કૃતિ અને ઓળખને પ્રસ્થાપિત કરતો એક વિશિષ્ટ સમાજ પણ ભારતમાં વસતો હતો. જેને આપણે જનજાતીય સમુદાય કે વનવાસી સમુદાયથી ઓળખીએ છીએ. આ સમાજ એ સમયની સમાજવ્યવસ્થાથી દૂર હતો.

પ્રત્યેક જનજાતિના સભ્યો કબીલાઈ પ્રથાથી એકબીજા સાથે જોડાયેલા હતા. તેઓ શિકારી, સંઘરાખોર અને પશુપાલક તરીકે તો થોડેઘણે અંશે ખેતી દ્વારા પોતાનું જીવન જીવતા હતા. જંગલ અને પ્રકૃતિ તેમના જીવન પર સૌથી વધુ અસર કરતાં પરિબળો હતાં. તેમનાં ઘરો પ્રાકૃતિક સંસાધનોથી જ બનેલાં હતાં. આમાંની કેટલીક જાતિઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતી રહેતી હતી. જેને આપણે વિચરતી કે વિમુક્ત જાતિ તરીકે ઓળખીએ છીએ. જનજાતિના લોકો જમીન અને જમીનપેદાશો પર સંયુક્ત રીતે નિયંત્રણ રાખતા અને પોતાના બનાવેલા નિયમોને આધારે પરિવારોમાં તેની વહેંચણી કરતાં. તેઓનું જીવન સામૂહિક સ્વરૂપનું હોવાથી તેમની અર્થવ્યવસ્થામાં પણ સામૂહિકતાનો સિદ્ધાંત જોવા મળે છે. જુદા-જુદા સમુદાયોમાં સામાજિક સમાનતા જોવા મળતી હતી.

ઉપખંડના વિવિધ ભાગોમાં ઘણી મોટી જનજાતિઓનો વિકાસ થયો. સામાન્ય રીતે તેઓ જંગલો, પહાડો, રણ અને દુર્ગમ જગ્યાઓ પર નિવાસ કરતા હતા. કેટલીક વાર તેમના કરતાં વધારે શક્તિશાળી સમાજ સાથે તેમનો સંઘર્ષ પણ થતો. આમ છતાં જનજાતિઓએ પોતાની સ્વતંત્રતા ટકાવી અને સંસ્કૃતિને બચાવી રાખી.

જાતિ આધારિત સમાજ અને જનજાતીય સમાજ વિવિધ જરૂરિયાતો માટે એકબીજા પર નિર્ભર હતો. સંઘર્ષ અને નિર્ભરતાના સંબંધને કારણે બંને સમાજમાં ધીરે-ધીરે પરિવર્તન આવ્યું.

## વનવાસી અને વિચરતી જાતિના લોકો

સમકાલીન ઇતિહાસકારો અને મુસાફરોએ વનવાસી અને વિચરતી જાતિઓ વિશે બહુ ઓછી જાણકારી આપી છે. કેટલાક અપવાદો બાદ કરતાં જનજાતિના લોકો પાસે લેખિત દસ્તાવેજો મળતા નથી. પરંતુ વનવાસી કે જનજાતિ પ્રજા પોતાના સમૃદ્ધ રીતરિવાજોનું અને મૌખિક પરંપરાઓનું રક્ષણ કરતી હતી. આ પરંપરાઓ નવી પેઢીને વારસામાં મળતી હતી. વર્તમાન ઇતિહાસકારો જનજાતિઓનો ઇતિહાસ લખવા માટે આવી મૌખિક પરંપરાઓનો પણ ઉપયોગ કરે છે.

## ભારતની મુખ્ય જનજાતિનાં ક્ષેત્રો

ભારતના મોટા ભાગના વિસ્તારોમાં જનજાતિની વસ્તી જોવા મળે છે. જનજાતિનો વિસ્તાર અને પ્રભાવ સમયની સાથે બદલાતો રહેતો. કેટલીક જનજાતિ ખૂબ શક્તિશાળી હોઈ મોટા પ્રદેશો પર નિયંત્રણ ધરાવતી હતી. જેમકે તેરમી-ચૌદમી સદી દરમિયાન પંજાબમાં ખોખર જનજાતિ અને ગખ્ખર જનજાતિ મુખ્ય હતી. આ જનજાતિમાંથી આવનાર કમાલખાં ખખ્ખરને અકબરે મનસબદાર બનાવ્યા હતા. મોઘલો પહેલાં મુલ્તાન અને સિંધમાં લંઘા અને અર્ઘૂન જનજાતિઓનું આધિપત્ય હતું. ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં બલોચ જનજાતિ સૌથી શક્તિશાળી હતી. તે વિવિધ નેતા (આગેવાનો) ધરાવતાં નાનાં-નાનાં કુળોમાં વિભાજિત હતી. પશ્ચિમ હિમાલયમાં વસતી ગડ્ડી ગડરિયો નામની જનજાતિ મુખ્ય હતી. જ્યારે ભારતના ઉત્તર પૂર્વ ભાગમાં નાગા, કૂકી, મીઝો, અહોમ અને અન્ય જનજાતિઓનું પ્રભુત્વ હતું.

હાલના બિહાર અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં બારમી સદી સુધી ચેર સરદારોનું આધિપત્ય હતું. ઈ.સ. 1591માં અકબરના સેનાપતિ રાજા માનસિંહે ચેરજાતિ પર હુમલો કરી પરાજીત કર્યા, પરંતુ તેમને સંપૂર્ણપણે આધીન બનાવી શક્યા નહિ ઔરંગઝેબના સમયમાં મુઘલસેનાએ ચેરજાતિના ઘણા કિલ્લાઓ કબજે કરી, તેમના પર પ્રભુત્વ સ્થાપિત કર્યું. આ વિસ્તારની બે મહત્ત્વની જનજાતિઓ મુંડા અને સંથાલ હતી. આ જનજાતિઓ આ વિસ્તાર ઉપરાંત ઓડિશા અને બંગાળમાં પણ રહેતી હતી.

કર્ણાટક અને મહારાષ્ટ્રના પહાડી વિસ્તારોમાં કોળી, બેરાદ અને બીજી કેટલીક જનજાતિઓ રહેતી હતી. દક્ષિણ ભારતમાં કોરાગા, વેતર, મારવાર અને બીજી જનજાતિઓના લોકો મોટી સંખ્યામાં વસતા હતા.

ભીલ આ જનજાતિઓમાં સૌથી અગત્યના હતા. જે પશ્ચિમ અને મધ્ય ભારતમાં ફેલાયેલા હતા. સોળમી સદીના અંત સુધીમાં તેમાંના ઘણા ખેડૂત અને જમીનદાર તરીકે સ્થાયી થયા હતા. જોકે કેટલાક ભીલકુળ શિકાર અને અન્નસંગ્રહ સાથે જોડાયેલા રહ્યા. હાલના છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં ગોંડ લોકોની વસતિ વધુ છે.

ગુજરાતમાં આરાસુરથી ડાંગની પૂર્વ પટ્ટીના વિસ્તારની જનજાતિઓ લગભગ ચાર સદીથી આ પ્રદેશમાં પોતાની વિશિષ્ટ સમાજ-વ્યવસ્થા અને સંસ્કૃતિને સાચવીને બેઠી છે તથા આધુનિક સમય સાથે કદમ મિલાવીને પ્રગતિ કરી રહ્યા છે.

## વિચરતી અને વિમુક્ત જાતિ

વિચરતી અને વિમુક્ત જાતિના લોકો પોતાનાં પશુઓ સાથે દૂર-દૂર સુધી ફરતા રહેતા. તેમનું જીવન મોટે ભાગે પશુપાલન પર આધારિત હતું. તેઓ સ્થાયી ખેડૂતો પાસેથી અનાજ, કપડાં, વાસણ અને અન્ય વસ્તુઓ માટે ઊન, ઘી વગેરે વસ્તુઓનો વિનિમય પણ કરતા હતા. કેટલીક વિચરતી જાતિઓ જાનવરો પર સામાન લાદી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ વસ્તુઓનું ખરીદ-વેચાણ કરતી હતી.

### વણજારા : ભારત અને ગુજરાતના સંદર્ભમાં

આ બધી વિચરતી વિમુક્ત જાતિઓમાં વણજારા સૌથી અગત્યના હતા. તેમનો સમૂહ 'ટાંડા' કહેવાતો. અલાઉદ્દીન ખલજી દિલ્લીનાં બજારો સુધી અનાજ અને ચીજવસ્તુઓ લાવવા-લઈ જવા માટે તેમનો ઉપયોગ કરતો. બાદશાહ જહાંગીરે પણ વણજારા દ્વારા બળદો પર અનાજ લાદીને શહેરોમાં વેચવાના તેમના કાર્યનો ઉલ્લેખ કર્યો છે. ખાસ બાબત તો એ છે કે, યુદ્ધ દરમિયાન વણજારાઓ બળદોની પોઠ દ્વારા મુઘલ સેના માટે અનાજ અને ચીજવસ્તુઓ લાવતા હતા. એક રીતે જોઈએ તો વણજારા ભારત અને વિશ્વ વચ્ચેની કડી હતા. મધ્ય એશિયાથી અનેક ચીજવસ્તુઓ તેમના દ્વારા ભારતમાં આવતી અને ભારતથી બહાર જતી.



વણજારાની પોઠ

## જનજાતિઓ અને વિચરતી જાતિઓની સંસ્કૃતિ

કેટલીક વિચરતી વિમુક્ત જાતિઓ ઘેટાં-બકરાં, ઘોડા, ગાય, ભેંસ અને બળદના વેપાર સાથે પણ સંકળાયેલી હતી. વિવિધ જાતિના નાના-મોટા ફેરિયાઓ એક ગામથી બીજે ગામ જઈને જાતે બનાવેલાં દોરડાં, ઘાસની ચટાઈ અને મોટા થેલા વેચતા. કેટલીક વિચરતી વિમુક્ત જાતિઓમાં કાંગસિયા, મોડવાનો સમાવેશ થતો હતો. જે બંગડી અને સૌંદર્ય- પ્રસાધનોના વેપાર સાથે જોડાયેલા હતા. કેટલીક વિચરતી જાતિઓમાં નટ, બજાણિયાનો સમાવેશ થતો. તેઓ વિભિન્ન અંગ-કસરતો દ્વારા લોકોનું મનોરંજન કરતા. ગુજરાતમાં વણજારા, માલધારી, નટ, બજાણિયા, કાંગસિયા જેવી વિચરતી વિમુક્ત જાતિઓ જોવા મળે છે.

W5L4E9

## જનજાતિઓમાં આવેલ સાંસ્કૃતિક પરિવર્તન

અર્થવ્યવસ્થા અને સમાજની જરૂરિયાતો વધતાં નવા કલા-કૌશલ્યો ધરાવતાં લોકોની આવશ્યકતા ઊભી થઈ. સમાજ જુદી-જુદી જાતિઓમાં વિભાજિત થયો. બીજી બાજુ, ઘણી જનજાતિઓ અને સામાજિક જૂથોને જ્ઞાતિ આધારિત સમાજમાં સમાવી તેમને જાતિનો દરજ્જો આપવામાં આવ્યો. આવી જાતિઓમાં વિશિષ્ટ કૌશલ્ય ધરાવતાં સમુદાય મુખ્ય છે. હવે વર્ણને બદલે જાતિ સમાજના સંગઠનનો આધાર બની.

## વનવાસી અને વિચરતી જાતિની ઉપલબ્ધિઓ (ગોંડ અને અહોમ)

**ગોંડ :** ભારતના ગોંડવાના નામના વિશાળ વનપ્રદેશમાં રહેનારી પ્રજા ગોંડ તરીકે ઓળખાય છે. જે ભારતની જૂની જનજાતિઓ પૈકીની એક છે. તેઓ સ્થાનાંતરિત ખેતી કરતા નાનાં-નાનાં કુળોમાં વહેંચાયેલી વિશાળ ગોંડ જાતિમાં પ્રત્યેક કુળનો એક રાજા હતો. અકબરનામામાં નોંધાયું છે કે, ગઢકટંગાના ગોંડ રાજ્યમાં 70,000 જેટલાં ગામડાઓનો સમાવેશ થતો હતો.

### આટલું જાણો

**સ્થળાંતરિત (ઝૂમ) ખેતી**

આ પ્રકારની ખેતીમાં જંગલોમાં વૃક્ષો કાપીને તેને સળગાવીને જમીન સાફ કરી ત્યાં ખેતી કરાય છે. બે-ત્રણ વર્ષ ખેતી કર્યા બાદ જમીનની ફળદ્રુપતા ઘટતાં આ વિસ્તાર છોડી દઈને બીજી જગ્યાએ આ જ રીતે ખેતી કરવામાં આવતી ખેતીના આ પ્રકારને સ્થળાંતરિત ખેતી અથવા ઝૂમ ખેતી તરીકે ઓળખવામાં આવે છે.

તેમની રાજ્ય-વ્યવસ્થા કેન્દ્રીકૃત હતી. રાજ્ય ગઢમાં વહેંચાયેલા હતા. દરેક ગઢ પર એક ખાસ ગોંડ કુળનું આધિપત્ય હતું. દરેક ગઢ 84 ગામોના એક એકમમાં વહેંચાયેલો હતો. જેને ચોર્યાસી તરીકે ઓળખતા. દરેક ચોર્યાસી બાર-બાર ગામના એક પેટા એકમ બારહોતોમાં વહેંચવામાં આવતી.

મોટાં રાજ્યોના ઉદય સાથે ગોંડ સમાજમાં પણ પરિવર્તન આવ્યું. મૂળભૂત રાજપૂત તરીકેની માન્યતા મેળવવા ગઢકટંગાના ગોંડ રાજા અમનદાસે સંગ્રામશાહની પદવી ધારણ કરી. તેના પુત્ર દલપતે મહોબાના ચંદેલ રાજપૂત રાજાની પુત્રી રાજકુમારી દુર્ગાવતી સાથે લગ્ન કર્યાં.

યુવાન વયે જ દલપતનું મૃત્યુ થતાં દુર્ગાવતીએ પાંચ વર્ષના પુત્ર વીર નારાયણના નામથી શાસન સંભાળ્યું. 1565માં આસીફખાનના નેતૃત્વ હેઠળની મુઘલ સેનાએ દુર્ગાવતીને હરાવી. રાણી અને તેમનો પુત્ર યુદ્ધમાં લડતાં-લડતાં મૃત્યુ પામ્યાં.

ગઢકટંગા રાજ્યએ હાથીઓના વેપાર દ્વારા પુષ્કળ ધન કમાયું હતું. ગઢકટંગા પર વિજય મેળવી મુઘલોએ પુષ્કળ ધન અને હાથીઓ મેળવ્યા. તેમણે રાજ્યનો મોટો ભાગ પોતાનાં નિયંત્રણમાં રાખ્યો. જ્યારે બાકીનો ભાગ વીર નારાયણના કાકા ચંદરશાહને આપ્યો. ગઢકટંગાના પતન બાદ નિર્બળ બનેલ ગોંડ રાજ્ય શક્તિશાળી બુંદેલો અને મરાઠાઓના આક્રમણ સામે ટકી શક્યું નહિ.

**અહોમ :** અહોમ લોકો તેરમી સદીમાં હાલના મ્યાનમારથી આવી અસમની બ્રહ્મપુત્ર નદીના ખીણવિસ્તારમાં વસ્યા. તેમણે ભુઈયા(ભૂસ્વામી/જમીનદાર)ની જૂની રાજકીય વ્યવસ્થાને બદલી એક નવા રાજ્યની સ્થાપના કરી. સોળમી સદીમાં ચુટિયો (ઈ.સ. 1523) અને કોચ-હાજો (ઈ.સ. 1581) રાજ્યોને પોતાના રાજ્યમાં ભેળવી અને આસપાસની જનજાતિઓને જીતીને એક વિશાળ અહોમ રાજ્યની સ્થાપના કરી હતી. સત્તરમી સદીમાં તો તેઓ દારૂગોળો અને તોપોનું નિર્માણ પણ કરી શકતા હતા.

જોકે દક્ષિણ-પશ્ચિમથી અહોમ લોકો પર ઘણાં આક્રમણો થયાં. ઈ.સ. 1662માં મીર જુમલાના નેતૃત્વ હેઠળની મુઘલ સેના સામે બહાદુરીથી લડવા છતાં તેઓ હાર્યા. પરંતુ એ વિસ્તાર પર મુઘલોનું પ્રત્યક્ષ પ્રભુત્વ લાંબા સમય સુધી ટકી શક્યું નહિ.

અહોમ રાજ્ય બળજબરીપૂર્વકના શ્રમ (Forced Labour) પર આધારિત હતું. જે લોકો પાસે રાજ્ય માટે બળજબરીથી કામ કરાવાતું તે 'પાઇક' કહેવાતા. દરેક ગામમાંથી નિશ્ચિત કરવામાં આવેલ સંખ્યામાં 'પાઇક' મોકલવાના રહેતા. વસતિ-ગણતરીને આધારે વધુ વસતિ ધરાવતા વિસ્તારોમાંથી ઓછી વસતિવાળા વિસ્તારોમાં લોકોને ખસેડવાથી અહોમ કુળ તૂટી ગયાં. સત્તરમી સદીના પ્રથમ દશકમાં વહીવટી વ્યવસ્થા કેન્દ્રીકૃત બની. વર્તમાન કાયદાઓ અને જોગવાઈઓ અનુસાર કોઈ વ્યક્તિ પાસે બળજબરીપૂર્વક કામ કરાવવું એ ગુનો ગણાય છે, જે આપણે સૌ જાણીએ છીએ.

આ જનજાતિના તમામ પુરુષો યુદ્ધના સમયે સેનામાં જોડાતા અને અન્ય સમયમાં સિંચાઈ-વ્યવસ્થા જેવા સાર્વજનિક કાર્યો કરતાં. અહોમ લોકોએ ચોખાની ખેતીની નવીન પદ્ધતિઓ અમલમાં મૂકી.

અહોમ સમાજ કુળમાં વહેંચાયેલો હતો. તેમના કુળને 'ખેલ' કહેવામાં આવતું. ઘણાં ગામો પર ખેલનું નિયંત્રણ રહેતું. ખેડૂતને ગામના સમાજ દ્વારા આપવામાં આવેલ જમીન ગામસમાજની સંમતિ વગર રાજા પણ પાછી લઈ શકતો ન હતો.

શરૂઆતમાં અહોમ લોકો જનજાતીય દેવતાઓ(પ્રકૃતિના દેવતાઓ)ની ઉપાસના કરતા હતા. રાજા દ્વારા મંદિરો અને બ્રાહ્મણોને જમીનનું દાન આપવામાં આવતું. સિબસિંહ (ઈ.સ. 1714 - ઈ.સ. 1744)ના સમયમાં હિંદુધર્મ ત્યાંનો મુખ્ય ધર્મ બની ગયો હતો. હિંદુધર્મ અપનાવ્યા છતાં અહોમ રાજાઓએ પોતાની પરંપરાગત માન્યતાઓ સંપૂર્ણપણે છોડી નહિ.

અહોમ સમાજ એક અત્યંત સુસંસ્કૃત સમાજ હતો. કવિઓ અને વિદ્વાનોને જમીન દાનમાં આપવામાં આવતી. નાટ્યપ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવતું. સંસ્કૃતની અગત્યની સાહિત્યિક કૃતિઓનો સ્થાનિક ભાષામાં અનુવાદ કરાવવામાં આવ્યો હતો. 'બુરંજી' નામની ઐતિહાસિક કૃતિને પહેલાં અહોમ ભાષામાં અને પછી આસામી ભાષામાં લખવામાં આવી હતી.

ગુજરાતમાં ડાંગ અને અન્ય પૂર્વીયપટ્ટીમાં આવાં જનજાતીય રાજ્ય જોવા મળતાં હતાં. સંતરામપુર, દેવગઢબારિયા તેમજ ડાંગની રાજ્ય-વ્યવસ્થા અને સંસ્કૃતિ વિશિષ્ટ હતી. તેમના તમાશા, ભવાડા અને ઠાકર્યા જેવાં નૃત્યો વિશ્વવિખ્યાત થયાં છે. ડાંગમાં ડાંગ-દરબાર પ્રતિ વર્ષ ભરાય છે, જેમાં રાજાઓને વર્ષાસન આપવામાં આવે છે.



ડાંગી નૃત્ય

**આટલું જાણો**

**ડાંગ-દરબાર**

હોળીના તહેવાર દરમિયાન 'ડાંગ-દરબાર' યોજવાની શરૂઆત વર્ષો પહેલાં થઈ હતી. સરકારે ડાંગીરાજાઓ અને નાયકોને તેમના હકના બદલામાં વંશ પરંપરાગત 'સાલિયાણું' આપવાનું નક્કી કર્યું, જે પરંપરા આજે પણ ચાલુ છે.

## બદલાતો સમય : નવી જનજાતિઓનું માળખું

16મી અને 17મી સદી સુધીના જનજાતિના ઇતિહાસને આપણે સમજવાનો પ્રયત્ન કર્યો. કાળાંતરમાં અનેક જનજાતિઓમાં વ્યાપક પરિવર્તનો આવ્યાં. વર્ણ આધારિત સમાજ અને આદિવાસી સમાજના લોકોના એકબીજા સાથેના

સંપર્કને કારણે બંને સમાજમાં પરિવર્તન આવ્યું. વિવિધ જનજાતિઓએ જુદી-જુદી આજીવિકા અપનાવી. સમય જતાં તેમાંની ઘણી જનજાતિઓ જાતિ આધારિત સમાજનો ભાગ બની. જોકે ઘણી જનજાતિઓએ હિંદુધર્મ અને જાતિ-વ્યવસ્થાથી મોટે ભાગે દૂર રહી. કેટલીક જનજાતિઓએ સુસંગઠિત વહીવટી વ્યવસ્થા ધરાવતાં મોટાં શક્તિશાળી રાજ્યોની સ્થાપના કરી. જેથી તેઓને તેમનાથી મોટાં અને વધુ જટિલ સામ્રાજ્યો સાથે સંઘર્ષ થયો.

- **કલ્પના કરો :** દર ત્રણ મહિને રહેઠાણ બદલતી વિચરતી જાતિ/સમુદાયના તમે સભ્ય છો. આની તમારા જીવન પર શી અસર થશે.

## સ્વાધ્યાય

B4C1H7

**1. યોગ્ય જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) ગઢકટંગા | (A) પાઈક |
| (2) વર્ષાસન | (B) સંગ્રામશાહ |
| (3) શ્રમિક | (C) પંજાબ |
| (4) અમનદાસ | (D) 70,000 ગામડાં |
| (5) ખોખર જનજાતિ | (E) નાનાં કુળોમાં વિભાજિત |
| (6) બલોચ | (F) ડાંગ-દરબાર |

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) એક સ્થાનથી બીજા સ્થાને ભટકતી જાતિઓને ......... કહેવામાં આવતી.
(2) અહોમ લોકો દ્વારા રચવામાં આવેલી ઐતિહાસિક કૃતિઓ .......... હતી.
(3) વણજારાઓનો સમૂહ .......... તરીકે ઓળખાતો.

**3. વિધાન સાચું છે કે ખોટું તે જણાવો :**

(1) અકબરના મનસબદાર માનસિંહે ચેરજાતિ પર હુમલો કરી વિજય મેળવ્યો હતો.
(2) ગુજરાતમાં નટ, બજાણિયા, કાંગસિયા જેવી વિચરતી વિમુક્ત જાતિઓ વસે છે.
(3) ગોંડલોકો તોપનું નિર્માણ કરી શકતા હતા.
(4) દક્ષિણ ભારતમાં વેતર, કોરાગા અને મારવાર જાતિના લોકો વસતા હતા.

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) વિચરતી જાતિના પશુપાલકો અને સ્થાયી ખેડૂતો વચ્ચે કયા પ્રકારનો વિનિમય થતો હતો ?
(2) જનજાતિઓમાં જોવા મળતો સામૂહિકતાનો સિદ્ધાંત સમજાવો.
(3) અહોમ સમાજ સુસંસ્કૃત સમાજ હતો. આવું શાના આધારે કહી શકાય ?
(4) ગોંડલોકોનો ઇતિહાસ અહોમ લોકોથી કેવી રીતે અલગ હતો ?
(5) વણજારા અર્થતંત્ર માટે કેવી રીતે મહત્ત્વપૂર્ણ હતા ?

### પ્રવૃત્તિ

- આ પ્રકરણમાં દર્શાવેલ જનજાતિઓનું સ્થાન નકશામાં દર્શાવો. કોઈ પણ બે જનજાતિઓની તેમની આજીવિકા તેમજ તેમની ભૌગોલિક વિશેષતા અને પર્યાવરણની અનુકૂળતા સંદર્ભે ચર્ચા કરો.
- હાલની સરકાર દ્વારા વનવાસીઓ સંદર્ભે ઘડવામાં આવેલ નીતિઓ વિશે જાણો અને તે સંદર્ભે ચર્ચાનું આયોજન કરો.
- વિચરતી જાતિના પશુપાલકો વિશે માહિતી મેળવો. તે કયાં પશુઓ પાળે છે ? તેઓ કયા વિસ્તારોમાં જાય છે ?

# 6 ભક્તિયુગ : ધાર્મિક સમુદાયો અને વિચારકો

H8J5A4

ભારતના મધ્યકાલીન સાંસ્કૃતિક ઘટનાક્રમની એક મહત્ત્વપૂર્ણ ઘટનામાં ભક્તિ અને સૂફી ચળવળનો સમાવેશ થાય છે. આ ચળવળનો હેતુ કોઈ રાજસત્તા સામે કે રાજકીય લાભ મેળવવા માટેનો ન હતો, પરંતુ તેનું મુખ્ય પ્રયોજન અજ્ઞાન, મિથ્યાચારો, દુઃખ અને યાતનાઓથી પીડિત લોકોને સાદો, સરળ ધર્મયુક્ત માર્ગ બતાવવાનો હતો. સંતોએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરેલા ઉપદેશ જનતાને આપતા તેથી તેનો ઊંડો પ્રભાવ પડતો.

## ઉદ્ભવ અને વિકાસ

ભારતના ઈતિહાસમાં ભક્તિ અને સૂફી-આંદોલનનો ઉદ્ભવ અને વિકાસ થયો. તેના કારણે ધર્મમાં ઊંચનીચના ભેદભાવ, માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ વિવિધ ધર્મની વાડાબંધીની અવગણના કરીને ભક્તિમાર્ગના દ્વાર બધા માટે ખોલી નાંખ્યા. ભક્તિ અને સૂફી આંદોલને હિંદુ-મુસ્લિમ સાંસ્કૃતિક સમન્વયને જન્મ આપ્યો અને એક નવા જ યુગની શરૂઆત થઈ. મોટા ભાગના સંતો સગુણવાદી હતા. તેઓ ઐક્યના હિમાયતી હતા. આ તમામ સંતો અને ફકીરો ધર્મ અને સંપ્રદાયની એકતામાં માનતા હતા. સામાજિક સમાનતાના પક્ષકાર હતા. તેમના મતે ઈશ્વર નિર્ગુણ, નિરાકાર અને અવર્ણનીય છે. મૂર્તિપૂજા અને ક્રિયાકાંડના તેઓ વિરોધી હતા. તેમણે લોકોને સાદી ભાષામાં ઉપદેશ આપ્યો. લોકો સમજી શકે તેવી ભાષામાં સાહિત્ય અને પદોની રચના કરી. લોકોની બોલાતી ભાષામાં રચાયેલાં આ સાહિત્યો, પદોએ અને સરળ વાણીએ સમાજમાં ઐક્યવાદ પ્રસરાવ્યો. તેઓ કહેતા કે બધા ધર્મોનો સાર એક જ છે. ઈશ્વર એક જ છે અને તે બધે વસેલો છે. બધા જ ધર્મોનો એક જ માર્ગ છે, ઈશ્વર સાથે અનુરાગ.

**પ્રવૃત્તિ**

- તમારી શાળામાં સર્વધર્મ પ્રાર્થનાસભાનું આયોજન કરો અને સર્વધર્મ પ્રાર્થનાપોથી બનાવો.

## મુખ્ય સંતો અને તેમની વિચારધારા

E6I7K1

શંકરાચાર્યે દક્ષિણ ભારતમાં ધાર્મિક-સુધારણાની પ્રવૃત્તિ આઠમી સદીમાં શરૂ કરી. તેમના પછી 250 વર્ષ બાદ રામાનુજાચાર્યે ભક્તિ અંગે પ્રેરણા આપી. આ સમયે દક્ષિણ ભારતમાં અલવાર અને નયનાર સંતોએ પણ ધાર્મિક-આંદોલનોનો પ્રચાર-પ્રસાર કર્યો. અલવાર સંતો વૈષ્ણવ હતા અને નયનાર સંતો શૈવ હતા. ભક્તિમાર્ગના આ અનુયાયીઓએ એકેશ્વરવાદમાં માનતા હતા. તેઓ તમામ ધર્મો અને સંપ્રદાયોની એકતામાં વિશ્વાસ ધરાવતા હતા અને મૂર્તિપૂજા તેમજ ક્રિયાકાંડના વિરોધી હતા.

ભક્તિ-આંદોલનોએ આત્મસાક્ષાત્કારનાં દ્વાર બધા માટે ખોલી નાખ્યાં. ભક્તિમાર્ગના સંતો અને ચિંતકોએ આમજનતાની ભાષામાં ઉપદેશ આપ્યા. આ સંતો અને તત્ત્વચિંતકોમાં કેટલાક મહાન આચાર્યો પણ હતા. જેમાં એક શંકરાચાર્ય હતા. શંકરાચાર્ય હિન્દ ધર્મના પકસારકોમાંથી એક હતા. શંકરાચાર્ય પછી આશરે 250 વર્ષ પછી



અલવાર-નયનાર સંતો

દક્ષિણમાં રામાનુજાચાર્ય થયા. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, ભક્તિ-આંદોલનની શરૂઆત રામાનુજાચાર્યથી થાય છે. તેમણે ભક્તિમાર્ગનો સરળ ઉપદેશ આપી ઈશ્વરની પ્રાપ્તિનો સંદેશો આપ્યો.




આદિશંકરાચાર્ય

શંકરાચાર્ય

- જન્મસ્થળ : કાલડી
- પિતા : શિવગુરુ
- માતા : અંબાબાઈ (આઈમ્બા)

રામાનુજાચાર્ય

- જન્મસ્થળ : પેરૂમલતૂર
- પિતા : કેશવ
- માતા : કાન્તિમતિ



રામાનુજાચાર્ય

**વિચારો**

- આપણે ધર્માચાર્યો, ભક્તો, સંતો, ફકીરોનો આદરભાવ શા માટે કરીએ છીએ ?


બંગાળમાં જયદેવ અને ચૈતન્ય જેવા મહાન સંતો થઈ ગયા. ચૈતન્યમહાપ્રભુએ કૃષ્ણભક્તિનાં ગીતો રચીને બંગાળમાં 'હરિબોલ'નો મંત્ર ગુંજતો કર્યો હતો. ઉત્તર ભારતમાં રામાનંદ જેવા મહાન સંતે ભક્તિ-આંદોલનના શ્રીગણેશ કર્યાં હતાં. એકેશ્વર પરંપરામાં કબીર સૌથી મહત્ત્વપૂર્ણ સંત હતા. તેઓ વ્યવસાયે વણકર હતા. 'બીજક' તેમનો કવિતાસંગ્રહ છે. શીખોના પવિત્ર ગ્રંથ ''ગુરુ ગ્રંથસાહિબ''માં તેમની કવિતાઓનો સમાવેશ કરેલ છે. સંત રૈદાસ તેમના ગુરુભાઈ હતા. તે પણ કબીરની જેમ ગૃહસ્થી અને નિર્ગુણ શાખાના સંત હતા.

સાધુ એસા ચાહિએ, જૈસા સૂપ સુભાય ।
સાર-સાર કો ગહિ રહે, થોથા દેઈ ઉડાય ॥




કબીર

ગુરુનાનક શીખ ધર્મના સ્થાપક હતા. તેઓ નિર્ગુણ શાખાના સંત હતા. એમના શિષ્યો શીખ કહેવાતા. ''ગુરુ ગ્રંથસાહિબ'' તેમનો પવિત્ર ધર્મગ્રંથ છે. ઉત્તર ભારત અને રાજસ્થાનમાં તુલસીદાસ, સૂરદાસ અને મીરાંબાઈ વૈષ્ણ ભક્તિ-આંદોલનના મહત્ત્વપૂર્ણ સંતો હતા. તુલસીદાસ યુવાનીમાં જ સાધુ બન્યા હતા. તેમણે ''રામચરિતમાનસ'' અને ''વિનયપત્રિકા'' જેવા લોકપ્રિય ગ્રંથોની રચના કરી હતી. તુલસીદાસનો ગ્રંથ ''રામચરિતમાનસ'' આજે પણ એટલો જ લોકપ્રિય છે. ગુજરાતમાં ભક્તિરસથી પ્રજાને તરબોળ કરવામાં પંદરમી સદીમાં થઈ ગયેલા સંત નરસિંહ મહેતાનો ફાળો અનન્ય છે. નરસિંહ મહેતા (ઈ.સ. 1412 - ઈ.સ. 1480) ગુજરાતી ભાષાના આદિકવિ છે. મૂળ તળાજા(ભાવનગર)ના



ગુરુનાનક



તુલસીદાસ



નરસિંહ મહેતા


પછી જૂનાગઢ આવી વસેલાં તેમનાં જ્ઞાન અને ભક્તિપૂર્ણ પદો અને પ્રભાતિયાંએ લોક જનસમાજ પર ઊંડી અસર કરી છે. નરસિંહ મહેતાનું 'વૈષ્ણવજન તો તેને કહીએ...' એ ભજન આજે પણ લોકપ્રિય બન્યું છે. તેઓ સંસારી હોવા છતાં સંસારના રંગોથી પર હતા. તેમણે છૂતાછૂત તથા જ્ઞાતિભેદનો વિરોધ કર્યો હતો. તેઓ સૌના ઘેર ભજન કરવા જતા. હરિનું ભજન કરનાર તેમને મન હરિનો જન હતો. 'પક્ષાપક્ષીમાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિ ને સર્વ સમાન'. તેમણે કૃષ્ણભક્તિનો મહિમા ગાતાં કહ્યું કે, શ્રી કૃષ્ણની ભક્તિના સહારે મનુષ્ય ગમે તેવી આપત્તિઓ પાર કરી શકે છે. તેમનું જીવન આનું ઉત્તમ ઉદાહરણ હતું. તેમનાં પદો પ્રભાતિયાં તરીકે જાણીતાં છે.



મીરાંબાઈ

રાજપૂત રાજકુમારી મીરાંબાઈ મેડતા રાજવીનાં પુત્રી હતાં. તેનાં લગ્ન મેવાડના રાજપરિવારમાં થયાં હતાં. તે નાનપણથી જ કૃષ્ણભક્ત હતા. શ્રીકૃષ્ણને તે ગિરધરગોપાલના રૂપમાં પૂજતા હતા. મીરાંબાઈ એક ભક્ત કવયિત્રી હતાં. જેમણે ગુજરાતી અને હિંદી ભાષામાં પદો રચ્યાં હતાં. તેમણે રચેલાં પદ નરસિંહ અને કબીરના પદની જેમ લોકપ્રિય છે. આવા જ એક સંત સૂરદાસ હતા. તેઓ વલ્લભાચાર્યના શિષ્ય હતા. વ્રજમાં રહીને તેમણે શ્રીકૃષ્ણનાં પદો રચ્યાં હતાં.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ
જૂજવે રૂપ અનંત ભાસે
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.



જ્ઞાનેશ્વર

મુજ અબળાને મોરી મિરાત બાઈ
શામળો ઘરેણું મોર સાચું...રે...
મીરાંબાઈ કે પ્રભુ ગિરિધર નાગર,
હરિને ચરણે જાચું...રે...મુજ.

મહારાષ્ટ્રમાં ભક્તિ-આંદોલન ઉત્તર ભારતની બરાબર સાથે ચાલતું હતું. પંઢરપુરનું વિઠોબા મંદિર તેનું મુખ્ય કેન્દ્ર હતું. જ્ઞાનેશ્વર મહારાષ્ટ્રમાં ભક્તિ-આંદોલનનાં શ્રીગણેશ કર્યાં હતાં. ફક્ત 15 વર્ષની વયે તેમણે ભગવદ્‌ગીતા ઉપરની ટીકા 'જ્ઞાનેશ્વરી' લખી હતી. નામદેવ યુવાનીમાં અધર્મ માર્ગે

હતા. પરંતુ સાચી વાત સમજાતાં તેઓ ધર્મના માર્ગે વળ્યા હતા અને મહારાષ્ટ્રના મહાન સંત ગણાયા. એકનાથ પણ મહારાષ્ટ્રના મહાન સંત હતા. તેઓ ઊંચનીચના અને નાતજાતના ભેદભાવનો વિરોધ કરતા. તેઓ સૌને સમાન માનતા હતા. તુકારામ મહારાષ્ટ્રના સંતકવિ હતા. તેમના રચેલા અભંગો ખૂબ જ જાણીતા છે. સમર્થ ગુરુ રામદાસ શિવાજીના ગુરુ હતા. એમણે આધ્યાત્મિક અને સાંસારિક જીવનને જોડવાનો પ્રયાસ કર્યો હતો. લોકોને ઉપદેશ આપવા તેમણે ‘‘દાસબોધ’’ નામના ગ્રંથની રચના કરી હતી.

**પ્રવૃત્તિ**

- કબીર, રહીમ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, તુકારામ જેવા મધ્યકાલીન સંતોનાં પદ, સાખી, દોહા મેળવીને સંગ્રહપોથી બનાવો.

**આટલું જાણો**

**મધ્યકાલીન સંતોનો સમયકાળ**


- **ગુરુનાનક** : જન્મ : ઈ.સ. 1469, મૃત્યુ : ઈ.સ. 1539
- **તુલસીદાસ** : જન્મ : ઈ.સ. 1532, મૃત્યુ : ઈ.સ. 1623
- **મીરાંબાઈ** : જન્મ : ઈ.સ. 1498, મૃત્યુ : ઈ.સ. 1546
- **સૂરદાસ** : જન્મ : ઈ.સ. 1483, મૃત્યુ : ઈ.સ. 1563
- **રૈદાસ** : જન્મ : ઈ.સ. 1450, મૃત્યુ : ઈ.સ. 1520
- **જ્ઞાનેશ્વર** : જન્મ : ઈ.સ. 1276, મૃત્યુ : ઈ.સ. 1296
- **નામદેવ** : જન્મ : ઈ.સ. 1270, મૃત્યુ : ઈ.સ. 1350
- **એકનાથ** : જન્મ : ઈ.સ. 1533, મૃત્યુ : ઈ.સ. 1599
- **તુકારામ** : જન્મ : ઈ.સ. 1608, મૃત્યુ : ઈ.સ. 1650

## સૂફી-આંદોલન

મધ્યકાળમાં ભારતમાં થયેલાં ધાર્મિક આંદોલનોમાં સૂફી ચળવળનો પણ સમાવેશ થાય છે. આ ધાર્મિક, સામાજિક આંદોલને હિંદુ-મુસ્લિમ સમન્વયને જન્મ આપ્યો. આમ પણ પ્રાચીનકાળથી જ ભારત વિભિન્ન સંસ્કૃતિઓનું મિલનસ્થળ રહ્યું છે. સૂફી શબ્દ ઇસ્લામના ધાર્મિક વિચારોને વ્યક્ત કરે છે. તેનો મુખ્ય મત ઈશ્વર અને મનુષ્ય વચ્ચે પ્રેમનો સંબંધ સ્થાપિત કરવાનો છે. ભારતમાં સૂફી મત ફેલાવનાર મુખ્ય ચાર પરંપરાઓ હતી : (1) ચિશ્તી (2) સુહરાવર્દી (3) કાદરી અને (4) નક્શબંદી.

M3T3Q9

સૂફી આંદોલનમાં ચિશ્તી અને સુહરાવર્દી પરંપરા ખૂબ જ લોકપ્રિય બની હતી. બગદાદના શિયાબુદ્દીન સુહરાવર્દીએ સુહરાવર્દી પરંપરાની સ્થાપના કરી હતી. અજમેરમાં મોઇનુદ્દીન ચિશ્તીએ ચિશ્તી પરંપરાની સ્થાપના કરી હતી જે આજે પણ કોમીએકતાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમના મૃત્યુ બાદ તેઓ એક સૂફીસંત તરીકે બહુ જ ખ્યાતિ પામ્યા હતા. મોઇનુદ્દીન ચિશ્તી સિવાય કુતુબુદ્દીન બખ્તિયાર, બાબા ફરીદુદ્દીન-ગંજ-એ-શકર, નિઝામુદ્દીન ઓલિયા, ખ્વાજા બકી બિલ્લાહ અને શેખ અહમદ સરહિંદી મુખ્ય હતા. દક્ષિણ ભારતમાં શેખ બૂરહાનુદ્દીન ગરીબ લોકપ્રિય ચિશ્તી સંત હતા.



ચિશ્તી સંત

**વિચારો**

- આપણે દરેક ધર્મ પ્રત્યે સમભાવ અને આદરભાવ શા માટે રાખવો જોઈએ ?

**પ્રવૃત્તિ**

- શાળામાં સર્વધર્મ પ્રાર્થનાપોથી સંગ્રહ બનાવો જેમાં દરેક ધર્મના સ્થાપક અથવા મહાનુભાવો વિશે માહિતી એકત્ર કરી હસ્તલિખિત અંક બનાવો.

### ભક્તિ અને સૂફી-આંદોલનની અસરો :

ભક્તિ અને સૂફી-આંદોલનના સંતો, આચાર્યો, વિચારકો, ચિશ્તી સંતો વગેરેના ઉપદેશથી સમાજમાં બહારના આડંબરો,

ઊંચનીચના ભેદ, વહેમો, અંધશ્રદ્ધા અને અનેક કુરિવાજો ઉપર અસર થઈ. ધર્મનો સાચો અર્થ સામાન્ય માણસ સમજી શકતો ન હતો. તે હવે સમજવા લાગ્યો. ઈશ્વર સર્વેનો છે અને આપણે તેને મેળવી શકીશું એવી શ્રદ્ધા લોકોમાં પ્રસરાઈ હતી. સાધુસંતો અને ચિશ્તીસંતોના પ્રયત્નથી ધર્મ-ધર્મ વચ્ચેના ભેદભાવ ઓછા થયા. કબીર જેવા સંતોના શિષ્યોમાં હિંદુ-મુસ્લિમોનો સમાવેશ થતો હતો. આ આંદોલનની અસર ઊંચનીચના ભેદભાવ પર પડી હતી. આ સમયે અનેક સંતો નાતજાત ભૂલીને દરેકને પોતાના શિષ્યો બનાવતા. મીરાંબાઈ, રૈદાસ, રસખાન વગેરે તેનાં ઉત્તમ ઉદાહરણો છે. ગ્વાલિયરના સૈયદ મુહમ્મદ છૌસ વિંધ્યાચળનાં એકાંત સ્થાનોમાં હિંદુસંતો સાથે વર્ષો સુધી રહ્યા હતા. મુસ્લિમ રહસ્યવાદી વિચારધારામાં સંખ્યાબંધ હિંદુ રહસ્યવાદી ક્રિયાઓ અને પ્રાર્થનાઓ ઉમેરાઈ છે. સૂફીઓએ હિંદુઓની કેટલીક ધાર્મિકક્રિયા- વિધિઓ અપનાવી હતી. ઉદાહરણરૂપે સૂફીવાદ (પંથમાં)માં દાખલ થનારનું શિરમુંડન, ઝનબીન (ભિક્ષાપાત્ર) રાખવું, મુલાકાતીઓને પાણી ધરવું, સંગીતના મુશાયરા યોજવા વગેરે.

આમ, ભક્તિ અને સૂફી-આંદોલને સમાજની કાયાપલટ કરી. હિંદુ અને મુસ્લિમ સમાજને એક કરવાની વાત કરી. દરેક સંતે સમભાવ, સદાચાર અને ભાઈચારાની વાત કરી. આમ પણ ભારત દેશ અનેક સંસ્કૃતિઓ અને ધર્મોનો આશ્રયસ્થાન રહ્યો છે. જેમાં મધ્યકાલીન સંતોએ પોતાના સરળ ઉપદેશથી પ્રાણ પૂર્યા.

## સ્વાધ્યાય

E3H8N6

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) દક્ષિણ ભારતમાં ધાર્મિક આંદોલનોનું નેતૃત્વ કયા સંતોએ લીધું હતું ?

(2) બંગાળમાં 'હરિબોલ'નો મંત્ર કોણે ગુંજતો કર્યો હતો ?

(3) તુલસીદાસે કયા ગ્રંથોની રચના કરી હતી ?

(4) શીખોના પવિત્ર ગ્રંથ ''ગુરુ ગ્રંથસાહિબ''માં કયા સંતની કવિતાઓનો સમાવેશ કરેલ છે ?

(5) ભારતમાં સૂફી મત ફેલાવનાર સૂફીસંત કોણ હતા ?

**2. માંગ્યા મુજબ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ટૂંક નોંધ લખો : સૂફી-આંદોલન

(2) ભક્તિ-આંદોલન લોકોમાં શા માટે લોકપ્રિય થયું હતું ?

(3) મહારાષ્ટ્રના સંતો વિશે ટૂંકમાં પરિચય આપો.

(4) એકેશ્વર પરંપરામાં સૌથી મહત્ત્વપૂર્ણ સંત કબીરનો પરિચય આપો.

**3. (અ) નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને સાચો ઉત્તર લખો :**

(1) ગુરુનાનક કઈ શાખાના સંત હતા ?

(A) અલવાર (B) નયનાર (C) નિર્ગુણ (D) એકેશ્વર

(2) જ્ઞાનેશ્વર ભગવદ્‌ગીતા ઉપર લખેલ ટીકા કયા નામે ઓળખાય છે ?

(A) બીજક (B) જ્ઞાનેશ્વરી (C) રામચરિતમાનસ (D) વિનયપત્રિકા

(3) મહારાષ્ટ્રના કયા સંતના અભંગો ખૂબ જ જાણીતા છે ?

(A) જ્ઞાનેશ્વર (B) વિઠોબા (C) નામદેવ (D) તુકારામ

(4) ભારતમાં સૂફી મત ફેલાવનાર કેટલી પરંપરાઓ હતી ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

**(બ) મને ઓળખો :**

(1) મારા ગુરુ સમર્થ રામદાસ હતા.

(2) હું મહારાષ્ટ્રમાં ભક્તિ-આંદોલનનું મુખ્ય કેન્દ્ર હતું.

(3) અજમેરમાં ચિશ્તી પરંપરાની સ્થાપના કરનાર હું હતો.

# 7 પ્રાદેશિક સંસ્કૃતિનું ઘડતર

U6K1W5

વિભિન્ન સમુદાયની જાણકારી આપણને તેમની ભાષા પરથી મળે છે. જેમકે ગુજરાતી બોલનાર ગુજરાતના અને મરાઠી બોલનાર મહારાષ્ટ્રના. ભાષાની સાથે-સાથે વિભિન્ન પ્રદેશોમાં પોતપોતાના રીતરિવાજો, ખાનપાન, વસ્ત્ર-પરિધાન, કાવ્ય, નૃત્ય, સંગીત અને ચિત્રકલા હોય છે. જુદા-જુદા વિસ્તારોની જુદી-જુદી સ્થાનિક સંસ્કૃતિઓ જેને આપણે ત્યાંની દેશી સંસ્કૃતિઓ કહીએ છીએ તે આપણા દેશમાં જોવા મળે છે. આ બધી સંસ્કૃતિઓ વચ્ચે સદીઓથી આદાન-પ્રદાન થતું રહ્યું છે. તેમ છતાં કેટલાક વિસ્તારોની કેટલીક ખાસ પરંપરાઓ આજ સુધી અકબંધ છે.

## ભારતમાં પ્રાંતીય ભાષાઓનો વિકાસ

V9G9F7

**મલયાલમ :** નવમી સદીમાં સ્થાપવામાં આવેલ મહોદયપુરમ્નું ચેર રાજ્ય હાલના કેરલનો એક ભાગ હતું. કેરલની સંસ્કૃતિને તેની ભાષા મલયાલમ સાથે જોડતાં આ સંસ્કૃતિ મલયાલમ સંસ્કૃતિ તરીકે ઓળખાય છે. મલયાલમ ભાષા કેરલમાં બોલાતી મુખ્ય ભાષા છે. તેના પર સંસ્કૃતનો ઘણો પ્રભાવ જોવા મળે છે. ચૌદમી સદીમાં વ્યાકરણ અને કાવ્યશાસ્ત્ર પર લખાયેલ ‘‘લીલાતિલકમ્’’ ગ્રંથ મણિપ્રવાલમ્ શૈલીમાં લખાયો હતો.

**બંગાળી :** બંગાળી ભાષાનો ઉદ્ભવ સંસ્કૃત ભાષામાંથી થયો હોવાનું માનવામાં આવે છે.

પંદરમી સદી સુધીમાં ઉપભાષાઓ તથા બોલીઓ મળી એક સામાન્ય સાહિત્યિક ભાષાનું સ્વરૂપ ધારણ કર્યું. જે પશ્ચિમ બંગાળની બોલચાલની ભાષા બની. જનજાતીય ભાષાઓ, પર્શિયન (ફારસી) ભાષા અને ભારતમાં અંગ્રેજ શાસનની શરૂઆત બંગાળથી થતાં ત્યાં યુરોપિયન ભાષાઓનો બંગાળી ભાષા પર પ્રભાવ જોવા મળે છે.

પ્રારંભિક બંગાળી સાહિત્યને બે ભાગમાં વહેંચી શકાય : સંસ્કૃતથી પ્રભાવિત અને સ્વતંત્ર. પ્રથમ ભાગમાં સંસ્કૃત મહાકાવ્યોનો અનુવાદ અને બીજા ભાગમાં નાથ સાહિત્યનો સમાવેશ થાય છે.

**ગુજરાતી :** ભારત અનેક ભાષાઓ અને બોલીઓ સાથે સંકળાયેલું રાષ્ટ્ર છે. પ્રાચીનકાળે ભારતમાં સંસ્કૃત, પ્રાકૃત, તમિલ જેવી ભાષાઓનું ચલણ હતું. સમય જતાં તેમાંથી અનેક પ્રાદેશિક ભાષોઓનો વિકાસ થયો. પ્રાદેશિક રાજ્યોની સ્થાપનાએ પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં બળ પૂરું પાડ્યું અને સંસ્કૃતમાંથી તેમજ દક્ષિણ ભારતમાં તમિલમાંથી ઘણી ભાષાઓનો જન્મ થયો. આઠમી સદીથી પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં વેગ આવ્યો અને હિન્દી, ખડી બોલી, અવધી, બંગાળી, ગુજરાતી, મરાઠી, મલયાલી, તેલુગુ અને કન્નડ ભાષાઓ વિકસી. ઈ.સ. 10મી અને 11મી સદીમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશમાંથી ગુજરાતી ભાષાનો વિકાસ થયો.

અપભ્રંશ ગુજરાતી ભાષાની જનની છે. આચાર્ય હેમચંદ્રથી અપભ્રંશ ભાષાની શરૂઆત થઈ. સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષા પછી ગુજરાતી ભાષાનો વિકાસ થયો.

ગુજરાતી માટેનો જ કહી શકાય તેવો નવો ‘સાહિત્યયુગ’ નરસિંહ મહેતાના હાથે વિકસે છે. આ નવા યુગના સૂત્રધારો તરીકે નરસિંહ મહેતા, મીરાંબાઈ અને ભાલણ ઊપસી આવે છે. એ ત્રણેય ભક્તિ સાહિત્યના વિકાસ સાથે ગુજરાતી ભાષાનો વિકાસ કર્યો.

નરસિંહ મહેતાએ ‘શામળદાસના વિવાહ,’ ‘કુંબરબાઈનું મામેરું,’ ‘હુંડી,’ ‘સુદામાચરિત્ર,’ ‘દાણલીલા’ વગેરે કૃતિઓની રચના કરી હતી. મીરાંબાઈએ પણ કૃષ્ણભક્તિને કેન્દ્રમાં રાખી ઘણાં પદો રચ્યાં છે. ભાલણે સૌપ્રથમ પોતાની રચનાઓમાં ગુજરાતી ભાષા માટે ‘ગુર્જર ભાખા’ની સંજ્ઞા આપી હતી. તેઓ પાટણના મોઢ બ્રાહ્મણ હતા. તેમને આખ્યાનના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેમની જાણીતી કૃતિઓમાં ધ્રુવાખ્યાન, મુર્ગી આખ્યાન, શિવ-ભીલડી સંવાદ વગેરેનો સમાવેશ થાય છે.

**આટલું કરો**

- ત્રણે કવિઓની રચનાઓની માહિતી આપતી પોથી બનાવો.

**જગન્નાથ-રથયાત્રા :** જેની સાથે ધાર્મિક સંપ્રદાયો પણ જોડાયા. જેમાં ઓરિસ્સાના પુરીમાં આવેલ જગન્નાથ સંપ્રદાય સુવિખ્યાત છે. જગન્નાથનો અર્થ વિશ્વના માલિક (જગતનો નાથ) જે વિષ્ણુ શબ્દનો સમાનાર્થી છે. બારમી સદીના ગંગ-વંશના રાજા અનંત વર્મને પુરી ખાતે જગન્નાથ મંદિરનું નિર્માણ કરવાનો નિર્ણય લીધો. ઈ.સ. 1230માં રાજા અનંગભીમ ત્રીજાએ પોતાનું રાજ્ય જગન્નાથને અર્પણ કરી પોતાને તેમના પ્રતિનિધિ તરીકે ઘોષિત કર્યા. ઓરિસ્સા જીતનાર મુઘલો, મરાઠાઓ અને ઈસ્ટ ઇન્ડિયા કંપની બધાએ મંદિર પર પોતાનું વર્ચસ્વ સ્થાપવાનો પ્રયત્ન કર્યો. તેમનું માનવું હતું કે મંદિર પર નિયંત્રણ મેળવવાથી સ્થાનિક લોકો/સમુદાય પણ તેમનું શાસન સ્વીકારશે.

પુરીમાં પ્રતિ વર્ષ એક વિશિષ્ટ રથયાત્રાનું આયોજન થાય છે. જેમાં વિષ્ણુના અવતાર જગન્નાથજી રથમાં બેસી પુરીમાં ભ્રમણ કરે છે. દેશ-વિદેશથી અનેક લોકો આ ઉત્સવમાં સહભાગી થવા આવે છે.

**હોળી :** હોળીનો તહેવાર ભારતમાં ઊજવવામાં આવે છે, પરંતુ ઉત્તર ભારતમાં તેનું વિશેષ મહત્ત્વ છે. આ તહેવાર બે દિવસનો હોય છે : પહેલો દિવસ હોળી અને બીજો ધૂળેટી.

આ દિવસને આસુરી શક્તિ પર સાત્ત્વિક-શક્તિના વિજય તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે સાંજના સમયે હોળીનું પૂજન કરી હોળી પ્રગટાવવામાં આવે છે. ધૂળેટીના દિવસે એકબીજા પર રંગો છાંટીને ઊજવણી કરવામાં આવે છે.

**લઠમાર હોળી–બરસાના :** બરસાના(ઉત્તરપ્રદેશ)માં ઊજવાતી હોળી 'લઠમાર હોળી' તરીકે પણ જાણીતી છે. બરસાના રાધાજીનું જન્મસ્થાન છે. અહીં નંદગામ(શ્રીકૃષ્ણની ભૂમિ)ના પુરુષો બરસાનાની સ્ત્રીઓ સાથે હોળી રમવા આવે છે અને રાધાજીના મંદિર પર ધજા ચઢાવવાનો પ્રયત્ન કરે છે. સ્ત્રીઓ દ્વારા લઠ(જાડી લાકડી)થી પુરુષોનું સ્વાગત કરવામાં આવે છે. તેથી આ હોળી લઠમાર હોળી તરીકે ઓળખાય છે.

**લોહડી (પંજાબ) :** આ તહેવાર હોળીને મળતો આવે છે. શીખ સમુદાય દ્વારા આ તહેવાર 13મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ પહેલાં ઊજવવામાં આવે છે. રાત્રે અગ્નિ પ્રગટાવી તેનું પૂજન અને પ્રદક્ષિણા કરી તેમાં મીઠાઈઓ અર્પણ કરે છે. આ તહેવાર અંધકાર પર પ્રકાશના વિજયનું પણ પ્રતીક હોવાનું માનવામાં આવે છે. આ તહેવાર પંજાબ, હરિયાણા અને દિલ્લીના આસપાસના વિસ્તારોમાં વસતાં શીખ સમુદાય દ્વારા હર્ષોલ્લાસથી ઉજવવામાં આવે છે.

**પોંગલ :** પોંગલ એ તમિલનાડુ રાજ્યનો મુખ્ય તહેવાર છે. તમિલનાડુ ઉપરાંત કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં પણ આ તહેવાર મનાવવામાં આવે છે. પોંગલની ઊજવણી તમિલ મહિના 'થાઈ'(જાન્યુઆરી મહિનાનો મધ્યભાગ)ના પ્રથમ દિવસે કરવામાં આવે છે. આ દિવસે પોંગલ નામની વાનગી બનાવવામાં આવે છે.

**આટલું જાણો**

તમિલ ભાષામાં પોંગલનો અર્થ થાય છે 'ઉકાળવું'. ચોખા, મગની દાળ, દૂધ અને ખાંડને વાસણમાં ઉકાળીને પોંગલ બનાવવામાં આવે છે. આ વાનગી(પીણું)ને શુકન ગણવામાં આવે છે.

**ઓણમ :** ઓણમ (ઓનમ) કેરલમાં ઊજવાતો મહત્ત્વનો તહેવાર છે. ઓણમ મલિયાલમ કેલેન્ડરના પ્રથમ મહિના(ઑગસ્ટ-સપ્ટેમ્બર મહિના)માં 10 દિવસ સુધી ઊજવાતો તહેવાર છે. ફૂલોની સજાવટ, વિવિધ વાનગીઓ, નૃત્યોની રમઝટ અને નૌકા-સ્પર્ધા આ તહેવારની વિશેષતા છે. નૌકાસ્પર્ધા 'વલ્લમકાલી' તરીકે પણ ઓળખાય છે. આ તહેવારમાં 'સાદિયા' નામનું ભોજન લેવામાં આવે છે.



વલ્લમકાલી

**દીવાળી :** દીવાળી એ વર્ષના અંતિમ દિવસે (આસો વદ અમાસ - વિક્રમ સંવતનો છેલ્લો દિવસ) ઊજવાતો તહેવાર છે. આ તહેવાર સાથે વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસ, નૂતન વર્ષ, ભાઈબીજ અને લાભપાંચમ વગેરે તહેવારો પણ જોડાયેલા છે. આ તહેવાર પ્રકાશના પર્વ તરીકે પણ ઓળખાય છે.

**પ્રવૃત્તિ**

- બેસતા વર્ષની ઉજવણી તમે કેવી રીતે કરો છો તેની ચર્ચા કરો.

**દુર્ગાપૂજા :** પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજાનું વિશેષ મહત્ત્વ છે. દુર્ગાદેવીના મહિષાસુર પરના વિજયની ઊજવણી દુર્ગાપૂજા ઉત્સવથી કરવામાં આવે છે. 10 દિવસ ચાલનારો આ ઉત્સવ છેલ્લા દિવસે વિશિષ્ટ અનુષ્ઠાન અને માતાજીની મૂર્તિના જળમાં વિસર્જન બાદ પૂર્ણ થાય છે. આ ઉત્સવ મોટે ભાગે બધાં જ રાજ્યોમાં નાના-મોટા પાયે ઊજવવામાં આવે છે.



દુર્ગાપૂજા

**નાતાલ :** ઈસુખ્રિસ્તના જન્મદિવસ 25 મી ડિસેમ્બરને ખ્રિસ્તી લોકો નાતાલ (ક્રિસ્ટ્મસ) તરીકે ધામધૂમ અને શ્રદ્ધાથી ઊજવે છે. આ તહેવાર દરમિયાન ઘર તથા શેરીઓને ક્રિસ્ટ્મસ-ટ્રી તથા અન્ય સુશોભનોથી શણગારવામાં આવે છે. આ દિવસે તેઓ ચર્ચમાં જઈ મીણબત્તી પ્રગટાવી પ્રાર્થના કરે છે તેમજ એકબીજાને ભેટ આપે છે. પહેલી જાન્યુઆરીના દિવસને તેઓ નવા વર્ષ તરીકે ઊજવે છે.

**મોહરમ :** હજરત મહંમદ પયગંબરસાહેબના દોહિત્ર શહીદીની યાદમાં મુસ્લિમો મોહરમને શોકદિવસ તરીકે ઊજવે છે. આ દિવસે તાજિયા કાઢવામાં આવે છે. મુસ્લિમો કાળા રંગનાં કપડાં પહેરી શોક પ્રદર્શિત કરે છે.

**ઈદ :** ઈસ્લામ ધર્મમાં બે ઈદ મનાવવામાં આવે છે :

(i) ઈદ-ઉલ-ફિત્ર અને (ii) ઈદ-ઉલ-અઝ્હા.

**ઈદ-ઉલ-ફિત્ર** રમજાન ઈદ તરીકે પણ ઓળખાય છે. પવિત્ર રમજાન માસના રોજા (ઉપવાસ) પૂરા થયા પછી રમજાન ઈદના દિવસે મુસ્લિમો સાથે નમાજ પઢે છે અને નમાજ બાદ એકબીજાને ભેટી ઈદની મુબારકબાદી આપે છે.

ઈદ-ઉલ-અઝ્હા એટલે બલિદાનની ઈદ. આ ઈદ પવિત્ર હજ (મક્કામાં આવેલ પવિત્ર કાબાની યાત્રા) સાથે જોડાયેલી છે.

**પતેતી :** પતેતી એ પારસીઓનો મહત્ત્વનો તહેવાર છે. પારસી વર્ષમાં છેલ્લા પાંચ દિવસો ધાર્મિક પર્વ તરીકે ઉજવાય છે. આ પાંચ દિવસોમાંથી છેલ્લો દિવસ 'પ્રાયશ્ચિત્તના દિવસ'–પતેતી તરીકે ઊજવવામાં આવે છે. પારસી લોકો પોતાના દ્વારા થયેલ ભૂલચૂક, ગુના કે પાપ માટે દિલથી પસ્તાવો કરે છે.

પતેતીના દિવસે પારસીઓ તેમના પ્રાર્થનાગૃહ–અગિયારીમાં જઈ ''અવેસ્તા'' નામના પ્રાર્થનાગ્રંથમાં આપવામાં આવેલ પસ્તાવા માટેની પ્રાર્થના કરે છે.

પતેતીના બીજા દિવસને તેઓ 'નવરોજ' (નવા વર્ષનો પ્રથમ દિવસ) તરીકે ઊજવે છે.

**ચેટીચંડ (ચેટીચાંદ) :** ચેટીચંડ એ સિંધી ભાઈ-બહેનોનો તહેવાર છે. ચૈત્ર સુદ એકમના દિવસને સિંધીલોકો નૂતન વર્ષના પ્રથમ દિવસ તરીકે ઊજવે છે. તેઓ એકબીજાને નવા વર્ષના નૂતનવર્ષાભિનંદન પાઠવે છે. આ દિવસે તેઓ પોતાના ઇષ્ટદેવ 'ઝુલેલાલ'ની શોભાયાત્રા કાઢે છે અને શ્રદ્ધાળુઓ 'તાહીરી' (મીઠો ભાત) પ્રસાદ તરીકે વહેંચે છે.

## ગુજરાતના ઉત્સવો

**નવરાત્રી :** આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના દિવસોને 'નવરાત્રિ' તરીકે ઊજવવામાં આવે છે. નવરાત્રિ એ શક્તિની આરાધનાનું પર્વ છે. આ નવ દિવસો દરમિયાન લોકો મા દુર્ગાનું પૂજન કરે છે. નવરાત્રીમાં ગરબા અને દાંડિયા-રાસ રમાય છે. ગરબા એ ગુજરાતની આગવી ઓળખ છે.

**ઉત્તરાયણ :** સૂર્યનું ધન રાશિમાંથી મકર રાશિમાં આવવું એટલે ઉત્તરાયણ. તે 'મકરસંક્રાંતિ' તરીકે પણ ઓળખાય છે.

**રથયાત્રા :** જગન્નાથપુરીની રથયાત્રાની જેમ ભારતના વિવિધ ભાગોમાં અષાઢ મહિનાની સુદ બીજના દિવસે જગન્નાથજીની રથયાત્રા નીકળે છે. જેમાં અમદાવાદમાં નીકળતી રથયાત્રા સવિશેષ આકર્ષક છે. આ રથયાત્રામાં હાથી, ઘોડા, અખાડા, સાધુ-સંતો સહિત લાખોની સંખ્યામાં લોકો ભાગ લે છે. 'પહિંદવિધિ' કર્યા બાદ રથયાત્રાનો આરંભ કરવામાં આવે છે. રથયાત્રામાં ભગવાન જગન્નાથ, મોટાભાઈ બલરામ (બલભદ્ર) અને બહેન સુભદ્રા રથમાં સવાર થઈ નગરચર્યા માટે નીકળે છે.




જગન્નાથપુરીની રથયાત્રા

**જાણવા જેવું**

- ગુજરાતમાં રથયાત્રાનો પ્રારંભ કરવાનું શ્રેય સંતશ્રી નૃસિંહદાસજી(ઈ.સ. 1878)ના ફાળે જાય છે.
- સોનાના સાવરણાથી રથની આગળનો રસ્તો સાફ કરવામાં આવે છે જેને પહિંદવિધિ કહેવાય છે.

**મેળાઓ :** ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં યોજાતાં મેળાઓ તે જિલ્લાની આગવી ઓળખ બની ચૂક્યા છે. તરણેતરનો મેળો (સુરેન્દ્રનગર), વૌઠાનો મેળો (અમદાવાદ), ભવનાથનો મેળો (જૂનાગઢ), શામળાજી-ગદાધરનો મેળો (શામળાજી, અરવલ્લી), પલ્લીનો મેળો (રૂપાલ, ગાંધીનગર) ભાદરવી પૂનમનો મેળો (અંબાજી, બનાસકાંઠા), સરખેજનો મેળો (અમદાવાદ), ગોળ-ગધેડાનો મેળો (ગરબાડા, દાહોદ), ચિત્ર-વિચિત્રનો મેળો (સાબરકાંઠા), માધવપુરનો મેળો (માધવપુર, પોરબંદર), મીરાદાતારનો ઉર્સ મુબારક (ઊનાવા, મહેસાણા) જાણીતા મેળાઓ છે.

**પ્રવૃત્તિ**

- ગુજરાતના જિલ્લાઓમાં યોજાતા મેળાઓની વિશેષ જાણકારી મેળવવા ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત 'બાલસૃષ્ટિ'નો ઑગસ્ટ, ૨૦૧૬નો 'મેળા-વિશેષાંક' મેળવીને વાંચો.

## ભારતનાં મુખ્ય શાસ્ત્રીય નૃત્યો

B8S2B7

ભારતીય સંસ્કૃતિનું એક વિશિષ્ટ અંગ તેનાં શાસ્ત્રીય નૃત્યો છે. આ શાસ્ત્રીય નૃત્યો ધર્મ સાથે સંકળાયેલ રહેતાં. આપણે ભારતના પ્રમુખ શાસ્ત્રીય નૃત્યો વિશે જાણીશું.

**કથક :** કથક શબ્દ 'કથા' પરથી ઊતરી આવ્યો છે. કથાકાર પોતાના હાવભાવ અને સંગીતથી કથાને અલંકૃત કરતા હતા. 'કથન કરે સો કથક કહાવે' ઉક્તિ જાણીતી છે. ખાસ કરીને પંદરમી અને સોળમી સદીમાં ભક્તિ-આંદોલનના પ્રચારને કારણે ઉત્તર ભારતમાં કથકનો ખૂબ વિકાસ થયો. કથકના વિષયોમાં રાધા અને શ્રીકૃષ્ણની કથાઓ (જે રાસલીલા કહેવાતી)નો સમાવેશ થતો.

મુઘલ બાદશાહોના સમયમાં કથક નૃત્ય રાજદરબારોમાં રજૂ થતું જ્યાં એ વિશિષ્ટ નૃત્યશૈલીના રૂપમાં વિકાસ પામ્યું. પંદરમી-સોળમી સદી બાદ કથક પરંપરાઓમાં વહેંચાયું. આ પરંપરાને ઘરાના કહેવામાં આવે છે. આ બે પરંપરાઓમાં જયપુર અને લખનઉનો સમાવેશ થાય છે. 19મી સદીમાં અવધના નવાબ વાજિદઅલી શાહે પોતાના દરબારમાં કથકને આશ્રય આપી આ કલાને પુનર્જીવન આપ્યું હતું. કથક પંજાબ, હરિયાણા, જમ્મુ-કશ્મીર, બિહાર અને મધ્યપ્રદેશ સુધી વિસ્તર્યું.

સ્વતંત્રતા મળ્યા પછી કથકને છ શાસ્ત્રીય નૃત્યોમાં સ્થાન મળ્યું. આજે કથક ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ બની ગયું છે.

**કથકલી :** કથકલી એ કેરલની નૃત્ય પરંપરા છે. તેનો શાબ્દિક અર્થ નાટ્યવાર્તા થાય છે.

અભિનય એ આ નૃત્યનો આત્મા છે. અભિનય ઉપરાંત, રંગભૂષા અને વેશભૂષા પણ ખૂબ મહત્ત્વની ગણાય છે. સાત્વિક, રાજસી અને તામસી ગુણો ધરાવતાં પાત્રો મુજબની કલાકારોની રંગભૂષા હોય છે. પાત્રો બોલતાં નથી, પરંતુ પોતાના હાવભાવથી જ અભિવ્યક્તિ કરે છે.

**જાણવા જેવું**

- આ પ્રાદેશિક નાટ્યપ્રકાર નવમી તથા દસમી સદીમાં કૂટ્ટિયાટમ્ નામક સંસ્કૃત નાટ્ય પરંપરામાંથી ઊતરી આવ્યો.

**મણિપુરી :** મણિપુરી નૃત્ય એ પૂર્વ ભારતમાં આવેલ મણિપુર રાજ્યની ઓળખ છે. મણિપુરના લોકો દરેક ઉત્સવ-પ્રસંગે આ નૃત્ય કરે છે. આ નૃત્યમાં શરીરની ગતિ ધીમી હોવાથી તેને ભારતનાં અન્ય નૃત્યોથી અલગ માનવામાં આવે છે. મણિપુરી નૃત્યમાં બે પ્રકાર છે : લાસ્ય અને તાંડવ.



કથકલી



મણિપુરી

### જાણવા જેવું

- મણિપુરી નૃત્યના વિકાસમાં અઢારમી સદીના રાજા ભાગ્યચંદ્રએ મુખ્ય ભાગ ભજવ્યો. તેમણે નૃત્ય શૈલીના પાઠ્યપુસ્તક સમાન ''ગોવિંદ-સંગીત લીલાવિલાસ'' પુસ્તક લખ્યું.

**ભરતનાટ્યમ્ :** ભરતમુનિ દ્વારા રચિત નાટ્યશાસ્ત્ર ગ્રંથ ભારતનાં શાસ્ત્રીય નૃત્યો પર લખાયેલ મહાન ગ્રંથ છે. આ સિવાય ''અભિનય દર્પણ'' નામના ગ્રંથના રચયિતા નન્દીકેશ્વરે પણ ભારતના અગત્યના શાસ્ત્રીય નૃત્ય તરીકે ભરતનાટ્યમ્‌ની વિશદ ચર્ચા કરી છે. તાંજોર(તમિલનાડુ)માં ભરતનાટ્યમ્ નૃત્યનો વિકાસ થયો.



ભરતનાટ્યમ્



કુચીપુડી

**કુચીપુડી :** ભારતના અગ્રણ્ય શાસ્ત્રીય નૃત્ય કુચીપુડીનો ઉદ્‌ભવ આંધ્રપ્રદેશના કુચીપુડી નામના ગામમાં થયો હતો. આ ગામમાં યક્ષગાન તરીકે ઓળખાતા નૃત્યએ 17મી સદીમાં કુચીપુડી નૃત્યનું સ્વરૂપ ધારણ કર્યું. તેના સ્થાપક વૈષ્ણવ કવિ સિદ્ધેન્દ્ર યોગી હતા. આ નૃત્ય સાથે નાટકની પરંપરા પણ સંકળાયેલી છે.

**બિહુ :** બિહુ અસમનું પ્રસિદ્ધ નૃત્ય છે. ઉલ્લાસ વ્યક્ત કરવા માટે સ્ત્રી-પુરુષોના સમૂહ દ્વારા પરંપરાગત પોશાક પહેરીને આ નૃત્ય કરવામાં આવે છે. આ નૃત્યમાં હાથ-પગનું હલનચલન તથા ગતિ અને સમૂહનિર્માણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઢોલ, પેપા (ભેંસનાં શિંગડાંમાંથી બનાવવામાં આવેલ એક વાદ્ય) અને વાંસળી જેવાં વાદ્યોનો ઉપયોગ આ નૃત્યમાં કરવામાં આવે છે.

### આટલું જાણવું ગમશે

મધ્યયુગમાં શાસ્ત્રીય નૃત્યમાં નીચેનાં નૃત્યોનો સમાવેશ થતો હતો :

- ભરતનાટ્યમ્ (તમિલનાડુ)
- કથકલી (કેરલ)
- ઑડિસી (ઓડિશા)
- કુચીપુડી (આંધ્રપ્રદેશ)
- મણિપુરી (મણિપુર)
- કથક (ઉત્તર ભારત)

## ચિત્રકલા - લઘુચિત્રોની પરંપરા



લઘુચિત્ર

ચિત્રકલાની પરંપરા ભારતમાં સદીઓ જૂની છે. જેનો એક વિશિષ્ટ ભાગ લઘુચિત્રોની પરંપરા છે. લઘુચિત્રો એટલે નાનાં કદનાં ચિત્રો. લઘુચિત્રો કાપડ અને કાગળ પર પાણીના રંગોથી તૈયાર કરવામાં આવતાં. પ્રાચીનતમ લઘુચિત્રો આપણને તાડપત્રો અને કાષ્ટ (લાકડા) પર દોરેલાં મળી આવ્યાં છે. રાજસ્થાન અને ગુજરાતના જૈન ગ્રંથોમાં આવાં અનેક લઘુચિત્રો જોવા મળે છે. મુઘલકાળમાં તેનો ખૂબ વિકાસ થયો કારણ કે મુઘલ બાદશાહ અકબર, જહાંગીર અને શાહજહાંએ કુશળ ચિત્રકારોને પ્રોત્સાહન આપ્યું હતું તથા ચિત્રશાળાઓની સ્થાપના કરાવી હતી. મહાભારત અને પંચતંત્ર જેવા ગ્રંથો તેમજ ''અકબરનામા''માં ચિત્રકારોએ ખૂબ સુંદર લઘુચિત્રો દોર્યાં છે. રાજદરબારનાં દૃશ્યો, યુદ્ધનાં દૃશ્યો, શિકારનાં દૃશ્યો અને સામાજિક જીવનનાં દૃશ્યો લઘુચિત્રોના વિષય તરીકે રહેતાં. આવાં ચિત્રો એકબીજાને ભેટમાં આપવામાં આવતાં તેમજ બાદશાહ અને તેમના નજીકના લોકો જ તેને જોઈ શકતા હતા.

ખંભાતના શાંતિનાથ ભંડારામાં અને પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય દૈન જ્ઞાનભંડારમાં સચવાયેલ હસ્તપ્રતોમાં લઘુચિત્રો જોવા મળે છે. આ ચિત્રોમાં ગુજરાતના સંપ્રદાયો અને સમાજજીવનનું પ્રતિબિંબ પડે છે.

## ચિત્રની શૈલી (ઘરાના વિસ્તાર અને આશ્રયદાતા આધારિત કલા)

મુઘલ સામ્રાજ્યના પતન બાદ ક્ષેત્રીય રાજ્યોએ ચિત્રકલાને આશ્રય આપ્યો. જેમાં રાજસ્થાન અને દક્ષિણનાં રાજ્યો મુખ્ય હતાં. આ શાસકોએ તેમના દરબારનાં દૃશ્યોનું ચિત્રણ કરાવ્યુ હતું. મેવાડ, જોધપુર, બુંદી, કોટા અને કિસનગઢ જેવાં રાજ્યોએ ભારતની પૌરાણિક કથાઓ, મહાકાવ્યો અને દેવી-દેવતાઓનાં ચિત્રોનું સર્જન કરાવ્યું હતું.

સત્તરમી સદી પછીનાં વર્ષોમાં હિમાચલ પ્રદેશમાં પણ લઘુચિત્રકલાનો ખાસ્સો વિકાસ થયો જેને 'બસોહલી' શૈલી કહેવામાં આવે છે. ભાનુદત્તના પુસ્તક ''રસમંજરી''માં આવાં વિશિષ્ટ ચિત્રો જોવા મળે છે. નાદિરશાહના આક્રમણ અને દિલ્લી વિજયને કારણે મુઘલ કલાકાર પહાડી વિસ્તારોમાં જઈને વસ્યા. જેના પરિણામ સ્વરૂપ ચિત્રકલાની 'કાંગડાશૈલી'નો વિકાસ થયો. આ ચિત્રકલાને પહાડી ચિત્રકલા પણ કહેવામાં આવે છે. અઢારમી સદીના મધ્યભાગ સુધીમાં કલાકારોએ વૈષ્ણવ સંપ્રદાયની પરંપરાઓમાંથી પ્રેરણા લઈ એક નવી શૈલી વિકસાવી. વાદળી અને લીલા રંગની સાથે કોમળ રંગોનો ઉપયોગ અને વિષયોનું કાવ્યાત્મક નિરૂપણ એ કાંગડાશૈલીની વિશેષતા હતી.

## રાજપૂતોની વીરતાભરી ગાથા

બ્રિટિશ શાસકો આજના રાજસ્થાનને રાજપૂતાના તરીકે ઓળખતા હતા. રાજપૂતોએ રાજસ્થાનમાં એક વિશિષ્ટ સંસ્કૃતિનું સર્જન કર્યું. રાજપૂતોની સાંસ્કૃતિક પરંપરાઓ તેમના આદર્શો અને વીરતા સાથે જોડાયેલી હતી. રાજપૂતોની વીરતાભરી ગાથાઓ ચારણો અને બારોટો કાવ્ય અને ગીતો દ્વારા વર્ણવતા હતા. આ કથાઓમાં રાજપૂતોની શૂરવીરતા ઉપરાંત સ્વામીભક્તિ, મિત્રતા, પ્રેમ, વીરતા, ક્રોધ વગેરે દર્શાવવામાં આવતાં.

રાજપૂતો સ્ત્રીઓ, ગાય અને ધર્મ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દેતા. રાજપૂત સ્ત્રીઓ પણ શૂરવીરતામાં પાછી પડે તેમ નહોતી. તેઓ જીવન અને મરણ બંનેમાં શૂરવીર પતિના પગલે ચાલતી હતી. સતીપ્રથાનો ઉલ્લેખ પણ જોવા મળે છે.

**પીર :** સૂફીવાદના મતે ધર્મ એટલે 'ઈશ્વર પ્રત્યેનો પ્રેમ' અને 'માનવતાની સેવા.' સમયાંતરે સૂફી જુદા-જુદા સિલસિલા(શ્રેણી)માં વહેંચાઈ ગયા. દરેક સિલસિલાના પીર (માર્ગદર્શક) હતા. જે 'ખ્વાજા' કે 'શેખ' તરીકે પણ ઓળખાતા. પીરના શિષ્યોને 'મુરીદ' તરીકે ઓળખવામાં આવતા.

ભારતીય પીર પરંપરામાં સંકળાયેલ અગ્રગણ્ય સૂફી સંતોમાં અજમેરના પ્રસિદ્ધ સૂફી સંત મોઈનુદ્દીન ચિશ્તીનો સમાવેશ થાય છે. તેમણે ભારતમાં ચિશ્તી સંપ્રદાયની શરૂઆત કરી હતી. તેઓ 'ખ્વાજા' અને 'ઓલિયા'થી પ્રચલિત થયા. ગુજરાતમાં અહેમદ ખટ્ટુ ગંજબક્ષ મહાન પીર તરીકે જાણીતા થયા હતા.

**પ્રવૃત્તિ**

- ગુજરાતના સૂફીસંતો વિશે માહિતી એકત્ર કરો.

**પાળિયા :** દુશ્મનો સામે પાળ થઈ ઊભા રહેનારા અને યુદ્ધ કે લડાઈમાં ખપી જનારા વીર શહીદોની યાદમાં જે સ્મારક કે ખાંભી ઊભી કરવામાં આવે તેને પાળિયા કહેવામાં આવે છે. જે સ્ત્રીઓએ જોહર કર્યું હોય કે સતી થઈ હોય તો તેમના પણ પાળિયા બનાવવામાં આવે છે. આવા પાળિયાને સતીના પાળિયા કહે છે.

## મંદિરો

ભારતીય મંદિર સ્થાપત્યની શરૂઆત મૌર્યકાળથી થઈ, તેને ગુપ્તકાળ દરમિયાન વેગ મળ્યો. ગુપ્તકાળને સંરચનાત્મક મંદિરોનો કાળ પણ કહેવામાં આવે છે. મંદિરની સ્થાપત્ય શૈલીના મુખ્ય ત્રણ પ્રકારો છે : જેમાં નાગર શૈલી, દ્રવિડ શૈલી અને વેસર શૈલીનો સમાવેશ થાય છે.

E7X9H6



જગન્નાથ મંદિર (પુરી) (ઓડિશા)

**નાગર શૈલી :** ઈ.સ. 5મી સદી પછી ભારતના ઉત્તર ભાગ(હિમાલય)થી માંડી વિંધ્ય સુધી જે મંદિર સ્થાપત્યની શૈલીનો વિકાસ થયો તેને નાગર શૈલી તરીકે ઓળખવામાં આવે છે. આ મંદિરો સામાન્ય રીતે પંચાયતન શૈલીના અને ઈંડાકાર શિખરવાળાં બનાવવામાં આવતાં. આ શૈલીનાં મંદિરોમાં જગન્નાથ મંદિર (પુરી), કોણાર્ક (ઓડિશા) અને સૂર્યમંદિર (મોઢેરા, ગુજરાત)નું તેમજ ખજુરાહોનું મહાદેવ મંદિર (મધ્યપ્રદેશ) વગેરે મંદિરોનો સમાવેશ થાય છે.

**દ્રવિડ શૈલી :** દક્ષિણ ભારતમાં વિકસેલી સ્થાપત્યની શૈલીને દ્રવિડ શૈલી તરીકે ઓળખવામાં આવે છે. જેમાં તમિલનાડુ, દક્ષિણ આંધ્ર, કેરલ અને દક્ષિણ કર્ણાટક જેવા પ્રદેશોનો સમાવેશ થાય છે. કૃષ્ણા નદીથી કન્યાકુમારી સુધી જોવા મળે છે. આ શૈલીનાં મંદિરોમાં બૃહદેશ્વર(રાજરાજેશ્વર)નું મંદિર (તમિલનાડુ), મીનાક્ષી મંદિર (મદુરાઈ), મહાબલિપુરમનું રથમંદિર (તમિલનાડુ) વગેરે મંદિરોનો સમાવેશ થાય છે.



બૃહદેશ્વર (રાજરાજેશ્વર) મંદિર (તમિલનાડુ)



હોયસળેશ્વર મંદિર (કર્ણાટક)

**વેસર શૈલી :** મંદિર સ્થાપત્યની વેસર શૈલી મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક અને વિંધ્ય પર્વતમાળાથી લઈને કૃષ્ણા નદી સુધી વિકાસ પામી હતી. વેસર શૈલીમાં નાગર અને દ્રવિડ શૈલીનું મિશ્રણ જોવા મળે છે. આ શૈલી કર્ણાટક શૈલી તરીકે પણ ઓળખાય છે. આ શૈલીનાં મંદિરોમાં હોયસળેશ્વરનું મંદિર (હલેબીડુ, કર્ણાટક) અને ચેન્ના કેશવ મંદિર (બેલૂર, કર્ણાટક) વગેરે મંદિરોનો સમાવેશ થાય છે.

X1Y8Q5

## સ્વાધ્યાય

**1. યોગ્ય જોડકાં જોડો :**

| (અ) મેળો | (બ) જિલ્લો |
|---|---|
| (1) તરણેતરનો મેળો | (A) સાબરકાંઠા |
| (2) ચિત્ર-વિચિત્રનો મેળો | (B) અમદાવાદ |
| (3) મીરાદાતારનો ઉર્સ મુબારક | (C) જૂનાગઢ |
| (4) પલ્લીનો મેળો | (D) મહેસાણા |
| (5) ભવનાથનો મેળો | (E) ગાંધીનગર |
| (6) વૌઠાનો મેળો | (F) સુરેન્દ્રનગર |

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) કાંગડા શૈલીની વિશેષતા જણાવો.
(2) કેરલમાં યોજાતી નૌકાસ્પર્ધા કયા નામે ઓળખાય છે ?
(3) વ્યાકરણ અને કાવ્યશાસ્ત્ર પર મણિપ્રવાલમ્ શૈલીમાં લખાયેલ ગ્રંથનું નામ શું હતું ?
(4) ગુજરાતી ભાષાના મહાન સાહિત્યકારોનાં નામ આપો.
(5) કથક કયા બે ઘરાનાઓમાં વહેંચાયું ?

**3. ખાલી જગ્યા પૂરો :**

(1) શૂરવીરોની ગાથા ......... અને ......... દ્વારા ગાવામાં આવતી હતી.
(2) રાજા અનંત વર્મને .........નું નિર્માણ કરાવ્યું.
(3) કુચીપુડીનો ઉદ્‌ભવ .........ના કુચીપુડી નામના ગામમાં થયો હતો.

### પ્રવૃત્તિ

- મકાનો અને કલાના સંદર્ભમાં તમારા વિસ્તારની સંસ્કૃતિનાં મહત્ત્વના/વિશિષ્ટ લક્ષણોનું વર્ણન કરો.
- શું તમે બોલચાલમાં, વાચનમાં કે લખવામાં જુદી-જુદી ભાષાઓનો ઉપયોગ કરો છો ? તેમાંથી કોઈ એક ભાષાની એક મહત્ત્વની કૃતિ વિશે જાણકારી મેળવી, તે તમને શા માટે ગમી તેની ચર્ચા કરો.
- ભારતના ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ અને મધ્ય ભાગમાંથી એક-એક રાજ્ય પસંદ કરો. આ રાજ્યોના લોકો દ્વારા રોજિંદા જીવનમાં લેવાતાં ભોજનની યાદી બનાવો. આ યાદીમાં તમને કોઈ સમાનતા કે ભિન્નતા જોવા મળે તો તેની ચર્ચા કરો.
- ભારતના ઉપર જણાવેલ ભાગોમાંથી પાંચ-પાંચ રાજ્યોની યાદી બનાવો. પસંદ કરેલાં રાજ્યોમાં મહિલાઓ તથા પુરુષો દ્વારા પહેરવામાં આવતાં વસ્ત્રોની યાદી બનાવી, તમે તારવેલાં તારણો પર ચર્ચા કરો.

# 8 અઢારમી સદીના રાજકીય શાસકો

E8L9Y7


X6E9J5

ઈ. સ. ભારતમાં 18મી સદી અનેક રાજકીય ઉથલપાથલવાળી હતી. 1707માં ઔરંગઝેબના મૃત્યુ પછી ભારત નાનાં-નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. જેનો આપણે અભ્યાસ કરીએ.

## મુઘલવંશના અંતિમ શાસકો

ઔરંગઝેબના અવસાન પછી મુઘલ ગાદી પર બહાદુરશાહ નામનો સુલતાન આવ્યો. તેણે રાજપૂત અને મરાઠા રાજ્યો સાથે શાંતિભર્યા સંબંધો બનાવ્યા. જોકે મરાઠાઓ વચ્ચે વારસાવિગ્રહ પણ કરાવ્યો. તેના સમયમાં ગુરુ ગોવિંદસિંહના મૃત્યુ બાદ શીખ સરદાર બંદા બહાદુરે મુઘલ સામ્રાજ્ય સામે વિદ્રોહ કર્યો.

બહાદુરશાહનું ઈ.સ. 1712માં અવસાન થતાં જહાંદરશાહ ગાદી પર આવ્યો. ઈ.સ. 1713માં જ તેને ઉથલાવીને ફર્રુખસિયર ગાદી પર બેઠો. આ સમયે સૈયદબંધુઓ તરીકે ઓળખાતાં બે ભાઈઓ સામ્રાજ્યમાં ઘણું વર્ચસ્વ ધરાવતા. તેમણે ફર્રુખસિયરને ગાદી પરથી ઉઠાડી મહંમદશાહને બાદશાહ બનાવ્યો. તેણે લાંબો સમય શાસન કર્યું. તેના સમયમાં ઈ.સ. 1739માં ઈરાનના નાદીરશાહનું ભારત પર આક્રમણ થયું. જેણે મુઘલ સામ્રાજ્યને મોટો ફટકો માર્યો. ઈ.સ. 1759માં ગાદી પર આવેલ શાહઆલમ બીજાને અંગ્રેજોએ બક્સરના યુદ્ધમાં હરાવી કંપનીનો પેન્શનર બનાવી દીધો.




18મી સદીનું ભારત

## બંગાળ

મુર્શિદકુલીખાં અને અલીવર્દીખાંએ બંગાળમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. ઈ.સ. 1757માં સિરાજ-ઉદ્-દૌલા બંગાળનો નવાબ બન્યો. ઈસ્ટ ઇન્ડિયા કંપની અને બંગાળના નવાબ વચ્ચે ઈ.સ. 1757માં પ્લાસીનું યુદ્ધ થયું. આ યુદ્ધની જીતથી બંગાળમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું શાસન સ્થપાયું અને નવાબના શાસનનો અંત આવ્યો.

## રાજપૂત શાસન

મુઘલ સામ્રાજ્યનાં પતન બાદ રાજસ્થાનમાં જયપુર સૌથી શક્તિશાળી રાજ્ય હતું. રાજા સવાઈ જયસિંહ કુશાગ્ર રાજનેતા, સુધારક, કાયદાવિદ્ અને વિજ્ઞાનપ્રેમી હતા. તેમણે જયપુર શહેરની સ્થાપના કરી. તેઓ મહાન ખગોળશાસ્ત્રી હતા. તેમણે દિલ્લી, જયપુર, ઉજ્જૈન અને મથુરામાં આધુનિક વેધશાળાઓની સ્થાપના કરી હતી.

અન્ય રાજપૂત રાજ્યોમાં જોધપુર, બિકાનેર, કોટા, મેવાડ, બુંદી અને શિરોહી અગત્યનાં હતાં.

## શીખ સામ્રાજ્ય


H2R3I2

ગુરુ નાનકે 15મી સદીમાં શીખધર્મની સ્થાપના કરી હતી. શીખધર્મ ગુરુ પરંપરા સાથે સંકળાયેલો છે. જેમાં 10 ગુરુઓ થયા. 10મા ગુરુ ગોવિંદસિંહે શીખોને એકતાના તાંતણે બાંધી શીખ રાજ્યની સ્થાપના કરી. ગુરુ ગોવિંદસિંહ પછી બંદાબહાદુરે મુઘલ સામ્રાજ્ય વિરુદ્ધ ભયંકર વિદ્રોહ કર્યો. શીખો 12 સમૂહમાં વિભાજિત હતા. જેમાંનો એક સમૂહ સુકરચકિયાના શક્તિશાળી નેતા રણજિતસિંહે શીખ સામ્રાજ્યનો વિકાસ કર્યો. તેમણે લાહોર અને અમૃતસર પર વિજય મેળવ્યો. તેમણે કશ્મીર, પેશાવર અને મુલતાનનો વિજય કરી શીખ સામ્રાજ્યનો વિશાળ વિસ્તાર ઊભો કર્યો. તેમના લશ્કરમાં યુરોપિયન સેનાપતિઓ અને સૈનિકો હતા. તેઓએ તેમના સૈન્યને યુરોપના સૈન્યની જેમ અતિ આધુનિક બનાવ્યું હતું. લાહોરમાં તેમણે તોપ બનાવવાનું કારખાનું સ્થાપ્યું હતું. તેઓ ધાર્મિક રીતે ઉદાર હતા. જોકે તેમના મૃત્યુ બાદ અંગ્રેજોએ ઈ. સ. 1849માં શીખ સામ્રાજ્યને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધું.


જંતરમંતર

## મરાઠા સામ્રાજ્ય

17મી સદીના મહાન શાસકોમાં છત્રપતિ શિવાજી અગ્ર સ્થાને છે. બીજાપુરના સુલતાન, મુઘલ સમ્રાટ ઔરંગઝેબ, પોર્ટુગીઝો વગેરેને હંફાવીને શિવાજીએ એક સ્વતંત્ર રાજ્યનું નિર્માણ કર્યું હતું.

છત્રપતિ શિવાજી મહારાજના નેતૃત્વ હેઠળ, મરાઠાઓએ દખ્ખણમાં છાપામાર યુદ્ધપદ્ધતિ અપનાવી. તેમણે સ્વતંત્ર રાજ્ય માટે કુશળ, કાર્યક્ષમ અને પ્રજાહિતકારી શાસનતંત્રની સ્થાપના કરી. આ સિદ્ધિઓની સાથે, શિવાજીનું ઉચ્ચ ચારિત્ર્ય અને ઉદાર નીતિઓ પણ સામેલ હતી. છત્રપતિ શિવાજી બાદ શિવાજીના પૌત્ર શાહુને ઔરંગઝેબે કેદ કર્યો હતો. ઈ.સ. 1707 બાદ શાહુ છૂટતાં તેમનાં કાકી તારાબાઈ વચ્ચે વારસાવિગ્રહ ફાટી નીકળ્યો. શાહુ સાથે સંકળાયેલ પેશ્વા બાલાજી વિશ્વનાથે શાહુને વિજય અપાવ્યો. તેમના સમયથી મરાઠા રાજ્યમાં પેશ્વા પ્રથાની શરૂઆત થઈ.


છત્રપતિ શિવાજી


બાલાજી વિશ્વનાથ

બાલાજી વિશ્વનાથ પ્રથમ પેશ્વા હતા. તેમણે મરાઠા રાજ્યનો વિકાસ કરી તમામ સત્તા પોતાના હાથમાં લઈ લીધી. ઈ.સ. 1720માં તેમનું અવસાન થતાં તેમના પુત્ર બાજીરાવ પહેલો પેશ્વા બન્યા. તેઓ કુશળ યોદ્ધા અને ચતુર રાજનીતિજ્ઞ હતા. તેમણે ઘણા મુઘલ વિસ્તારો મરાઠા સામ્રાજ્યમાં ભેળવી દઈ મરાઠા રાજ્યનો વિકાસ કર્યો. તેમણે માળવા, ગુજરાત અને બુંદેલખંડ પણ જીતી લીધાં. એટલું જ નહિ તેમણે હૈદરાબાદના નિઝામને પણ હરાવ્યો. તેમણે મહારાષ્ટ્રને એક મહાન મરાઠા સામ્રાજ્યમાં પરિવર્તિત કરી દીધું.

ઈ.સ. 1740માં તેમના અવસાન બાદ તેમના પુત્ર બાલાજી બાજીરાવ પેશ્વા બન્યા. તેમણે બંગાળથી લઈને મૈસુર સુધીના વિજયો પ્રાપ્ત કર્યા.

ઈ.સ. 1761માં ઈરાનના શાહ એહમદશાહ અબ્દાલીએ ભારત પર આક્રમણ કર્યું. મરાઠાઓ અને અબ્દાલી વચ્ચે પાણિપતનું ત્રીજું યુદ્ધ થયું. જેમાં મરાઠા રાજ્યની હાર થઈ. હારના સમાચાર મળતાં આઘાતથી બાલાજી બાજીરાવનું અવસાન થયું. આ યુદ્ધે મરાઠાઓને નિર્બળ બનાવ્યા. પરિણામે ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય થયો.

R1I5A7

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) બંગાળના પ્રથમ નવાબનું નામ શું હતું ?

(2) રણજિતસિંહ કયા શીખ સમૂહમાંથી આવતા હતા ?

(3) પાણિપતનું ત્રીજું યુદ્ધ કોની-કોની વચ્ચે થયું હતું ?

(4) જયપુરની સ્થાપના કોણે કરી હતી ?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો :**

(1) 18મી સદીના ભારતની રાજકીય સ્થિતિનો ચિતાર આપો.

(2) પેશ્વા બાજીરાવ પ્રથમની સિદ્ધિઓ જણાવો.

(3) સવાઈ જયસિંહનું વિજ્ઞાનક્ષેત્રે પ્રદાન સ્પષ્ટ કરો.

(4) મુઘલ ઘરાનાના અંતિમ શાસકોનાં નામનો ચાર્ટ તૈયાર કરો.

**3. નીચે આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ શોધીને સાચો ઉત્તર લખો :**

(1) ઈ.સ. 1707માં નીચેનામાંથી કયા મુઘલ બાદશાહનું અવસાન થયું હતું ?

(A) અકબર (B) બહાદુરશાહ

(C) જહાંગીર (D) ઔરંગઝેબ

(2) નીચેનામાંથી કયા શીખ સરદારે મુઘલો વિરુદ્ધ બળવો કર્યો હતો ?

(A) અમરદાસ (B) રામદાસ

(C) બંદાબહાદુર (D) અર્જુનદેવ

(3) ભારતમાં કોણે વેધશાળાની સ્થાપના કરી હતી ?

(A) અકબર (B) સવાઈ જયસિંહ

(C) જશવંતસિંહ (D) રાણા પ્રતાપ

(4) નીચેનામાંથી પ્રથમ પેશ્વા કોણ હતા ?

(A) બાલાજી વિશ્વનાથ (B) બાજીરાવ પહેલો

(C) માધવરાવ પહેલો (D) બાલાજી બાજીરાવ

•

# 9 પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિસ્વરૂપો

B9G2S8

આપણી પૃથ્વી એક એવો ગ્રહ છે કે જેના પર વિકસિત જીવન જોવા મળે છે. અન્ય અવકાશી પિંડોની જેમ પૃથ્વીનો આકાર પણ ગોળાકાર છે. તેમાં અંદર અને બહાર સતત પરિવર્તન થતું રહે છે. શું આપણે એવું વિચાર્યું છે કે, પૃથ્વીના આંતરિક ભાગમાં શું હશે ? પૃથ્વી કેવા પદાર્થોની બનેલી છે ?


## પૃથ્વીનો આંતરિક ભાગ કે ભૂગર્ભ (Interior of the Earth)

N4L8V5

પૃથ્વી એ ડુંગળીની માફક એક ઉપર એક સ્તરથી ગોઠવાયેલ અનેક સ્તરોથી બનેલ છે.

પૃથ્વીસપાટીના સૌથી ઉપલા સ્તરને 'ભૂકવચ' કહે છે. આ સૌથી પાતળું સ્તર હોય છે. એ ભૂમિખંડ પર આશરે 35 કિલોમીટર સુધી હોય છે. ભૂમિખંડની સપાટી ખાસ કરીને **સિલિકા** અને **એલ્યુમિના** જેવા ખનીજોથી બનેલ છે. તેથી તેને **સિયાલ** (**સિ**-સિલિકા તથા **એલ**-એલ્યુમિના) કહેવામાં આવે છે.

મહાસાગરનું કવચ મુખ્યત્વે **સિલિકા** અને **મૅગ્નેશિયમનું** બનેલ છે તેથી તેને 'સિમા' (સિ-સિલિકા) તથા મા-મૅગ્નેશિયમ) કહેવામાં આવે છે.




પૃથ્વીના સ્તર

**જાણવું ગમશે**

પૃથ્વીનાં કદનો માત્ર 0.5 % ભાગ ઘન પોપડો છે. 16 % મેન્ટલ તેમજ 83 % ભાગ ભૂગર્ભ છે. પૃથ્વીની ત્રિજ્યા 6371 કિલોમીટર છે.

આ કવચની બરાબર નીચે મેન્ટલ હોય છે જે આશરે 2900 કિલોમીટરની ઊંડાઈ સુધી ફેલાયેલ હોય છે. પૃથ્વીનું સૌથી આંતરિક સ્તર ભૂગર્ભ છે. જેની ત્રિજ્યા આશરે 3500 કિલોમીટર જેટલી છે. જે ખાસ કરીને નિકલ અને ફૅરસ (લોખંડ)નું બનેલ હોય છે તથા તેને **નિફે** (**નિ**-નિકલ; **ફે**-ફૅરસ) કહે છે. કેન્દ્રિય ભૂગર્ભમાં તાપમાન, દબાણ અને પદાર્થોની ઘનતા ખૂબ જ વધુ હોય છે.

## ખડકો અને ખનીજ (Rocks and Minerals)

ખડકના પ્રકાર પોતાના ગુણ, કણના કદ અને તેની નિર્માણ-પ્રક્રિયાના આધારે અલગ-અલગ હોય છે. નિર્માણ-પ્રક્રિયાની દૃષ્ટિએ ખડકોના ત્રણ ભાગ છે :

### (i) અગ્નિકૃત ખડકો (ઈગ્નિયસ) (Igneous Rock) :

ગરમ મૅગ્મા ઠંડો થઈ નક્કર થઈ જાય છે. આ પ્રકારે બનેલ ખડકને અગ્નિકૃત ખડક કહે છે. અગ્નિકૃત ખડકો બે પ્રકારના હોય છે : **આંતરિક ખડક અને બાહ્ય ખડક.**

**જાણવું ગમશે**

- **ઈગ્નિયસ** : લેટિન શબ્દ ઈગ્નિસ, જેનો અર્થ અગ્નિ.
- **સેડિમેન્ટ્રી** : લેટિન શબ્દ સેડિમેંટમ, જેનો અર્થ સ્થિર.
- **મેટામોર્ફિક** : ગ્રીક શબ્દ મેટામોર્ફિક, જેનો અર્થ સ્વરૂપમાં બદલાવ.

શું તમે જ્વાળામુખીમાંથી નીકળનાર લાવાની કલ્પના કરી શકો છો ? વાસ્તવમાં આગની જેમ લાલચોળ પ્રવાહી મૅગ્મા જ લાવા છે જે પૃથ્વીના આંતરિક ભાગમાંથી નીકળી સપાટી પર પથરાય છે. જ્યારે પ્રવાહી લાવા પૃથ્વીની સપાટી

પર આવે છે. તે ઝડપથી ઠંડા થઈને નક્કર બની જાય છે. ભૂકવચ પર જોવા મળતાં આવા ખડકોને બાહ્ય **અગ્નિકૃત ખડક** કહે છે. તેની સંરચના (ગોઠવણ) ખૂબ નાની દાણાદાર હોય છે. દૃષ્ટાંત તરીકે બેસાલ્ટ. પ્રવાહી મૅગ્મા ક્યારેક ભૂકવચની અંદર ઊંડાઈએ જ ઠરી જાય છે. આ પ્રકારે બનેલ નક્કર ખડકોને **આંતરિક અગ્નિકૃત ખડક** કહે છે. ધીરે-ધીરે લાવા ઠરવાને કારણે એ મોટા દાણાનું સ્વરૂપ ધારણ કરે છે. ગ્રૅનાઇટ આવા ખડકોનું એક દૃષ્ટાંત છે. ઘંટીમાં અનાજ, દાણા કે મસાલાને પીસવા માટે જે પથ્થરોનો ઉપયોગ મોટા ભાગે થાય છે તે ગ્રૅનાઇટના બનેલ હોય છે.

### (ii) જળકૃત (પ્રસ્તર) ખડકો (Sedimentary Rock) :


ખડકો ઘસાઈ, અથડાઈ કે ટકરાઈને નાના ટુકડામાં ફેરવાય છે. આ નિક્ષેપ પવન, હવા, પાણી વગેરે દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે પહોંચે છે અને તે જમા થાય છે. આ નિક્ષેપિત ખડક દબાઈ અને નક્કર બની ખડકના સ્તર બનાવે છે. આ પ્રકારના ખડકોને પ્રસ્તર ખડક કહેવામાં આવે છે. દૃષ્ટાંત તરીકે રેતાળ (રેતીયો) પથ્થર રેતના કણોથી બને છે. આ ખડકોમાં વનસ્પતિ, પ્રાણી અને અન્ય સૂક્ષ્મ જીવાણુઓ જે ક્યારેક આ ખડકોમાં જોવા મળે છે જે જીવાશ્મિ પણ બને છે.

### (iii) રૂપાંતરિત ખડકો (Metamorphic Rock) :


અગ્નિકૃત અને જળકૃત ખડકો ઊંચાં તાપમાને અને અતિશય દબાણના કારણે રૂપાંતરિત ખડકોમાં ફેરવાઈ જાય છે, તેવા ખડકોને 'રૂપાંતરિક ખડકો' કહે છે. દૃષ્ટાંત તરીકે ચીકણી માટી, સ્લેટમાં અને ચૂનાપથ્થર એ આરસપહાણમાં ફેરવાઈ જાય છે.

**જાણવું ગમશે**

'જીવાશ્મિ' એટલે શું ? ખડકોના સ્તરોના દબાયેલા મૃત વનસ્પતિ અને જંતુઓના અવશેષોને 'જીવાશ્મિ' કહે છે.




ખડકચક્ર




જ્વાળામુખી

તમે જાણીને નવાઈ પામશો કે, કેટલીક ચોક્કસ પરિસ્થિતિઓમાં એક પ્રકારના ખડક ચક્રીય પદ્ધતિથી એકબીજામાં પરિવર્તિત થઈ જાય છે. એક ખડકમાંથી બીજા ખડકમાં પરિવર્તન થવાની આ પ્રક્રિયાને **ખડકચક્ર** કહે છે. તમે જાણો છો કે, પ્રવાહી મૅગ્મા ઠંડો થઈને નક્કર અગ્નિકૃત ખડક બની જાય છે. આ અગ્નિકૃત ખડકો નાના-નાના ટુકડા રૂપે એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતરિત થઈ **પ્રસ્તર ખડક**નું નિર્માણ કરે છે. તાપમાન અને દબાણના કારણે આ અગ્નિકૃત અને પ્રસ્તર ખડક રૂપાંતરિત ખડકમાં બદલાઈ જાય છે. અતિશય તાપમાન અને દબાણના કારણે રૂપાંતરિત ખડક પુનઃ પીગળીને પ્રવાહી મૅગ્મા બની જાય છે. આ પ્રવાહી મૅગ્મા ફરી ઠંડો થઈને નક્કર અગ્નિકૃત ખડકમાં ફેરવાઈ જાય છે.

ખડકો આપણા માટે ખૂબ ઉપયોગી છે. નક્કર ખડકોનો ઉપયોગ સડક, મકાન અને ઈમારતો બનાવવા માટે કરવામાં આવે છે.

ખડક વિવિધ ખનીજોમાંથી બને છે. ખનીજ કુદરતી રૂપે જોવા મળતો પદાર્થ છે જેમાં નિશ્ચિત ભૌતિક ગુણધર્મ અને નિશ્ચિત રાસાયણિક મિશ્રણ હોય છે. ખનિજ માનવજાતિ માટે ખૂબ મહત્ત્વનું છે. કેટલાંકનો ઉપયોગ ઈંધણ તરીકે થાય છે. જેમકે કોલસો, કુદરતી વાયુ, ખનિજ તેલ અને પેટ્રોલિયમ. તેનો ઉપયોગ વિવિધ ઉદ્યોગો અને ઔષધિ બનાવવા પણ થાય છે. જેમકે લોખંડ, ઍલ્યુમિનિયમ, સોનુ, યુરેનિયમ વગેરે.

## ભૂમિ–સ્વરૂપોનું નિર્માણ

K5G1P6

મૃદાવરણ અનેક ભૂતકતીમાં વિભાજિત છે જેને **મૃદાવરણીય ભૂતકતી** (પ્લેટ) કહે છે. તમે એ જાણીને નવાઈ પામશો કે, ભૂતકતીઓ (પ્લેટો) અલગ-અલગ દિશામાં ફરતી રહે છે એટલે કે વર્ષે ફક્ત થોડા સેન્ટિમીટર પૃથ્વીમાં પીગળેલા મૅગ્મામાં થતી ગતિના કારણે આમ બને છે. પૃથ્વીની અંદર પીગળેલ મૅગ્મા એક વર્તુળરૂપે ફરતો રહે છે.

પ્લેટની ગતિને કારણે પૃથ્વીની સપાટી પર પરિવર્તન થાય છે. પૃથ્વીની ગતિઓને એ બળોના આધારે વિભાજિત કરવામાં આવે છે જેના કારણે આ ગતિઓ પેદા થાય છે. તે બળ પૃથ્વીના આંતરિક ભાગમાં નિર્માણ પામે છે જેને **આંતરિક બળ (ઈન્ડોજેનિક ફૉર્સ)** કહે છે અને જે બળ પૃથ્વીની સપાટી પર ઉત્પન્ન થાય છે તેને **બાહ્યબળ (એક્સોજેનિક ફૉર્સ)** કહે છે.

આંતરિક બળ ક્યારેક આકસ્મિક ગતિ પેદા કરે છે, તો વળી ક્યારેક ધીમી ગતિ. **ભૂકંપ** અને **જ્વાળામુખી** જેવી આકસ્મિક ગતિને કારણે પૃથ્વીની સપાટી પર પરિવર્તન થાય છે. ભૂકવચ પર ખુલ્લું એક એવું છિદ્ર હોય છે જેમાંથી પીગળેલા પદાર્થ અચાનક નીકળે છે, તેને જ્વાળામુખી કહેવામાં આવે છે.

આમ, મૃદાવરણીય ભૂતકતી(પ્લેટો)ની ગતિશીલતાથી પૃથ્વીસપાટી પર કંપન થાય છે. આ કંપન તેનાં કેન્દ્રની ચારેબાજુ કરે છે. આ કંપનને 'ભૂકંપ' કહે છે. ભૂકવચની નીચે જે સ્થાન કે જ્યાંથી કંપનની શરૂઆત થાય છે તેને 'ઉદ્‌ગમ કેન્દ્ર' કહેવામાં આવે છે. આ કંપન ઉદ્‌ગમ કેન્દ્રના બહારની તરફ તરંગો રૂપે ગતિ કરે છે. ઉદ્‌ગમ કેન્દ્રના નજીકના સપાટીના કેન્દ્રને 'અધિકેન્દ્ર' કહે છે. (નિર્ગમન કેન્દ્ર) અધિકેન્દ્રના સૌથી નજીકના ભાગમાં સૌથી વધુ નુકસાન થાય છે અને અધિકેન્દ્રથી અંતર વધવાની સાથે ભૂકંપની તીવ્રતા ધીરે-ધીરે ઓછી થઈ જાય છે.

ઉપરાંત, ભૂકંપની આગાહી સંભવ નથી, પરંતુ જો આપણે પહેલેથી સાવચેત હોઈએ તો તેની અસરને ચોક્કસપણે ઘટાડી શકીએ છીએ.

સ્થાનિક લોકો કેટલીક સામાન્ય પદ્ધતિથી ભૂકંપની સંભાવનાનું અનુમાન કરે છે. જેમકે પ્રાણીઓના વર્તનનો અભ્યાસ, તળાવની માછલીઓની તીવ્ર હેરફેર, સરિસૃપોનું પૃથ્વીસપાટી પર આવવું વગેરે.


**મુખ્ય ભૂમિ-સ્વરૂપો :** ઘસારણ એ ધોવાણ, પરિવહન અને નિક્ષેપણ જેવી પ્રક્રિયા દ્વારા ભૂમિસપાટી સતત બદલાતી રહે છે. પૃથ્વીની સપાટી પર ખડકોના તૂટવાથી ઘસારણની ક્રિયા થાય છે. ભૂસપાટી પર જળ, પવન અને હિમ જેવા વિભિન્ન ઘટકો દ્વારા થતા ક્ષયને ઘસારણ કહીએ છીએ. પવન, જળ વગેરે ઘસારણયુક્ત પદાર્થોને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જાય છે તેને પરિવહન કહે છે અને તે પદાર્થોનું અન્યત્ર નિક્ષેપણ કરે છે. ઘસારણથી નિક્ષેપણ સુધીની આ પ્રક્રિયા પૃથ્વીની સપાટી પર વિભિન્ન ભૂમિ–સ્વરૂપોનું નિર્માણ કરે છે.




જળપ્રપાત

**નદીનું કાર્ય :** નદીના પાણીથી જમીનનું ઘસારણ થાય છે. જ્યારે નદી નક્કર ખડક પરથી સીધા ઢોળાવવાળી ખીણ કે નીંચાણવાળી ભૂમિમાં પડે, તો તેને જળપ્રપાત કે જળધોધ કહે છે.

જ્યારે નદી મેદાનીક્ષેત્રમાં પ્રવેશ કરે છે તો તે વળાંકવાળા માર્ગ પર વહેવા લાગે છે. નદીના આ મોટા વળાંકોને સર્પાકાર વહનમાર્ગ કહે છે. ત્યાર બાદ **સર્પાકાર વહનમાર્ગ**ના કિનારા પર સતત ઘસારણ અને નિક્ષેપણ શરૂ થઈ જાય છે. સર્પાકાર વળાંકો સમય જતાં ખૂબ જ નજીક આવી જતાં લગભગ ઘોડાની નાળ આકાર કે વર્તુળાકાર ધારણ કરે છે. આ અવસ્થામાં જ્યારે નદીમાં પૂર આવે છે ત્યારે નિક્ષેપણથી જ વળાંક વચ્ચેના ભૂમિભાગો નદીપ્રવાહથી કપાઈ જાય છે અને નદી તેના લાંબા માર્ગને છોડીને સીધો માર્ગ ગ્રહણ કરે છે. **નદીના છોડેલા નાળાકાર ભાગમાં પાણી** રહી જાય છે, તેને નાળાકાર સરોવર કહે છે. ક્યારેક નદી પોતાના કિનારાથી બહાર વહેવા લાગે છે. પરિણામે નજીકના વિસ્તારોમાં કાંપ અને અન્ય પદાર્થોનું નિક્ષેપણ કરે છે. તેને પૂરનાં મેદાનો કહે છે. તેનાથી સમતલ ફળદ્રુપ **પૂરના મેદાન**નું નિર્માણ થાય છે. જ્યારે નદીના બંને કિનારે મોટા પ્રમાણમાં કાંપ-માટીના નિક્ષેપણથી લાંબા અને ઓછી ઊંચાઈના અનેક ઢગ રચાય છે ત્યારે તેને **કુદરતી તટબંધ** કહે છે. સમુદ્ર સુધી પહોંચતાં સુધીમાં નદીનો પ્રવાહ ધીમો થઈ જાય છે તથા નદી અનેક પ્રવાહોમાં વિભાજિત થઈ જાય છે જેને શાખા/પ્રશાખા કહેવામાં આવે છે. અહીં નદીની ગતિ ધીમી થઈ જાય છે કે તે પોતાની સાથે લાવેલ કાંપ, રેતી, માટી અને અન્ય પદાર્થોનું નિક્ષેપણ કરવા લાગે છે. દરેક શાખા/પ્રશાખા પોતાના મુખનું નિર્માણ કરે છે. બધાં મુખોના નિક્ષેપણના જથ્થાથી મુખત્રિકોણ(ડેલ્ટા)નું નિર્માણ થાય છે.




નાળાકાર સરોવરની રચના





પૂરના મેદાન અને તટબંધ

**સમુદ્રમોજાંનું કાર્ય :** સમુદ્રમોજાંનાં ઘસારણ અને નિક્ષેપણ કિનારાનાં ભૂમિસ્વરૂપો બનાવે છે. સમુદ્રનાં મોજાં સતત ખડકો સાથે ટકરાયાં કરે છે જેનાથી તિરાડો બને છે. સમયાંતરે તે મોટી અને પહોળી બની જાય છે. તેને સમુદ્રીગુફા કહે છે. આ ગુફાઓના મોટા થતા જવાથી માત્ર છત જ રહે છે. જેનાથી તટીય (મહેરાબ) કમાન બને છે. સતત ઘસારણ છતને પણ તોડી નાંખે છે અને ફક્ત દીવાલો રહે છે. દીવાલ જેવા આ ભૂસ્વરૂપને 'સ્ટૈક' કહે છે. સમુદ્રજળની ઉપર

લગભગ ઊર્ધ્વ થયેલ ઊંચા ખડકાળ કિનારાઓને સમુદ્રકમાન કહે છે. સમુદ્રીમોજાંઓ કિનારા પર નિક્ષેપણ જમા કરી સમુદ્ર પુલિનનું નિર્માણ કરે છે.

**હિમનદીનું કાર્ય :** હિમનદી હિમાચ્છાદિત પર્વતીય ક્ષેત્રોમાં બરફની નદીઓ બને છે. હિમનદીઓ નીચેના નક્કર ખડકોથી ગોળાશ્મ માટી અને પથ્થરોનું ઘસારણ કરી વિશિષ્ટ કે ગોળાશ્મિ ભૂદૃશ્યનું નિર્માણ કરે છે. હિમનદી ઘસારણ દ્વારા 'યુ' આકારની ખીણનું નિર્માણ કરે છે. હિમનદી પીગળતા પર્વતીય ક્ષેત્રોમાં આવેલાં કોતરોમાં પાણી ભરાઈ સરોવર (ટાર્ન)નું નિર્માણ થાય છે. હિમનદી દ્વારા લાવવામાં આવેલ પદાર્થો જેવાં કે નાના-મોટા ખડકો, રેતી અને કાંકરા નિક્ષેપિત થતાં તેના પ્રવાહ વચ્ચે ટેકરીરૂપ 'ડ્રમલિન' **(Drumlin)** ભૂમિ સ્વરૂપની રચના થાય છે.

**પવનનું કાર્ય :** રણમાં પવન એ ઘસારણ અને નિક્ષેપણનું મુખ્ય પરિબળ છે. પવન ખડકોના ઉપરના ભાગની સરખામણીએ નીચલા ભાગને સરળતાથી ઘસે છે. આથી આવા ખડકોના આધાર સાંકડો અને મથાળું મોટું રહે છે. રણમાં ભૂછત્ર આકારના ખડકો જોવા મળે છે, જેને સામાન્ય રીતે ભૂછત્ર ખડક કહેવામાં આવે છે. તેવા ભૂમિ-સ્વરૂપને ભૂછત્ર ખડક કહે છે. પવન ગતિથી પોતાની સાથે રેતને એક સ્થળેથી બીજા સ્થળ પર પહોંચાડે છે, જ્યારે પવનની ગતિ અટકે છે ત્યારે તે રેતી જમીન પર પથરાઈને નાની ટેકરી બને છે. તેને ઢૂવા (બારખન) કહે છે. જ્યારે રાજસ્થાનના રણમાં આ પ્રકારના ઢૂવા જોવા મળે છે તેને દૂર લઈ જાય છે. જ્યારે આ માટીના કણ વિશાળ વિસ્તારમાં નિક્ષેપિત થઈ જાય છે, તો તેને 'લોએસ' કહે છે. ચીનમાં મોટા લોએસ નિક્ષેપ જોવા મળે છે.



રેતીના ઢૂવા

G8M9Y3

## સ્વાધ્યાય

**1. (અ) યોગ્ય જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) પૃથ્વીસપાટીનું સૌથી ઊપલું સ્તર | (A) ગોળાશ્મિ |
| (2) રૂપાંતરિત ખડક | (B) રેતીના ઢૂવા |
| (3) નદીનું કાર્ય | (C) આરસપહાણ |
| (4) પવનનું કાર્ય | (D) પૂરનાં મેદાન |
| (5) હિમનદીનું ઘસારાત્મક સ્વરૂપ | (E) સિયાલ |

**(બ) ખાલી જગ્યા પૂરો :**

(1) પૃથ્વીનું સૌથી આંતરિક સ્તર ......... નામે ઓળખાય છે.

(2) અનાજ પીસવા માટે .......... પથ્થરનો ઉપયોગ થાય છે.

(3) ભૂકવચની નીચે જે સ્થાને કંપનની શરૂઆત થાય છે તેને .......... કેન્દ્ર કહે છે.

(4) સમુદ્રમોજાંના ઘસારણથી દીવાલ જેવા રચાતા ભૂસ્વરૂપને .......... નામે ઓળખવામાં આવે છે.

(5) પવનની ગતિ ઘટતાં માટીના કણ જમીન પર પથરાય તેને .......... કહે છે.

**2. એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) સિયાલ સ્તર મુખ્યત્વે કયાં ખનીજ તત્ત્વોનું બનેલું છે ?

(2) ખડકોના મુખ્ય ત્રણ પ્રકારો જણાવો.

(3) આંતરિક અગ્નિકૃત ખડકો એટલે શું ?

(4) આંતરિક બળ એટલે શું ?

(5) જળપ્રપાત કોને કહે છે ?

**3. ટૂંક નોંધ લખો :**

(1) સિયાલ અને સીમા

(2) પવનનું કાર્ય સદૃષ્ટાંત સમજાવો.

(3) રૂપાંતરિત ખડક સદૃષ્ટાંત સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) પૃથ્વીની આંતરિક રચના આકૃતિ સહ સમજાવો.

(2) ખડકોના પ્રકાર ઉદાહરણ આપી સમજાવો.

(3) નદી અથવા હિમનદીનું ભૂમિસ્વરૂપ સમજાવો.

## પ્રવૃત્તિ

- તમારી આસપાસ મળતાં ખડકના ટુકડા એકઠા કરી તેની ઓળખ કરો.
- શાળાપ્રવાસ દરમિયાન અન્ય વિસ્તારની મુલાકાત વખતે ત્યાંના ખડકોના નમૂના એકઠા કરી તેની ઓળખ કરો.
- વધુ વિગતો જાણવા તમારા શિક્ષકની મદદથી નીચેની વેબસાઈટની મુલાકાત લો :

  www. nationalgeographic.org

  https:// simple.in.wikipedia.org

# 10 પર્યાવરણનાં ઘટકો અને આંતરસંબંધો

M1Q1C3

પૃથ્વી સૂર્યમંડળનો એકમાત્ર એવો ગ્રહ છે કે, જેને કુદરતી પર્યાવરણની ભેટ મળી છે. પર્યાવરણ ના હોત તો આપણું અસ્તિત્વ જ ના હોત. પર્યાવરણનાં કારણે માનવજીવન ધબકતું રહે છે. પર્યાવરણ અસ્તિત્વ, વિકાસ તેમજ પ્રગતિનું પ્રેરક બળ છે.

પર્યાવરણ શબ્દ બે શબ્દોનો બનેલો છે : 'પરિ' એટલે આજુબાજુ કે ચારેય બાજુ અને 'આવરણ' એટલે ઉપર આવેલી વિશિષ્ટ સપાટી કે પડ. પર્યાવરણ એટલે પૃથ્વીની આસપાસ રચાયેલું કુદરતી ઘટકોનું આવરણ. પર્યાવરણ એ મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જીવાવરણનું બનેલું છે.

## પર્યાવરણનાં ઘટકો

C9K7G3

પર્યાવરણ મુખ્ય ચાર ઘટકોનું બનેલું છે. આ ચાર ઘટકોમાં મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ અને જીવાવરણનો સમાવેશ થાય છે. આ ચાર આવરણો વિશે ધોરણ 6માં અભ્યાસ કર્યો હશે. આપણે તેના વિશે ટૂંકમાં સમજીએ :

**મૃદાવરણ :** પૃથ્વીના ઉપરના ઘન પોપડાને મૃદાવરણ કહે છે. આ પોપડો ખડક, ખનીજો અને માટીથી બનેલો છે. મૃદાવરણની બહુવિધ ઉપયોગિતા એ છે કે, તે સજીવ સૃષ્ટિ માટે રહેઠાણ, ખેતી માટે જમીન તથા ઉદ્યોગો માટે કાચો માલ પૂરો પાડે છે.

**જલાવરણ :** પૃથ્વીસપાટીનો નીચાણવાળો ભાગ પાણીથી ઘેરાયેલો છે, જે જલાવરણ તરીકે ઓળખાય છે. પાણીના વિભિન્ન સ્રોત જેવા કે મહાસાગરો, સાગરો, સરોવરો, નદીઓ વગેરેથી બનેલ છે. પાણી સજીવ સૃષ્ટિ માટે અનિવાર્ય છે તેમજ મહાસાગરો પણ સંસાધનોના ભંડાર છે.


**વાતાવરણ :** પૃથ્વીની ચારેય બાજુએ વીંટળાઈને આવેલા હવાના આવરણને વાતાવરણ કહે છે. વાતાવરણ વિવિધ વાયુઓ, પાણીની વરાળ, ધૂળના રજકણો, ક્ષારકણો વગેરેનું બનેલું છે. વાતાવરણ સૂર્યનાં પારજાંબલી કિરણોનું શોષણ કરી સજીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે. વાતાવરણના માધ્યમથી આપણે અવાજ સાંભળી શકીએ છીએ. રેડિયો, ટેલિવિઝન અને મોબાઇલ ફોનના સંદેશાવ્યવહાર/પ્રસારણ વાતાવરણને આભારી છે.

**જીવાવરણ :** પૃથ્વી પરના મૃદાવરણ, જલાવરણ અને વાતાવરણના જે ભાગમાં જીવસૃષ્ટિ વ્યાપી છે તેને જીવાવરણ કહે છે. તેમાં વનસ્પતિ, પ્રાણીઓ, જીવજંતુઓ અને માનવનો સમાવેશ થાય છે. સજીવ સૃષ્ટિ ખોરાક અને બીજી જરૂરિયાતો જીવાવરણમાંથી પ્રાપ્ત કરે છે.

પર્યાવરણના મુખ્ય બે પ્રકાર છે : કુદરતી પર્યાવરણ અને માનવસર્જિત પર્યાવરણ. કુદરતી પર્યાવરણમાં જૈવિક ઘટકો જેવા કે વનસ્પતિ સૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને માનવનો સમાવેશ થાય છે. અજૈવિક ઘટકોમાં ભૂમિ, જળ, હવા વગેરેનો સમાવેશ થાય છે. માનવસર્જિત પર્યાવરણ માનવના બુદ્ધિકૌશલ્યથી જૈવિક અને અજૈવિક ઘટકો સાથેની આંતરક્રિયાથી માનવનિર્મિત પર્યાવરણ નિર્માણ પામે છે.

## માનવનિર્મિત પર્યાવરણ

માનવ આસપાસના પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે. પોતાની જરૂરિયાત મુજબ તેમાં પરિવર્તન કરે છે. આદિ કાળમાં મનુષ્ય ભટકતું જીવન જીવતો હતો અને પોતાની જરૂરિયાત માટે પર્યાવરણને અનુકૂળ બનતો હતો. તેનું જીવન સરળ અને જરૂરિયાતો મર્યાદિત હતી, તેથી આસપાસના પર્યાવરણમાંથી તમામ જરૂરિયાતો પૂરી થઈ જતી હતી. સમય સાથે પરિવર્તન થયું અને જરૂરિયાતોમાં પણ વધારો થયો. મનુષ્યે પર્યાવરણનો ઉપયોગ અને તેમાં પરિવર્તન કરવાની રીતો શીખી લીધી. પરિણામે ખેતી, પશુપાલન, ચક્રની શોધ, ઔદ્યોગિક ક્રાંતિના કારણે ઉત્પાદનમાં વધારો થયો, આ માનવનિર્મિત પર્યાવરણને સાંસ્કૃતિક પર્યાવરણ તરીકે પણ ઓળખવામાં આવે છે.




આપણું પર્યાવરણ

## પાણીનું વિતરણ




પૃથ્વીસપાટી પર ભૂમિવિસ્તાર કરતાં પાણીનો વિસ્તાર વધારે છે. તે પૃથ્વીસપાટીનો આશરે 71 % વિસ્તાર રોકે છે. પાણીના વિશાળ જળભંડાર ધરાવતાં ભાગોને મહાસાગર કહે છે. પૃથ્વી પર ચાર મહાસાગરો આવેલા છે જે આ પ્રમાણે છે : (1) પૅસિફિક (2) ઍટલાન્ટિક (3) હિન્દ (4) આર્કટિક. આ બધા જ મહાસાગર એકબીજા સાથે જોડાયેલ છે. આ મહાસાગરો ખૂબ જ વિશાળ અને ઊંડા છે. પૅસિફિક મહાસાગરમાં તો 10 થી 11 કિલોમીટર જેટલી ઊંડી ખીણ આવેલી છે.

પૃથ્વીસપાટી પરનું મોટા ભાગનું પાણી ખારું છે. તે મુખ્યત્વે મહાસાગરો અને સમુદ્રમાં રહેલ છે. મીઠા પાણીનો મુખ્ય સ્રોત હિમશિખરો, ભૂમિગત પાણી, મીઠા પાણીનાં સરોવર, નદીઓ વગેરે છે.


| જાણવા જેવું | |
|---|---|
| મહાસાગર | 97.3 |
| હિમશિખરો/હિમશીલાઓ | 2 .0 |
| ભૂમિગત પાણી | 0 .68 |
| મીઠા પાણીના સરોવર | 0 .009 |
| ખારા પાણીના સરોવર | 0 .009 |
| વાતાવરણમાં | 0 .0019 |
| નદીઓ | 0 .0001 |
| કુલ | **100:00** |

## સમુદ્રનાં મોજાં

સમુદ્રનાં મોજાં વિવિધ પ્રકારનાં બળોથી ઉદ્ભવે છે. સામાન્ય મોજાં સમુદ્રની સપાટી પર વાતાં પવનોથી સર્જાય છે. વંટોળ કે વાવાઝોડાથી ઊંચાં મોજાં ઊછળે છે. આ મોજાં સમુદ્રકિનારે પહોંચે છે ત્યારે ભારે નુકસાન કરે છે.

## ભરતી-ઓટ

દિવસમાં બેવાર સમુદ્રની સપાટી સમયાંતરે ઊંચી ચઢે અને




નીચે ઊતરે છે. સમુદ્રની આ ચઢ-ઊતરની ઘટનાને 'ભરતી-ઓટ' કહે છે. ભરતીના સમયે સમુદ્રનું પાણી મોજાં રૂપે કિનારા તરફ ધસી આવે છે જ્યારે ઓટના સમયે સમુદ્રનું પાણી કિનારાથી સમુદ્ર તરફ પાછું ફરે છે. બે ભરતી કે ઓટ વચ્ચેનો સમયગાળો આશરે 12:25 કલાક જેટલો હોય છે.

સૂર્ય અને ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળના કારણે પૃથ્વી પર ભરતી-ઓટ આવે છે. સૂર્ય ચંદ્ર કરતાં દ્રવ્યમાનમાં ઘણો મોટો છે પરંતુ ચંદ્રની સરખામણીમાં પૃથ્વીથી દૂર આવેલ છે, તેથી પૃથ્વી પર ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ વધુ છે. પૃથ્વીના જુદા-જુદા ભાગ સૂર્ય અને ચંદ્રની સામે આવે છે માટે અલગ-અલગ સમયે ભરતી-ઓટ આવે છે.

અમાસ અને પૂનમના દિવસે સૂર્ય પૃથ્વી અને ચંદ્ર લગભગ એક સીધી રેખામાં આવે છે. તે સ્થિતિના પ્રભાવથી મોટી ભરતી આવે છે જ્યારે સુદ અને વદની મધ્યના દિવસોએ ગુરુત્વાકર્ષણ ઘટતા ભરતી નીચી આવે છે.

## મહાસાગરીય પ્રવાહો

ધરતી-પરની નદીઓની જેમ મહાસાગરોમાં પણ વિશાળ પાણીનો જથ્થો હજારો વર્ષથી નિશ્ચિત દિશામાં વહે છે, આ પ્રવાહોને મહાસાગરીય પ્રવાહ કહે છે. આ પ્રવાહો ગરમ અથવા ઠંડા હોય છે. પ્રવાહોના ઉદ્‌ભવનાં કારણો સૂર્યશક્તિ, પવનો, સમુદ્રજળની ક્ષારતા અને પૃથ્વીનું પરિભ્રમણ મુખ્ય છે. મોટે ભાગે ગરમ પ્રવાહો વિષુવવૃત્તથી ધ્રુવો તરફ અને ઠંડા પ્રવાહો ધ્રુવોથી વિષુવવૃત્ત તરફ ગતિ કરતાં હોય છે.

## પર્યાવરણનાં ઘટકો વચ્ચેના આંતરસંબંધો

પર્યાવરણનાં તમામ ઘટકોમાં માનવ કેન્દ્રસ્થાને છે. પર્યાવરણનાં જુદાં-જુદાં ઘટકો કેટલાક ભૌતિક ચક્રોથી એકબીજા સાથે જોડાયેલાં છે. આ ભૌતિક ચક્રો માનવીય પ્રવૃત્તિઓથી પ્રભાવિત થાય છે. મૃદાવરણમાં માનવી ખનીજ પ્રાપ્ત કરવા માટે ઉત્ખનન કરે છે. તે ખાડાઓમાં પાણી ભરાતાં તે જલાવરણનો ભાગ બને છે. વાતાવરણમાં તાપમાન વધતાં જલાવરણમાં રહેલ પાણીનું બાષ્પીભવન થાય છે અને તે વાતાવરણમાં ભળે છે. વાતાવરણમાં રહેલ ભેજનું ઘનીભવન થતા વાદળો બંધાય છે અને વરસાદ થાય છે. તે પાણીના વહેવાથી મૃદાવરણનું ધોવાણ થાય છે અને વિવિધ ભૂમિ- સ્વરૂપો રચાય છે.

આ ઉપરાંત માનવીની વિવિધ પ્રવૃત્તિઓ કુદરતી પર્યાવરણનાં ઘટકોને કારણે જીવસૃષ્ટિથી પરસ્પર જોડાયેલ છે.




પર્યાવરણનાં ઘટકો

## પ્રદૂષણ

માનવ પોતાની બુદ્ધિશક્તિથી પર્યાવરણનાં વિવિધ ઘટકોના ઉપયોગ દ્વારા પોતાની જરૂરિયાતો સંતોષે છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે, આ માનવીય ગતિવિધિઓથી કુદરતી પર્યાવરણ દૂષિત થવાની ક્રિયા એટલે પ્રદૂષણ. પર્યાવરણને દૂષિત કરતાં ઘટકોને પ્રદૂષક કહે છે. માનવી કુદરતી

H5I6D9

સંસાધનોનો અમર્યાદિત અને અવિવેકપૂર્ણ ઉપયોગ કરે ત્યારે પર્યાવરણ પ્રદૂષિત થાય છે. માનવ- વિકાસની તીવ્ર ઝંખના, ઔદ્યોગિકીકરણ અને યાંત્રિકીકરણ પર્યાવરણને પ્રદૂષિત કરવા માટે જવાબદાર છે.

વર્તમાન સમયમાં ભૂમિપ્રદૂષણ, જળપ્રદૂષણ, હવાપ્રદૂષણ અને ધ્વનિપ્રદૂષણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. પ્રદૂષણની પર્યાવરણ, માનવજીવન અને સજીવ સૃષ્ટિ પર વિપરીત અસર પડી રહી છે. આપણે પર્યાવરણ-પ્રદૂષણ, તેની અસરો અને રોકવાના ઉપાયો વિચારીને પર્યાવરણ-જાળવણી માટે સત્વરે પગલાં ભરવાં જરૂરી છે.

**ભૂમિ(જમીન)પ્રદૂષણ :** જમીન ગુણવત્તા કે તેનાં પોષક ઘટકોમાં થતાં ફેરફારને ભૂમિપ્રદૂષણ કહે છે. જમીનપ્રદૂષણ સહેલાઈથી અનુભવાતું નથી. વિશ્વભરમાં ભૂમિ- પ્રદૂષણ સતત વધી રહ્યું છે. ઘરવપરાશનો ઘન કચરો કે પાણીનો નિકાલ, ફળદ્રુપ કે ખેતીલાયક જમીન પર ઉદ્યોગો સ્થાપવા, ઉદ્યોગોમાં વપરાયેલ દૂષિત પાણી ખુલ્લી જમીન પર છોડવું, ઉદ્યોગોનો ઘન કચરો જમીન પર ફેંકવો, ઉત્ખનનની પ્રવૃત્તિઓ, બાંધકામની પ્રવૃત્તિઓ, ખેતી માટે રાસાયણિક ખાતર, અતિ સિંચાઈ અને જંતુનાશક દવાઓનો વધારેપડતો ઉપયોગ તેમજ પ્લાસ્ટિકના ઉપયોગથી જમીન પ્રદૂષિત થાય છે.



પીરાણા ડમ્પિંગ

**જાણવું ગમશે**

- પંજાબમાં નાઇટ્રોજનયુક્ત રાસાયણિક ખાતરોના વધારે વપરાશના કારણે જમીનપ્રદૂષણ થયું છે. પંજાબના હોશિયારપુર, ભટીંડા અને રોહતક જિલ્લાનાં ગામડાઓમાં રાસાયણિક ખાતરના અતિશય વપરાશથી કૂવાઓનાં પાણી ભયજનક સપાટીએ દૂષિત થયું છે. તેને પરિણામે ત્યાં વસતા લોકો વિવિધ રોગોના ભોગ બન્યા છે. કૅન્સર અને આંતરડા તથા પેશાબના રોગોનો વધારે ફેલાવો થયો છે.

**ભૂમિ(જમીન)પ્રદૂષણ રોકવાના ઉપાયો :**

- જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરના બદલે જૈવિક અને દેશી ખાતર, લીલો પડવાશનો ઉપયોગ કરવો જોઈએ.
- જંતુનાશક દવાઓનો મર્યાદિત ઉપયોગ કરવો જોઈએ.
- ઘન કચરાનું વર્ગીકરણ કરી તેને પુનઃ ઉપયોગમાં લાવવો જોઈએ.
- પ્લાસ્ટિક/ઘન કચરાનું રીસાઇકલિંગ કરીને પુનઃ ઉપયોગ કરવો જોઈએ.
- ખેતીમાં ટપક અને ફુવારા સિંચાઈપદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

**જળપ્રદૂષણ :** જળ જ્યારે તેના નિર્ધારિત ઉપયોગ માટે અયોગ્ય બને અને તેમાં બાહ્ય અશુદ્ધિઓ ભળે ત્યારે તેવા દૂષિત જળને જળપ્રદૂષણ કહે છે. ગટરનું પાણી, ઉદ્યોગોથી પ્રદૂષિત પાણી, ખનીજ તેલ વાહક જહાજોમાંથી થતું ગળતર (રિસાવ), ખેતીમાં વપરાતાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વગેરે જળપ્રદૂષણ માટે જવાબદાર છે.





જળપ્રદૂષણ

### જળપ્રદૂષણ અટકાવવાના ઉપાયો :

- ઘરવપરાશ અને ઉદ્યોગોથી પ્રદૂષિત પાણીને શુદ્ધીકરણની પ્રક્રિયા કર્યા બાદ જ તેનો નિકાલ કરવો જોઈએ.
- શુદ્ધીકરણ-પ્રક્રિયા કર્યા સિવાયનાં ગંદા પાણીના નિકાલ પર કડક નિયંત્રણો રાખવાં જોઈએ.
- પાણીને પ્રદૂષિત કરતાં પદાર્થોના વપરાશ પર અંકુશ રાખવો જોઈએ.

**હવા-પ્રદૂષણ :** ઉદ્યોગો, મિલો, કારખાનાં, તાપવિદ્યુત મથકો વગેરે દ્વારા છોડવામાં આવતા ગૅસ કે ધુમાડો વાતાવરણમાં ભળે છે તેને હવાનું પ્રદૂષણ કહે છે. હવાના પ્રદૂષણ માટે હવામાં ઊડતા રજકણો જેવા કે બળતણ તરીકે વપરાતા કોલસાના રજકણો, કારખાનાના ધુમાડાથી કાર્બનયુક્ત રજકણો ભળે છે. આ ઉપરાંત પેટ્રોલ અને ડીઝલથી ચાલતાં વાહનોના ધુમાડામાં રહેલ નાઈટ્રસ ઑક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ, બેન્ઝોપાયરિન અને કાર્બન ડાયૉક્સાઈડ જેવા હવાના પ્રદૂષકો ભળે છે. ખનન અને બાંધકામની પ્રવૃત્તિથી પ્રદૂષકો હવામાં ઉમેરાય છે. ખેતીનો ઘન કચરો સળગાવવાથી પણ હવાનું પ્રદૂષણ વધે છે.





હવા-પ્રદૂષણ

### હવા-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો :

- હવા-પ્રદૂષણ રોકવા માટે સરકારે કાયદા બનાવી ચુસ્તપણે અમલ કરાવવો જોઈએ.
- ધુમાડો અને ઝેરી ગૅસ ફિલ્ટર થાય તેવાં સાધનો વિકસાવવા જોઈએ.

- કોલસા, પેટ્રોલ, ડીઝલ વગેરેનો જરૂર પૂરતો જ ઉપયોગ કરવો જોઈએ.
- પ્રદૂષણમુક્ત એવા CNG, PNG, સૌરઊર્જા વગેરેના ઉપયોગોને પ્રોત્સાહિત કરવા જોઈએ.
- જાહેર પરિવહનમાં મુસાફરી માટે લોકજાગૃતિ ફેલાવવી જોઈએ.
- વાહનો માટે PUC નો કડક અમલ કરાવવો જોઈએ.

**ધ્વનિ-પ્રદૂષણ :** બિનજરૂરી, વધુપડતો અસહ્ય અવાજ એટલે 'ઘોંઘાટ'. આ ઘોંઘાટને આપણે ધ્વનિ-પ્રદૂષણથી ઓળખીએ છીએ. ઘોંઘાટ દરેક વ્યક્તિ માટે સાપેક્ષ હોય છે. હળવું સંગીત સાંભળનાર વ્યક્તિ માટે રોક સંગીત ઘોંઘાટ લાગે છે જ્યારે રોક સંગીતના ચાહક માટે તે કર્ણપ્રિય હોય છે.

કારખાનાઓમાં ચાલતાં યંત્રો, વાહનોના કર્કશ અવાજ અને હૉર્નનો અવાજ, સિનેમાઘર, ટી.વી.નો વધુપડતો અવાજ ધ્વનિ-પ્રદૂષણ વધારે છે. જેટ વિમાનો અને યુદ્ધ વિમાનોનો કર્કશ તથા તીણી ગર્જના, વિવિધ પ્રકારની સાઇરનોનો અવાજ ધ્વનિ-પ્રદૂષણમાં વધારો કરે છે. સામાજિક પ્રસંગે વપરાતાં લાઉડ સ્પિકરો, બેન્ડવાજા, ઢોલનગારા, ડી.જે.નો અવાજ, ઉત્સવો અને ઉદ્‌ઘાટન પ્રસંગે કરવામાં આવતી આતશબાજી, જાહેર કાર્યક્રમો, ચૂંટણીની રેલીઓ, જાહેરાતોનો અવાજ પણ ધ્વનિ-પ્રદૂષણ કરે છે.

ધ્વનિ-પ્રદૂષણથી માણસમાં બહેરાશ આવવી, માનસિક સ્વાસ્થ્ય ઉપર વિપરીત અસર, સ્વભાવમાં ચીડિયાપણું અને કાર્ય કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે. વધારેપડતાં ઘોંઘાટથી ઘણા કીટકો અને જીવાણુઓ નાશ પામે છે.



ધ્વનિ-પ્રદૂષણ

**ધ્વનિ-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો :**

- સિનેમાઘર, જાહેર સભાગૃહોમાં ધ્વનિશોષક યંત્રો અને પડદા લગાવવા જોઈએ.
- સામાજિક પ્રસંગ, ઉત્સવો, ઉદ્‌ઘાટન પ્રસંગો વગેરેમાં બિનજરૂરી ઘોંઘાટ ટાળવો જોઈએ.
- ઉદ્યોગો, વિમાનમથકોની આસપાસ વધારે વૃક્ષો ઉછેરવાં જોઈએ.
- શાળા, હૉસ્પિટલ જેવાં સ્થળો પાસે 'નો હૉર્ન' 'સાઇલન્સ ઝોન'નો કડક અમલ કરાવવો જોઈએ.
- ઊજવણીના કાર્યક્રમોમાં ફટાકડાનો ઉપયોગ ટાળવો જોઈએ.
- રેડિયો, ટેલિવિઝન, મોબાઇલ ફોન વગેરેનો અવાજ ધીમો રાખવાની ટેવ પાડવી જોઈએ.
- યંત્રો અને વાહનોને સમયાંતરે સર્વિસ (રીપેરિંગ) કરાવવા જોઈએ.

માનવીની ઉપર્યુક્ત વિવિધ પ્રવૃત્તિઓથી જમીન, જળ, હવા અને ધ્વનિ-પ્રદૂષિત થાય છે. આ ઉપરાંત અન્ય કેટલીક પ્રવૃત્તિઓ જેવી કે અવકાશમાં છોડેલા ઉપગ્રહો, અવકાશયાત્રીઓએ આકાશમાં ત્યજી દીધેલ કચરો, કૃત્રિમ વરસાદ

વરસાવવા છોડેલાં વિવિધ રસાયણો, પરમાણુ શક્તિના ઉપયોગથી થતું કિરણોત્સર્ગી પ્રદૂષણ વગેરે પણ પર્યાવરણને અસર કરે છે. તેમજ કેટલીક કુદરતી ઘટનાઓ/આપત્તિઓ જેવી કે જ્વાળામુખી પ્રસ્ફોટન, ધરતીકંપ, પૂર પણ પર્યાવરણ-પ્રદૂષણમાં વધારો કરે છે. પર્યાવરણ જાળવવા માટે અને પર્યાવરણને પ્રદૂષણથી બચાવવા માટે માનવ પોતે જ મક્કમ બનીને સંકલ્પ કરે એ જ આખરી ઉપાય છે.

**પ્રવૃત્તિ**

- તમારી આસપાસ જોવા મળતાં પ્રદૂષણને કેવી રીતે અટકાવી શકાય તે અંગેની ચર્ચા વર્ગમાં ગોઠવો.

## સ્વાધ્યાય

D9H2S4

**1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) પર્યાવરણનાં ઘટકો લખો.

(2) મીઠા પાણીના મુખ્ય સ્રોત કયા-કયા છે ?

(3) બે ભરતી વચ્ચેનો સમયગાળો કેટલો હોય છે ?

(4) ચીડિયાપણું કયા પ્રદૂષણની માનવજીવન પરની અસર છે ?

(5) ભૂમિ-પ્રદૂષણ એટલે શું ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) માનવનિર્મિત પર્યાવરણ એટલે શું ?

(2) જમીન-પ્રદૂષણ અટકાવવાના ઉપાયો લખો.

(3) હવા-પ્રદૂષણ અટકાવવા કયાં પગલાં લેવા જોઈએ ?

(4) ધ્વનિ-પ્રદૂષણ અટકાવવા માટે તમારા પ્રયત્નો લખો.

**3. કારણો આપો :**

(1) દરિયામાં ભરતી-ઓટ થાય છે.

(2) અમાસ અને પૂનમના દિવસે દરિયામાં મોટી ભરતી આવે છે.

**4. યોગ્ય શબ્દ વડે નીચેની ખાલી જગ્યા પૂરો :**

(1) વાતાવરણ સૂર્યનાં .......... કિરણોનું શોષણ કરી સજીવ સૃષ્ટિનું રક્ષણ કરે છે.

(2) ધ્વનિ-પ્રદૂષણને .......... પણ કહે છે.

(3) સમુદ્રનું પાણી કિનારા તરફ ધસી આવે છે તેને .......... કહે છે.

•

# 11 વાતાવરણની સજીવો પર અસરો

R6M6K8

## વાતાવરણનું નિર્માણ

પૃથ્વી સૂર્યમાંથી છૂટી પડી છે તેવું મનાય છે. જ્યારે તેનો ઉદ્ભવ થયો ત્યારે તે અગનગોળા રૂપમાં હતી. આ ગરમ ગોળો ધીમે-ધીમે ઠંડો પડવા લાગ્યો. ઠંડો પડતા તેમાં રહેલાં તત્ત્વો પ્રવાહી, ઘન અને વાયુ–સ્વરૂપમાં રૂપાંતર પામવા લાગ્યાં. જે તત્ત્વોનું ઘન સ્વરૂપમાં રૂપાંતરણ થયું તેને આપણે મૃદાવરણ તરીકે ઓળખીએ છીએ. પ્રવાહી તત્ત્વો જલાવરણ તરીકે ઓળખાયા અને વાયુ–સ્વરૂપમાં રૂપાંતર પામ્યા તે વાતાવરણ તરીકે ઓળખાયા.


## વાતાવરણ

D8T2B3

પૃથ્વીની ચારે બાજુ વીંટળાઈને આવેલા હવાના આવરણને વાતાવરણ કહે છે. પૃથ્વીસપાટીથી તે સેંકડો કિલોમીટરની ઊંચાઈ સુધી વિસ્તરેલું છે. એની ઉપરની સીમા કેટલી ઊંચાઈએ આવેલ છે તે સ્પષ્ટ કહેવું મુશ્કેલ છે. તેમ છતાં પૃથ્વીના ગુરુત્વાકર્ષણની અસર અવકાશમાં જ્યાં સુધી રહેલી છે ત્યાં વાતાવરણ પૂરું થયેલું માનવામાં આવે છે. પૃથ્વીસપાટીથી 32 કિમીની ઊંચાઈ સુધીના વાતાવરણના પડમાં 99 % જેટલી હવા સમાયેલી છે. પૃથ્વીસપાટીથી જેમ-જેમ ઊંચે જઈએ તેમ-તેમ હવા પાતળી થતી જાય છે.

## વાતાવરણના વાયુઓ

વાતાવરણ વિના પૃથ્વી પરની જીવસૃષ્ટિનું અસ્તિત્વ અશક્ય છે. વાતાવરણ વાયુ, પ્રવાહી અને ઘન તત્ત્વોનું બનેલું છે. તેમાં રહેલા ઑક્સિજન અને નાઇટ્રૉજન વાયુઓ જીવસૃષ્ટિ માટે અગત્યના છે. વાતાવરણમાં ધુમ્મસ, ઝાકળ, વાદળ વગેરે વાતાવરણમાં રહેલાં પાણીનાં સ્વરૂપો છે. પ્રવાહી તત્ત્વોમાં મુખ્યત્વે બરફના કણો, જીવજંતુઓ વગેરે છે. વાતાવરણ પૃથ્વીને દિવસે ગરમી અને રાત્રે અતિશય ઠંડીથી બચાવે છે.




વાયુઓનું પ્રમાણ


વાતાવરણમાં રહેલા વાયુઓનું પ્રમાણ બાજુના કોષ્ટકમાં દર્શાવેલ છે. નાઇટ્રૉજન આશરે 130 કિલોમીટર સુધી જોવા મળે છે, જ્યારે ઑક્સિજન આશરે 110 કિલોમીટર અને કાર્બન ડાયૉક્સાઇડ આશરે 20 કિમી સુધી જોવા મળે છે. જ્યારે 130 કિમીની ઊંચાઈ પછીના વાતાવરણમાં હાઇડ્રોજન અને હિલિયમનું પ્રમાણ વધુ છે.

## વાતાવરણની સ્તરરચના

વાતાવરણને પૃથ્વીની સપાટીથી ઊંચાઈ તરફ જતા તાપમાન અને વાયુઓની સંરચનામાં થતાં ફેરફારના આધારે અલગ-અલગ આવરણ કે સ્તરોમાં વિભાજિત કરવામાં આવે છે. આ ફેરફારના આધારે તેનાં ચાર પેટા આવરણો પાડવામાં આવે છે : (1) ક્ષોભ–આવરણ (2) સમતાપ આવરણ (3) મધ્યાવરણ (4) ઉષ્માવરણ.

**(1) ક્ષોભ–આવરણ :** પૃથ્વીને વીંટળાઈને આવેલા વાતાવરણના પ્રથમ આવરણને 'ક્ષોભ–આવરણ' કહે છે. વિષુવવૃત્ત પર તે આશરે 16 કિમી, સમશીતોષ્ણ કટિબંધ પ્રદેશોમાં આશરે 12 કિમી અને ધ્રુવો પર આશરે 8 કિમી ઊંચાઈ સુધી ફેલાયેલું છે. ઋતુઓ મુજબ તેમાં ફેરફાર થાય છે. આ આવરણ જીવસૃષ્ટિ માટે ખૂબ જ મહત્ત્વનું છે. વાતાવરણનાં તોફાનો, અવાજના તરંગો, હવાની સંરચના, વીજળી, વરસાદ, વાદળો વગેરે આ આવરણમાં અનુભવાય છે. આ આવરણમાં પ્રતિ 1 કિમીની ઊંચાઈએ આશરે 6.5° સે ના દરે તાપમાન ઘટે છે જે ઊંચાઈએ પહોંચતા તાપમાન ઘટતું અટકી જાય તે સીમાને 'ક્ષોભ-સીમા' કહે છે.

**(2) સમતાપ આવરણ :** ક્ષોભ-સીમાથી ઉપરના આવરણને સમતાપ આવરણ કહે છે જે ક્ષોભ-સીમાથી આશરે 50 કિમી સુધીની ઊંચાઈ સુધી વિસ્તરેલું હોય છે. ઊંચાઈની સાથે આ આવરણમાં તાપમાન વધે છે. આ આવરણમાં ઋતુઓ, વાદળ, વરસાદ, ચક્રવાત વગેરે જોવા મળતા નથી. અહીં હવા સ્વચ્છ અને પાતળી છે, જેથી જેટ વિમાનો ઓછા અવરોધ અને ઝડપથી ઊડી શકે છે. આ આવરણમાં આશરે 15થી 35 કિમીની ઊંચાઈએ ઑઝોન વાયુનું પ્રમાણ વધુ જોવા મળે છે, જે સૂર્યના અત્યંત ગરમ પારજાંબલી કિરણો (Ultra Violet Rays)નું શોષણ કરે છે.




વાતાવરણની સ્તરરચના

**(3) મધ્યાવરણ :** સમતાપ આવરણની ઉપર આશરે 80 કિમીની ઊંચાઈ સુધીના વાતાવરણના ભાગને 'મધ્યાવરણ' કહે છે. તેમાં ઊંચાઈ પર જતાં તાપમાન ઘટતું જાય છે.

**(4) ઉષ્માવરણ :** મધ્યાવરણની ઉપર આ આવરણ આવેલું છે. 80 કિમીથી શરૂ કરી જ્યાં વાતાવરણ પૂરું થાય ત્યાં સુધી વિસ્તરેલું છે. અહીં હવા અતિશય પાતળી હોય છે. જેમ-જેમ ઊંચાઈએ જઈએ તેમ-તેમ તાપમાન વધતું જાય છે. આ આવરણને બે પેટા વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે : આયનાવરણ અને બાહ્યાવરણ. આયનાવરણમાંથી રેડિયો–તરંગોનું પરાવર્તન થાય છે. ટી.વી. રેડિયો–પ્રસારણ, ઇન્ટરનેટનો લાભ આ આવરણને આભારી છે. આયનાવરણની ઉપરના આવરણને બાહ્યાવરણ કહે છે.

## હવામાન

હવામાન એટલે ટૂંકા સમયગાળાની વાતાવરણની સરેરાશ પરિસ્થિતિ. કોઈ પણ સ્થળ, પ્રદેશનું હવામાન, તાપમાન, ભેજ, વરસાદ, હવાનું દબાણ, ધુમ્મસ કે વાદળોના આધારે નક્કી થાય છે. હવામાન સવાર, બપોર, સાંજ કે રાત્રિનું

અલગ હો શકે. હવામાન વાતાવરણની ટૂંકા ગાળાની પરિસ્થિતિ હોય, તેમાં સમયાંતરે ફેરફાર થતો રહે છે. સવારે ઠંડી, બપોરે ગરમી અને સાંજે વરસાદ પડવો. આવું હવામાનમાં શક્ય છે. હવામાનથી આપણું જીવન અને આપણી પ્રવૃત્તિઓ પ્રભાવિત થતી હોય, દેશનું હવામાન ખાતું હવામાનના સમાચાર અને હવામાનના નકશા રોજ બહાર પડે છે.

**આટલું જાણો**

ભારતના હવામાન ખાતાની મુખ્ય કચેરી દિલ્લીમાં આવેલ છે. તેને IMD (ઇન્ડિયન મટીરિયોલૉજી ડિપાર્ટમેન્ટ) તરીકે ઓળખાય છે. ભારતનાં જુદાં-જુદાં સો એક સ્થળો પર અવલોકન કેન્દ્રો ભારત અને ઍન્ટાર્કટિકામાં આવેલ છે. તેનાં ચાર પ્રાદશિક કેન્દ્રો મુંબઈ, કોલકાતા, નાગપુર અને પૂણેમાં આવેલાં છે.

## આબોહવા

G7Y9H2

સામાન્ય રીતે કોઈ પ્રદેશની 35 કે તેથી વધુ વર્ષોની સરેરાશ હવામાનની સ્થિતિ એટલે આબોહવા. આબોહવા સ્થાનિક પરિસ્થિતિ (તાપમાન, ભેજ, વરસાદ, હવાનું દબાણ, ધુમ્મસ)ને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. આબોહવા જે-તે પ્રદેશની સજીવસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને માનવજીવન તથા તેવી પ્રવૃત્તિઓને સીધી અસર કરે છે.

## તાપમાન

હવામાં રહેલ ગરમીની સપાટીને તાપમાન કહે છે. વાતાવરણના તાપમાનમાં દિવસ અને રાત્રિ દરમિયાન જ ફેરફાર અનુભવાય છે. તાપમાન ઋતુઓ પ્રમાણે પણ બદલાય છે. શિયાળા કરતા ઉનાળામાં તાપમાન વધુ હોય છે.

સૂર્યઘાત (Insolation) એ તાપમાનના વિતરણને અસર કરતું મહત્ત્વનું પરિબળ છે. સૂર્યઘાતનું પ્રમાણ વિષુવવૃત્તથી ધ્રુવો તરફ ઘટે છે. આ કારણે ધ્રુવપ્રદેશો બરફથી ઢંકાયેલા હોય છે. જો પૃથ્વી પર તાપમાન વધી જાય તો ખેતીપાકો ઊગી શકે નહિ. શહેરોમાં ગામડાં કરતા વધારે તાપમાન અનુભવાય છે. તેનું કારણ પાકી સડકો અને સિમેન્ટ પરથી બનેલી ઇમારતો હોય છે.


## વાતાવરણનું દબાણ

S6J1W9

પૃથ્વીની આસપાસ હવાના સ્તરને વજન હોય છે. હવાના વિશાળ સ્તર તેના વજન પ્રમાણે પૃથ્વીસપાટી પર દબાણ કરે છે. તેને વાતાવરણનું દબાણ કહે છે. સમુદ્રસપાટી પર વાતાવરણનું દબાણ સૌથી વધારે હોય છે. પૃથ્વીસપાટીથી ઊંચાઈ તરફ જતાં વાતાવરણમાં દબાણ ઘટે છે. વધારે તાપમાનવાળા પ્રદેશમાં વાયુઓ ગરમ થઈને ઉપર તરફ ગતિ કરે છે અને હલકું દબાણ રચાય છે. હલકું દબાણ વાદળછાયા અને ભેજયુક્ત ઋતુ સાથે જોડાયેલ છે. ઓછા તાપમાનવાળા પ્રદેશોમાં વાતાવરણ ઠંડું હોય છે માટે ત્યાં ભારે દબાણ હોય છે.

## પવનો

પૃથ્વીની આજુબાજુ વીંટળાઈને આવેલી ગતિશીલ હવાને પવન કહે છે. સામાન્ય રીતે પૃથ્વી પર નિર્માણ થતાં હવાનાં હલકાં, ભારે દબાણો છે તેના મુખ્ય ત્રણ પ્રકારો છે : (1) કાયમી પવનો (2) મોસમી પવનો (3) દૈનિક/સ્થાનિક પવનો.



**(1) કાયમી પવનો :** પૃથ્વીની સપાટી ઉપર કેટલાક ભાગમાં બારેમાસ નિશ્ચિત દિશામાંથી પવનો વાય છે જેને કાયમી પવનો કહે છે. કાયમી પવનોમાં વ્યાપારી પવનો, પશ્ચિમીયા પવનો અને ધ્રુવીય પવનોનો સમાવેશ થાય છે.

**(2) મોસમી પવનો :** પૃથ્વીની સપાટી ઉપર કેટલાક પવનો ઋતુ પ્રમાણે વાય છે અને તેની દિશા ઋતુ પ્રમાણે બદલાય છે તેને મોસમી પવનો કહે છે. ભારત, મ્યાનમાર, બાંગ્લાદેશ વગેરે દેશોમાં આ પ્રકારના પવનો વાતા હોવાથી આ દેશોને મોસમી પવનોના દેશ કહેવાય છે. ઉનાળામાં નૈર્ઋત્યના પવનો અને શિયાળામાં ઈશાન ખૂણેથી વાતા પવનો આ પ્રકારના પવનનાં ઉદાહરણ છે.

**(3) દૈનિક/સ્થાનિક પવનો :** પૃથ્વીની સપાટી ઉપર કેટલાક પ્રદેશમાં ટૂંકા સમય માટે હવાના દબાણમાં થતા ફેરફારના કારણે ઉદ્‌ભવતા પવનોને દૈનિક કે સ્થાનિક પવન કહે છે. સ્થાનિક પવનોના ઉદાહરણ તરીકે દરિયાઈ-જમીનની લહેરો, પર્વત અને ખીણની લહેરો, ‘લૂ’ અને ‘શીતલહેર’ વગેરે છે.

### આટલું જાણો

- અરબી ભાષાના શબ્દ ‘મૌસીમ’ પરથી પવનોને મોસમી પવનો નામ આપવામાં આવ્યું છે.
- હવાના દબાણમાં આકસ્મિક ફેરફાર થવાથી ચક્રવાત (વાવાઝોડું) ઉદ્‌ભવે છે.
- ચક્રવાતને ટાઈફૂન, હરિકેન, ટોર્નેડો કહે છે.
- 60 થી 80 કિમી/કલાકની ઝડપના પવનને તોફાની પવન જ્યારે 80 થી 120 કિમી/કલાકના પવનને વાવાઝોડું કહે છે.

### પ્રવૃત્તિ

આ બંને ચિત્રો વિશેની માહિતી અને ઉપયોગિતા તમારા શિક્ષક પાસેથી મેળવો :



પવન દિશાદર્શક


પવન વેગમાપક

## ભેજ

સમુદ્રો અને જળાશયોમાંથી પાણીનું બાષ્પીભવન થતા, તેનું વરાળમાં રૂપાંતર થાય છે તેને ભેજ કહે છે. ભેજ પૃથ્વીસપાટીથી બાષ્પીભવનની પ્રક્રિયા દ્વારા વાતાવરણમાં ઉમેરાય છે. વાતાવરણમાં રહેલા ભેજ ઘનીભવનની પ્રક્રિયા દ્વારા વાદળો બની વરસાદ સ્વરૂપે પૃથ્વીસપાટીને પુનઃ પ્રાપ્ત થાય છે.

### આબોહવા અને માનવજીવન

- કોઈ પણ પ્રદેશની આબોહવાની અસર ખોરાક, પોશાક, રહેઠાણ વગેરે પર ગાઢ રીતે જોવા મળે છે.
- વધુ વરસાદવાળા પ્રદેશમાં ઘરનાં છાપરાં તીવ્ર ઢોળાવવાળા હોય છે, જ્યારે ઓછા વરસાદવાળા પ્રદેશોમાં મકાનો ઓછાં ઢોળાવવાળાં સપાટ છાપરાવાળા જોવા મળે છે.
- જે-તે પ્રદેશમાં થતા ખેતીપાકો તે પ્રદેશના લોકોના ખોરાકમાં મોટા ભાગે લેવાતા હોય છે. દા.ત., મેદાની પ્રદેશના લોકોના ખોરાકમાં ઘઉં અને પર્વતીય ક્ષેત્રના લોકોના ખોરાકમાં મકાઈ લેવાય છે.
- જે પ્રદેશમાં ઠંડી વધારે પડે છે ત્યાં લોકો આખું શરીર ઢંકાય તેવા ગરમ ઊની વસ્ત્રોનો ઉપયોગ કરે છે. દા.ત., લદ્દાખના લોકો.
- ગરમ આબોહવા ધરાવતાં પ્રદેશના લોકો સુતરાઉ અને ખુલ્લાં વસ્ત્રો પહેરે છે. દા.ત., દક્ષિણ ભારતના લોકો.
- ગરમ રણપ્રદેશના લોકો સતત ઊડતી રેતીથી બચવા માટે માથે રૂમાલ કે કપડું વીંટાળે છે. દા.ત., અરબસ્તાનના લોકો.
- ગરમ અને ભેજવાળી આબોહવાવાળાં ક્ષેત્રોમાં માનવસ્વભાવ આળસુ જ્યારે, સમશીતોષ્ણ કટિબંધના પ્રદેશોમાં આબોહવા ખુશનુમા હોવાથી લોકોની કાર્યક્ષમતા વધુ હોય છે.
- મોસમી આબોહવાના પ્રદેશોમાં વર્ષાઋતુ સિવાયના સમયમાં વિવિધ સામાજિક પ્રસંગોની ઉજવણીનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

### કુદરતી વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ

કુદરતી વનસ્પતિની વૃદ્ધિનો આધાર જમીન, તાપમાન અને ભેજ પર રહેલ છે. આ ઉપરાંત ઢોળાવ અને માટીની ઊંડાઈ/માટીના થરની જાડાઈ પર પણ કુદરતી વનસ્પતિની વૃદ્ધિને અસર કરે છે. આ ઘટકોમાં રહેલ વિભિન્નતાના કારણે જે-તે પ્રદેશની કુદરતી વનસ્પતિ ગીચ અને પ્રકારમાં ફેરફાર જોવા મળે છે.

કુદરતી વનસ્પતિનું મુખ્ય ત્રણ વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવે છે :

**(1) જંગલ :** વનસ્પતિ અનુકૂળ તાપમાન અને વરસાદવાળા પ્રદેશમાં ઊગે છે. તાપમાન અને વરસાદના આધારે ગીચ (સઘન) કે છૂટાછવાયાં જંગલ જોવા મળે છે.

**(2) ઘાસનાં મેદાન :** આ મધ્યમ વરસાદવાળા ક્ષેત્રમાં આવેલાં છે.

**(3) કાંટાળી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાં :** શુષ્ક અને ઓછા વરસાદવાળા પ્રદેશમાં આ વનસ્પતિ જોવા મળે છે.

કુદરતી વનસ્પતિઓના પ્રકારમાં ફેરફારનું મુખ્ય કારણ આબોહવામાં ફેરફાર છે. વિશ્વની કુદરતી વનસ્પતિઓ અને તેમાં જોવા મળતાં મુખ્ય પ્રાણીઓ વિશે જાણીએ.

### જંગલોના પ્રકાર

**(1) ઉષ્ણકટિબંધીય બારેમાસ લીલાં જંગલો :** આ જંગલોને ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો પણ કહે છે. આ ઘટાદાર જંગલો વિષુવવૃત્ત અને ઉષ્ણકટિબંધમાં જોવા મળે છે. આ પ્રદેશની આબોહવા ગરમ અને આખું વર્ષ ભારે વરસાદના કારણે ભેજવાળી છે. આ પ્રદેશની વનસ્પતિનાં પાંદડાં એકસાથે ન ખરતાં હોય તે બારેય માસ લીલાં રહેતાં હોય તેને બારેમાસ લીલાં જંગલો કહે છે. આ જંગલમાં રોઝવુડ, અબનૂસ, મોહ્ગની વગેરે જોવા મળે છે. ભારતમાં અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહોમાં આ પ્રકારનાં જંગલો જોવા મળે છે.

**(2) ઉષ્ણકટિબંધીય ખરાઉ જંગલો :** ઉષ્ણકટિબંધીય ખરાઉ જંગલોને પાનખર જંગલો પણ કહે છે. આ પ્રદેશમાં આબોહવા ગરમ અને વરસાદની માત્રા ઓછી હોય છે. ઉનાળાની ઋતુમાં 6થી 8 અઠવાડિયાં દરમિયાન વનસ્પતિનાં પાંદડાં ખરી પડે છે માટે તેને 'પાનખર' કે 'ખરાઉ જંગલો' તરીકે ઓળખાય છે. આ જંગલમાં કઠણ અને ઈમારતી લાકડું આપતી વનસ્પતિઓ જેવી કે સાગ, સાલ, લીમડો, સીસમ વગેરે થાય છે. આ જંગલો ભારતના ઉચ્ચપ્રદેશ, ડુંગરાળ

પ્રદેશ, ઉત્તર ઑસ્ટ્રેલિયા અને મધ્ય અમેરિકાના મોટા ભાગમાં આ પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે. આ જંગલોમાં વાઘ, એશિયાઈ સિંહ, હાથી, સોનેરી વાંદરાં, માંકડાં વગેરે પ્રાણીઓ જોવા મળે છે. આ પ્રદેશમાં મોર, બાજ, પોપટ, કાબર, કબૂતર, મેના વગેરે પક્ષીઓ મોટી સંખ્યામાં જોવા મળે છે.

**(3) સમશીતોષ્ણ બારેમાસ લીલાં જંગલો :** આ પ્રદેશનું તાપમાન સમ અને વરસાદ વધારે પ્રમાણમાં પડતો હોય છે. આ પ્રદેશમાં બારેમાસ લીલાં જંગલો જોવા મળે છે. આ જંગલો દક્ષિણ-પૂર્વ અમેરિકા, દક્ષિણ ચીન અને દક્ષિણ-પૂર્વ બ્રાઝિલમાં તેમજ ભારતના ઉત્તર-પૂર્વ પર્વતીય પ્રદેશમાં આ જંગલો જોવા મળે છે. આ જંગલમાં વાંસ, ચીડ અને નીલગિરિ જેવી મુખ્ય વનસ્પતિઓ થાય છે. આ જંગલોમાં હાથી, એક શીંગી ગેંડો વગેરે પ્રાણીઓ જોવા મળે છે.

**(4) સમશીતોષ્ણ ખરાઉ જંગલો :** આ જંગલો કર્કવૃત્તની ઉત્તર અને મકરવૃત્તની દક્ષિણ બાજુના પ્રદેશોમાં જોવા મળે છે. આ જંગલો ઉત્તર-પૂર્વ અમેરિકા, ચીન, ન્યૂઝીલૅન્ડ, ચીલી અને પશ્ચિમ યુરોપ તેમજ ઉત્તર ભારતમાં પણ જોવા મળે છે. આ જંગલમાં ઑક, મૅપલ જેવી મુખ્ય વનસ્પતિઓ જોવા મળે છે. આ જંગલોમાં હરણ, શિયાળ, વરુ જેવાં પ્રાણીઓ જોવા મળે છે.

**(5) ભૂમધ્ય સાગરનાં જંગલો :** આ જંગલો ભૂમધ્ય સાગર નજીકના પ્રદેશમાં જોવા મળે છે, જે મોટા ભાગનો યુરોપ, આફ્રિકા, એશિયા ખંડમાં જોવા મળે છે. આ પ્રદેશની આબોહવા ઉનાળામાં ગરમ-શુષ્ક, શિયાળામાં ઠંડી અને ભેજવાળી હોય છે. આ પ્રદેશમાં ખટાશવાળાં ફળોની વનસ્પતિ સંતરા, અંજીર, ઑલિવ (જૈતુન), દ્રાક્ષ વગેરે મુખ્ય જોવા મળે છે.

**(6) શંકુદ્રુમનાં જંગલો :** શીત આબોહવા ધરાવતા પ્રદેશો આશરે 50° ઉત્તરથી 70° ઉત્તર અક્ષાંશનો પ્રદેશ તેમજ ઊંચા પર્વતીય પ્રદેશોમાં આ જંગલો જોવા મળે છે. આ જંગલોની વનસ્પતિનો આકાર શંકુ જેવો હોય છે. આ જંગલોમાં ચીડ, દેવદાર, ફર વગેરે મુખ્ય વનસ્પતિઓ છે. આ વનસ્પતિઓનું લાકડું નરમ અને પોચું હોય છે. તે કાગળ, દીવાસળી કે પૅકિંગ માટે વધારે ઉપયોગી છે. આ પ્રદેશમાં વાંદરાં, ધ્રુવીય રીંછ, કસ્તૂરી મૃગ, યાક વગેરે જોવા મળે છે.



શંકુદ્રુમ જંગલ

## ઘાસનાં મેદાનો

**(1) ઉષ્ણકટિબંધીય ઘાસનાં મેદાનો :** આ પ્રદેશની આબોહવા ગરમ છે. અહીં વરસાદ મધ્યમથી ઓછો પડે છે. અહીં ઘાસ 3 થી 4 મીટર જેટલું  ઊંચું ઘાસ થાય છે. આફ્રિકામાં આવેલ સવાનાનું ઘાસનું મેદાન વિશ્વભરમાં પ્રખ્યાત છે. આ પ્રદેશમાં સિંહ, ચિત્તા, હાથી, ઝીબ્રા, જિરાફ, હરણ મુખ્ય પ્રાણીઓ જોવા મળે છે.

**(2) સમશીતોષ્ણ ઘાસનાં મેદાનો :** સમ આબોહવા ધરાવતા ખંડોના મધ્યમાં આવેલ પ્રદેશમાં ટૂંકું અને પૌષ્ટિક ઘાસ થાય છે. આ પ્રદેશમાં જંગલી ભેંસ, બાયસન અને કાળિયાર જેવાં પ્રાણીઓ જોવા મળે છે. ગુજરાતમાં ભાવનગરના વેળાવદર અને કચ્છના બન્ની વિસ્તારમાં આ પ્રકારનું ઘાસ થાય છે.

## કાંટાળી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરાં


રણપ્રદેશના જંગલ

રણપ્રદેશની આબોહવા ગરમ અને શુષ્ક હોય છે. આ પ્રદેશમાં વનસ્પતિ ઓછી જોવા મળે છે. આબોહવા સાથે અનુકૂલન સાધવા માટે વનસ્પતિ કાંટાળી હોય છે. આ વિસ્તારમાં બોરડી, થોર, બાવળ, ખીજડી વગેરે વનસ્પતિ જોવા મળે છે. આ પ્રદેશમાં ઊંટ, શિયાળ, ઝરખ જેવાં પ્રાણીઓ જોવા મળે છે. કચ્છના નાના રણમાં જોવા મળતું ઘુડખર પ્રાણી વિશ્વમાં અજોડ છે. આ ઉપરાંત મોટા રણમાં કાદવ-કીચડવાળા વિસ્તારમાં સુરખાબ પક્ષીઓ જોવા મળે છે. અહીં યાયાવર પક્ષીઓ પણ આવે છે. આ પ્રદેશમાં સાપ અને વીંછી પણ જોવા મળે છે.

આ ઉપરાંત પર્વતની ઊંચાઈવાળા પ્રદેશમાં ઠંડી અને શુષ્ક આબોહવાવાળા પ્રદેશમાં ઝાડી-ઝાંખરાં અને ટૂંકું ઘાસ થાય છે. હિમાલય અને લદાખમાં આવી વનસ્પતિઓ જોવા મળે છે. અહીં હિમદીપડા, ચિત્તા, પાન્ડા વગેરે પ્રાણીઓ જોવા મળે છે. કશ્મીરમાં પશ્મિનો બકરી જોવા મળે છે.

W7Y2U3

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં આપો :**

(1) ક્ષોભ-આવરણ વિષુવવૃત્ત પર કેટલા કિલોમીટર સુધી ફેલાયેલું છે ?

(2) ઉષ્ણકટિબંધીય બારેમાસ લીલાં જંગલોમાં કયાં વૃક્ષો જોવા મળે છે ?

(3) શંકુદ્રુમનાં જંગલોમાં કયાં પ્રાણીઓ વધુ જોવા મળે છે ?

(4) રણ પ્રદેશના લોકો સતત ઊડતી રેતીથી બચવા કેવો પોશાક પહેરે છે ?

(5) નૈર્ઋત્યના પવનો કોને કહેવાય છે ?

**2. ટૂંક નોંધ લખો :**

(1) સમશીતોષ્ણ ઘાસનાં મેદાનો

(2) ભૂમધ્ય સાગરનાં જંગલો

(3) સમતાપ આવરણ

(4) વાતાવરણનું દબાણ

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) આબોહવા એટલે શું ? આબોહવાની માનવજીવન પર થતી અસરો જણાવો.

(2) ઉષ્ણકટિબંધીય બારેમાસ લીલાં જંગલો વિશે જણાવો.

**4. યોગ્ય શબ્દ વડે નીચેની ખાલી જગ્યા પૂરો :**

(1) રેડિયો-તરંગોનું પરાવર્તન .......... આવરણને આભારી છે.

(2) પશ્મિનો બકરી ..........માં જોવા મળે છે.

(3) ધ્રુવો તરફથી ધ્રુવવૃત્તો તરફ વાતા ધ્રુવીય પવનો .......... હોય છે.

•

# 12 આપત્તિ અને વ્યવસ્થાપન

N5A9C6

આપત્તિ શબ્દ કાને પડવાની સાથે આપણને મનમાં ભય અને બીકના ભાવ જાગે છે. આપત્તિને સામાન્ય વ્યવહારમાં લોકો આપદા, હોનારત કે પ્રકોપ એવા નામે પણ ઓળખે છે. આપત્તિની સાથે વિનાશ અને નુકસાનની કલ્પના પણ આપણને આવ્યા વિના રહેતી નથી. આપત્તિનાં જોખમોની આપણે જાણકારી ધરાવીએ છીએ. અછત અને રાહત કામગીરી માટેના આયોજન માટે તેનાં માટેનાં કારણો જવાબદાર સંજોગોની વિગતો ધ્યાનમાં લેવી પડશે આ જાણકારી આપણને બચાવ માટે ખૂબ ઉપયોગી છે. આપત્તિ-વ્યવસ્થાપનના તજજ્ઞોએ આપત્તિઓને બે ભાગમાં વહેંચી છે. તેના પ્રકારો અને તેનાં વિવિધ સ્વરૂપોને વિગતે જાણીએ :

Z6F9J1

**આપત્તિઓ**

| કુદરતી આપત્તિઓ | | માનવસર્જિત આપત્તિઓ |
|---|---|---|
| ભૂકંપ | પૂર | આગ |
| **જ્વાળામુખી** | **ત્સુનામી** | **ઔદ્યોગિક અકસ્માત** |
| દુષ્કાળ | વાવાઝોડું | બૉમ્બ-વિસ્ફોટ |
| **દાવાનળ** | | **હુલ્લડ** |

ઉપર્યુક્ત ઘટનાઓ ભારે વિનાશ અને હાનિ પહોંચાડનારી હોય છે. પૂર, ત્સુનામી, વાવાઝોડું અને દુષ્કાળની પૂર્વ આગાહી શક્ય છે. તેથી તેનો બચાવ કરવા સમય મળે છે અને જાનહાનિ નિવારી શકાય છે. જ્યારે ભૂકંપ, જ્વાળામુખી અને દાવાનળની પૂર્વ આગાહી શક્ય નથી તેથી તે દ્વારા ભારે વિનાશ થવાની સંભાવના હોય છે.

અહીં આપણે કુદરતી આપત્તિઓ પૈકી ભૂકંપ, વાવાઝોડું, ત્સુનામી, પૂર અને દુષ્કાળ અંગે જાણીશું.

## ભૂકંપ

સામાન્ય રીતે પૃથ્વીસપાટીના કંપવાને ભૂકંપ કહે છે. આ ઘટના માટે પૃથ્વીના પેટાળમાં થતી ભૂગર્ભિગક ક્રિયાઓ જવાબદાર છે જે ક્ષેત્રો નબળું ભૂપૃષ્ઠ ધરાવે છે તે ભૂકંપની સંભાવનાવાળા વિસ્તારો ગણાય છે. આવા વિસ્તારો અલગ તારવી શકાય પણ ભૂકંપની ચોક્કસ આગાહી શક્ય નથી. તેથી જ્યારે આ આપત્તિ આવે ત્યારે જાન-માલની ભારે ખુવારી વેઠવી પડે છે.




ભૂકંપ

## ભૂકંપના સમયે રાખવાની સાવચેતી

| શું કરવું | શું ન કરવું |
|---|---|
| વર્ગખંડમાં પાટલી નીચે બેસી જવું. | રઘવાયા થઈ બૂમાબૂમ ના કરો. |
| વીજળીના થાંભલા અને તારથી દૂર રહો. | ઊંચા મકાનમાંથી નીચે ઊતરવા લિફ્ટ ના વાપરો. |
| સાચા સમાચારો રેડિયો કે ટીવી દ્વારા જાણો. | ખાતરી કર્યા વિના ઘરમાં ગૅસ કે વીજળીથી ચાલતાં ઉપકરણો ચાલુ ના કરો. |

### પ્રવૃત્તિ

આપેલા નકશાની મદદથી ગુજરાતના ભૂકંપનું જોખમ ધરાવતા જિલ્લાની યાદી



**જાણવું ગમશે**

ભૂકંપની તીવ્રતા રીક્ટર સ્કેલ નામના એકમમાં મપાય છે. જેમ તીવ્રતા વધુ તેમ વિનાશ વધારે હોય છે.

**ગુજરાતમાં ભૂકંપ-તવારીખ**

| ક્રમ | તારીખ | સ્થાન | રીક્ટર સ્કેલ-તીવ્રતા |
|---|---|---|---|
| (1) | 16 જૂન, 1819 | કચ્છ | 8.2 |
| (2) | 12 જુલાઈ, 1915 | અંજાર (કચ્છ) | 6.1 |
| (3) | 26 જાન્યુઆરી, 2001 | કચ્છ | 7.6/7.7 |

## વાવાઝોડું

વાતાવરણમાં હવાના દબાણમાં સર્જાતી અસમતુલાની પરિસ્થિતિથી પ્રચંડ વાતાવરણીય તોફાનો ઉદ્ભવે છે. તે વાવાઝોડું કે ચક્રવાત એવા નામે ઓળખાય છે. આ તોફાની વાતાવરણીય પવનો જે વિસ્તારોમાં ત્રાટકે છે ત્યાં ભારે તારાજી અને વિનાશ વેરે છે. ભારતના પૂર્વતટ અને મલબાર તટે તથા ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્રના કિનારે તેની ભારે વિનાશક અસરો અનુભવાય છે.

**વાવાઝોડા સમયે રાખવાની સાવચેતી**

| વાવાઝોડા પહેલાં | વાવાઝોડા દરમિયાન | વાવાઝોડા બાદ |
|---|---|---|
| વાવાઝોડાના સંભવિત વિસ્તારની વિગતો ચોકસાઈથી જાણી લો. | ચેતવણી મળતાં બધાં બારી-બારણાં બંધ કરી દો. | હવામાન સાફ થઈ જાય, પવન બંધ હોય તોપણ બહાર ના જશો. અચાનક પવન અને વરસાદ આવી શકે છે. |
| તંત્રની સૂચના મુજબ સ્થળાંતરિત થઈ જાઓ. | જો તમે શાળામાં હો તો વર્ગખંડની બહાર ના નીકળો. | લટકતા ખુલ્લા વાયરોથી દૂર રહો. |
| દરિયાની નજીક નીચાણવાળાં ક્ષેત્રોમાં હોય તો ત્યાંથી દૂર ઊંચાણવાળા વિસ્તારોમાં જતા રહો. | જો તમે વાહનમાં હો તો વીજળીના થાંભલા, ઝાડ, દરિયાથી દૂર ઊભું રાખી તેની અંદર રહો. | કુતુહલવશ એકત્ર થઈ રાહત અને બચાવકાર્યમાં અવરોધ ના કરો. |
| ખાવાની વસ્તુઓ, ટૉર્ચ, પીવાનું પાણી, કપડાં, રેડિયો જરૂરી દવાઓ વગેરે તૈયાર કરી લો. | બચાવ માટે ઊભા કરાયેલા આશ્રય સ્થાનના વ્યવસ્થાપકોની સૂચનાઓનું ચુસ્ત પાલન કરો. | તંત્ર દ્વારા સૂચના મળ્યા બાદ જ પરત ઘેર જવું. |
| વીજળી અને ગૅસનાં જોડાણો બંધ કરી દો. | પ્રાણીઓને ખીલેથી છોડી મૂકો. તે છૂટાં હશે તો પોતાનો બચાવ કરી શકશે. | રાહત અને બચાવની કામગીરીમાં મદદરૂપ બનો. |
| ચોક્કસ જાણકારી માટે રેડિયો સાંભળો. | જાહેરાતનાં બૉર્ડ કે વૃક્ષો નીચે આશ્રય ના લેવો. | મદદ માગવા સિવાયના ફોન ન કરવા. બિનજરૂરી ફોન કરવાથી નેટવર્ક ઠપ થતાં રાહત અને બચાવકામગીરીમાં વિક્ષેપ પડે છે. |

### ત્સુનામી

સમુદ્ર કે મહાસાગરના તળિયે થતા ભૂકંપ અને જ્વાળામુખી પ્રસ્ફોટનથી કે મોટા પાયા પરના સમુદ્રમાં થતા ભૂસ્ખલનથી પેદા થતાં વિનાશક મોજાં ત્સુનામી કહેવાય છે. જોકે ત્સુનામીની ઉત્પત્તિ માટે સાગરતળે થતાં ભૂકંપો કારણભૂત છે. ટૂંકમાં ભૂકંપીય સાગર-મોજાં ત્સુનામી તરીકે ઓળખાય છે. આ મોજાં તેના ઉત્પત્તિસ્થાનેથી વલય આકારે વિસ્તરી કિનારે આવે ત્યારે ભારે વિનાશકારી બની જાય છે. તેની ઝડપ કિનારે ઓછી થતાં તે વધુ ઊંચાઈ ધારણ કરે છે. કિનારે પાણીની દીવાલ બની આગળ વધી ભારે વિધ્વંસ મચાવે છે. જોકે હવે આધુનિક ઉપગ્રહ આધારિત સાધનોની મદદથી ત્સુનામીનો ચોક્કસ અંદાજ કાઢી શકાતો હોવાથી સૂચિત અસરવાળાં ક્ષેત્રોમાંથી લોકોને સમયસર સ્થળાંતરિત કરાવી જાનહાનિ અટકાવી શકાય છે. જોકે આવી ટેક્નોલૉજી કે સાધનો બધા દેશો પાસે નથી એ એક વાસ્તવિકતા છે.



ત્સુનામી

**જાણવું ગમશે**

26 ડિસેમ્બર, 2004ના રોજ આવેલા મહાવિનાશક ત્સુનામીમાં હિંદ મહાસાગરના તટવર્તી દેશો પૈકીના થાઇલૅન્ડ, ઇન્ડોનેશિયા, ભારત, શ્રીલંકા વગેરે દેશોમાંથી લગભગ 2 લાખ લોકોએ જાન ગુમાવ્યા હતા.

**ત્સુનામી સમયે રાખવાની સાવચેતી**

| ત્સુનામી પહેલાં | ત્સુનામી દરમિયાન | ત્સુનામી બાદ |
|---|---|---|
| સમુદ્રકિનારાથી દૂર ખસી જવું. | ઊંચાણવાળી જગ્યા ના છોડશો. | રેડિયો, ટીવી કે સોશિયલ મીડિયા પર આવતી આધારભૂત વિગતો મુજબ વર્તો. |
| રેડિયો પર આવતી સૂચનાઓ મુજબ વર્તો. | ત્સુનામી જોવાનો પ્રયત્ન ના કરો. | તંત્ર દ્વારા સૂચના મળ્યા બાદ જ ખાલી કરેલા વિસ્તારમાં જવું. ક્યારેક અગાઉ કરતાં વધુ ઊંચાં મોજાં પાછળથી આવી શકે છે. |
| સમુદ્રનાં મોજાં અસાધારણ ઊછળે, વિચિત્ર અવાજો આવે તો આ પૂર્વ ચેતવણીના સંકેતો છે, તો તરત કિનારાથી દૂર જતા રહો. | તંત્ર દ્વારા અપાતી સૂચનાઓ ચુસ્ત રીતે અનુસરો. | પોતાના મકાનમાં સલામતીની ખાતરી ન થાય તો પ્રવેશ ના કરો. |
| કીમતી સામાન અને ખોરાક, પીવાનું પાણી, દવાઓ, ટૉર્ચ વગેરે જરૂરી ચીજો સાથે રાખો. | કિનારાનાં ઊંચાં મકાનો પણ આશ્રય માટે સલામત નથી તેથી ત્યાં ના જાઓ. | પાણી, ગૅસ કે વીજળીનાં જોડાણોમાં આવેલાં ભંગાણની જાણ તંત્રને કરો. |

### જાણવું ગમશે

● આ પ્રકારની નિશાની ત્સુનામીની આવવાની સંભાવના દર્શાવતા વિસ્તારોની નિશાની





## પૂર

એકધારા વરસાદ કે અતિવૃષ્ટિને પરિણામે વિશાળ ભૂવિસ્તારોનું જળમગ્ન થવું તેને પૂર કહે છે. સામાન્ય રીતે આપણે આ ઘટનાને નદી સાથે જોડીએ છીએ. પૂર માટે કુદરતી ઢોળાવને અવગણી કરાયેલ બાંધકામ, કુદરતી જળનિકાલના માર્ગોમાં અવરોધ જેવાં માનવસર્જિત કારણો પણ જવાબદાર છે. મોટાં શહેરોમાં વધુ વરસાદથી ક્યારેક જળ ભરાવાની સ્થિતિ પૂરનું સ્વરૂપ ધારણ કરે છે.



પૂર




### પ્રવૃત્તિ

● આપેલ ગુજરાતના નકશાને આધારે સંભવિત પૂરની શક્યતા ધરાવતા વિસ્તારોની વિગતો શિક્ષકની મદદથી જાણો.

## પૂર સમયે રાખવાની સાવચેતી

| પૂર પહેલાં | પૂર દરમિયાન | પૂર બાદ |
|---|---|---|
| સ્થાનિક કક્ષાએ પૂરના વિસ્તારોથી વાકેફ રહો. | ઘરનાં ગૅસ અને વીજળીનાં જોડાણો બંધ કરી દો. | પૂરનાં પાણીથી બનાવેલ ખોરાક ના ખાશો. |
| ઊંચા વિસ્તારોની માહિતી રાખો અને પૂર દરમિયાન ત્યાં સ્થળાંતર કરો. | તમારું વાહન પૂરમાં ફસાય ત્યારે તરત તેની બહાર નીકળી જવું અને 7-8 વ્યક્તિનું જૂથ બનાવી એકબીજાના હાથ પકડી પ્રવાહ બહાર નીકળવા પ્રયત્ન કરો. | પાણીને જંતુરહિત બનાવી ઉપયોગમાં લો. રસ્તા ખુલ્લા થયાની જાણકારી વગર બહાર ના જશો. |
| પૂરની તંત્ર દ્વારા અપાતી ચેતવણી મુજબ વર્તો. | પ્રાણીઓને ખીલેથી છોડી મૂકો. તે છૂટાં હશે તો પોતાનો બચાવ કરી શકશે. | સાપ, વીંછીના ઉપદ્રવ સામે સજાગ રહો. |

### પ્રવૃત્તિ

- તમારા ગામ કે શહેરમાં પાણી ભરાતું હોય તેવા વિસ્તારોની યાદી બનાવો.
- તમારા ગામ કે શહેરમાં પડતા વરસાદના પાણીનો નિકાલ કેવી રીતે થાય તેની વિગતો વડીલો પાસેથી જાણો.
- પૂર-સમસ્યા હલ કરવા કયાં-કયાં પગલાં ભરવાં પડે તેના ઉપાયો વિશે ચર્ચાસત્ર ગોઠવો.

### દુષ્કાળ

દુષ્કાળ એ વિનાશકારી અને લાંબા સમય સુધી પોતાની માઠી અસરો છોડે એવી કુદરતી આપત્તિ છે. આ આપત્તિ સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે અત્યંત આવશ્યક એવા પાણી અને ખોરાક સાથે જોડાયેલી છે. મોસમી આબોહવામાં દુષ્કાળ સમયાંતરે પડવા એવી લાક્ષણિકતા છે. જે વર્ષે વરસાદ ઓછો કે સાવ ના વરસે ત્યારે આ સમસ્યા ઉદ્ભવે છે. અછતની સ્થિતિમાં ખેતી અને જીવસૃષ્ટિને પાણીના અભાવે ભારે હાનિ થાય છે અને મનુષ્યો માટે અનાજની સમસ્યા તથા પાલતુ પ્રાણીઓ માટે ચારાની સમસ્યા સર્જાય છે. અગાઉ દુષ્કાળમાં ભૂખમરાથી ભારે જાનહાનિ થતી હતી પણ આધુનિક સમયમાં યોગ્ય વ્યવસ્થાપનથી જાનહાનિ અટકાવી શકાય છે.


દુષ્કાળ

## દુષ્કાળ સમયે લેવાનાં પગલાં

| દુષ્કાળ પહેલાં | દુષ્કાળ દરમિયાન | દુષ્કાળ બાદ |
|---|---|---|
| પાણીના ઉપલબ્ધ જથ્થા મુજબ આયોજન કરવું–ટપક સિંચાઈનો પ્રચાર | રાહત દરે અનાજની વિતરણની વ્યવસ્થા ગોઠવવી. | ભાવિ આયોજનમાં જળસંચયનાં કામોને અગ્રતા આપવી. |
| અનાજમાં માપબંધી દાખલ કરવી. | તાકીદ સિવાયનાં બાંધકામ બંધ રાખવાં. | અનાજના બફર સ્ટૉક માટે આયોજન કરવું. |
| અનાજનો બગાડ અટકાવવા ભોજન-સમારંભો પર પ્રતિબંધ | અનાજ અને ઘાસચારાની સંઘરાખોરી સામે પ્રતિબંધાત્મક પગલાં ભરવાં. | નદીઓને એકબીજા સાથે જોડી સમુદ્રમાં વહી જતાં પાણીને રોકવું. |

## આપત્તિની અસરો

(1) ભૂકંપ, પૂર, ત્સુનામી, વાવાઝોડું જેવી આપત્તિ ભારે પ્રમાણમાં જાનમાલનું નુકસાન કરે છે.

(2) આપત્તિગ્રસ્ત ક્ષેત્રોમાં રસ્તા, મકાનો, જાહેર સગવડનાં મકાનો ફરીથી બાંધતાં વર્ષો નીકળી જાય છે.

(3) જે પરિવારોએ પોતાના સ્વજનો આપત્તિમાં અકાળે ગુમાવ્યા હોય તેવા લોકોને ભારે શોક અને હતાશા ઘેરી વળે છે.

(4) જે પરિવારોએ કમાનાર વ્યક્તિ ગુમાવ્યા હોય તેમની સ્થિતિ ભારે કફોડી થાય છે.

(5) આપત્તિમાં જે લોકો કાયમી વિકલાંગતાનો ભોગ બને તેમના પુનર્વસનની સમસ્યા ભારે વિકટ હોય છે.

આ પ્રકારની મુખ્ય અસરો જોવા મળે છે. આપત્તિઓની અસરો ઓછા-વધતા અંશે તમામ લોકો પર પડે છે પણ તેની સૌથી માઠી અસરો ગરીબ માણસો અને અભાવગ્રસ્તો પર વધુ થાય છે. માનવજીવન પર તેની વિઘાતક અસરો ઓછી કરવા સાવચેતી, લોકજાગૃતિ અને તંત્રને સજ્જ કરવા જેવાં પગલાં ભરવાથી તેની વિનાશક તીવ્રતા ઓછી કરી શકાય છે. આપત્તિ કે અકસ્માતોની કેટલીક ઘટનાઓ માનવસર્જિત હોય છે. જો આપણે સાવચેતી કે અગમચેતી દાખવીએ તો આવી ઘટનાઓ નિવારી શકાય છે. ઘણી વાર આપત્તિ સમયે લોકો રાહત કે બચાવકાર્યમાં મદદરૂપ થવાના બદલે તે કામગીરીમાં અવરોધ કે વિલંબ થાય તે રીતે વાહનો ઊભાં રાખીને મોબાઇલ ફોનથી વિડિયો ઉતારવા માંડે છે. જેના લીધે અસરગ્રસ્તોના જીવનું જોખમ પણ સર્જાય છે. આવા સમયે આપણે રાહત અને બચાવ કામગીરીમાં તંત્રને મદદરૂપ થવું જોઈએ.

### જાણવું ગમશે

**તીડ : પ્રકોપ-જૈવિક આપત્તિ**



તીડ

તીડ એ કીટક વર્ગમાં આવે છે. તેની 11,000થી પ્રજાતિઓ જોવા મળે છે. વળી તે ઝુંડમાં રહેવાનું પસંદ કરે છે. 2019-20માં ગુજરાતના રણવિસ્તાર અને રણકાંઠે આવેલી કચ્છ-બનાસકાંઠા-પાટણ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં તેનો ઉપદ્રવ જોવા મળ્યો હતો. ગુજરાતમાં જોવા મળેલાં તીડ, 'રણતીડ' કે 'ખાઉંધરાં તીડ' નામે ઓળખાય છે. આ પ્રજાતિના તીડ કરોડોની સંખ્યામાં ઝુંડ રૂપે ત્રાટકે છે. તેના જીવનકાળ દરમિયાન પોતાના વજનથી હજારગણું ખાય જાય છે. પોતાના સ્થળાંતર માર્ગમાં એ જ્યાં ઊતરે ત્યાં ખેતીપાક-લીલી વનસ્પતિ-વૃક્ષોનાં પાંદડાંને આહાર બનાવીને એ વિસ્તારના ખેતપાકોને સફાચટ કરી મૂકે છે. જે ક્ષેત્રોમાં તીડનો ઉપદ્રવ થાય ત્યાં ખેતીપાકોના અભાવે અનાજની દુષ્કાળ જેવી પરિસ્થિતિ થાય છે. જોકે આજના આધુનિક વાહન-વ્યવહારની સુવિધાના સમયમાં અન્ય પ્રદેશોમાંથી અનાજ લાવી આ તંગી દૂર કરી શકાય છે.

તીડનો નાશ કરવા ખેતીવાડી વિભાગની સૂચના મુજબ ખાસ દવાઓનો છંટકાવ કરવાથી તેનો નાશ કરી શકાય છે.

## સ્વાધ્યાય

R9N5H3

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) આપત્તિને સામાન્ય વ્યવહારમાં લોકો આપદા, હોનારત કે ......... નામે ઓળખાય છે.

(2) પ્રચંડ વાતાવરણીય તોફાનો ને વાવાઝોડું કે ......... નામે ઓળખાય છે.

(3) સાગરના તળિયે થતા ભૂકંપોથી ઉદ્‌ભવતા વિનાશકારી મોજાં ......... નામે ઓળખાય છે.

**2. યોગ્ય રીતે જોડકાં જોડો :**

| (અ) | (બ) |
| --- | --- |
| (1) ભૂકંપ | (A) આગાહી કરી શકાય છે. |
| (2) પૂર | (B) આગાહી કરવી શક્ય નથી. |

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) કુદરતી આપત્તિનાં કોઈ પણ ચાર નામ લખો.

(2) વાવાઝોડું એટલે શું ?

(3) પૂર આવવા માટે કયાં-કયાં કારણો જવાબદાર છે ?

**4. માંગ્યા મુજબ ઉત્તર આપો :**

(1) ભૂકંપ સમયે કઈ-કઈ સાવચેતીઓ રાખવી જોઈએ.

(2) આપત્તિની અસરો જણાવો.

### પ્રવૃત્તિ

- ત્સુનામી મોજાંની આકૃતિ પાઠ્યપુસ્તકમાં જોઈ તમારી નોટબુકમાં દોરો.




વધુ વિગતો જાણવા કોઈ વડીલ કે તમારા શિક્ષકની મદદથી નીચેની વેબસાઇટની મુલાકાત લો.

www. gsdma.org

# 13 સંસાધનોનું જતન અને સંરક્ષણ

V8Q7Z3

## સંસાધન

પૃથ્વી પરથી મળતા અને માનવીને ઉપયોગમાં આવતા કુદરતી પદાર્થોને સંસાધન કહે છે. હવા, જળ, જમીન, વનસ્પતિ અને ખનીજોના સ્વરૂપમાં આપણને મળેલી કુદરતી બક્ષિસ એટલે કુદરતી સંસાધન. સંસાધનો રાષ્ટ્રીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. તે લોકોની શક્તિ અને સમૃદ્ધિના આધારસ્તંભો છે. સંસાધનોની કેટલીક ચોક્કસ વિશિષ્ટતાઓ અને ઉપયોગિતાઓ છે. સામાન્ય રીતે સંસાધનો મર્યાદિત માત્રામાં ઉપલબ્ધ છે. તે સંસાધનોને વધુ ઉપયોગી બનાવવા આપણે વિવિધ તકનિકોનો ઉપયોગ કરવો જોઈએ.

## સંસાધનોના પ્રકાર

સંસાધનો આપણને વિવિધ રીતે ઉપયોગી છે. ખેતીથી શરૂ કરી ઉદ્યોગ અને પરિવહનની પ્રવૃત્તિ સુધીની તમામ પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કુદરતી સંસાધનો આપણને ઉપયોગી છે. ખોરાક તરીકે, જમીન અને વનસ્પતિમાંથી પ્રાપ્ત થતી વિવિધ સામગ્રી ઈંધણ અને ઊર્જા તરીકે સંસાધનો આપણને ઉપયોગી છે.

સંસાધનોને સામાન્યતઃ બે જૂથોમાં વહેંચવામાં આવે છે : કુદરતી અને માનવનિર્મિત. ભૂમિ, જળ, ખનીજો અને જંગલોનો કુદરતી સંસાધનોમાં સમાવેશ થાય છે. તેમાં પણ બે પ્રકાર પડે છે : જૈવિક અને અજૈવિક. ભૂમિ, હવા, જળ, જમીન અજૈવિક સંસાધનો છે જ્યારે જંગલો અને પ્રાણીઓ જૈવિક સંસાધનો છે. માનવીએ સર્જેલા ઔદ્યોગિક એકમો, સ્મારકો, ચિત્રકળા અને સામાજિક સંસ્થાઓ વગેરે માનવનિર્મિત સંસાધનો છે. મનુષ્યમાં રહેલા જ્ઞાન, બુદ્ધિ, કૌશલ્ય, સ્વાસ્થ્ય અને અન્ય ગુણોનો સમાવેશ માનવસંસાધનમાં થાય છે. કુદરતી સંસાધનોના વિકાસ માટે માનવસંસાધન હોવું જરૂરી છે.

કેટલાંક એવાં સંસાધનો છે જે ચોક્કસ સમયમાં સ્વયંનિર્માણ પામે છે. ઝાડ-પાન, પશુ-પક્ષી વગેરેમાં પોતાની જાતે પેદા થવાની ક્ષમતા હોય છે. આમ વન અને વન્યજીવ ચોક્કસ સમયમાં નિર્માણ પામતાં રહે છે.

## સંસાધનોના સંરક્ષણ

કુદરતી સંસાધનો મર્યાદિત છે, જ્યારે માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તક્નીકી ક્ષેત્રે થયેલા અસાધારણ વિકાસ અને વસ્તીવિસ્ફોટથી સંસાધનોનો ઉપયોગ ખૂબ વધી ગયો છે. આ પરિસ્થિતિ વિશે ગંભીરતાથી નહિ વિચારીએ તો આપણે તેનાં માઠાં પરિણામો ભોગવવાં પડશે. એટલે જ ભવિષ્યની પેઢીઓ માટે સંસાધનોનું રક્ષણ કરવું એ આપણી સૌની ફરજ છે. સંસાધનોનું રક્ષણ એટલે સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કેટલાંક સંસાધનો પોતાની મેળે જ ચોક્કસ સમયમાં હિસ્સાની પૂર્તિ કરે છે અથવા અખૂટ હોય છે જેને નવીનીકરણીય સંસાધનો કહેવાય છે. જેમ કે જંગલો, સૂર્યપ્રકાશ. એકવાર વપરાયા પછી પુનઃ ઉપયોગમાં લઈ શકાતાં નથી કે બનાવી શકાતાં નથી તેને અનવીનીકરણીય સંસાધનો કહેવામાં આવે છે. જેમ કે પેટ્રોલિયમ, ખનીજ કોલસો, કુદરતી વાયુ.

## સંસાધન

- ભૂમિ-સંસાધન
- જળ-સંસાધન
- જંગલ સંસાધન
- કૃષિ-સંસાધન
- પ્રાણી (વન્યજીવ) સંસાધન
- ખનીજ સંસાધન

આ ઉપરાંત માનવી પણ સ્વયં એક સંસાધન છે. સંસાધનોને માલિકી, પુનઃપ્રાપ્યતા વિતરણ ક્ષેત્રના આધારે પણ વર્ગીકૃત કરવામાં આવે છે.

## ભૂમિ-સંસાધન

**જમીનનિર્માણ :** સામાન્ય રીતે ભૂ-સપાટીનું ઉપલું પડ જેમાં વનસ્પતિ ઊગે છે તેને આપણે જમીન કહીએ છીએ. જમીન પૃથ્વીના પોપડા પરના અનેકવિધ કણોથી બનેલું એક પાતળું પડ હોય છે. ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટીની રજ કે જે અજૈવિક છે, તેને 'રેગોલિથ' કહે છે. તેમાં જૈવિક દ્રવ્યો હવા અને પાણી ભળતાં 'જમીન' બને છે. ખેતીના સંદર્ભમાં કોઈ પણ દેશોનો આર્થિક વિકાસ તે દેશની જમીનની ગુણવત્તા અને પ્રકાર પર આધાર રાખે છે.

**જમીનના પ્રકાર :** ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) દ્વારા ભારતની જમીનને કુલ આઠ પ્રકારમાં વહેંચવામાં આવી છે : (1) કાંપની જમીન (2) રાતી અથવા લાલ જમીન (3) કાળી જમીન (4) લેટેરાઇટ જમીન (5) રણ પ્રકારની જમીન (6) પર્વતીય જમીન (7) જંગલ પ્રકારની જમીન (8) દલદલ પ્રકારની જમીન.

**જમીનનું ધોવાણ અને સંરક્ષણ :** જમીનનું ધોવાણ ગતિશીલ પાણી કે હવા દ્વારા થાય છે. જમીનના ઉપલા કણોનું ઝડપથી કુદરતી બળો દ્વારા અન્યત્ર સ્થળાંતરણ થઈ જવું તેને જમીનનું ધોવાણ કહે છે. આવું થવાથી જમીન ખેતીની ઉપજમાં ઘટાડો થાય છે. તેને અટકાવવું જોઈએ.

**જમીનધોવાણ અટકાવવાના ઉપાયો :** પડતર જમીનોમાં વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ, જ્યાં ઢોળાવવાળી જમીન છે ત્યાં પગથિયાં પદ્ધતિથી ખેતી કરવી જોઈએ. આડબંધ બાંધવા જોઈએ. જમીન પર ચરાણ પ્રવૃત્તિઓને નિયંત્રણમાં લેવી જોઈએ.

## ભૂમિ-સંરક્ષણ

ભૂમિ-સંરક્ષણ એટલે જમીનનું ધોવાણ રોકીને જમીનની ગુણવત્તા જાળવવી. નદીના કોતરો અને પહાડી ઢોળાવો પર વૃક્ષો ઉછેરવાં. રણની નજીકનાં ક્ષેત્રોમાં વાતાં પવનોને રોકવા, વૃક્ષોની હારમાળા ઉગાડવી. અનિયંત્રિત ચરાણને અટકાવવું જોઈએ. ફળદ્રુપતા ગુમાવી બેઠેલી જમીનમાં પુનઃ સેન્દ્રિય પદાર્થનું ઉમેરણ કરવું જોઈએ. આમાં સૌએ સાથે મળી સહિયારા પ્રયાસો કરવા જોઈએ.

**પ્રવૃત્તિ**

- વિવિધ પ્રકારની જમીનના નમૂના એકત્ર કરી તેનું પ્રદર્શન ગોઠવવું.

## જળ-સંસાધન

પૃથ્વી પર પીવાલાયક પાણીનું પ્રમાણ આશરે 3 % જેટલું છે. પૃથ્વીનો ત્રીજો ભાગ જળવિસ્તાર ધરાવે છે.

પાણી કુદરત થકી મળેલી અણમોલ ભેટ છે. જળ એ જીવનની પ્રાથમિક માનવીની રોજબરોજની પ્રવૃત્તિઓ, ઉદ્યોગો અને ખેતી માટે જળ ખૂબ જ ઉપયોગી સ્રોત છે. જળ સંસાધનોમાં મહાસાગરો, ઉપસાગરો, નદીઓ, સરોવરો, ભૂમિગત જળ વગેરેનો સમાવેશ થાય છે. પૃથ્વી પર જળ સંસાધનોનો મુખ્ય સ્રોત વરસાદ છે. બધા જ સ્રોત વરસાદ આભારી છે. પુષ્ટીય જળસ્રોતોમાં નદી, સરોવર, તળાવ, ઝરણાં વગેરેનો સમાવેશ થાય છે તેમાં મુખ્ય સ્રોત નદી ગણાય છે.

**પ્રવૃત્તિ**

- તમારી આજુબાજુનાં સિંચાઈ માધ્યમોની યાદી બનાવો અને અનુકૂળતાએ તેની મુલાકાત શિક્ષકના માર્ગદર્શનમાં ગોઠવો.

## જળતંગી

પાણી કુદરત થકી મળેલી અણમોલ ભેટ છે. વધતીજતી વસ્તી માટે અનાજની વધતી માંગ, રોકડિયા પાકો ઉગાડવા, શહેરીકરણ અને ઊંચા જીવનધોરણના પરિણામે પાણીની માંગ નિરંતર વધતી જાય છે તે પ્રકારની ગંદકીની સફાઈ પણ ઉપયોગી છે. હાલમાં આપણા દેશના ઘણા ભાગોમાં જળતંગીનું સંકટ વધતું જાય છે. પેયજળની અછત જોવા મળે છે. વર્તમાન સમયમાં ભૂમિગત જળને ટ્યૂબવેલ દ્વારા બહાર કાઢતા ભૂમિગત જળસ્તર નીચું ગયું છે. આજે દેશમાં પાણીની ઘટતી ઉપલબ્ધતા અને વધતીજતી અછત જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

## જળ-સંસાધનોની જાળવણી અને વ્યવસ્થાપન

આજે ઉપલબ્ધ જળ મર્યાદિત માત્રામાં છે. પ્રદૂષિત જળની ખૂબ મોટી સમસ્યા છે. જેથી પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ અને તેની જાળવણીના ઉપાયો હાથ ધરવાની આવશ્યકતા છે. જળ એ આપણી સહિયારી સંપદા છે. જળ-સંરક્ષણ માટે સામાન્ય ઉપાયો જેવા કે વધુમાં વધુ જળાશયોનું નિર્માણ કરવું, ભૂમિગત જળને ઉપર લાવવાના પ્રયત્નો કરવા, નદીઓના પાણીને રોકી જળ-સંચયન કરવાની જરૂરિયાત છે. વરસાદ જળને રોકી એકઠું કરવાના ઉપાયો પણ કરવા જોઈએ. જેમ કે બંધારા તૈયાર કરવા, શોષકૂવા બનાવવા, ખેત-તલાવડી વગેરેનું નિર્માણ કરવું જોઈએ. આ સિવાય લોકજાગૃતિ લાવી જળ-સંરક્ષણમાં લોકભાગીદારી વધારવી. બાગ-બગીચા, શૌચાલયોમાં વપરાતાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. જળાશયો, નદીઓને પ્રદૂષણથી બચાવવા. ભૂમિગત જળનો ઉપયોગ કરતાં એકમો પર દેખરેખ રાખવી જોઈએ.

**પ્રવૃત્તિ**

- કેટલાક કૂવા સાવ સૂકા હોય છે.
- કેટલાક કૂવાનું પાણી ઉનાળામાં ઘટી જાય છે.
- કેટલાક કૂવામાં પાણી માત્ર ચોમાસામાં જ જોવા મળે છે.
- ક્યારેક પાતાળ કૂવામાંથી પણ પાણી મળતું બંધ થઈ જાય છે. આવું કેમ થતું હશે ? વિચારીને કહો.

### ખનીજ સંસાધન

વર્ષો પહેલાં માનવી શિકાર માટે પથ્થરમાંથી બનાવેલાં ઓજારોનો ઉપયોગ કરતો. એટલે કે માનવીનો ખનીજ સાથેનો સંબંધ ખૂબ જૂનો અને ગાઢ છે. માનવ-સંસ્કૃતિમાં માનવવિકાસના તબક્કા ખનીજોનાં નામ પરથી ઓળખાય છે. જેમકે પાષાણયુગ, તામ્રયુગ, કાંસ્યયુગ, લોહયુગ, વર્તમાન સમયને અણુયુગ કહે છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી ખનીજોનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે. ભારત પાસે પૂરતા પ્રમાણમાં ખનીજસંપત્તિ હોવાથી વિશ્વના દેશો સાથે કદમ મિલાવવા આગળ વધી રહ્યું છે.

W7A2D2

**પ્રવૃત્તિ**

- તમે રોજબરોજનાં કામમાં કઈ-કઈ ખનીજોનો ઉપયોગ કરો છો તેની યાદી બનાવો. કોઈ પણ બે ખનીજ વિશે ટૂંકમાં નોંધ લખો.

### ખનીજ-સંરક્ષણ

ઔદ્યોગિક ક્રાંતિ પછી તક્નીકી વિકાસ અને વધતી વસતિની માંગને કારણે કુદરતી સંસાધનોનો ઉપભોગ ચરમ સીમાએ પહોંચ્યો છે. જેથી કેટલાક ખનીજો ખૂટી જવાનો ભય ઊભો થયો છે. ખનીજસંપત્તિનો આજે ખૂબ મોટા પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો છે. પેટ્રોલિયમ પદાર્થો જેવા ખનીજ ખૂટી જવાના આરે આવીને ઊભા છે.

જેથી ખનીજ સંસાધનોનો ખૂબ કરકસરભર્યો ઉપયોગ કરવો જોઈએ. તેનું સંરક્ષણ પણ એક પ્રકારની બચત જ છે. ખૂટી પડવાના આરે આવેલા ખનીજોનો વિકલ્પ શોધાય એ પણ જરૂરી છે. શક્ય હોય ત્યાં ખનીજોનો પુનઃ ઉપયોગ થઈ શકે તેવી પ્રક્રિયાઓ કરવી જોઈએ.

### વન અને વન્યજીવ સંસાધન

માનવનું અસ્તિત્વ અને પ્રગતિ વિવિધ સંસાધનોને આભારી છે. કુદરત પાસેથી આપણે વિભિન્ન ચીજો મેળવી આપણી જરૂરિયાતો પૂર્ણ કરતા રહ્યા છીએ. જેમાં જંગલો અતિ મહત્ત્વનું સંસાધન છે. સાથે વન્યજીવન પણ નિરાળું અને વૈવિધ્યસભર છે. ભારતીય સંસ્કૃતિમાં પણ વનનું ખૂબ મહત્ત્વ દર્શાવાયું છે.

#### જંગલોનું મહત્ત્વ :

જંગલો આપણને અનેક રીતે ઉપયોગી છે. જંગલમાંથી મળતું સાગ અને સાલનું લાકડું ઈમારતી લાકડાં તરીકે વપરાય છે. તેમાંથી ઘરનું ફર્નિચર વગેરે બનાવવામાં આવે છે. દેવદાર અને ચીડનાં લાકડાંમાંથી રમતગમતનાં સાધનો બને છે. વાંસમાંથી ટોપલા, ટોપલી, કાગળ, રેયૉન વગેરે બનાવી શકાય છે. જંગલમાંથી લાખ, ગુંદર, મધ, ઔષધિ વગેરે આપણને મળે છે. જંગલમાં રહેતી પ્રજાને આજીવિકા પૂરી પાડે છે.

જંગલોનું આર્થિક મહત્ત્વ સાથે પર્યાવરણીય મહત્ત્વ પણ વિશેષ છે. જંગલો આબોહવાને વિષમ બનતી અટકાવી ભેજ જાળવી રાખે છે, તેમજ વધુ વરસાદ લાવવા ઉપયોગી છે. ભૂમિગત જળને ટકાવી રાખવામાં પણ મદદરૂપ થાય છે તથા જમીનનું ધોવાણ થતું પણ અટકાવે છે. વાતાવરણમાં ઑક્સિજન અને કાર્બન ડાયૉક્સાઈડનું સમતુલન જાળવવામાં મદદ કરે છે.

**પ્રવૃત્તિ**

- તમારી આસપાસ થતી વનસ્પતિની યાદી બનાવો. આ વનસ્પતિ તમને કઈ-કઈ રીતે ઉપયોગી છે તેના વિશે નોંધ લખો.

ભારતમાં જંગલોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. સૌથી વધુ જંગલ અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહમાં તેમજ મિઝોરમ, મણિપુર, ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ રાજ્યોમાં આવેલાં છે. ઉત્તર-પૂર્વનાં પર્વતીય ક્ષેત્રોમાં જંગલનું પ્રમાણ 60 ટકાથી વધુ છે. ગુજરાતમાં તેના કુલ ક્ષેત્રના (સ્ટેટ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ 2017-18)ના રીપોર્ટ અનુસાર 11.18 % વિસ્તારમાં જંગલો આવેલાં છે. રાષ્ટ્રીય વનનીતિ અનુસાર કુલ ભૂમિ ભાગના 33 % વિસ્તારમાં જંગલો હોવાં જોઈએ. ભારતમાં જંગલોનું પ્રમાણ લગભગ 23 % જેટલું જ છે.

### વન–સંરક્ષણ

આજે જંગલો ઝડપથી નષ્ટ થઈ રહ્યાં છે. ઘટતાં જતાં જંગલો વિશ્વની મોટી સમસ્યા બની છે. વન ઘટવાનાં ઘણાં કારણો છે. જેમકે માનવીની જમીન મેળવવાની ભૂખ, ઉદ્યોગો માટે કાચો માલ મેળવવા, ઈમારતી લાકડું મેળવવા, શહેરીકરણ વગેરેનાં લીધે જંગલો ખૂબ ઝડપથી ઘટી રહ્યાં છે.

જંગલોના આડેધડ વિનાશથી કેટલાંક માઠાં પરિણામો પર્યાવરણને ભોગવવાં પડ્યાં છે : (1) પ્રદૂષણમાં વધારો (2) વરસાદનું પ્રમાણ ઘટવું (3) દુષ્કાળ (4) જમીનનું ધોવાણ (5) નિરાશ્રિત વન્ય પશુઓ અને તેમની ઘટતી સંખ્યા (6) વૈશ્વિક તાપમાનમાં વધારો (7) પ્રાકૃતિક સૌંદર્ય નાશ પામવું વગેરે ભારતીય બંધારણમાં 'વનો, સરોવરો, નદીઓ, વન્ય પ્રાણીઓ સહિત કુદરતી પર્યાવરણનું સંરક્ષણ કરવાની અને તેની સુધારણા કરવાની તથા જીવો પ્રત્યે અનુકંપા દર્શાવવાની નાગરિકની મૂળભૂત ફરજ છે.' વન અને વન્ય જીવોને કાયદા દ્વારા પણ રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. તેમાં સજાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

### વન-સંરક્ષણના કેટલાક ઉપાયો નીચે મુજબ છે :

- પર્યાવરણ-શિક્ષણ અને પર્યાવરણીય જાગૃતિ લાવવાથી વન-સંરક્ષણ કરી શકાશે.
- વિવિધ સ્પર્ધાઓ, પ્રવૃત્તિઓ દ્વારા જંગલોનું મહત્ત્વ સમજાવવું.
- જંગલખાતાના કાર્યક્ષેત્રને ગુણવત્તાસભર બનાવવું.
- પડતર જમીનમાં વૃક્ષારોપણ કરાવવું.
- શાળામાં ઈકો-ક્લબની રચના કરી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવી.
- વૃક્ષારોપણ, વન-મહોત્સવ જેવા કાર્યક્રમોને મહત્ત્વ આપવું.

**ઊજવણીના વિવિધ દિવસો**

- **21મી માર્ચ :** વિશ્વ વનદિન
- **5મી જૂન :** વિશ્વ પર્યાવરણ દિન
- **4 ઑક્ટોબર :** વન્ય પ્રાણીદિવસ
- **29 ડિસેમ્બર :** જૈવવિવિધતા દિવસ

### વન્યજીવ સંસાધન

ભારતનું વન્યજીવન વૈવિધ્યસભર છે. વિશ્વનાં વિવિધ જંતુઓ અને અનેકવિધ પ્રાણીઓની પ્રજાતિ ભારતમાં આવેલી છે. પક્ષીઓ અને માછલાની પ્રજાતિમાં પણ ઘણું વૈવિધ્ય જોવા મળે છે. સરિસૃપો, સસ્તન વર્ગના અને ઉભયજીવી પ્રાણીઓમાં ભારે વૈવિધ્ય જોવા મળે છે.

- જમ્મુ-કશ્મીર અને લદ્દાખમાં કશ્મીરી મૃગ, જંગલી બકરીઓ જોવા મળે છે.
- ઉત્તરાખંડ, કર્ણાટક, કેરલ, અસમ વગેરે રાજ્યોમાં હાથી જોવા મળે છે.
- એક શિંગી ગેંડો ભારતનું વિશિષ્ટ પ્રાણી છે. તે અસમ અને પશ્ચિમ બંગાળના દલદલીય ક્ષેત્રમાં વસે છે.
- કચ્છના નાના રણમાં અને તેને અડીને આવેલાં ક્ષેત્રોમાં ઘુડખર (જંગલી ગધેડા) જોવા મળે છે.



વાઘ

- ભારત જ એક એવો દેશ છે જ્યાં સિંહ, દીપડો અને વાઘ ત્રણેય જોવા મળે છે. સિંહ ગુજરાતના ગીરનાં જંગલોમાં વસે છે. વાઘ પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન હિમાલયનાં ક્ષેત્રો વગેરે જોવા મળે છે. રોયલ બેંગાલ ટાઈગર (બંગાળનો વાઘ) વિશ્વની આઠ જાતિઓમાંનો એક છે.
- દાંતા, જેસોર, વિજયનગર, ગુજરાતના ડેડિયાપાડા અને રતનમહાલ વિસ્તારમાં રીંછ જોવા મળે છે.
- ભારતમાં બતક, પોપટ, કાબર, કબૂતર, મેના વગેરે જાતિનાં પક્ષીઓ મોટી સંખ્યામાં જોવા મળે છે. ગુજરાતનું નળસરોવર શિયાળામાં આવતાં યાયાવર પક્ષીઓ માટે જાણીતું છે. સુરખાબ ગુજરાતનું રાજ્યપક્ષી છે.
- ભારતના સાગરકિનારે મેકરલ, ઝિંગા, બૂમલા, શાર્ક, ડોલ્ફિન, સાલમન વગેરે પ્રજાતિની માછલીઓ જોવા મળે છે.
- ભારતમાં વિવિધ પ્રકારનાં હરણ અને સાપની અનેક પ્રજાતિઓ જોવા મળે છે.
- હિમાલયનાં શીત વનોમાં લાલ પાંડા જોવા મળે છે.



રીંછ


ઘોરાડ


## લુપ્ત થતું વન્યજીવન

ગુજરાતનાં જંગલોમાંથી વાઘ અને ભારતનાં જંગલોમાંથી ચિત્તો લુપ્ત થયેલ છે. કેટલાંક પક્ષીઓ જેમાં ચકલી, ગીધ, સારસ, ઘુવડ, ઘોરાડ અને ઘડિયાળ (મગર), ગંગેય ડોલ્ફિન જેવાં પ્રાણીઓ લુપ્ત થવાનાં આરે છે. ગુજરાતની નર્મદા, તાપી, સાબરમતી વગેરે નદીઓમાં જોવા મળતી જળબિલાડી સંકટમાં છે.


લાલ પાંડા


ઘડિયાળ (મગર)


ગંગેય ડોલ્ફિન


જળબિલાડી

### વન્યજીવન સંરક્ષણ

સદીઓથી વન્યજીવોના સંરક્ષણ માટે કાયદા થતા આવ્યા છે. સમ્રાટ અશોકે વન્યજીવના રક્ષણ માટેના કાયદા કરાવ્યાની નોંધ ઇતિહાસમાંથી મળે છે. આજે પણ તે માટેના કાયદા છે. મોટા ભાગનાં રાજ્યોમાં 'સ્ટેટ વાઇલ્ડ લાઇફ'ની રચના થયેલ છે. અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ પણ તેના માટે કામ કરી રહી છે.

**વન્યજીવ સંરક્ષણ માટે નીચે મુજબના કાયદાના પગલાઓ લેવા જોઈએ :**

- વન્યજીવો પર થતા અત્યાચાર અને શિકાર-પ્રવૃત્તિને અટકાવવા કડક અમલ કરવો.
- જંગલના વન્યજીવોની ગણતરી સમયાંતરે કરવી જોઈએ.
- જંગલ વન્યજીવોને કુદરતી સંરક્ષણ પૂરું પાડે છે તેથી જંગલોનો વિનાશ થતો અટકાવવો જોઈએ.
- લોકોને વન્યજીવોનું મહત્ત્વ સમજાવી વન્યજીવ સંરક્ષણની સમજ આપવી જોઈએ.
- જંગલમાં લાગતી આગને ડામવા ઝડપથી પ્રયત્નો કરવા.
- વન્યજીવોને તબીબી સારવાર મળે તેવા પ્રયત્નો કરવા.
- વન્યજીવો માટે સંરક્ષિત ક્ષેત્રોનો વિકાસ કરવો જોઈએ.
- પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા જાગૃતિ લાવવી જોઈએ.
- વન્યજીવ સંદર્ભે વન્યજીવોની જરૂરિયાતો જેવી કે પાણી, ખોરાક, કુદરતી આવાસ પૂરતા પ્રમાણમાં મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

F5R2F1


### રણપ્રદેશનું જીવન

**(1) સહરાનું ગરમ રણ :** સહરાનું ગરમ રણ વિશ્વનું સૌથી મોટું રણ છે. આ રણ ઘણું વિશાળ છે.

સહરાની આબોહવા ગરમ અને શુષ્ક છે. વરસાદ ખૂબ ઓછો પડે છે. વનસ્પતિવિહોણા આ પ્રદેશમાં દિવસનું તાપમાન 50° સે સુધી પહોંચી જાય છે, તો રાત્રિનું 0° સે જેટલું નીચું પણ થઈ જાય છે.

### વનસ્પતિ અને પ્રાણીજગત

સહરાના રણમાં કાંટાળી વનસ્પતિ, ખજૂરનાં વૃક્ષો વગેરે આવેલાં છે. રણપ્રદેશ હોવાથી ખૂબ ઓછી વનસ્પતિ જોવા મળે છે. રણમાં ખજૂરનાં વૃક્ષોથી ઘેરાયેલાં રણદ્વીપ આવેલાં છે. શિયાળ, ઝરખ રણના વીંછી, કાચીંડા, રણની ઘો અને સાપ જેવા પ્રદેશમાં જોવા મળે છે.




સહરા રણ (આફ્રિકા ખંડ)



સહરાનું રણ



ખજૂરનાં વૃક્ષ



ખનીજ તેલક્ષેત્ર



પારંપરિક માટીનાં ઘર

### લોકો

સહરાની વિષમ આબોહવામાં પણ લોકજીવન ધબકતું જોવા મળે છે. જેમાં બેદુઈન, તુઆરેંગ અને બર્બર જેવી જનજાતિના લોકો વસે છે. મોટે ભાગે તેઓ ઘેટાં-બકરાં અને ઊંટ જેવાં પ્રાણીઓ પાળે છે. તેમાંથી તેઓ દૂધ, ચામડું અને ઊન પ્રાપ્ત કરી જીવનજરૂરી ચીજવસ્તુઓ જેવી કે જાજમ, કપડાં, ગરમ ધાબળા બનાવે છે. રણના વિસ્તારમાં આવેલી નાઈલ ખીણમાં જળજથ્થો ઉપલબ્ધ હોવાથી અહીં ખજૂર અને ઘઉં જેવા પાકો લેવાય છે.

સહરાના રણ-વિસ્તારમાં ખનીજ તેલ મળે છે. આ ઉપરાંત આ ક્ષેત્રોમાંથી લોખંડ, ફૉસ્ફરસ, મેંગેનીઝ અને યુરેનિયમ જેવી ખનીજો પણ મળે છે. ખનીજોનું વધુ પ્રમાણમાં ઉત્પાદન થતું હોવાથી કેટલાક પ્રદેશોના લોકજીવનમાં ખૂબ મોટા ફેરફાર થવા લાગ્યા છે. કાચા-માટીનાં મકાનોના બદલે પાકાં મકાન અને રોડ-રસ્તા બનવાથી શહેરીકરણ પણ થઈ રહ્યું છે. વિદેશીમાંથી પણ ઘણા લોકો અહીંના તેલક્ષેત્રમાં રોજગારી મેળવવા આવવા લાગ્યા છે.

### લદ્દાખનું રણ

ભારતની ઉત્તરે લદ્દાખનો કેન્દ્રશાસિત પ્રદેશ આવેલો છે. લદ્દાખ એ ભારતનું ઠંડું રણ છે. જેની ઉત્તરે કારાકોરમ પર્વતશ્રેણી અને દક્ષિણે જાસ્કર પર્વતશ્રેણી આવેલી છે. આ ક્ષેત્રની મુખ્ય નદી સિંધુ છે. ઊંચાઈના કારણે અહીં હવા ખૂબ પાતળી છે અને આબોહવા ઠંડી અને શુષ્ક છે. અહીં ઉનાળામાં તાપમાન 0° સે થી ઉપર અને રાત્રે તાપમાન –30° સે થી પણ નીચે ઊતરી જાય છે. અહીં વરસાદનું પ્રમાણ પણ ખૂબ ઓછું રહે છે.

**જાણવા જેવું**

- લદ્દાખને ખા-પા-ચાન પણ કહે છે, જેનો મતલબ થાય છે - હીમભૂમિ.




જમ્મુ અને કશ્મીર તથા લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ

### વનસ્પતિ અને પ્રાણીજીવન

લદ્દાખનું ઠંડું રણ શુષ્ક વાતાવરણ ધરાવતું હોવાથી ત્યાં ખૂબ ઓછી વનસ્પતિ છે. ફક્ત ટૂંકું ઘાસ જોવા મળે છે. જે પાલતુ જાનવરોને ચરાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ખીણપ્રદેશમાં દેવદાર અને પૉપ્લરનાં વૃક્ષો જોવા મળે છે. લદ્દાખમાં પક્ષીઓની વિવિધ જાતિઓ જેવી કે દેવચકલી, રેડસ્ટાર્ટ, ચૂકર, ગ્રેંડલા, સ્નો પાર્ટરીચ (બરફનું તેતર) તિબેટનો સ્નૉકોક, રૈવેન અને હપ જોવા મળે છે. જ્યારે પ્રાણીઓમાં હિમદીપડા, લાલલોમડી, માર્મોટ (મોટી ખીસકોલી) ગેરુઆ રંગનું રીંછ અને હિમાલયન તાહ્ર જોવા મળે છે. દૂધ અને માંસ મેળવવા જંગલી બકરી, ઘેટા અને યાક પ્રાણીઓ પાળવામાં આવે છે. યાકના દૂધમાંથી તેઓ પનીર બનાવે છે અને ઘેટાં-બકરાંના તથા યાકના ઊનનો ઉપયોગ કરી ગરમ કપડાં બનાવવામાં આવે છે.




લદ્દાખનાં ખેતરો



અખરોટનું વૃક્ષ

## લોકો

લદ્દાખ તેના પહાડી સૌંદર્ય અને સંસ્કૃતિ માટે જાણીતું છે. અહીં મોટે ભાગે ઈન્ડો આર્યન, તિબેટિયન, લદ્દાખી પ્રજાતિના લોકો વસે છે. જેમાં મોટા ભાગના લોકો બૌદ્ધધર્મ પાળે છે. લદ્દાખ ક્ષેત્રમાં અનેક બૌદ્ધ મઠો આવેલા છે. જેમાં હૅમિસ, થીકસે, રૉ વગેરે છે.



બૌદ્ધ મઠ

ઉનાળાની ઋતુમાં અહીં જવ, બટાકા, વટાણા વગેરેની ખેતી કરે છે. મહિલાઓ ઘરકામ, ખેતીકામની સાથે-સાથે નાના વ્યવસાયો જેવા કે દુકાન કરવી, ગરમ કાપડ વણવું વગેરે પણ કરે છે. અહીં તિબેટિયન સંસ્કૃતિના બહોળા ફેલાવાને કારણે આને 'નાના તિબેટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

અહીંના લોકો સાદું અને સરળ જીવન જીવે છે. અહીંના લોકોની રોજગારી મોટે ભાગે પ્રવાસન ઉદ્યોગ સાથે જોડાયેલી છે. દેશ-વિદેશથી લોકો અહીં ફરવા માટે આવે છે. અહીંના મઠો, ઘાસનાં મેદાનો અને હિમનદીઓ જોવાલાયક છે. સાથે-સાથે અહીંના લોકોના ઉત્સવો અને ધાર્મિક અનુષ્ઠાનો જોવાં એક લહાવો છે. આમ લદ્દાખનું જીવન જોવું એક અદ્‌ભુત લહાવો છે.



ખરદુંગલા



લદ્દાખનો પારંપરિક પહેરવેશ

લદ્દાખનું મુખ્ય શહેર લેહ છે જે હવાઈ અને જમીન માર્ગે જોડાયેલું. ત્યાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. 1A પસાર થાય છે.

આધુનિકીકરણથી અહીંના જીવનમાં પણ પરિવર્તન આવવા લાગ્યું છે. છતાં અહીંના લોકો પ્રકૃતિ સાથે કદમ મિલાવીને ચાલે છે. પ્રાકૃતિક વસ્તુઓનો ખૂબ જ કરકસર-પૂર્વક ઉપયોગ કરી પોતાનું જીવન વિતાવે છે.

## કચ્છનું રણ

ગુજરાત રાજ્યની ઉત્તર-પશ્ચિમ સરહદે કચ્છનું રણ આવેલું છે. કચ્છના રણની ઉત્તર અને પૂર્વમાં પાકિસ્તાન દેશ અને રાજસ્થાન રાજ્ય આવે છે. તેના બે ભાગ પડે છે : નાનું અને મોટું રણ. વિસ્તાર જે ખંડીય છાજલી ઊંચકવાને લીધે બન્યો હોય તેવું જાણવા મળે છે. ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલ આ રણ થરના રણનો એક ભાગ છે. અહીં સફેદ રણ પણ આવેલું છે. અહીંની આબોહવા ગરમ અને સૂકી છે.

### પ્રવૃત્તિ

કચ્છના સફેદ રણની માહિતી મેળવી તેની નોંધ તૈયાર કરો.

- કચ્છના રણમાં જોવા મળતી વનસ્પતિ અને પ્રાણીજીવન
- કચ્છના રણમાં વસતાં લોકોનું જીવન
- કચ્છનાં જોવાલાયક સ્થળો

## વનસ્પતિ અને પ્રાણીજીવન

કચ્છનાં રણમાં 'બન્ની' વિસ્તાર આવેલો છે. અહીં વિવિધ પ્રકારનાં ઘાસ અને કાંટાળાં ઝાંખરાઓ જોવા મળે છે. કચ્છના રણને આગળ વધતું અટકાવવા ગાંડા બાવળનાં વૃક્ષો વાવવામાં આવ્યાં છે.

કચ્છના મોટા રણમાં સુરખાબ (ફ્લેમિંગો) જોવા મળે છે. આ ઉપરાંત લાવરી, ઘોરાડ, કુંજ, સારસ વગેરે અન્ય પક્ષીઓ જોવા મળે છે. ઘોરાડ પક્ષી લુપ્ત થવાને આરે છે. અહીં ઘુડખર (જંગલી ગધેડા), નીલગાય, સોનેરી શિયાળ, હેણોતરો, નાર, ઝરખ ચિંકારા, કાળિયાર વગેરે પણ જોવા મળે છે.

## લોકજીવન

કચ્છનું લોકજીવન વૈવિધ્યસભર છે. અહીંના લોકો ઘેટાં-બકરાં, ગાય-ભેંસ, ઊંટ, ગધેડા જેવાં પ્રાણીઓનો ઉછેર કરે છે. દરિયાકિનારાના વિસ્તારમાં લોકો વહાણવટું, માછીમારી અને ઝીંગા પકડવાના વ્યવસાયમાંથી રોજગારી મેળવે છે. કેટલાક વિસ્તારોમાં વિશિષ્ટ આબોહવા હોવાથી ખારેક, દાડમ, નાળિયેર અને કચ્છી કેસર કેરીનો પાક લેવામાં આવે છે. અહીં મુખ્ય ખેતીપાક બાજરી છે.

કચ્છના કેટલાક લોકો વિશિષ્ટ પ્રકારની ભરતગૂંથણ અને હસ્તકલાના વ્યવસાયમાં જોડાયેલા છે. આધુનિક ઉદ્યોગોના વિકાસથી રોજગારીનું પ્રમાણ પણ વધતું જાય છે. અહીં પ્રવાસન ઉદ્યોગ પણ ખૂબ ઝડપથી વિકસી રહ્યો છે. તેમાંથી પણ અનેક લોકો રોજગારી પ્રાપ્ત કરે છે. કચ્છની ભૌગોલિક સપાટ પરિસ્થિતિના કારણે પેરા ગ્લાઈડિંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓ વિકસી રહી છે.

L4K8V9

## સ્વાધ્યાય

**1. નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો :**

(1) સંસાધનોને મુખ્ય કેટલાં જૂથોમાં વહેંચવામાં આવે છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(2) નીચેનામાંથી કયાં સિંચાઈનાં માધ્યમો છે ?

(A) કૂવા (B) નહેર (C) તળાવ (D) તમામ

(3) ભારતમાં સૌથી વધુ જંગલો ક્યાં જોવા મળે છે ?

(A) ગુજરાત (B) અસમ (C) અંદમાન-નિકોબાર (D) હરિયાણા

(4) નીચેનામાંથી કયું પક્ષી કચ્છના રણમાં જોવા મળે છે ?

(A) શાહમૃગ (B) સુરખાબ (C) સ્નો પાર્ટરીચ (D) પૅંગ્વિન

(5) લદ્દાખમાં કયું વિશિષ્ટ પ્રાણી જોવા મળે છે ?

(A) યાક (B) ઘુડખર (C) શિયાળ (D) ગાય

## 2. એક વાક્યમાં ઉત્તર આપો :

(1) સહારાનો લોકો શાની ખેતી કરે છે ?

(2) ખડકોના નાના-મોટા ટુકડા, કાંકરા, માટીની રજથી બનેલું પૃથ્વીનું પડ કયા નામે ઓળખાય છે ?

(3) પાણીનો મુખ્ય સ્રોત કયો છે ?

(4) ગુજરાતની નદીઓમાં જોવા મળતું કયું પ્રાણી લુપ્ત થવાને આરે છે ?

(5) ભારતનો કયો પ્રદેશ 'નાના તિબેટ' તરીકે ઓળખાય છે ?

## 3. (અ) ટૂંક નોંધ લખો : (ગમે તે ત્રણ)

(1) કચ્છનું રણ

(2) જળ-સંસાધનની જાળવણી

(3) ભૂમિ-સંસાધન

(4) અભયારણ્ય

(5) વન્યજીવ સંરક્ષણ

## (બ) મુદ્દાસર ઉત્તર આપો :

(1) સંસાધન એટલે શું ?

(2) જંગલોનું આર્થિક મહત્ત્વ

(3) સહરાના રણનાં વનસ્પતિ અને પ્રાણીજગત વિશે લખો.

(4) જળતંગી એટલે શું ?

(5) જમીન-ધોવાણ અટકાવવાના ઉપાયો કયા-કયા છે ?

## 4. ભારતના નકશામાં નીચેનાં સ્થળો દર્શાવો :

(1) લદ્દાખ (2) કચ્છનું રણ (3) નર્મદા નદી, સાબરમતી નદી (4) અંદમાન-નિકોબાર

•

# 14 લોકશાહીમાં સમાનતા

P8A4J5

ભારત એક લોકશાહી દેશ છે. વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતા આપણા દેશના સંચાલન માટે બંધારણની રચના કરવામાં આવી છે. બંધારણ દેશનું સંચાલન કરવા માટેની માર્ગદર્શિકા કહેવાય. વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ ભારતનું છે. ભાષા, જાતિ, ધર્મ અને આર્થિક અસમાનતા વચ્ચે દેશનું સુચારુ સંચાલન થાય આ માટે બંધારણમાં અનેક જોગવાઈ કરેલી છે. આપણો દેશ એટલો વિશાળ અને ભિન્નતા ધરાવતો દેશ છે કે તેના સંચાલનમાં વિશેષ પ્રકારની વ્યવસ્થા ન હોય તો સંચાલન યોગ્ય રીતે થતું નથી.

આપણા દેશમાં આર્થિક, સામાજિક અને ધાર્મિક ભિન્નતા હોવા છતાં સૌને સમાન તક મળી રહે તે માટે આપણું બંધારણ તૈયાર કરનાર સૌએ ધ્યાન રાખ્યું છે.

### સમાનતા એટલે શું ?

ભારતના બંધારણમાં સૌને સમાન તક આપવાનું ઠરાવવામાં આવ્યું છે. આ સમાનતા એટલે સૌ સમાન, સૌને સન્માન એ આશય સાથે સરકાર બંધારણ મુજબ કાર્યરત છે. સૌને સમાન અધિકાર એટલે કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ.

### કાયદા આધારે સમાનતા

| | |
|---|---|
| ભિન્ન-ભિન્ન ધર્મની વ્યક્તિઓમાં સમાનતા | વ્યક્તિગત વિકાસમાં સમાનતા |
| ભાષા કે બોલીને આધારે સમાનતા | લિંગ આધારિત સમાનતા |
| શિક્ષણ મેળવવામાં સમાનતા | વિચારોની અભિવ્યક્તિમાં સમાનતા |


### ખરું કહેવાય

કોઈ એક સ્થળે પહોંચવાની હરીફાઈ રાખવામાં આવે. આ સમયે એક ખેલાડીને સાઈકલ, બીજાને મોટરસાઈકલ અને ત્રીજી વ્યક્તિને દોડતા પહોંચવાનું હોય, તો એ સમાનતા ન કહી શકાય. આ માટે ત્રણેયને સાઈકલ, મોટરસાઈકલ કે દોડતાં રાખવામાં આવે તો જ સૌને સમાન અવસર મળ્યો કહેવાય. એવું થાય તો જ સૌને સમાન તક આપવામાં આવી કહેવાય. આપેલ ચિત્રમાં જુઓ અને સમાનતા અંગે ચર્ચા કરો :

આપ સૌ સરળતાથી સમાનતા અંગે સમજી શક્યાં હશો. અહીં સુવિધા પૂરી પાડવી એની સાથે એનો યોગ્ય રીતે અમલ કરી શકાય તો જ સમાનતા પ્રાપ્ત થાય. આમ જોવા જઈએ તો સમાનતા એટલે સૌને માટે સરખું. સૌને સમાન તક. ભણવા, વિકસવા, ધંધા-રોજગાર કે વિવિધ ધર્મમાં માનનાર સૌ માટે ભારત દેશના બંધારણમાં આપેલ સમાનતાનો અધિકાર મહત્ત્વનો થઈ પડે છે.

આપણા વિકાસ સાથે, સૌના સર્વાંગીણ વિકાસ દ્વારા દેશના વિકાસ માટે આપવામાં આવેલ સમાનતાનો અધિકાર ખૂબ મહત્ત્વનો છે અને આપણા સ્વમાનને જાળવી રાખવા માટે પણ સમાનતાનો અધિકાર જરૂરી છે.


જુઓ અને કહો




સમાનતા અને ન્યાય

### મતાધિકારમાં સમાનતા

આપણે જોયું કે બંધારણમાં સૌને વિવિધ પ્રકારની સમાનતા આપવામાં આવી છે. 'લોકોનું, લોકો વડે અને લોકો માટે ચાલતું શાસન એટલે લોકશાહી.' લોકશાહી સરકારની રચના લોકોના મતદાન વડે થાય છે. લોકશાહીના સૌથી નાના એકમ ગ્રામપંચાયતથી શરૂ થઈ દેશની સૌથી મોટી પંચાયત એટલે સંસદની ચૂંટણી મતદાન દ્વારા થાય છે. 18 વર્ષથી મોટી ઉંમરના દરેક નાગરિકને મતાધિકાર આપવામાં આવ્યો છે. મતદારયાદીમાં નોંધાયેલ કોઈ પણ નાગરિક મતદાન કરી શકે છે.



મતદાન

ધર્મ, ભાષા, લિંગ, બોલી કે આર્થિક અસમાનતા વચ્ચે સૌને બંધારણમાં સમાનતા આપવામાં આવેલ છે. દરેકને મતદાન કરવાનો અધિકાર છે. અહીં મતદાન કરવાના અધિકાર અંગે રોચક વિગતો પણ સામે આવે છે. કોઈ ધાક, ધમકી, દાદાગીરી કે ડરને આધીન મતદાન ન કરે તે માટે મતદારને જાગ્રત કરવામાં આવે છે. મતનું મહત્ત્વ સમજાવવા અને કોઈ પણ પ્રકારના ડર વગર મતદાન થાય એ માટે ચૂંટણીપંચ વ્યવસ્થા કરે છે. ચૂંટણીના સમયે વધુમાં વધુ લોકો મતદાન કરી શકે તે માટે ખાસ પ્રયત્નો કરવામાં આવે છે. જાહેરાત અને વિશેષ વ્યવસ્થા થકી મતદારોને જાગ્રત કરાવવામાં આવે છે. ચૂંટણીપંચ તટસ્થ રીતે ચૂંટણી કરાવે છે. ભારત દેશમાં નોંધાયેલ સૌ મતદારો મતદાન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. મહિલાઓ માટે વિશેષ મતદાન મથકો છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિશેષ સુવિધા કરવામાં આવે છે.


### બાળમજૂરી

સમાનતા અંગે બંધારણમાં કેટલીક બાબતે ચોક્કસ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આમ છતાં કેટલીક વખત અસમાનતા જોવા મળે છે. આવી અસમાનતામાં બાળમજૂરી મુખ્ય છે. બાળમજૂરી શિક્ષણ મેળવવાના અધિકારનો ભંગ ગણાય છે. આપણા દેશના સૌ નાગરિકોને છ થી ચૌદ વર્ષ સુધી મફત, ફરજિયાત અને સાર્વત્રિક ભણવાનો અધિકાર છે. આ અધિકાર સમાન રીતે આપવામાં આવેલ છે. આધુનિક સમયમાં ઉચ્ચશિક્ષણમાં દીકરીઓને ન ભણાવવાનું વલણ ક્યાંક-ક્યાંક જોવા મળે છે. બાળકોને શાળામાં ભણવાનું છે તે ઉંમરે તેઓ મજૂરી કરે તો તે એક પ્રકારનો ગુનો બને છે. ચૌદ વર્ષ કરતાં નાની ઉંમરના બાળકને મજૂરીએ રાખવું એ કાયદાનો ભંગ થયો કહેવાય છે.

### શ્રમ અને મહેનતાણું

એક જ સરખા કામમાં પુરુષ અને મહિલાને મજૂરી ચૂકવવામાં ભેદભાવ રાખવામાં આવે છે. ઓછી મજૂરી આપવી પડે તે માટે કોઈક જગ્યાએ બાળમજૂર પણ રાખવામાં આવે છે. કેટલાંક કામ દિવ્યાંગ વ્યક્તિઓ જોડે કરાવવામાં આવે છે. તેમને આ કામનું મહેનતાણું ખૂબ ઓછું આપવામાં આવે છે. લોકશાહીમાં દિવ્યાંગ વ્યક્તિઓનું શોષણ ન થાય તે માટે તેઓને તાલીમ આપી પગભર કરવા માટે સરકાર દ્વારા અનેક યોજનાઓ અમલી કરાવવામાં આવે છે. આપણી આસપાસ આવા દિવ્યાંગ વ્યક્તિ હોય તો તેને સહકાર આપવાની આપણી ફરજ થઈ પડે છે. દિવ્યાંગો, સ્ત્રી અને નાનાં બાળકોને ઓછા પૈસા ચૂકવવામાં આવે છે. આ અન્યાય છે.

### લોકશાહીમાં સમાનતા



ગ્રામસભા–સમાનતાની જાગૃતિ

લોકશાહી દેશમાં સમાનતાને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. અહીં સમાનતાનો અધિકાર આપવો એ સૌ માટે જરૂરી છે. આપણે કોઈને સન્માન આપીએ તો કોઈ આપણને સન્માન આપે. આ જ રીતે બંધારણમાં પણ સમાનતાનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. કેટલાંક અવલોકનોને આધારે જ્યારે દયાભાવ જોવામાં આવે ત્યારે સમજવું કે સામેવાળી વ્યક્તિને સમાન અધિકાર મળ્યો નથી. આવી અનેક બાબતોને સમજવા આપણે જાતે શું કરી શકીએ તે અંગે વિચારવું જરૂરી છે. તો જ જ્યાં-જ્યાં સમાનતા નથી ત્યાં-ત્યાં આપણે પ્રયત્ન કરી શકીએ ? હું કશું ન કરી શકું એવો વિચાર ન કરવો જોઈએ. આ માટે પહેલ કરવી જરૂરી છે. સ્વચ્છતા આપણે જ રાખીએ તો જ કોઈને સ્વચ્છતા માટે કહી શકાય. એવું જ સમાનતા માટે છે. અહીં કેટલીક વિગત આપવામાં આવી છે. આ વિગતને આધારે આપ સમાનતા અંગે શું કરી શકો ? તે અંગેની નોંધ કરો.

| ક્રમ | વિગત | આપણે શું કરી શકીએ ? |
|---|---|---|
| (1) | મહિલાને ઓછી મજૂરી આપે તો ? | |
| (2) | વ્યક્તિનું આર્થિક શોષણ થાય તો ? | |
| (3) | બાળમજૂર જોવા મળે તો ? | |
| (4) | દિવ્યાંગ માટેની બસની સીટ ઉપર અન્ય બેઠું હોય તો ? | |

### અસમાનતા એક પડકાર

નાનું ગામ.

ગામમાં પાણીના બે જ કૂવા.

અહીં આખું ગામ બે ભાગમાં પાણી ભરે. સમય પસાર થતો ગયો. ગામના એક કૂવામાં પાણી ખલાસ થઈ ગયું. હવે અડધા ગામના લોકોને પાણી ભરવાની અગવડ પડતી હતી. કૂવામાંથી પાણી ખલાસ થઈ જશે એ ડર હોઈ એક વિસ્તારના લોકોને બીજા વિસ્તારમાં કોઈ પાણી ભરવા દેતું ન હતું. આ તો અસમાનતા કહેવાય. સમાનતાનો ભંગ થાય તેવા એકાદ બનાવથી સામાજિક સમરસતા પર વિઘાતક અસર જોવા મળે છે. જેમકે કેટલીક વખત ગામના કે

વ્યક્તિગત પ્રસંગોએ વરઘોડો કાઢવા, મંદિર કે મસ્જિદના લાઉડ સ્પીકર વગાડવાથી વિવાદ જોવા કે સાંભળવા મળે છે. આવી બાબતો સમાનતા સામે પડકાર છે. આવા પ્રસંગે આપણે શાંતિ જળવાય તેવા પ્રયત્નો કરી સમાનતાના ભાવ સાથે વર્તન કરવું જોઈએ. સમાજમાં સમરસતા જળવાઈ રહે તે માટે સરકારશ્રી દ્વારા ખૂબ જ પ્રયત્નો કરવામાં આવે છે. દરેક સમાજને અને દરેક વ્યક્તિને, સમાનતાનો અધિકાર બંધારણે આપ્યો છે. આપણે આપણા અધિકારનો ઉપયોગ કરી શકીએ એ માટે જાગ્રત થવું જ પડશે.

Q5B9C2

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ .......... છે.

(2) દેશનું સંચાલન કરવા માટેની માર્ગદર્શિકા .......... કહેવાય.

(3) ભારતનું બંધારણ વિશ્વનું .......... બંધારણ છે.

**2. ટૂંકમાં ઉત્તર આપો :**

(1) લોકશાહી કોને કહેવાય છે ?

(2) આપણને કઈ બાબતોમાં સમાનતાનો અધિકાર આપેલ છે ?

(3) વ્યક્તિના સર્વાંગીણ વિકાસ માટે કઈ બાબત જરૂરી છે ?

**3. એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) મતાધિકાર કોને મળે છે ?

(2) ચૂંટણીપંચ શી કામગીરી કરે છે ?

(3) બાળમજૂરી શા માટે અટકાવવી જોઈએ ?

**4. ટૂંક નોંધ લખો :**

(1) લોકશાહીમાં સમાનતા

(2) મતાધિકારમાં સમાનતા

(3) બાળમજૂરી અને બાળઅધિકાર

# 15 રાજ્ય સરકાર

આપણે વર્ગવ્યવસ્થા સુંદર રીતે જળવાય તે માટે વર્ગમંત્રીની ચૂંટણી કરીએ છીએ. ઉપરાંત વર્ગસફાઈ સમિતિ, વર્ગ સુશોભન સમિતિ, વર્ગવ્યવસ્થા સમિતિ વગેરેની રચના કરીએ છીએ. તમે પણ વર્ગ-સજાવટ અને વ્યવસ્થા માટે ફરજ અચૂક બજાવતા હશો. તમને પ્રશ્ન થશે કે આપણા રાજ્યનો સમગ્ર વહીવટ, વ્યવસ્થા અને કારોબાર કોણ કરતું હશે ?

U2T1J6

રાજ્યનો કારોબાર ચલાવવાનું કામ રાજ્ય સરકાર કરે છે. રાજ્યના મૂળભૂત હેતુઓમાં એક હેતુ કાયદો અને વ્યવસ્થાની જાળવણી દ્વારા લોકોની સુખાકારી અને સલામતી સાચવવાનો છે. રાજ્યના લોકોનું સર્વોન્મુખી કલ્યાણ સાધીને તેમના સ્વાતંત્ર્ય અને મૂળભૂત હકોનું જતન અને રક્ષણ કરવાનો હેતુ છે. જે માટે સરકારનાં ત્રણ અંગો : ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર સતત કાર્યરત રહે છે. રાજ્યની ધારાસભા વિધાનસભાના નામથી ઓળખાય છે. તેનું કાર્ય રાજ્યના અસરકારક અને કાર્યક્ષમ શાસન માટે ધારા (કાયદા) ઘડવાનું છે. જ્યારે રાજ્યની કારોબારી વિધાનસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરાવવાનું કાર્ય કરે છે અને કાયદાનો ભંગ કરનારને સજા કરવાનું કાર્ય ન્યાયતંત્રનું છે.

## સ્થાનિક સરકાર

સરકાર પણ એક 'સંચાલક મંડળ' છે. જે સામાન્ય રીતે લોકશાહીમાં લોકોની ઇચ્છા મુજબ વહીવટ ચલાવે છે. ભારત ખૂબ મોટો દેશ છે. એક જ સ્તરે અથવા સ્થળેથી વહીવટ કરવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ સર્જાય અને નાગરિકોને અગવડ પડે. તેથી આપણે ત્યાં સરકાર અલગ-અલગ સ્તરે કામ કરે છે : સ્થાનિક કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ. સ્થાનિક કક્ષાએ લોકો મત આપીને પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે અને તેમના દ્વારા જ વહીવટ થાય તેને સ્થાનિક સ્વરાજ્ય કહે છે. ગ્રામપંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે. નગરપાલિકા અને મહાનગરપાલિકા એ શહેરી સ્થાનિક સ્વરાજ્યની સરકાર છે. આપણે રાજ્ય સરકાર વિશે અભ્યાસ કરીશું.

**આટલું જાણો**


ગુજરાતમાં 1 એપ્રિલ, 1963થી પંચાયતીરાજનો અમલ શરૂ થયો.

**વિચારો**

- સરકારનાં અંગો કયાં-કયાં છે ?
- રાજ્ય સરકારનાં અંગોની જરૂરિયાત શા માટે છે ?
- જો ન્યાયતંત્ર ન હોય તો ?
- કાયદાનો ભંગ શા માટે ન કરવો જોઈએ ?

## રાજ્ય સરકારની રચના અને ભૂમિકા

ભારત વિશાળ જનસંખ્યા ધરાવતો દેશ છે. ભારતમાં 28 રાજ્યો અને 9 કેન્દ્રશાસિત પ્રદેશો છે. દિલ્લી અને જમ્મુ-કશ્મીર વિશેષ રાજ્યો છે. દેશમાં સમવાયી એટલે કે રાષ્ટ્ર અને રાજ્ય એમ બે કક્ષાની સરકાર છે. રાષ્ટ્ર કક્ષાની સરકારને 'કેન્દ્ર સરકાર' કે 'સંઘ સરકાર' કહે છે. તે સમગ્ર ભારતનો વહીવટ કરે છે. રાજ્ય કક્ષાએ રાજ્યનો વહીવટ કરતી સરકારને રાજ્ય સરકાર કહે છે.




રાજ્ય સરકાર




ગુજરાત વિધાનસભા

## વિધાનપરિષદ

રાજ્ય સરકારનાં મુખ્ય અંગો : ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર છે. રાજ્યની ધારાસભાના ઉપલા ગૃહને વિધાન-પરિષદ કહે છે. ભારતના દરેક રાજ્યને ધારાસભા છે. બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ રાજ્યોમાં જ વિધાનપરિષદ છે. ગુજરાતની ધારાસભામાં વિધાનપરિષદ નથી.

વિધાનપરિષદના સભ્યોને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, નોંધાયેલા સ્નાતકો, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષકોનાં મતદાર મંડળો ચૂંટે છે. વિધાનપરિષદના સભ્ય બનવા માટે ઉમેદવાર 30 વર્ષ કે તેથી વધુ વયનો અને ભારતીય નાગરિક હોવો જોઈએ. વિધાનપરિષદ એ કાયમી ગૃહ છે. વિધાનપરિષદનો દરેક સભ્ય છ વર્ષની મુદત માટે ચૂંટાય છે. વિધાનપરિષદના એક તૃતીયાંશ સભ્યો દર બીજા વર્ષે નિવૃત્ત થાય છે. વિધાનપરિષદ રાખવી કે નહિ તે રાજ્ય નક્કી કરે છે. ગુજરાતમાં વિધાન-પરિષદ નથી.

## વિધાનસભા

ધારાસભાના નીચલા ગૃહને વિધાનસભા કહે છે. બંધારણની જોગવાઈ મુજબ વિધાનસભામાં સભ્યોની સંખ્યા 60થી ઓછી અને 500થી વધારે હોઈ શકે નહિ.

## વિધાનસભાના સભ્ય બનવાની લાયકાત

- તે ભારતનો નાગરિક હોવો જોઈએ.
- તેની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- તે સરકારી સંસ્થામાં સવેતન હોદ્દો ધરાવતો હોવો જોઈએ નહિ.
- તે વ્યક્તિ નાદાર, અસ્થિર મગજની કે સજા પામેલ ગુનેગાર હોવી જોઈએ નહિ.

ભારતના દરેક રાજ્યમાં વિધાનસભા છે. રાજ્યના વિસ્તારોને જુદા-જુદા મતવિભાગમાં વહેંચવામાં આવે છે. દરેક મતવિસ્તારમાંથી એક-એક સભ્ય ચૂંટાય છે. ગુજરાત રાજ્યમાં વિધાનસભાની કુલ 182 બેઠકો છે. દરેક રાજ્યની વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યા જુદી-જુદી હોય છે. તેની સભ્યસંખ્યા વસતિના ધોરણે નક્કી થાય છે. મોટે ભાગે વિધાનસભ્યો અલગ-

અલગ રાજકીય પક્ષોના હોય છે તેમજ કોઈ પણ પક્ષના ન હોય તેવા અપક્ષ ધારાસભ્યો પણ હોય છે. ગુજરાતનું વિધાનસભાનું ભવન ગાંધીનગર ખાતે આવેલું છે. તેનું નામ વિઠ્ઠલભાઈ પટેલ વિધાનસભા ભવન છે.

**ચૂંટણી :** રાજ્યની વિધાનસભાના સભ્યોની સામાન્ય ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. વિધાનસભાના સભ્યને વિધાનસભ્ય કે ધારાસભ્ય કહે છે. અંગ્રેજીમાં તેઓને એમ. એલ. એ. (મેમ્બર ઑફ લેજિસ્લેટિવ એસેમ્બ્લી) તરીકે પણ ઓળખવામાં આવે છે. એમ.એલ.એ.ની પસંદગી લોકો દ્વારા સીધી ચૂંટણીથી થાય છે. જુદા-જુદા રાજકીય પક્ષો પોતાના પ્રતિનિધિઓને વિધાનસભાની ચૂંટણીમાં પોતાના પક્ષના ઉમેદવાર તરીકે ઊભા રાખે છે. પોતાના મતવિભાગમાંથી બહુમતીના આધારે વિધાનસભાના સભ્ય બને છે. જે પક્ષના સભ્યો વિધાનસભામાં બહુમતી ધરાવતા હોય તે પક્ષ પોતાની સરકાર રચે છે. વિધાનસભાના સભ્ય લોકોનું પ્રતિનિધિત્વ કરે છે.

### પ્રવૃત્તિ

- તમારા વિસ્તારના ધારાસભ્યનો પરિચય મેળવો. તેઓનો સંપર્ક નંબર અને સરનામું જાણો.
- તમારા વિસ્તારના લોકોના પ્રશ્નોની માહિતી મેળવો અને વિધાનસભ્યને તેની જાણકારી પત્ર દ્વારા આપો.
- બહુમતી, શાસક પક્ષ, વિરોધ પક્ષ, મિશ્ર સરકાર, મતવિભાગ વગેરે શબ્દોનો અર્થ મેળવો. વર્ગમાં તે વિશે ચર્ચા કરો.

**સમયગાળો :** વિધાનસભા કાયમી ગૃહ નથી. તેની મુદત પાંચ વર્ષની છે. તેની મુદત પૂરી થતાં તેનું વિસર્જન થાય છે. કેટલીક અસામાન્ય પરિસ્થિતિઓમાં બંધારણીય જોગવાઈ અનુસાર સરકાર ચાલી શકે એમ નથી કે સરકારની રચના થઈ શકે એમ ન હોય ત્યારે રાજ્યપાલની ભલામણથી રાષ્ટ્રપતિ રાજ્યમાં 'રાષ્ટ્રપતિ શાસન' લાદે છે. તે સમય દરમિયાન રાજ્યપાલ રાજ્યનો વહીવટ સંભાળે છે.

વિધાનસભ્યો તેમનામાંથી વિધાનસભાના સરળ સંચાલન માટે અધ્યક્ષ (સ્પીકર) અને ઉપાધ્યક્ષ(નાયબ સ્પીકર)ને ચૂંટી કાઢે છે. વિધાનસભામાં જ નાણાકીય તથા સામાન્ય ખરડાઓ રજૂ થઈ શકે છે. ખરડાઓ વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈને રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવે છે. રાજ્યપાલની મંજૂરી મળતાં ખરડો કાયદો બને છે.

**કાર્યો :**

- વર્તમાન કાયદાઓમાં સુધારાવધારા કરે છે.
- અંદાજપત્ર મંજૂર કરે છે.
- જરૂર જણાય ત્યારે નવા કાયદાઓ ઘડે છે.
- કારોબારી પર અંકુશ રાખે છે.
- જૂના તથા અપ્રસ્તુત કાયદાઓ રદ કરે છે.

**પ્રશ્નોત્તરી :** વિધાનસભામાં પ્રશ્નોત્તરીના સમયે કોઈ પણ વિધાનસભ્ય નિયત થયેલ વિષય પર પ્રશ્નો પૂછી શકે છે, સૂચનો આપી શકે છે, પોતાનો મત અને અભિપ્રાય પણ રજૂ કરી શકે છે. ત્યાર બાદ જે-તે ખાતાના મંત્રી પુછાયેલા પ્રશ્નોના ઉત્તર આપે છે અને જરૂરી પગલાં લેવાઈ રહ્યાં છે તેની સ્પષ્ટતાઓ રજૂ કરે છે. પ્રશ્નોના નિરાકરણ માટે ગૃહને બાંયધરી પણ આપે છે.



વિધાનસભા

વિધાનસભ્યો અધ્યક્ષના માધ્યમથી મંત્રીઓને કે મુખ્યમંત્રીને પણ પ્રશ્નો પૂછી શકે છે.

P3U3Q5

**કારોબારી :**

રાજ્યની કારોબારી રાજ્ય સરકારનું મહત્ત્વનું અંગ છે. રાજ્યની કારોબારીમાં રાજ્યપાલ (ગવર્નર), મુખ્યમંત્રી અને મંત્રીમંડળનો સમાવેશ થાય છે. મંત્રીઓના નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ કામ કરતા વહીવટી અધિકારીઓનો સમાવેશ પણ કારોબારીમાં થાય છે. મંત્રીમંડળને 'રાજકીય કારોબારી' અને વહીવટી અધિકારીઓને 'વહીવટી કારોબારી' કહેવામાં આવે છે.

**પ્રવૃત્તિ**

- તમારા વિધાનસભાના મતવિસ્તારનું નામ શું છે ?
- હાલમાં તમારા મત વિસ્તારમાં ત્યાં કયા પક્ષના ધારાસભ્ય છે ?
- હાલમાં કયા પક્ષની રાજ્ય સરકાર છે ?
- ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી અને રાજ્યપાલ કોણ છે ?
- ગુજરાતના આપણા શિક્ષણમંત્રી, ગૃહમંત્રી, નાણામંત્રીનાં નામ જણાવો.

## કારોબારીનાં કાર્યો

- વિધાનસભા એ ઘડેલા કાયદાઓનો અમલ કરાવે છે.
- રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તેની તકેદારી રાખે છે.
- રાજ્યની આર્થિક અને સામાજિક સમસ્યાઓ દૂર કરવા પ્રયત્ન કરે છે.
- રાજ્યના નાગરિકોની ગરીબી અને બેકારી દૂર કરવા આયોજન તૈયાર કરે છે.
- શિક્ષણ, સ્વાસ્થ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વીજળી વગેરે સેવાઓ પૂરી પાડે છે.
- નાગરિકોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તેનું આયોજન કરે છે.
- સમગ્ર રાજ્યનો વહીવટ સરળતાથી ચાલે તેની કાળજી રાખે છે.
- રાજ્ય સરકાર પ્રજા-કલ્યાણનાં કાર્યો કરે છે.

### રાજ્યપાલ (ગવર્નર) :

ભારતના દરેક રાજ્યમાં રાજ્યપાલ હોય છે. તેઓ રાજ્યના બંધારણીય વડા છે. તેઓ રાજ્યની કારોબારીના પણ વડા છે. તેમની નિમણૂક દેશના રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહ મુજબ પાંચ વર્ષ માટે કરે છે. રાજ્યનો બધો જ વહીવટ તેમના નામથી થાય છે. 35 વર્ષ કે તેથી વધુ વયનો ભારતનો નાગરિક રાજ્યપાલના હોદ્દા માટે લાયક ગણાય છે.

### રાજ્યપાલનાં કાર્યો :

- રાજ્યની વિધાનસભાના બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- મુખ્યમંત્રીની સલાહ પ્રમાણે પ્રધાનમંડળના પ્રધાનોની નિમણૂક કરે છે.
- વિધાનસભાની બેઠકો બોલાવે છે અને જરૂર પડે વિધાનસભાને વિખેરી નાંખવાની સત્તા ધરાવે છે. રાજ્યપાલ જરૂર પડ્યે વટહુકમ બહાર પાડે છે.
- રાજ્યના એડ્વોકેટ જનરલ અને રાજ્યના જાહેર સેવા આયોગના અધ્યક્ષ વગેરેની નિમણૂક કરે છે.
- વિધાનસભાએ પસાર કરેલા ખરડા પર સહી કરીને ખરડાને કાયદાનું સ્વરૂપ આપે છે.
- રાષ્ટ્રપતિ સાથે વિચાર-વિમર્શ કરી રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.
- તેઓ તટસ્થ અને નિષ્પક્ષ રહી રાજ્યના વહીવટનું ધ્યાન રાખે છે.

### મુખ્યમંત્રી (ચીફ મિનિસ્ટર) :

રાજ્યપાલ વિધાનસભામાં બહુમતી ધરાવતા પક્ષના નેતાની નિમણૂક મુખ્યમંત્રી તરીકે કરે છે. રાજ્યપાલની મોટા ભાગની સત્તાઓ મુખ્યમંત્રી અને તેમનું મંત્રીમંડળ ભોગવે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી અને તેમના મંત્રીમંડળનું કાર્યાલય નવા સચિવાલય, 'સ્વર્ણિમભવન', ગાંધીનગરમાં છે. મંત્રીમંડળમાં ત્રણ કક્ષાના મંત્રીઓ હોય છે : (1) કેબિનેટ કક્ષાના મંત્રીઓ (2) રાજ્ય કક્ષાના મંત્રીઓ અને (3) નાયબ કક્ષાના મંત્રીઓ.

### મુખ્યમંત્રીનાં કાર્યો :

- મંત્રીમંડળની બેઠકો બોલાવે છે.
- દરેક મંત્રીનાં કાર્યો પર દેખરેખ રાખે છે.
- જરૂર પડે મંત્રીઓને માર્ગદર્શન પૂરું પાડે છે.
- મંત્રીમંડળે લીધેલા નિર્ણયોની જાણકારી રાજ્યપાલને આપે છે.
- મંત્રીમંડળના મંત્રીઓને જુદાં-જુદાં વહીવટી ખાતાઓની વહેંચણી કરે છે.

- જરૂર પડે મંત્રીમંડળની પુનઃરચના કરે છે.
- વિધાનસભામાં નાણામંત્રી પાસે રાજ્યનું અંદાજપત્ર રજૂ કરાવે છે.
- રાજ્યના નાગરિકોનાં કલ્યાણ, સુખાકારી અને વિકાસ માટે સતત કાર્યશીલ રહે છે.
- તેઓ સરકારની નીતિઓના ઉદ્‌ઘોષક, પથદર્શક અને સુકાની તરીકેની ફરજો બજાવે છે.

### પ્રવૃત્તિ

- વિધાનસભાની મુલાકાત માટે શૈક્ષણિક પ્રવાસ ગોઠવો.
- શાળાપંચાયત અને મંત્રીમંડળની રચના કરો.
- તમારા વિધાનસભા મતક્ષેત્રનો મતવિસ્તાર દર્શાવતો નકશો તૈયાર કરો.
- તમારા મતવિસ્તારના ધારાસભ્ય દ્વારા હાથ ધરાયેલાં કાર્યોની યાદી બનાવો.
- 'લોકશાહીના ધબકારા' કાર્યક્રમ દ્વારા વિધાનસભાની કાર્યવાહી વિશે માહિતી જાણો.
- રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલાં કાર્યો જે વર્તમાનપત્રોમાં સમાચાર સ્વરૂપે પ્રસિદ્ધ થયેલા હોય તે કટિંગ્સ કાપી સ્ક્રેપબુક બનાવો.
- શિક્ષકની મદદથી મોક વિધાનસભાનું આયોજન કરો.

## રાજ્ય સરકારનાં કાર્યો

ભારતમાં સમવાયતંત્રની શાસન-વ્યવસ્થા છે એટલે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે કાર્યનું વિભાજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારનું કાર્યક્ષેત્ર પોતાના રાજ્ય પૂરતું મર્યાદિત છે. જ્યારે કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર સંપૂર્ણ દેશને આવરી લે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે તેમના કાર્યક્ષેત્રને લગતો મહત્ત્વનો ભેદ છે. કેન્દ્ર અને રાજ્યોને સોંપાયેલાં કાર્યો અને સત્તાઓનું વિભાજન ત્રણ યાદીમાં કરવામાં આવ્યું છે : (1) સંઘયાદી (2) રાજ્યયાદી અને (3) સંયુક્ત યાદી.

### આટલું જાણો

| સંઘયાદી | રાજ્યયાદી | સંયુક્ત યાદી |
|---|---|---|
| જે 97 વિષયો કેન્દ્ર સરકારને સોંપવામાં આવ્યા છે, તેમાં વસતિ-ગણતરી, દેશનું સંરક્ષણ, નાણાં, બૅંકિંગ, ચૂંટણીઓ, રેલવે, તાર-ટપાલ, અણુશક્તિ, હવાઈ અને રાષ્ટ્રીય માર્ગો, દરિયાઈ સેવાઓ વગેરે સત્તાઓ સંઘયાદીમાં છે. | જે 66 વિષયો રાજ્ય સરકારને સોંપવામાં આવ્યા છે, તેમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ, આંતરિક વ્યાપાર, વાણિજ્ય, જંગલો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વગેરે સત્તાઓ રાજ્યયાદીમાં છે. | જે 47 વિષયો જેના માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને કાયદા ઘડી શકે છે. તેમાં છૂટાછેડા, શિક્ષણ, ઉદ્યોગો, રોજગારી, વીજળી, વારસાઈ બાબતો, ફોજદારી, દીવાની કેસો અંગેની કાર્યવાહી વગેરે સત્તાઓ સંયુક્ત યાદીમાં છે. |

- લોકશાહીમાં રાજ્ય સરકારનું મુખ્ય કાર્ય લોકકલ્યાણ કરવાનું છે.
- રાજ્યના લોકોની પાયાની જરૂરિયાતો વીજળી, પાકા રસ્તા, પીવાનું શુદ્ધ પાણી, સ્વાસ્થ્યને લગતાં મહત્ત્વનાં કાર્યો કરે છે.
- સસ્તા અનાજની દુકાનો મારફત ખાદ્યસામગ્રીનું વિતરણ કરે છે.

- પૂર, અતિવૃષ્ટિ, દુષ્કાળ, ધરતીકંપ, વાવાઝોડું વગેરે કુદરતી આપત્તિઓ વેળા લોકોને સહાય પૂરી પાડે છે.
- ન્યાયની વ્યવસ્થા, વાહનવ્યવહાર, શિક્ષણસંસ્થાઓ, હૉસ્પિટલો વગેરેની સુવિધાઓ પૂરી પાડે છે.
- રાજ્યમાં કાયદો, શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અગત્યની ભૂમિકા ભજવે છે.


## રાજ્યનું ન્યાયતંત્ર

M6U2M4

ભારતના દરેક રાજ્યને વડી અદાલત છે. ગુજરાતમાં વડી અદાલતની સ્થાપના 1લી મે, 1960માં અમદાવાદ ખાતે થઈ હતી. ગુજરાતની વડી અદાલત અમદાવાદમાં છે. વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની સલાહ મુજબ કરે છે.

### કાર્યો :

- નાગરિકના હકોનું રક્ષણ અને જતન કરવું.
- નાગરિકની અપીલોનો નિકાલ કરવો.
- દીવાની કે ફોજદારી દાવાઓના ચુકાદા સામે અપીલો સાંભળવી.
- કાયદા અને વ્યવસ્થાનું રક્ષણ કરવું.
- વડી અદાલત, નઝીરી અદાલત (court of records) તરીકેની ફરજો બજાવે છે.
- જાહેર હિતની અરજીઓનો નિકાલ કરે છે.



ગુજરાતની વડી અદાલત

### આટલું જાણો

- વડી અદાલતના ન્યાયાધીશો રાજ્યપાલ સમક્ષ પોતાનાં કાર્ય માટે પ્રતિજ્ઞા લે છે.
- વડી અદાલતમાં સામાન્ય રીતે વકીલો જ દલીલો કરે છે. જરૂર જણાય તો જ આરોપી-ફરિયાદીને બોલાવવામાં આવે છે.
- દરેક જિલ્લામાં ફોજદારી અદાલત હોય છે. ચોરી, લૂંટફાટ, મારામારી, ખૂન, શારીરિક ઈજા કે ઝઘડાનો વિવાદ ફોજદારી વિવાદ ગણાય છે.
- જમીન, મકાન કે સંપત્તિનો વિવાદ દીવાની વિવાદ ગણાય છે.
- પોલીસને ગુનાની પ્રથમ જાણ થાય ત્યારે પોલીસસ્ટેશનમાં એફ.આઇ.આર. (ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ) નોંધે છે.
- અદાલતોના ભારણને ઘટાડવા રાજ્યમાં લોકઅદાલતો પણ કાર્યરત છે.

## આરોગ્યનો અર્થ

આરોગ્યને સ્વાસ્થ્ય કે તંદુરસ્તી કહે છે. આરોગ્ય એટલે શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેમકુશળતા (સુખાકારી)ની સંપૂર્ણ અવસ્થા. આરોગ્ય એટલે ફક્ત રોગોની ગેરહાજરી કે શારીરિક દુર્બળતા નહિ, આરોગ્ય શારીરિક ક્ષેમકુશળતાની સિદ્ધિ છે. વ્યક્તિનું કૌટુંબિક અને સામાજિક જીવન ઉત્તમ બને તે માટે સૌથી પહેલાં તેનું સ્વાસ્થ્ય સારું રહે તે મહત્ત્વનું છે. તંદુરસ્ત માનવસંસાધનથી જ રાષ્ટ્રનો સર્વાંગીણ વિકાસ શક્ય બને છે.

## જાહેર સ્વાસ્થ્ય સેવાઓ

જાહેર આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક સારવાર કેન્દ્રો (PHC), ગ્રામીણ ક્ષેત્રોમાં આરોગ્ય પેટા કેન્દ્રો, મોટાં શહેરોમાં આવેલી સિવિલ હૉસ્પિટલ, બાળકો માટે જુદા-જુદા પ્રકારના રસીકરણ કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાન, પીવાના શુદ્ધ પાણીની પ્રાપ્તિ, પર્યાવરણ જતનના કાર્યક્રમો, કુટુંબકલ્યાણના કાર્યક્રમો દ્વારા જાહેર સ્વાસ્થ્ય સેવાઓ રાષ્ટ્રના નાગરિકોને પૂરી પાડવામાં આવે છે. ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ પર અંકુશ, નશીલી દવાઓ પર નિયંત્રણ, જીવલેણ રોગો સામે રક્ષણ અને તેના નિવારણના ઉપાયોના કારણે લોકોની સુખાકારી વધે છે. તાત્કાલિક સારવાર સેવાઓ માટે 108ની સુવિધા ઉપલબ્ધ છે.

## ખાનગી સ્વાસ્થ્ય સેવાઓ

ખાનગી દવાખાના, ખાનગી હૉસ્પિટલ અને તાલીમી તથા સરકાર માન્ય ખાનગી દાક્તરો દ્વારા નાગરિકોને સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. રોગોના નિદાન કરતી ખાનગી લૅબોરેટરી પણ મોટી સંખ્યામાં કાર્યરત છે. વિવિધ રોગોના નિદાન અને ઉપચાર માટે કામ કરતી વિશિષ્ટ પ્રકારની ખાનગી હૉસ્પિટલ સ્વાસ્થ્ય-સેવાઓ પૂરી પાડી રહી છે.

## આરોગ્ય અને રાજ્ય સરકાર

રાજ્યના નાગરિકોને આરોગ્યવિષયક સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર વિશેષ આયોજનો અને ખર્ચ કરે છે. નીચે પ્રમાણેનાં કાર્યો રાજ્ય સરકાર કરે છે :

**કાર્યો :**

- સસ્તા અનાજની દુકાનો દ્વારા ગરીબોને અનાજનું વિતરણ
- ઓરી, અછબડા, પોલિયો વગેરે રોગોના નિયંત્રણ માટે રસીકરણ
- દારૂબંધી, ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ પર નિયંત્રણ
- તાત્કાલિક સેવાઓ માટે 108ની યોજના
- સ્વચ્છતા અભિયાન અને શૌચાલય યોજનાનું સંચાલન
- જનઔષધિ કેન્દ્રો મારફતે સામાન્ય દવાઓ (Generic drugs)નું સસ્તા દરે વિતરણ
- મલેરિયા, કમળો, કોઢ, અંધત્વ, મધુપ્રમેહ, ક્ષય, કૅન્સર વગેરે રોગો પર નિયંત્રણ લાવવા આરોગ્ય સેવાઓનું આયોજન

## આરોગ્ય અને સરકાર

રાષ્ટ્રના નાગરિકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટેનું આયોજન અને સંચાલન રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કરે છે.

**આરોગ્ય માટેની યોજનાઓ**

| રાજ્ય સરકારની યોજનાઓ | કેન્દ્ર સરકારની યોજનાઓ |
|---|---|
| • મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના | • પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના |
| • શાળા-આરોગ્ય કાર્યક્રમો | • રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ |
| • મિશન બલમ્ સુખમ્ | • પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન |
| • મમતા સખી યોજના | • પર્યાવરણ જતનના કાર્યક્રમો |
| • જનની સુરક્ષા યોજના | • રાષ્ટ્રીય પરિવાર યોજના |
| • જનની શિશુસુરક્ષા કાર્યક્રમ | • અટલ સ્નેહ યોજના |
| • ચિરંજીવી યોજના | • શૌચાલય અને સ્વચ્છતા અભિયાન |
| • બાલસખા યોજના | • આયુષ્માન ભારત યોજના-2018 |
| • ખિલખિલાટ ડ્રૉપબેક યોજના | |

## ખિલખિલાટ ડ્રૉપબેક યોજના




બાળક જન્મે એ દરેક કુટુંબમાં ખુશીનો અવસર છે. તંદુરસ્ત માતા અને તંદુરસ્ત બાળક ઘરે પરત પહોંચે તે કુટુંબ માટે હર્ષોલ્લાસનો પ્રસંગ છે. આથી હવે સરકારી સંસ્થામાં માતા અને નવજાત શિશુને પ્રસૂતિ બાદ સરકારી સંસ્થામાંથી ઘરે મૂકવા જવા 'ખિલખિલાટ' વાહન દ્વારા નવી જ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ 'ખિલખિલાટ' વાહન નિયત સરકારી દવાખાના પાસે છે. આરોગ્ય કાર્યકર પ્રસૂતા માતાને આ સેવાઓ ઉપલબ્ધ કરાવી શકે છે. હૉસ્પિટલમાંથી રજા આપ્યા બાદ પ્રસૂતાને, 'માતા અને બાળ આરોગ્ય' માટે આરોગ્ય શિક્ષણ તેમજ સલાહ આપવામાં આવે છે. વાહનની અંદર પણ સલામત બાળઉછેર અને રસીકરણના સંદેશા વિડિયોના માધ્યમ દ્વારા માતા અને તેની સાથે જતા તેના કુટુંબીજનોને આપવામાં આવે છે.

### આટલું જાણો

**વિવિધ આરોગ્ય દિવસોની ઊજવણી**

- 30 જાન્યુઆરી - વિશ્વ રક્તપિત્ત વિરોધી દિવસ
- 04 ફેબ્રુઆરી - વિશ્વ કૅન્સર દિવસ
- 08 માર્ચ - વિશ્વ મહિલા દિવસ
- 24 માર્ચ - વિશ્વ ક્ષય-નિવારણ દિવસ
- 07 એપ્રિલ - વિશ્વ આરોગ્ય દિવસ
- 25 એપ્રિલ - વિશ્વ મલેરિયા દિવસ
- 31 મે - વિશ્વ તમાકુવિરોધી દિવસ
- 05 જૂન - વિશ્વ પર્યાવરણ દિવસ
- 14 જૂન - વિશ્વ રક્તદાન દિવસ
- 21 જૂન - વિશ્વ યોગદિન
- 11 જુલાઈ - વિશ્વવસતિ દિવસ
- 1 ડિસેમ્બર - વિશ્વ ઍઈડ્ઝ દિવસ
- 3 ડિસેમ્બર - વિશ્વ વિકલાંગતા દિવસ
- 10 ડિસેમ્બર - વિશ્વ માનવઅધિકાર દિવસ

**મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના :** ગુજરાત રાજ્યના તમામ જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના ગરીબીરેખા હેઠળ જીવતા કુટુંબ તથા જે કુટુંબની વાર્ષિક આવક ₹ 4 લાખ કે તેથી ઓછી હોય તેવા કુટુંબના (મહત્તમ 5 વ્યક્તિને) સભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હૃદય, મગજ, કીડની, કૅન્સર, બર્ન્સ, નવજાત શિશુના રોગો અને ગંભીર ઈજાઓ માટે નિયત સારવાર પૅકેજિસ નક્કી કરેલ છે. કરારબદ્ધ થયેલ હૉસ્પિટલમાં લાભાર્થીને દાક્તરી સારવાર મળે છે.

## આટલું જાણો

આયુષ્માન ભારત યોજના - 2018 (Ayushman Bharat Programme) (કેન્દ્ર સરકાર)

'આયુષ્માન ભારત યોજના' અથવા 'પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના' એ ભારત સરકારની સ્વાસ્થ્ય યોજના છે, જે 1 એપ્રિલ, 2018માં સંપૂર્ણ ભારત દેશમાં અમલમાં લાવવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા લોકો (બીપીએલ ધરાવતા)ને સ્વાસ્થ્ય-વીમો ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજના અંતર્ગત આવનારા પ્રત્યેક પરિવારને પાંચ લાખ રૂપિયા સુધીનો કૅશલેશ સ્વાસ્થ્ય-વીમો ઉપલબ્ધ કરાવવામાં આવશે. દસ કરોડ બી.પી.એલ. ધરાવતા પરિવાર (લગભગ 50 કરોડ લોકો) આ યોજનાનો લાભ મેળવશે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય આ યોજનાનો અમલ કરાવે છે.

આયુષ્માન ભારત યોજનામાં બે મહત્ત્વની બાબત છે : (1) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (2) કલ્યાણ કેન્દ્ર

## જાણવા જેવું

### સિવિલ હૉસ્પિટલ

- અમદાવાદની સિવિલ હૉસ્પિટલ એશિયાની સૌથી મોટી હૉસ્પિટલ છે.
- આ હૉસ્પિટલની સ્થાપના ઈ. સ. 1841 માં થઈ હતી.
- આ હૉસ્પિટલમાં હૃદય, કીડની, કૅન્સર અને અન્ય ગંભીર રોગોની સારવાર માટે ઉત્તમ સુવિધા ઉપલબ્ધ છે.

## સ્વાધ્યાય

A9J7G7

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) ગુજરાતની વિધાનસભામાં સભ્યસંખ્યા ........ છે.

(2) રાજ્યની ધારાસભાના ઉપલા ગૃહને ........ કહે છે.

(3) ગુજરાતની વિધાનસભા ભવનનું નામ ........ છે.

(4) વિધાનસભાની ચૂંટણી દર ........ વર્ષે થાય છે.

(5) દર્દીને તાત્કાલિક સેવા મળે તે માટે ગુજરાતમાં ........ યોજના છે.

**2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(1) મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજના કેન્દ્ર સરકાર ચલાવે છે. (     )

(2) દિલ્લી રાજ્ય એક રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ છે. (     )

(3) વિધાનસભાને નીચલું ગૃહ પણ કહેવાય છે. (     )

(4) ઉત્તરપ્રદેશમાં વિધાનપરિષદ છે. (     )

(5) વિધાનસભા કાયમી ગૃહ છે. (     )

### 3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :

(1) ખરડો કાયદો ક્યારે બને છે ?

(2) રાજ્ય સરકારનાં અંગો જણાવો.

(3) મુખ્યમંત્રીની નિમણૂક કોણ કરે છે ?

(4) વિધાનસભામાં કોના માધ્યમથી પ્રશ્ન પુછાય છે ?

(5) રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન હોય ત્યારે રાજ્યનો વહીવટ કોણ સંભાળે છે ?

### 4. ટૂંક નોંધ લખો :

(1) રાજ્યપાલનાં કાર્યો

(2) જાહેર સ્વાસ્થ્ય સેવાઓ

(3) મુખ્યમંત્રીનાં કાર્યો

(4) વિધાનસભાની રચના

### 5. નીચેના પ્રશ્નોનાં ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર આપો :

(1) રાજ્ય સરકારનાં કાર્યો જણાવો.

(2) નાગરિકના સ્વાસ્થ્ય માટે રાજ્ય સરકાર કયાં કાર્યો કરે છે ?

(3) વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત જણાવો.

(4) રાજ્યની કારોબારીની રચના કઈ રીતે થાય છે ?

(5) રાજ્યની કારોબારીની ફરજો લખો.

#### વિશેષ પ્રશ્નો

- ગામના સરપંચને ગામના વિકાસ માટે એક કાયદો બનાવવો છે તે કઈ રીતે બનશે ?
- વિજયભાઈની ઉંમર 24 વર્ષ છે. એમણે વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી છે. એમની ઉમેદવારી માન્ય રહેશે કે કેમ ? શા માટે ?
- ખરડા અને કાયદા વિશેની ભેદરેખા સ્પષ્ટ કરો.
- ગુજરાતના કચ્છ જિલ્લામાં મતદાર તરીકે નોંધાયેલ મીનાક્ષીબહેન દિલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવે છે તો શું થાય ?

•

# 16 જાતિગત ભિન્નતા

L6X7B3

આપણા દેશમાં છોકરાં અને છોકરીઓના ઉછેરમાં ક્યારેક સમાનતા તો કેટલીક વખત અસમાનતા જોવા મળે છે. છેલ્લા બે દાયકામાં આ બાબતે જાગૃતિ ફેલાઈ છે. આ અંગે સરકાર પણ વિવિધ યોજનાઓ અને આયોજનો કરી ભેદભાવ ન થાય તેવા પ્રયત્નો કરી રહેલ છે. આપણો દેશ અનેકવિધ ભિન્નતા ધરાવતો દેશ છે. આધુનિક સમય પ્રમાણે છોકરાં-છોકરીઓને શિક્ષણમાં સમાન અધિકાર આપવામાં આવ્યા છે. રૂઢિગત માન્યતા પ્રમાણે આજેય કેટલાક વિસ્તારમાં કન્યાઓને શિક્ષણના અધિકાર પ્રાપ્ત કરવામાં ક્યાંક મુશ્કેલી કે અગવડ પડે છે. ‘સમાજમાં પ્રવર્તતા ભેદભાવની અસર લાંબાગાળે સમાજ–વ્યવસ્થા ઉપર થાય છે. સમાજમાં કેટલાક કુરિવાજો પ્રચલિત થાય છે. હજુ પણ કેટલીક જગ્યાએ જોવા મળતાં બાળલગ્ન થવાનું એક કારણ આ ભેદભાવ છે. બાળલગ્નોના પરિણામે મોટા ભાગે મહિલાઓ આગળ શિક્ષણ મેળવી શકતી નથી અને તેના કારણે તેમનો વિકાસ રુંધાઈ જાય છે. એની એક અસર સ્ત્રીઓના સ્વાસ્થ્ય ઉપર પણ પડતી હોય છે. જો જાતિગત ભેદભાવ દૂર થાય તો આવી ઘણી સમસ્યાઓનું સમાધાન થઈ શકે તેમ છે.

આપણી આસપાસ સ્ત્રી અને પુરુષ ઉપરાંત નાન્યતર ભિન્નતા સ્વીકારાયેલ છે. સ્ત્રી અને પુરુષને સરખાં કામ માટે વધારે મહેનતાણું પુરુષને અપાય છે. આ જ કામ માટે સ્ત્રીઓને ક્યારેક ઓછું મહેનતાણું ચૂકવાય છે. આવા પ્રકારનો ભેદભાવ ગુનો બને છે. આધુનિક સમયમાં મહિલાઓ બધાં જ ક્ષેત્રોમાં જોવા મળે છે. તબીબ, ઇજનેર, વકીલ, વિમાનચાલક કે આવી દરેક બાબતમાં મહિલાઓ સમાન રીતે કામ કરે છે.

જાતિગત ભિન્નતાની ખાસ અસર મોટે ભાગે ગામડાંમાં જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણ સરકાર દ્વારા અપાઈ રહ્યું હોવા છતાં ક્યાંક દીકરીઓને ઉચ્ચશિક્ષણ અપાવતી વખતે વાલીઓમાં કચવાટ જોવા મળે છે. સરકાર દ્વારા સહાયને કારણે દીકરીઓ માટે ઉચ્ચશિક્ષણ સરળ અને સહજ બન્યું છે.

### ભારતીય માન્યતા પ્રમાણે છોકરાં-છોકરીઓનો ઉછેર

વર્ષ 2001ની વસતિ-ગણતરીમાં 0થી 6 વર્ષ સુધીનાં બાળકોમાં છોકરાં-છોકરીઓની સંખ્યામાં મોટો તફાવત જોવા મળ્યો. કેટલાક સમય પહેલાં દીકરીને જન્મ પહેલાં જ મારી નાંખવાને લીધે છોકરાં-છોકરીઓની સંખ્યામાં અસમાનતા વધુ જોવા મળી. આ માટે સરકાર દ્વારા ભ્રૂણહત્યા-વિરોધી કાયદો બનાવ્યો. ગર્ભમાં દીકરો કે દીકરીનું પરીક્ષણ પણ ગુનો છે. ભારતીય માન્યતા પ્રમાણે પોતાનો વારસો આગળ ધપાવવા માટે સંતાનમાં પુત્રને જ મહત્ત્વ આપવામાં આવતું હતું. છેલ્લા દાયકામાં સામાજિક રીતે મહિલાઓની ભાગદારીએ આ માન્યતામાં ખૂબ મોટો પ્રભાવ ઊભો કર્યો છે.

આપની શાળામાં અનેકવિધ આયોજન વખતે આપને જોડાવવાનું થયું હશે. શાળા-કાર્યક્રમમાં છોકરાઓ અને છોકરીઓની પ્રવૃત્તિઓની નોંધ કરો.

| છોકરાઓ જ કામ કરતાં હોય તેવી બાબત | છોકરીઓ જ કામ કરતી હોય તેવી બાબત |
|---|---|
| | |
| | |
| | |
| | |

### રૂઢિગત માન્યતા

L2H6H3

જાતિગત ભિન્નતા અંગે આપણા દેશમાં અનેક માન્યતાઓ પ્રવર્તે છે. છોકરાઓ અને છોકરીઓના ઉછેરમાં આ બાબતે અનેક ભિન્નતા જોવા મળે છે. કેટલાક વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ પણ ક્યારેક પૂરું કરાવવામાં આવતું ન હતું. છેલ્લા બે દાયકાથી પ્રાથમિક શિક્ષણ પૂર્ણ થાય એવા

ખાસ પ્રયત્નો સરકાર દ્વારા કરવામાં આવે છે. સરકારના વિશેષ પ્રયત્નોથી આજેય આપણા સૈન્ય અને પોલીસમાં કન્યાઓની સંખ્યા વધી રહી છે. દીકરીને બહાર ભણવા કે નોકરી માટે શહેરમાં મોકલવાને બદલે પોતાના વિસ્તારમાં જ નોકરી કરાવવાનું પસંદ કરે છે. છેલ્લા કેટલાક દસકાથી વિવિધ કામમાં મહિલાઓ જોવા મળે છે. અંતરિક્ષ ક્ષેત્રે પણ મહિલાઓ જોડાતી જોવા મળે છે. કન્યાઓની સુરક્ષા અને સંરક્ષણ માટે સરકાર સતત પ્રયત્ન કરી રહી છે. રૂઢિગત માન્યતાને આધારે કહી શકીએ કે, આજે પણ કેટલાક સમાજમાં કન્યાઓને ભણાવવા અંગે અનેક સવાલો સામે આવતા જોવા મળે છે. ઉચ્ચ અભ્યાસક્રમમાં કન્યાઓને ઓછી ભણાવવામાં આવે છે. આ કારણે હવે રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ- શિક્ષણ માટે વિશેષ સહાય આપવામાં આવે છે.

### ઘરકામમાં અસમાનતા

આપણે જોયું કે નાની-નાની બાબતોમાં કુમાર-કન્યા વચ્ચે ભેદભાવ રાખવામાં આવે છે. આગળ જતાં આ ભેદભાવ સમસ્યા બની જાય છે. ઘરનાં નાનાં-મોટાં કામ માટે સાઈકલ કે અન્ય વાહન ચલાવવા અને શીખવવામાં આવો ભેદભાવ વધારે જોવા મળે છે. ઘર, શાળા કે જાહેર સ્થળમાં આપણે આવા ભેદભાવ જોઈ શકીએ છીએ. આવી કેટલીક બાબતો અંગે ચર્ચા કરીએ.

| ઘરમાં જોવા મળતી કન્યાની કામગીરી | ઘરમાં જોવા મળતી કુમારની કામગીરી |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

### ગૃહિણીનું મૂલ્ય અને જીવન

એક મકાનને ઘર બનાવવાનું કામ મહિલા દ્વારા જ શક્ય બને છે. આપના ઘરમાં આપ જોઈ શકતા હશો. ઘરે જ એનું એક સચોટ ઉદાહરણ આપ જોઈ શકો છો. ઘરની સાથે બાળકો અને અન્ય જવાબદારી નિભાવવામાં મહિલાઓ અગ્રેસર જોવા મળે છે. કેટલીક મહિલાઓ એક તરફ ફરજ બજાવવા સાથે ઘરની બધી જવાબદારી નિભાવતાં હોય છે. આધુનિક સમયમાં મહિલાઓ પડકારનો સામનો કરતાં થઈ છે. ઘરમાં પોતાની તમામ ફરજો સાથે ઘરના સંચાલનમાં પણ આર્થિક જવાબદારી નિભાવવામાં સહભાગી બને છે. આધુનિક સમયમાં પોતાની આગવી ઓળખ ઊભી કરવામાં મહિલાઓ સફળ રહી છે. આધુનિક સમયમાં મહિલાઓ વિવિધ ક્ષેત્રમાં અનોખી ઓળખ સાથે આગળ વધતાં જોવા મળે છે. રમત-જગત, ફિલ્મ, મનોરંજન, રાજકારણ, અવકાશ ઉપરાંત વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રમાં પણ મહિલાઓ ખાસ જોડાઈ રહી છે. સંરક્ષણ જેવી કપરી મનાતી કામગીરીમાં પણ મહિલાઓ આજે આગળ ધપી રહી છે. આપણા દેશમાં અનેક મહિલાઓએ વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. આ પૈકીની કેટલીક મહિલાઓ અંગે જાણીએ.

## નારી સશક્તીકરણ

મહિલાઓને સશક્ત કરવા માટે છેલ્લા બે દાયકામાં સરકાર દ્વારા અનેક કાર્યક્રમો અને આયોજનો થયાં છે. પશુપાલન, ઉદ્યોગ અને અન્ય સાહસ માટે સહાય આપવામાં આવે છે. 'સ્ટાર્ટઅપ ઇન્ડિયા' અને 'મેક ઇન ઇન્ડિયા' અંતર્ગત અનેક યોજનાઓ નારી સશક્તીકરણ માટે ચાલે છે. મહિલાઓને ઉદ્યોગ શરૂ કરવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. નારી સશક્તીકરણ માટે અનેક સંસ્થાઓ પણ કાર્ય કરે છે. સરકારની યોજનાઓ, જાહેર સંસ્થાઓ અને અન્ય દ્વારા આવી મહિલાઓને સહાય કરી પગભર થવામાં મદદ કરવામાં આવે છે. નારી સશક્તીકરણ માટે યોજનાઓ ઉપરાંત શિક્ષણમાં પણ કન્યાઓ માટે વિશેષ વ્યવસ્થા અને યોજનાઓ અમલી બનેલ છે. આપણા દેશની વિવિધ ક્ષેત્રની મહિલાઓ અંગે જોઈએ.

## વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓ

| | |
|---|---|
|  **પ્રતિભાસિંહ પાટીલ** | આપણા દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બનવાનું ગૌરવ શ્રીમતી પ્રતિભાસિંહ પાટીલ ધરાવે છે. રાજસ્થાનની આ મહિલા આગેવાને આ સ્થાન શોભાવ્યું હતું. તેમની સરળતા અને સહજ જીવનશૈલી માટે એમને યાદ કરવામાં આવે છે. |
| **ઇન્દિરા ગાંધી**  | આપણા દેશનાં પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે ઇન્દિરા ગાંધીને યાદ કરવામાં આવે છે. વર્ષ 1971માં તેમણે પાકિસ્તાન સામે ભવ્ય વિજય હાંસલ કરેલ એવું દેશના ઇતિહાસમાં નોંધાયું છે. એક લોખંડી મહિલા આગેવાન તરીકે તેઓ વિશ્વમાં ઓળખાય છે. |
|  **સુષ્મા સ્વરાજ** | સુષ્મા સ્વરાજને દેશના પ્રથમ મહિલા વિદેશમંત્રી તરીકે આપણે તેમને ઓળખીએ છીએ. અનેક વર્ષો રાજકીય જીવનમાં પસાર કરનાર આ મહિલાએ સૌથી નાની ઉંમરે હરિયાણા રાજ્ય સરકારના કૅબિનેટ મંત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. |
| **લતા મંગેશકર**  | સ્વરસામ્રાજ્ઞી તરીકે વિશ્વમાં પોતાની આગવી ઓળખ મેળવનાર લતા મંગેશકરે વિવિધ ભાષામાં 40 હજાર કરતાં વધારે ગીત ગાયાં છે. ભારત સરકારે તેમને 'ભારતરત્ન'થી સન્માનિત કરેલ છે. |
|  **કલ્પના ચાવલા** | કલ્પના ચાવલા મૂળ ભારતીય હતાં. અવકાશયાત્રી તરીકે યાત્રા પૂર્ણ કરી પરત ફરતાં અકસ્માત થયો અને તેમનું અવસાન થયું. અવકાશ સાથે તેમનું નામ કાયમ જોડાયેલ રહેશે. |
| **વનિતા ગાયકવાડ**  | વનિતા ગાયકવાડે ખેલ મહાકુંભથી શરૂઆત કરીને તેઓએ કૉમનવેલ્થ ગેમમાં ભારતને સુવર્ણચંદ્રક અપાવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા તેમની કન્યા-કેળવણી માટેના એમ્બેસેડર તરીકે પસંદગી કરવામાં આવી છે. |

### જન્મ-પ્રમાણ

સમગ્ર દેશમાં વસતિ-ગણતરી કરવા માટે લાખો લોકો જોડાયેલ રહે છે. જે વર્ષમાં એકમનો અંક એક હોય તે વર્ષોમાં વસતિ-ગણતરી કરવામાં આવે છે. છેલ્લી વસતિ-ગણતરી વર્ષ 2011માં થઈ હતી. પ્રથમ વસતિ-ગણતરી 1881માં હાથ ધરાઈ હતી. કેન્દ્ર સરકાર દ્વારા દર 10 વર્ષે વસતિ-ગણતરી કરવામાં આવે છે. હવે પછીની વસતિ-ગણતરી ક્યારે થશે ?

શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં જન્મના પ્રમાણમાં ખૂબ મોટો ફેરફાર જોવા મળે છે. અહીં આપણે ગુજરાતના વિવિધ જાતીય પ્રમાણ અંગે વિગત જોઈએ. આ વિગતો દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા દર્શાવે છે. આ સારણીને આધારે નીચે મુજબના પ્રશ્નોની ચર્ચા કરો :

**જન્મ-પ્રમાણ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | ગુજરાત | ભારત | તફાવત |
|---|---|---|---|---|
| (1) | જાતિ-પ્રમાણ કુલ | 919 | 943 | 24 |
| (2) | ગ્રામીણ | 949 | 949 | – |
| (3) | શહેરી | 880 | 929 | 49 |
| (4) | 0-6 વર્ષની ઉંમર મુજબ જાતિ-પ્રમાણ | 886 | 914 | 28 |
| (5) | ગ્રામીણ | 906 | 919 | 13 |
| (6) | શહેરી | 852 | 902 | 50 |

### ચર્ચા કરો

- આ તફાવતને લીધે કઈ સમસ્યા થાય ?
- આ સમસ્યાનો નિકાલ કઈ રીતે થઈ શકે ?
- શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં તફાવત કેમ વધારે છે ?
- વસતિવધારા સાથે જાતિગત પ્રમાણ કેમ મહત્ત્વનું છે ?

આપણી આસપાસ સ્ત્રીઓ અને પુરુષોનું પરસ્પર સરખું પ્રમાણ લાગે છે. દેશમાં સ્ત્રીઓનું પ્રમાણ લગભગ અડધા જેવું હોવાનું મનાય છે. અત્યાર સુધીની વસતિ-ગણતરી મુજબ કહી શકાય કે, ભારતમાં સ્ત્રી અને પુરુષોના જાતિ-પ્રમાણમાં અસમાનતા નોંધારી દેખાય છે. નીચે વિવિધ વર્ષમાં સ્ત્રીઓના પ્રમાણ અંગે નોંધ આપી છે :

| 1901 | 1911 | 1921 | 1931 | 1941 | 1951 | 1961 | 1971 | 1981 | 1991 | 2001 | 2011 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 972 | 964 | 955 | 950 | 945 | 946 | 941 | 930 | 934 | 926 | 933 | 940 |

આપણે જોયું કે 1901માં પ્રતિ હજાર પુરુષ સામે સ્ત્રીઓની સંખ્યા 972 હતી જે 2011માં 940 થઈ છે. આ વિગતને આધારે નીચેની બાબતોની ચર્ચા કરો :

### વિચારો અને કહો

- કયા વર્ષમાં સ્ત્રીઓનું પ્રમાણ સૌથી વધારે છે ?
- કયા વર્ષમાં સ્ત્રીઓનું પ્રમાણ સૌથી ઓછું છે ?
- સ્ત્રીઓનું પ્રમાણ ઘટતું જાય તો શું સમસ્યાઓ થાય ?
- સ્ત્રી-પુરુષોની સંખ્યાની અસમાનતા દૂર કરવા સરકાર કયાં પગલાં ભરે છે ?

### મહિલા-આંદોલનનો અભ્યાસ

આપણો દેશ આઝાદ થયો એ પહેલાં આખા દેશ ઉપર રાજ કરનાર અંગ્રેજો સામે અનેક આંદોલનો થયાં. ગાંધી બાપુની આગેવાનીમાં વિવિધ આંદોલનો થયાં. ગુજરાત સહિત દેશભરમાં કસ્તૂરબા સાથે અનેક મહિલાઓ આ આંદોલનમાં જોડાઈ હતી. ક્યારેક સરકાર સામે પોતાની માંગણી સંતોષવા આંદોલનો થાય છે. આપણી આસપાસ ક્યારેક નાનાં-મોટાં આંદોલનો થાય છે. બિહારમાં મહિલાઓએ દારૂબંધી કરાવવા માટે સરકાર સામે સફળ આંદોલન કર્યું હતું. ખાસ કરીને ઉનાળામાં ક્યારેક શહેર વિસ્તારની મહિલાઓ પાણી માટે આંદોલન કરે છે. આવાં જ બીજાં અનેક આંદોલનો મહત્ત્વપૂર્ણ રીતે મહિલાઓ માટે થયાં છે. આ આંદોલનમાં મહિલાઓ જોડાય છે અને પોતાની સમસ્યાઓ તથા સવાલો માટે આંદોલનો કરે છે.

**કોઈ મહિલા-આંદોલન વિશે વિચારો અને લખો :**

- તે મહિલા-આંદોલન વિશે તમે શું-શું જાણો છો ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

- તે આંદોલન શા માટે કરવામાં આવ્યું હતું ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

- તે આંદોલનથી શી અસર થઈ ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## સ્વાધ્યાય

D4D1H3

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) જાતિગત ભિન્નતાની અસર મોટે ભાગે ..........માં જોવા મળે છે.

(2) ઈ.સ. 2011માં પ્રતિ હજાર પુરુષ સામે સ્ત્રીઓનું પ્રમાણ .......... હતું.

**2. ટૂંકમાં ઉત્તર આપો :**

(1) બાળઉછેર અંગે કઈ-કઈ બાબતોમાં ભેદભાવ જોવા મળે છે ?

(2) ઘરકામમાં કઈ-કઈ બાબતોમાં ભેદભાવ જોવા મળે છે ?

(3) રૂઢિગત રીતે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ થાય તેમાં કોની સંખ્યા વધારે હોય છે ?

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) મહિલા સશક્તીકરણ માટે સરકાર કેવા પ્રયત્નો કરે છે ?

(2) કયાં-કયાં કામમાં મહિલાઓ આજે પણ ઓછી જોવા મળે છે ?

(3) આઝાદી સમયે મહિલાઓ કઈ રીતે આંદોલનમાં જોડાઈ હતી ?

**4. ટૂંક નોંધ લખો :**

(1) નારી સશક્તીકરણ

(2) ભારતમાં શિક્ષણ અને રૂઢિગત માન્યતા

### પ્રવૃત્તિ

- તમારા ગામમાં પુરુષ અને સ્ત્રીનું પ્રમાણ કેટલું છે તે ગામમાં જન્મમરણ રજિસ્ટ્રરના આધારે શોધો.

# 17 સંચાર-માધ્યમ અને જાહેરાત

Y4Y3X4

આપણે જાણીએ છીએ કે માનવી એક વિચારશીલ સામાજિક પ્રાણી છે. 'બુદ્ધિ' એને મળેલી સૌથી મહત્ત્વની ભેટ છે. મનુષ્ય જ્યારે ભય, સુખ, દુઃખ વગેરે ભાવ અનુભવે છે ત્યારે એને વ્યક્ત કરવા પ્રયત્ન કરે છે. તે પોતાનું સુખ બીજાઓને વહેંચીને સુખમાં વધારો કરે છે, જ્યારે દુઃખને વહેંચીને દુઃખ હળવું કરે છે.

એક સ્થળેથી બીજા સ્થળે માહિતી અથવા સંદેશો મોકલવા કે પ્રાપ્ત કરવાની વિસ્તૃત વ્યવસ્થાને સંચારતંત્ર કે સંચાર માધ્યમ કહેવાય છે. પહેલાંના સમયમાં ઢોલ વગાડીને, આગ કે ધુમાડાના સંકેત દ્વારા, ઝંડા લહેરાવીને, મોટા અવાજે બૂમો પાડીને, ચિત્રો અથવા સંકેતો દ્વારા સંદેશો આપવામાં આવતો હતો. આમ, ભાષા સાથે ચિત્રલિપિનો વિકાસ શરૂ થયો હશે અને તે રીતે સંદેશો પહોંચાડવામાં આવતો હશે. કેટલીક વખતે પ્રાણીઓ અને પક્ષીઓને સંદેશો પહોંચાડવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં હતાં. શરૂઆતમાં પરિવહનનાં સાધનો જ સંચારનાં સાધનો હતાં. સમય જતાં પ્રિન્ટિંગ પ્રેસ, પોસ્ટઑફિસ, ટેલિફોન, મોબાઇલ ફોન, ફેક્સ, ઉપગ્રહો અને ઈન્ટરનેટે સંચાર-વ્યવસ્થાને ખૂબ જ ઝડપી અને સરળ બનાવી છે.

વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં વિકાસ કરવા સંચારે મહત્ત્વનો ફાળો આપ્યો છે. સંચારનાં માધ્યમોને કારણે સમયની દૃષ્ટિએ દુનિયા નાની થઈ ગઈ છે. આધુનિક સંચારતંત્રે પૂરા વિશ્વને એક વૈશ્વિક ગ્રામમાં ફેરવી નાખ્યું છે. વર્તમાનમાં આર્થિક વિકાસ આધુનિક સંચારતંત્ર પર આધારિત છે. આપણે પૃથ્વીની સપાટી પર કે અવકાશમાં બનતી ઘણી ઘટનાઓ જીવંત જોવા માટે સક્ષમ બન્યાં છીએ. દેશના આર્થિક, સામાજિક, રાજકીય તથા સાંસ્કૃતિક વિકાસની સાથે-સાથે સંચારતંત્ર રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને જાળવી રાખવા માટેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત જેવા વિશાળ દેશમાં પૂર, દુષ્કાળ, ભૂકંપ, ચક્રવાત, ત્સુનામી વગેરે કુદરતી આપત્તિઓ અને માનવસર્જિત આપત્તિ-વ્યવસ્થાપન વિકસિત સંચારતંત્ર વિના શક્ય નથી.

## ટપાલપદ્ધતિ

પહેલાંના સમયમાં સાંકેતિક કે મૌખિક સંદેશ આપવાનું સ્થાન લેખિત સંદેશાઓએ લીધું. એમાંથી ટપાલ-પ્રથાનો જન્મ થયો. ભારતમાં આધુનિક ટપાલસેવાની શરૂઆત ઈ. સ. 1854માં થઈ હતી. લોકો દૂર-દૂર રહેતા પોતાનાં સગાંસંબંધી, મિત્રો કે સરકારી કચેરીઓને પત્ર મોકલવા લાગ્યા. વેપારીઓ પણ પત્ર દ્વારા વેપાર કરવા લાગ્યા. તેની મદદથી દુનિયાના કોઈ પણ ખૂણામાં પત્ર, ગ્રીટિંગકાર્ડ વગેરે મોકલવાની સગવડ છે.




ટપાલસેવાના નમૂના

આપણા દેશમાં આપણે ખૂબ જ સસ્તા દરે પત્ર, આંતરદેશીય પત્ર કે પરબીડિયું મોકલી શકીએ અને ખૂબ જ થોડા સમયમાં આપણે એનો જવાબ પણ પરત મેળવી શકીએ છીએ. કેટલાક અગત્યના પત્રો રજિસ્ટર એડી દ્વારા, પૈસા મનીઑર્ડર દ્વારા અને વસ્તુઓ પાર્સલ દ્વારા મોકલાવી શકીએ છીએ.

**પ્રવૃત્તિ**


- દેશ-વિદેશની ટપાલટિકિટો એકત્રિત કરી આલબમ તૈયાર કરો.
- તમારા મિત્રને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા પોસ્ટકાર્ડ લખો.

## ટેલિગ્રામ (તાર)

ટેલિગ્રામની શોધ ઈ.સ. 1850માં કરવામાં આવી હતી. ભારતમાં ટેલિગ્રામ સેવા સૌપ્રથમ કોલકાતા અને ડાયમંડ હાર્બર વચ્ચે શરૂ થઈ હતી. ટેલિગ્રામ દ્વારા નાના-નાના સંદેશાઓ એક સ્થળેથી બીજા સ્થળે ઝડપથી પહોંચી જતા. આ પછી તેમાં એક્સપ્રેસ તારની સુવિધા આવી જેનો ખર્ચ વધારે થતો હતો. આ સંદેશો તરત જ વ્યક્તિને મળી જતો હતો. આ સુવિધા ભારતમાં 13 જુલાઈ, 2003માં બંધ કરવામાં આવી છે.


POST OFFICE
TELEGRAM
84
MARIAN SHAUGHNESSY AMERICAN EXPRESS LONDON
WILL MEET YOU ON ARRIVAL = COUSIN MAMIE

ટેલિગ્રામ (તાર)



ટેલિગ્રામ મશીન

## પુસ્તકો

પુસ્તકો જ્ઞાનનો ભંડાર છે. પુસ્તકો એક પેઢીનું જ્ઞાન, એના વિચારો, એની સિદ્ધિઓ વગેરે બીજી પેઢી સુધી પહોંચાડવામાં સફળ રહ્યાં છે. પુસ્તકો જ્ઞાન અને માહિતીનો પ્રચાર અને પ્રસાર કરે છે. હાલના સમયમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાંથી પસાર થવાનું હોય છે. આ પરીક્ષાલક્ષી માહિતી પ્રાપ્ત કરવા માટે પુસ્તકો સહાયક બની રહે છે. વર્તમાન સમયમાં ઈ-બુકનું ચલણ વધ્યું છે.

**પ્રવૃત્તિ**

- શાળાની લાઈબ્રેરીમાંથી વધુ વંચાતાં પુસ્તકોની યાદી તૈયાર કરો.
- વર્ષ દરમિયાન તમે વાંચેલાં પુસ્તકોની યાદી તૈયાર કરો.

## વર્તમાનપત્રો

વર્તમાનપત્રો દુનિયાના કોઈ પણ ખૂણે બનતી ઘટનાઓ, જાહેરાતો, દુ:ખદ નોંધ, આજનું ભવિષ્ય, પંચાંગ, વિશેષ દિન, તિથિ, ચોઘડિયાં વગેરે બાબતો આપણા સુધી પહોંચાડે છે. આપણે ત્યાં વિવિધ ભાષાઓમાં અનેક દૈનિકપત્રો અને સામયિકોનું પ્રકાશન થાય છે.



વર્તમાનપત્રો

## રેડિયો

રેડિયો એ શ્રાવ્ય પ્રકારનું સંચાર-માધ્યમ છે. રેડિયો પર સંગીત, લોકગીત, ફિલ્મી ગીતો, પરિસંવાદ, રમત-ગમત સમાચાર, નાટક, હવામાન સમાચાર, ખોવાયેલી વ્યક્તિની જાહેરાત, ભજન, વાર્તા જેવા કાર્યક્રમો સાંભળવા મળે છે. આ ઉપરાંત વરસાદ, પૂર, ચક્રવાત જેવી સંકટ સમયની આપત્તિઓની જાણ કરવામાં આવે છે. રેડિયો સુવિધા મોબાઇલમાં પણ ઉપલબ્ધ છે.

### આટલું જાણો

- રેડિયોની શોધ ઈ.સ. 1895માં ઇટાલીના માર્કોનીને ફાળે જાય છે.
- આકાશવાણીનું સૌપ્રથમ કેન્દ્ર ઇંગ્લૅન્ડમાં સ્થાપવામાં આવ્યું હતું.
- ભારતમાં મુંબઈ અને કોલકાતા ખાતે ખાનગી કંપનીએ ટ્રાન્સમિટર દ્વારા માહિતી પ્રસારણ કરવાની શરૂઆત કરી.
- ઈ.સ. 1930માં મુંબઈ અને કોલકાતા ખાતેનાં ટ્રાન્સમિટરો સરકારે પોતાના હસ્તકે લઈને તેનું નામ 'ઇન્ડિયન બ્રોડ કાસ્ટિંગ સર્વિસ' રાખ્યું.
- ઈ.સ. 1957માં તેનું નામ 'આકાશવાણી' રાખવામાં આવ્યું.
- પ્રસારભારતી ભારતનું જાહેર પ્રસારણકર્તા સ્વાયત્ત કૉર્પોરેશન છે. તેની સ્થાપના તા. 23-11-1997માં કરવામાં આવી હતી. આજે ઑલ ઇન્ડિયા રેડિયો અને દૂરદર્શન નેટવર્કની સેવા પ્રસારભારતી દ્વારા પૂરી પાડવામાં આવે છે. હાલમાં FM રેડિયોનું પ્રસારણ પણ થઈ રહ્યું છે.

## સિનેમા

સિનેમા પણ શિક્ષણ અને મનોરંજનનું એક લોકપ્રિય સાધન છે. ફિલ્મ દ્વારા સામાજિક, સાંસ્કૃતિક બાબતોનું પણ શિક્ષણ આપવામાં આવે છે. ફિલ્મ દ્વારા લોકોની રહેણીકરણી, વિચારસરણીમાં પરિવર્તન આવ્યું છે. કેટલાક રીતરિવાજો, માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ અને વહેમો સામે સંઘર્ષ કરવાનું સિનેમાથી શીખવા મળે છે. સૌથી વધુ ચલચિત્રો ભારતમાં બને છે.

## ટેલિવિઝન

ટેલિવિઝન આજનું સૌથી લોકપ્રિય દશ્ય-શ્રાવ્ય સંચાર-માધ્યમ છે. તમારા ઘરમાં રાખવામાં આવેલ ટી.વી. સમગ્ર દુનિયાના સમાચારો, ફિલ્મો, સીરિયલો, શૈક્ષણિક કાર્યક્રમો આપણી સમક્ષ રજૂ કરે છે. તાજેતરના સમાચાર કે વિવિધ રમતોનું જીવંત પ્રસારણ જોવા મળે છે.

### આટલું જાણો

- ટી.વી.ની શોધ જહોન લોગી બાયર્ડ દ્વારા કરવામાં આવી હતી.
- ભારતમાં સૌપ્રથમ ટેલિવિઝન પ્રસારણ કેન્દ્રનો પ્રારંભ 15 સપ્ટેમ્બર, 1959માં દિલ્લી ખાતે પાઇલોટ પ્રૉજેક્ટ તરીકે શરૂ થયો હતો.
- ભારતમાંના બીજા ટેલિવિઝન પ્રસારણ કેન્દ્રની શરૂઆત ઈ.સ. 1972માં મુંબઈ ખાતે થઈ હતી.
- ઈ.સ. 1976માં દૂરદર્શનનો વિભાગ 'ઑલ ઇન્ડિયા રેડિયો'થી અલગ કરવામાં આવ્યો.
- તા. 15 માર્ચ, 1976માં અમદાવાદ ખાતે ઈસરો મારફતે પ્રસારણ કેન્દ્ર શરૂ થયું અને તા. 02-10-1987ના રોજ અમદાવાદ ડી.ડી. ગિરનાર ચેનલ શરૂ થઈ.
- તા. 26-01-2000માં 'ડીડી જ્ઞાનદર્શન' નામની શૈક્ષણિક ચેનલ શરૂ કરવામાં આવી.
- પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર શિક્ષણ, આરોગ્ય, ખેતી વગેરે મહત્ત્વના કાર્યક્રમો 'વંદે ગુજરાત' ચેનલ દ્વારા રાજ્ય સરકાર રજૂ કરે છે.

## મોબાઈલ ફોન

સંચાર-માધ્યમનું હાલનું અગત્યનું સાધન મોબાઈલ ફોન છે. મોબાઈલ ફોન દ્વારા એક વ્યક્તિ બીજી વ્યક્તિને નંબર લગાવીને કોઈ પણ સ્થળેથી વાતચીત કરી શકે છે. મોબાઈલ ફોનમાં ઘડિયાળ, વિડિયો-ઓડિયો પ્લેયર, ટૉર્ચ, કૅલેન્ડર, કેલ્ક્યુલેટર, રેડિયો વગેરેની સુવિધા હોય છે. તેનાથી આપણે રેલવે-બસ-સિનેમાની ટિકિટ બુક કરાવી શકીએ છીએ. મોબાઈલ ફોનની અંદર વપરાતા ઇન્ટરનેટથી ઘણી માહિતી આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. અનેકવિધ સુવિધાઓ માટે વર્તમાનમાં મોબાઈલ ફોન જરૂરી ઉપકરણ બની ગયું છે.

**પ્રવૃત્તિ**

- શિક્ષકની મદદથી મોબાઈલ ફોનમાં આવતી શૈક્ષણિક એપની યાદી બનાવો.

## કૃત્રિમ ઉપગ્રહ (સેટેલાઈટ)

સંચાર-માધ્યમ તરીકે કૃત્રિમ ઉપગ્રહ વધુ ઉપયોગી છે. આ કૃત્રિમ ઉપગ્રહ માનવસર્જિત છે. તેને અવકાશમાં મૂકવામાં આવે છે. પૃથ્વી પરથી અવકાશમાં રોજબરોજના સમાચાર, મોસમની જાણકારી, વિવિધ કાર્યક્રમો આ ઉપગ્રહ દ્વારા પૃથ્વી પરના પરત કોઈ પણ સ્થળના ટેલિવિઝન, કમ્પ્યૂટર અને મોબાઈલ ફોન જેવાં સાધનોમાં પ્રાપ્ત કરી શકાય છે. પૃથ્વીના પેટાળમાં પાણી, ખનીજભંડાર છુપાયેલા છે તેની માહિતી પણ પ્રાપ્ત કરી શકાય છે. આપણા ઘરથી બીજા સ્થળ વચ્ચેનું અંતર અને રસ્તો જાણી શકીએ છીએ. કૃત્રિમ ઉપગ્રહ દેશના સંરક્ષણક્ષેત્રે ખૂબ ઉપયોગી છે.



કૃત્રિમ ઉપગ્રહ

**પ્રવૃત્તિ**

- તમારા શિક્ષકની મદદથી ભારત દ્વારા અવકાશમાં તરતા મૂકવામાં આવેલ ઉપગ્રહોની યાદી તૈયાર કરો.
- તમારા શિક્ષકની મદદથી ઈસરોની માહિતી મેળવો.

## સંચાર-માધ્યમ અને ટેક્નોલૉજી

L3W8E8

માનવીને તેની ઉત્ક્રાંતિની સાથે-સાથે અનેક જરૂરિયાતો ઉદ્ભવી. શરૂઆતમાં પ્રાથમિક જરૂરિયાતો જેવી કે ખોરાક, પાણી અને જાતિનું અસ્તિત્વ ટકાવી રાખવાની બાબત મુખ્ય હતી. સમય જતાં સામાજિક અને સાંસ્કૃતિક બાબતની જરૂરિયાત ઉદ્ભવતા તે માટે સંચાર-માધ્યમની આવશ્યકતાઓ વધી તેથી તેમાં બદલાવ થવા લાગ્યો. પહેલાંના સમયમાં ટપાલવ્યવસ્થા હતી તેમાંથી ટેલિફોન, પેજર, મોબાઈલ ફોન, ફેક્સ જેવી સુવિધાઓ ટેક્નોલૉજીના માધ્યમથી વધવા લાગી અને તેના કારણે નવા-નવા ફેરફારો થવા લાગ્યા. વર્તમાન સમયમાં પણ જોઈએ તો સમાચારપત્રોમાં પણ ટેક્નોલૉજીનો ઉપયોગ થવા લાગ્યો. પહેલાં પેપર છાપવા માટે અક્ષર ગોઠવવા પડતા હતા. હવે તેની જગ્યાએ કમ્પ્યૂટરની મદદથી ટાઈપ કરીને છાપવા માટે આપી શકાય છે. ટેલિફોનમાં પહેલા નંબરો ગોળ-ગોળ ફેરવવા પડતા એની જગ્યાએ હવે સીધા નંબર દબાવીને આપણે બીજી વ્યક્તિનો સંપર્ક સાધી શકીએ છીએ. નવી શોધ વોકીટોકીની થઈ. તેનો ઉપયોગ પોલીસ વધુ પ્રમાણમાં કરે છે.

માનવી જેટલી ઝડપથી વિચારે છે તેટલી ઝડપથી તેનો પ્રચાર કે પ્રસાર કરી શકે છે. સંચાર-માધ્યમનાં સાધનો જેવાં કે ટીવી, રેડિયો, પ્રોજેક્ટર, કમ્પ્યૂટર, મોબાઈલ ફોન જેવાં સાધનો ટેક્નોલૉજીના માધ્યમથી આવ્યાં અને તેમાં રોજબરોજ ફેરફાર થતાં રહ્યા છે. હવે વ્યક્તિ એકબીજાને મોબાઈલ ફોન કે કમ્પ્યૂટર દ્વારા પ્રત્યક્ષ જોઈ શકે છે અને વાતચીત પણ કરી શકે છે. આપણે લખેલા કાગળો ઈમેલ કે ફેક્સ દ્વારા તરત જ બીજી જગ્યાએ પહોંચાડી શકીએ છીએ. ટેક્નોલૉજીના ઉપયોગથી સંચાર-માધ્યમનો વિકાસ વધુ ને વધુ થયો છે.

ટેલિવિઝનના કાર્યક્રમમાં પણ ફેરફાર થવા લાગ્યા છે. કૃત્રિમ ઉપગ્રહ દ્વારા કૃષિક્ષેત્રની માહિતી ઝડપથી અને સચોટ મેળવી શકાય છે. સમાચારો, ફિલ્મો, સિરિયલો, શૈક્ષણિક કાર્યક્રમો, જાહેરાતો આ ઉપરાંત પૂર, ભૂકંપ, વાવાઝોડું જેવી બાબતોની માહિતી પ્રાપ્ત કરી શકાય છે. વ્યક્તિ સંચાર-માધ્યમના સાધન તરીકે મોબાઇલ ફોનનો ઉપયોગ ફક્ત વાતચીત માટે જ નહિ પરંતુ સંદેશાની આપલે માટે પણ છે. સંદેશા માટે અનેક પ્રકારની સોશિયલ મીડિયા એપ અને માહિતીની શોધ કરવા માટે બ્રાઉઝરનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રકારની એપ આવવાથી સમાજમાં અને શિક્ષણમાં અનેક પરિવર્તનો આવ્યાં છે.

### લોકશાહીમાં સંચાર-માધ્યમ

દેશમાં બનતા બનાવોની માહિતી લોકો સુધી પહોંચાડવા માટે સંચાર-માધ્યમનું મહત્ત્વ વધી રહ્યું છે. લોકોના જીવન-ધોરણમાં પરિવર્તન લાવવા સરકાર લોકો માટે કેવાં કાર્યો કરે છે તેની જાણકારી આપી કે લઈ શકાય છે અને સામાન્ય લોકો સુધી સહેલાઈથી પહોંચાડી શકાય છે. સરકાર દ્વારા કરવામાં આવતા શિક્ષણ, આરોગ્ય, કૃષિ જેવાં કાર્યોની માહિતી સંચાર-માધ્યમ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. સરકારે કરેલાં કાર્યો અને કામગીરી સામે વિરોધ પક્ષો તેમાં રહેલી ક્ષતિઓને ઉજાગર કરે છે. સરકાર સંચાર-માધ્યમો ઉપર દેખરેખ પણ રાખે છે. રેડિયો અને ટીવી પર આવતા સમાચારોની સમાજમાં તેની કેવી અસર થશે તે જુએ છે. સંચાર-માધ્યમો અને સોશિયલ મીડિયા સાચી માહિતી જ રજૂ કરે છે કે કેમ ? તે દરેક નાગરિકે ચકાસવું જોઈએ.

### સંચાર-માધ્યમનો વિવેકપૂર્ણ ઉપયોગ

આપણે સંચાર-માધ્યમનો ઉપયોગ યોગ્ય રીતે કરવો જોઈએ. પ્રદૂષણ, પાણી-સમસ્યા, ગરીબી, બાળમજૂરી, મહિલાઓ પરના અત્યાચારો જેવી ઘટનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા વિષય ઉપર વધુમાં વધુ ચર્ચા થવી જોઈએ. તેના માટે ટેલિવિઝન, રેડિયો, સમાચારપત્રો વગેરે માધ્યમોનો વિશેષ ઉપયોગ થવો જોઈએ. ક્યારેક આપણે આવા વિષય ઉપર એકબીજા ઉપર આક્ષેપબાજી થતી હોય તેવા દ્રશ્ય પણ આપણે ટેલિવિઝન ઉપર જોવા મળે છે જેની સમાજ પર વિપરીત અસર થાય છે. મોબાઇલ ફોન પર મહિલાઓ, બાળકો, વૃદ્ધ કે ગરીબ ઉપર અત્યાચાર થતાં હોય તેવા વિડિયો ન મૂકવા જોઈએ. અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ મોબાઇલ ફોનનો ઉપયોગ વાતચીત પૂરતો જ કરવો જોઈએ. તેમાં આવતી ગૅમ, ઇન્ટરનેટનો વપરાશ ઓછો અને વિવેકપૂર્ણ જ કરવો. મોબાઇલ ફોનના પ્રકાશને કારણે આંખને નુકસાન થાય છે તથા સમય અને શિક્ષણ પર વિપરીત અસર થાય છે. જેથી તેનો ઉપયોગ ઓછો કરવો જોઈએ.

આમ, આપણા રોજિંદા જીવનમાં સંચાર-માધ્યમોનું સ્થાન મહત્ત્વનું રહ્યું છે. પરંતુ તેનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય એ ખૂબ જ જરૂરી છે.

### જાહેરાત

આજના સમયમાં જાહેરાતનું મહત્ત્વ વધારે જોવા મળે છે. આપણે ત્યાં તહેવારો આવે છે એટલે વિક્રેતાઓ ગ્રાહકને આકર્ષવા માટે અવનવી સ્કીમ રાખે છે. જેમકે, 50 ટકા ફ્રી, વૉશિંગ મશીન સાથે 500 રૂપિયા ગિફ્ટ વાઉચર ફ્રી, 1 રૂપિયામાં રેફ્રિજરેટર વસાવો, એક જોડી કપડાં સાથે એક જોડી ફ્રી, ગેરેંટેડ ગિફ્ટ વગેરે મળે છે. આમ કરવા પાછળનું કારણ જોઈએ તો વ્યવસાયમાં હરીફાઈ છે.

**જાણવા જેવું**

**જાહેરાતની શરૂઆત**

- ઈજિપ્ત અને મધ્યયુગીન લોકો ચિત્ર દ્વારા જાહેરાત કરતા.
- જૂન, 1936માં ફ્રેંચ અખબારે પ્રથમ વખત વિક્રેતા પાસેથી નાણાં લઈને જાહેરાત છાપવાની શરૂઆત કરી હતી.
- ઈ. સ. 1920થી રેડિયો પર જાહેરાતની શરૂઆત થઈ.
- ઈ. સ. 1920થી રેડિયો પર આ ગીતના પ્રયોજક જે-તે કંપની કે સંસ્થા છે તેમ જાહેરાત કરવામાં આવતી.

### જાહેરાતનાં માધ્યમો

વેપારીઓ, પેઢીઓ, સંસ્થાઓ, શાળાઓ પોતાના દ્વારા કરવામાં આવેલ કાર્યોને બજારમાં કે વ્યવસાયના ક્ષેત્ર સુધી પહોંચાડવામાં જાહેરાતનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. બાળકો તમે ટીવી જોતાં હશો ત્યારે ચેનલમાં આવતા પ્રોગ્રામની

વચ્ચે જાહેરાત આવે છે. ખરું ને ? ભીંતચિત્રો, રેડિયો, સિનેમા, ટેલિવિઝન, બેનર, મોબાઇલ ફોન, ટેલિફોન, પત્રિકા, ખરીદીના થેલા, બસસ્ટૅન્ડના બાંકડા, મૅગેઝિન, અખબારો, બસ કે ટ્રેનની સાઇડ ઉપર સંગીતનાં સાધનો, લાઇટબિલ, વેરાબિલ વગેરે જાહેરાતોનાં માધ્યમો છે.

**પ્રવૃત્તિ**

- જાહેરાત સાથે કેવા પ્રકારની વ્યક્તિઓ સંકળાયેલી છે ? તેની યાદી બનાવો.

## જાહેરાતના ફાયદા-ગેરફાયદા

વિક્રેતાએ માલનું વેચાણ વધારવું હોય તો જાહેરાત કરવી પડતી હોય છે.

**ફાયદાઓ :**

- વસ્તુની ગુણવત્તાની ચકાસણી અને ખાતરી કરી શકાય છે.
- વસ્તુ પર છાપવામાં આવેલ કિંમતને જાણી શકાય છે.
- વસ્તુની સામાન્ય માહિતી વ્યક્તિ સુધી સારી રીતે પહોંચાડી શકાય છે.

**ગેરફાયદાઓ :**

- જાહેરાત પાછળ નાણાંનો ખૂબ જ ખર્ચ થતો હોય છે અને તેનું ભારણ ગ્રાહકને ભોગવવું પડતું હોય છે.
- જાહેરાત કરનાર વ્યક્તિ જે વસ્તુનો પ્રચાર કરે છે, તે વસ્તુ કદાચ પોતે વાપરતા ન હોય એવું પણ બને છે.
- જાહેરાતના આધારે ખરીદી કરવામાં આપણે ક્યારેક છેતરાઈ પણ જઈએ છીએ.
- ટીવી પર દર્શાવવામાં આવતી જાહેરાત જોઈને ક્યારેક આપણે મનમાં ક્ષોભ અનુભવીએ છીએ. કારણ કે દરેક વસ્તુ આપણે ખરીદી શકતા નથી. બાળકો કે વડીલોને અપાવી શકતાં નથી એવો અનુભવ થાય છે.
- દેખાદેખીનું ચલણ વધી જાય છે.

## જાહેરાતથી સાવધાન

- ખોટી કે લોભામણી જાહેરાતથી સાવધાન રહેવું જોઈએ.
- ચિત્ર કે પોસ્ટર અથવા વિડિયો દ્વારા દર્શાવવામાં આવતી વસ્તુની ચકાસણી કરી ખરીદી કરવાનો આગ્રહ રાખવો જોઈએ.
- સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કે ધાર્મિક બાબતોને નિષેધાત્મક અસર કરતી હોય તેવી જાહેરાતોને પ્રોત્સાહન આપવું નહિ અને તે પ્રત્યે સરકારનું ધ્યાન દોરવું જોઈએ.

## જાહેરાતનાં સામાજિક મૂલ્યો

આજે જાહેરાત સામાજિક અને સાંસ્કૃતિક જીવનનો મુખ્ય ભાગ બની ગઈ છે. આપણે જે જાહેરાત જોઈએ છીએ તેની ચર્ચા સમાજમાં કરવામાં આવતી હોય છે. સરકાર દ્વારા સમાજના ઉત્થાન માટે જાહેરાતો કરવામાં આવે છે જેમકે બાળલગ્ન ન કરવાં, આરોગ્ય, વસતિ-નિયંત્રણ, દીકરીને શિક્ષણ આપો, બાળકોને કુપોષણથી બચાવો વગેરે જાહેરાતો દ્વારા એનો વિશેષ ફેલાવો કરીને સામાજિક જાગૃતિ લાવી શકાય છે.

## જાહેરાત અને લોકશાહી

લોકશાહી રાષ્ટ્રોમાં ઘણું કરીને સંચાર-માધ્યમો સ્વતંત્રતા ધરાવે છે. લોકશાહીને મજબૂત કરવા અને ટકાવવા સમૂહ માધ્યમો દ્વારા પ્રસારિત થતી જાહેરાતો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમકે,

- લોકશાહીમાં લોકકલ્યાણ કેન્દ્ર સ્થાને છે. જાહેરાતો દ્વારા સરકાર લોકકલ્યાણની યોજનાઓનો ખ્યાલ લોકો સુધી પહોંચાડે છે.
- લોકોપયોગી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક કે અન્ય બાબતો જાહેરાતનાં માધ્યમો દ્વારા સરકાર તેની માહિતી લોકોને આપે છે.
- શિક્ષણનો પ્રચાર અને પ્રસાર, કુરિવાજો, અંધવિશ્વાસ, બાળલગ્નની પ્રથા, ખોટી માન્યતાઓનું ખંડન લોકશાહીમાં જાહેરાતનાં માધ્યમોથી થાય છે. જેથી લોકશાહી પરિપક્વ બને છે.
- લોકશાહીમાં સરકાર સાંસદો, મંત્રીઓ, ધારાસભ્યો વગેરે દ્વારા અપાતી સેવાઓનો પ્રસાર જાહેરાત દ્વારા કરે છે.

- સરકાર દ્વારા આરોગ્યવિષયક, જળ બચાવો, બેટી બચાવો, બેટી પઢાઓ, સ્વચ્છતા અભિયાન વગેરે લોકશાહી પોષક પરિબળોને જાહેરાતના માધ્યમ દ્વારા ઉજાગર કરે છે.
- લોકશાહીનાં તત્ત્વો જેવા કે સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વ અને એકતાના ખ્યાલો સમૂહ માધ્યમ દ્વારા અપાતી જાહેરાતો મારફતે દૃઢ થાય છે કે તેથી લોકશાહી વધારે સબળી બને છે.
- સરકાર લોકોને મતદાનની સમગ્ર પ્રક્રિયાની સમજ જાહેરાતો દ્વારા આપે છે.
- સરકારે પોતાના કાર્યકાળ દરમિયાન કરેલાં લોકોપયોગી કાર્યોને જાહેરાતના માધ્યમથી લોકો સુધી પહોંચાડીને ફરી વાર સત્તા પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરે છે.

આમ, સંચાર-માધ્યમો અને જાહેરાતો સમાજમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જેના દ્વારા વ્યક્તિના જીવનમાં મહત્ત્વના સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજનૈતિક અને વૈયક્તિક જીવનમાં પરિવર્તન થતું જોવા મળે છે.

## સ્વાધ્યાય

G3I8N2

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) મિત્રને શુભેચ્છા આપવા ........ કાર્ડનો ઉપયોગ થાય છે.
(2) ભારતમાં ટેલિગ્રામની શરૂઆત ........ વર્ષમાં થઈ હતી.
(3) રેડિયો ........ પ્રકારનું માધ્યમ છે.
(4) મનોરંજન માટેનું લોકપ્રિય દૃશ્ય-શ્રાવ્ય સાધન ........ છે.
(5) પૃથ્વીના પેટાળમાં રહેલા ખનીજોની માહિતી મેળવવા ........ ખૂબ જ ઉપયોગી માધ્યમ છે.

**2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(1) રક્ષાબંધનની રાખડી આંતરદેશીય પત્ર દ્વારા મોકલી શકાય છે.
(2) ખોરાક માનવીની પ્રાથમિક જરૂરિયાત છે.
(3) વોકીટોકીનો ઉપયોગ પોલીસ કરે છે.
(4) જાહેરાતમાં આવતી બધી જ વસ્તુઓ ગુણવત્તાવાળી હોય છે.
(5) મોબાઇલ ફોન સંચાર-માધ્યમનું ઉત્તમ સાધન છે.

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) પોસ્ટઑફિસ દ્વારા પૈસા કેવી રીતે મોકલી શકાય ?
(2) જાહેરાત પ્રસારણ માટેનાં કોઈ પણ બે માધ્યમો જણાવો.
(3) સંચાર-માધ્યમ એટલે શું ?
(4) જાહેરાતના બે ફાયદાઓ જણાવો.
(5) સરકાર સામાજિક જાગૃતિ માટે કઈ-કઈ જાહેરાતો કરે છે ?

**4. ટૂંક નોંધ લખો :**

(1) જાહેરાતના ગેરફાયદા
(2) કૃત્રિમ ઉપગ્રહનો ઉપયોગ
(3) મોબાઇલ ફોન દ્વારા પ્રાપ્ત થતી સુવિધાઓ

**5. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :**

(1) લોકશાહીમાં સંચાર-માધ્યમો કેમ ઉપયોગી છે ?
(2) સંચાર-માધ્યમોનો ઉપયોગ કેવી રીતે કરશો ?
(3) સિનેમાંથી જાગૃતિ આવે છે. સમજાવો.
(4) ટીવીના ફાયદાઓ જણાવો.

# 18 બજાર

H3F3Z3

તમે પેન, નોટબુક, પુસ્તકોની ખરીદી કરવા માટે દુકાને જતાં હશો. તમારા ઘર માટે પણ ચીજવસ્તુઓની ખરીદી કરવામાં આવતી હશે. તમને થતું હશે કે આ બધી ચીજવસ્તુઓ કોણ બનાવતું હશે ? કઈ રીતે આ વસ્તુઓ દુકાનો સુધી પહોંચતી હશે ? આ ચીજવસ્તુઓ ખરીદનાર કોણ હશે ? આ ચીજવસ્તુઓ વેચનાર કોણ હશે ? ચાલો મિત્રો, આજે આપણે આ અંગે અભ્યાસ કરીએ.

## બજાર

ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાનો જ્યાં હોય તે સ્થળ એટલે બજાર. બજાર એટલે જ્યાં ખરીદનાર અને વેચનાર ભેગા થતાં હોય એવું સ્થળ. બજારમાં અનેક ચીજવસ્તુઓ વેચાતી હોય છે. જેમકે શાકભાજી, ફળ, સાબુ, દંતમંજન, મસાલા, બ્રેડ, બિસ્કિટ, અનાજ, દાળ, ચોખા, કપડાં, પુસ્તકો, નોટબુક, પેન, પેન્સિલ, બૂટ-મોજાં, મોબાઈલ ફોન, સાઇકલ, ટીવી, ફ્રિજ વગેરે યાદી બનાવીએ તો કેટલીયે લાંબી યાદી તૈયાર થાય. આવી અનેક ચીજવસ્તુઓ આપણે બજારમાં જઈને ખરીદીએ છીએ.

## બજારના પ્રકાર

Q4M8V1

આપણે રોજબરોજની ચીજવસ્તુઓની ખરીદી અલગ-અલગ બજારમાંથી કરીએ છીએ. જેમકે, આપણી આસપાસની મહોલ્લા બજાર, સાપ્તાહિક બજાર કે ગુજરી બજાર, મોટાં-મોટાં શૉપિંગ કૉમ્પ્લેક્સ અને શૉપિંગ મોલ, નિયંત્રિત બજાર અને ઑનલાઈન બજાર.

**મહોલ્લા બજાર :** આ દુકાનોમાં વિવિધ ચીજવસ્તુઓ ગ્રાહકને દેખાય તે રીતે ગોઠવેલી હોય છે. આપણે આપણા રોજિંદા ઉપયોગની વસ્તુઓ આપણી આસપાસની દુકાનોમાંથી ખરીદીએ છીએ. જેમકે ડેરીમાંથી દૂધ, દહીં, છાશ, કરિયાણાની દુકાનેથી તેલ-મસાલા અને ગૃહ-વપરાશની ચીજવસ્તુઓ, સ્ટેશનરીની દુકાનેથી પેન, પેન્સિલ, નોટબુક, પુસ્તકો વગેરે અને દવાની દુકાનેથી દવાઓની ખરીદી કરીએ છીએ. તેમજ રસ્તાની આજુબાજુએ નાની દુકાન કે રેંકડીઓમાંથી ફળ, શાકભાજી કે વાર-તહેવારે રમકડાં, પતંગ કે અન્ય વસ્તુઓ ખરીદીએ છીએ.



મહોલ્લા બજાર

- આ દુકાનો આપણા ઘરની આજુબાજુમાં જ હોય છે.
- આપણી જરૂરિયાતના સમયે દિવસ દરમિયાન ગમે ત્યારે ખરીદી કરી શકીએ છીએ.
- આ દુકાનદાર તેમના નિયમિત ગ્રાહકોને ઉધારથી પણ વેચાણ કરે છે.

**ગુજરી કે સાપ્તાહિક બજાર :** સાપ્તાહિક બજાર કોઈ એક નિશ્ચિત દિવસે જ ભરાતી હોય છે એટલે એને સાપ્તાહિક બજાર કહે છે. કેટલાક વિસ્તારોમાં તેને 'હાટ' કહેવાય છે. ઉદાહરણ : દર શનિવારે આ બજાર ભરાતી હોય તો શનિવારી બજાર. વેપારીઓ દિવસ દરમિયાન તેની વેચાણની ચીજવસ્તુઓ લાવે છે અને સાંજ સુધીમાં દુકાન સંકેલીને જતા રહે છે. બીજા દિવસે કોઈ બીજી જગ્યાએ જઈને ત્યાં દુકાન લગાવે છે. દેશભરમાં અનેક જગ્યાએ આવાં હજારો બજાર લાગે છે. જેમાં લોકો પોતાની રોજબરોજની ચીજવસ્તુઓ ખરીદે છે.



સાપ્તાહિક બજાર

- જરૂરિયાતની ઘણી વસ્તુઓ એક જ જગ્યાએથી મળી રહે છે.
- નાના વેપારીઓ તેમજ કારીગરોને રોજગાર મળી રહે છે.
- વેપારીને દુકાનનું ભાડું, વીજળી, વેરો, કર્મચારીનો પગાર વગેરે ખર્ચ થતો ન હોવાથી ચીજવસ્તુઓ સસ્તા ભાવે વેચી શકે છે.

## શૉપિંગ કૉમ્પ્લેક્સ અને મોલ

આપણી આસપાસની દુકાનો અને સાપ્તાહિક બજારો સિવાય મોટાં શહેરોમાં બીજાં બજારો પણ હોય છે. એક જ બિલ્ડિંગમાં એકસાથે કેટલીયે અલગ-અલગ પ્રકારની દુકાનો હોય છે જેને શૉપિંગ કૉમ્પ્લેક્સ કહે છે. મોટાં શહેરોમાં બહુમાળી ઈમારતમાં અલગ-અલગ માળ ઉપર અલગ-અલગ પ્રકારની વસ્તુઓ મળતી હોય છે, જેને મોલ કહેવામાં આવે છે. જેમાં આપણને નાની-મોટી કંપનીની બ્રાન્ડેડ અને બ્રાંડ વિનાની વસ્તુઓ મળી જાય છે. મોટી કંપનીઓ જાહેરખબરો દ્વારા ઊંચી ગુણવત્તાની જાહેરાતો કરીને આ બ્રાન્ડેડ વસ્તુઓ ઊંચા ભાવે આવા મોટા શોરૂમોમાં વેચતી હોય છે. જેની કિંમતો વધુ હોવાથી અમુક લોકો જ આવી વસ્તુઓ ખરીદી શકે છે.



શૉપિંગ મોલ

- ગ્રાહકને કેન્દ્રમાં રાખીને દુકાનો સજાવવામાં આવે છે.
- વિવિધ બ્રાન્ડની અનેક વસ્તુઓ એકસાથે વેચાતી હોય છે. જેથી ગ્રાહકને પસંદગીની તક રહે છે.
- વાતાનુકૂલિત મોલમાં ગ્રાહક પોતાનો પૂરતો સમય આપીને વિશેષ છૂટ મળતી હોય તેવી વસ્તુઓ ખરીદી શકે છે.
- ગ્રાહકને વસ્તુની છાપેલ કિંમત પર વિશેષ વળતર આપવામાં આવે છે.
- ગ્રાહક કાઉન્ટર પર રોકડ, ક્રેડિટ કાર્ડ કે ડેબિટ કાર્ડ નેટ બૅંકિંગથી ચૂકવણું કરી શકે તેવી વ્યવસ્થા હોય છે.

**પ્રવૃત્તિ**

- તમારા નિવાસસ્થાન નજીક ભરાતા સાપ્તાહિક બજારની મુલાકાત લો. જાણકારી મેળવો.
- તમારા નજીકના શહેરમાં શૉપિંગ કૉમ્પ્લેક્સ-શૉપિંગ મોલની મુલાકાત લઈ તેની વિશેષતાઓ મૂલવો.

## નિયંત્રિત બજાર (માર્કેટિંગ યાર્ડ) (APMC)

કૃષિની સફળતામાં સારું ઉત્પાદન મેળવવા ઉપરાંત સારી બજાર-વ્યવસ્થા હોવી પણ એટલી જ જરૂરી છે. આઝાદી પછીના તબક્કામાં ખેત-ઉત્પાદનના વેચાણની ચોક્કસ વ્યવસ્થા ન હોવાને લીધે ખેડૂતોનું શોષણ થતું હતું. તે રોકવા માટે સરકારે નિયંત્રિત બજાર એટલે કે માર્કેટિંગ યાર્ડ(ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ)ની વ્યવસ્થા કરી. ખેડૂત પાક-વેચાણમાં ગેરરીતિઓના ભોગ ન બને અને તેમના ખેત-ઉત્પાદનના વાજબી ભાવો ઊપજે અને તે રીતે તેઓ આર્થિક સમૃદ્ધ બને તે માટે ગુજરાતના વિવિધ તાલુકા મથકે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓની સ્થાપના કરવામાં આવેલ છે. જેમાં,



માર્કેટિંગ યાર્ડ

- ખેડૂતોની ખેતપેદાશોનું જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવે છે.
- વેપારીઓનું નૈતિક ધોરણ જળવાય છે.
- ભાવનિર્ધારણમાં પારદર્શિતા વધે છે.
- ખેડૂતોને તેના ખેત-ઉત્પાદનના વધુ સારા ભાવ મળી શકે છે.
- વેપારીઓને ચોખ્ખો અને સારો માલ એક જ જગ્યાએથી પૂરતા પ્રમાણમાં મળી રહે છે.
- વિવિધ સેવાઓ જેવી કે બૅંકિંગ, ધિરાણ, વીમો, ગોદામ, અન્ય સુવિધાઓનું નિર્માણ વગેરેની અમલવારી અસરકારક રીતે થાય છે.
- રેડિયો, વર્તમાનપત્ર, ટીવી તથા ઑનલાઇન મોબાઇલ ફોન પર ખેડૂતોને ખેતપેદાશના દૈનિક બજારભાવ મળી રહે છે.
- ખેડૂતને માર્કેટિંગ યાર્ડમાં રાત્રિરોકાણ - નિવાસની સુવિધા, તેના પાકને સંગ્રહ કરવા ગોડાઉન વગેરેની સગવડ મળે છે.

## ઑનલાઇન બજાર

હવેના સમયમાં ઑનલાઇન શૉપિંગનું પ્રમાણ વધી રહ્યું છે. બજારમાં ગયા વિના જ આપણા કમ્પ્યૂટર, મોબાઇલ ફોન કે ટી.વી. પરથી ડિજિટલ પેમેન્ટ કરીને સીધી જ ખરીદી કરી શકીએ છીએ. ઑનલાઇન શૉપિંગ માટે અનેક કંપનીઓ ગ્રાહકોને સીધું જ વેચાણ કરતી હોવાથી વધુ વળતર આપીને બજાર કરતાં સસ્તા દરે વસ્તુઓ વેચી શકે છે. ગ્રાહકના ઘર સુધી ચીજવસ્તુઓ સીધી જ પહોંચી જાય છે. જેના લીધે તેનો



ઑનલાઇન શૉપિંગ

ઉપયોગ વધુ ને વધુ થઈ રહ્યો છે. તમે પણ ઑનલાઈન ખરીદી કરી જ હશે. આમ, હવે બજાર આપણા ઘરમાં કે આપણા હાથમાં આવી ગયું છે એમ કહી શકાય. ઑનલાઈન ખરીદીમાં સાવચેતી રાખવી જરૂરી છે, અન્યથા છેતરપિંડીનો ભય રહે છે.

## બજારની આજુબાજુ

આપણે ચીજવસ્તુઓ ખરીદવા જઈએ છીએ એવા વિવિધ પ્રકારનાં બજાર વિશે અભ્યાસ કર્યો. તમને થતું હશે કે આ બધા દુકાનદારો તેમની દુકાનો માટેનો માલસામાન ક્યાંથી ખરીદતા હશે ? ચીજવસ્તુઓનું ઉત્પાદન કારખાનાં, ગૃહઉદ્યોગો, ઘરો અને ખેતરોમાં થાય છે પરંતુ આપણે સીધા જ કારખાનાં કે ખેતરમાંથી ચીજવસ્તુઓ ખરીદતા નથી.

જે વેપારી મોટા પ્રમાણમાં ખેતર અને કારખાનાં કે ઘરોમાં ઉત્પાદિત થતો માલસામાન ખરીદે છે તેમને જથ્થાબંધ વેપારી કહે છે. તેઓ આ માલસામાન નાના વેપારીઓ કે દુકાનદારોને વેચે છે. આમ, આ ખરીદી અને વેચાણ કરનાર બંને વેપારી જ હોય છે. આપણે જે દુકાનદાર કે વેપારી પાસેથી વસ્તુઓ ખરીદીએ છીએ તેને છૂટક વેપારી કહે છે.

ખેતરમાં ઉત્પાદિત થતી ખેતપેદાશના વધુ ઉત્પાદન માટે ખેડૂત રાસાયણિક ખાતરનો ઉપયોગ કરે છે. આ ખાતર કેટલીક દુકાનોમાંથી ખરીદવામાં આવે છે. આ દુકાનદાર કારખાનામાંથી ખાતર ખરીદતા હોય છે. એવી જ રીતે મોટરકારમાં વપરાતા વિવિધ ભાગ નાનાં-નાનાં કારખાનાંમાં બનતા હોય છે. કારની કંપનીઓ તેને ખરીદીને તે ભાગોને જોડીને કાર બનાવે છે, તેની બનાવેલ મોટરકાર આપણે શો-રૂમમાંથી ખરીદતાં હોઈએ છીએ. આમ, આપણી આસપાસ અનેક ચીજવસ્તુઓ બનાવીને તેનું ખરીદ-વેચાણ થતું હોય છે, જેનાથી આપણે અજાણ હોઈએ છીએ.

**પ્રવૃત્તિ**

ઑનલાઈન શૉપિંગની પ્રક્રિયા શિક્ષક કે તમારા ઘરના સભ્ય પાસેથી જાણો.

## બજારમાં સમાનતા

આપણે આપણી આસપાસનાં બજાર વિશે જાણ્યું. કારખાનાં કે ખેતરમાં ઉત્પાદિત થયેલ માલસામાન વેચનાર અને છેલ્લે એનો ખરીદનાર ગ્રાહક વચ્ચે બધા વેપારીઓ છે. આપણે ગુજરી બજારથી મોલ સુધીની દુકાનો અને દુકાનદારોની માહિતી મેળવી. આ બંને દુકાનદારો વચ્ચે એક મોટો ફરક છે. એક થોડા પૈસાથી છૂટક વેપાર કરનાર નાનો દુકાનદાર છે અને બીજો તેના મોલ કે કૉમ્પ્લેક્સમાં વધુ નાણાં રોકનાર મોટો દુકાનદાર છે. નાનો દુકાનદાર ખૂબ ઓછું વળતર મેળવી શકે છે. જ્યારે મોટો દુકાનદાર વધુ નફો મેળવે છે. તેવી જ રીતે ખરીદનાર વર્ગમાં પણ વિવિધતા છે. એવા ઘણા લોકો છે કે જેઓ સસ્તામાં મળતો માલસામાન પણ ખરીદી શકતા નથી. જ્યારે ઘણા એવા પણ લોકો છે જે મોલમાં મળતી મોંઘી વસ્તુઓની ખરીદી કરતા જોવા મળે છે. આમ, આપણી આર્થિક સ્થિતિના આધારે આપણે કયા બજારના ખરીદનાર કે વેચનાર બનીશું તે નક્કી થતું હોય છે.

ગ્રાહક તરીકે આપણે આપણી આસપાસ ક્યારેક મોટી ઉંમરની વ્યક્તિઓને નાની-મોટી ચીજવસ્તુ વેચતાં જોઈએ છીએ. આવાં વૃદ્ધ પુરુષ કે મહિલાની ઉંમર આરામ કરવાની હોવા છતાં તેઓ ગરીબી કે મજબૂરીને કારણે રસ્તાની આજુબાજુ વસ્તુઓનું વેચાણ કરતાં જોવા મળે છે. આવા સમયે આપણે દુકાન કે મોલમાંથી વસ્તુ ખરીદવાને બદલે આવી જરૂરિયાતવાળી વ્યક્તિ પાસેથી વસ્તુ ખરીદીને તેને મદદરૂપ બનવાની જરૂર છે.

## બજારમાં ગ્રાહક

M5H1P2

'ગ્રાહક એટલે જે પોતાના ઉપયોગ માટે ચીજવસ્તુ ખરીદે અથવા સેવા મેળવે તે વ્યક્તિ.' આજે દરેક વ્યક્તિ કોઈ ને કોઈ રીતે ગ્રાહક છે. પૈસા આપીને વસ્તુ કે સેવા ખરીદનાર ગ્રાહક કહેવાય છે. ઉદાહરણ તરીકે તમે સાબુ, તેલ, બિસ્કિટ, અનાજ કે અન્ય વસ્તુ ખરીદી અથવા મોબાઇલ ફોન રીચાર્જ, વીમો, ટ્રેનટિકિટ બુકિંગ વગેરે સેવા મેળવો તે તમામ ગ્રાહકની વ્યાખ્યામાં

આવે છે. વિશ્વમાં સૌથી વધુ ગ્રાહકો ભારતમાં છે. ભારત દુનિયાનું સૌથી મોટું બજાર ગણાય છે. ગ્રાહક પોતાની જીવન જરૂરિયાતની અને મોજશોખની વસ્તુઓ બજારમાંથી ખરીદે છે. ગ્રાહક તરીકે તેને વસ્તુની ગુણવત્તા, કિંમત, વસ્તુની પસંદગી અને નાણાંનું પૂરેપુરું વળતર મેળવવાનો અધિકાર છે.

ISI

હૉલમાર્ક

વૂલમાર્ક

એગમાર્ક

એફ. એસ. એસ. એ. આઈ.

શાકાહારી

માંસાહારી

**પ્રમાણિત ચીજવસ્તુની નિશાની (લોગો)**

ગ્રાહકને સારી ગુણવત્તાની વસ્તુ મળી રહે તે માટે સરકારે વિવિધ વસ્તુઓના માપદંડ નક્કી કરેલ છે. ખાસ પ્રકારના માર્કા (નિશાની)વાળી વસ્તુઓનું વેચાણ કરવામાં આવે છે. ઘર-વપરાશની અને વીજળીથી ચાલતી વસ્તુઓ માટે 'આઇ.એસ.આઇ.-ISI', સોના-ચાંદી માટે 'હૉલમાર્ક', ઊનની બનાવટો માટે 'વૂલમાર્ક', ખાદ્યપદાર્થ માટે 'એગમાર્ક' તથા 'એફ.એસ.એસ.એ.આઇ.-FSSAI' વગેરે નિશાનીઓ લગાવવામાં આવે છે. જેના આધારે ગ્રાહક સારી ગુણવત્તાની વસ્તુ ખરીદી શકે છે. એવી જ રીતે શાકાહારી ખાદ્યસામગ્રી પર નિશાની અને માંસાહારી ખાદ્યસામગ્રી પર નિશાની કરવામાં આવે છે.

**પ્રવૃત્તિ**

- તમારા ઘરમાં વપરાશમાં લેવાતી ઇલેક્ટ્રૉનિક્સ ચીજવસ્તુઓ આઇ.એસ.આઇ. માર્કાવાળી છે કે કેમ ? તેની ચકાસણી કરો.
- તમે રોજબરોજ વપરાશમાં લેતાં હોવ તેવી ખાદ્યચીજોની પ્રામાણિતતા દર્શાવતી નિશાનીનાં રેપર એકઠાં કરી પોથી તૈયાર કરો.

## ગ્રાહકનો હક અને ફરજ

બજારમાં સમાન લક્ષણોવાળી અનેક બ્રાન્ડની અસંખ્ય વસ્તુઓ મળે છે. ગ્રાહકને તેનું સંપૂર્ણ જ્ઞાન કે માહિતી હોતી નથી. ઉત્પાદક અને ગ્રાહક વચ્ચે અનેક વચેટિયાઓ હોવાથી ગ્રાહકનું શોષણ થવા લાગ્યું છે. ગ્રાહકોને છેતરપિંડીથી બચાવવા માટે ગ્રાહક સુરક્ષાનો કાયદો અમલમાં છે. ગ્રાહક વર્તમાન બજાર-વ્યવસ્થાને લીધે વસ્તુની ગુણવત્તા, જથ્થો, કિંમત અને સેવા એમ દરેક બાબતે છેતરામણીનો ભોગ બનતો હોય છે. ગ્રાહકો ચીજ કે સેવા અંગેના પોતાના અધિકાર મેળવી શકે એવા ઉદ્દેશ સાથે ભારત સરકાર દ્વારા સંસદમાં કાયદો પસાર કરીને 'ગ્રાહક સુરક્ષા અધિનિયમ-1986' બનાવવામાં આવ્યો છે. આ કાયદા મુજબ ગ્રાહકોને નીચે મુજબના છ અધિકારો (હક) મળેલ છે :

● **સલામતીનો અધિકાર :** વ્યક્તિના જીવન તથા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક ઉત્પાદનો અને સેવાઓ અંગે સંપૂર્ણ સુરક્ષાનો અધિકાર અર્થાત્ તમે કોઈ ચીજવસ્તુ કે સેવા ખરીદો છો, તો તેનો વપરાશ કર્યા પછી લાંબા ગાળે પણ તમારા સ્વાસ્થ્ય કે જીવનને કોઈ નુકસાન થાય તો તમે ગ્રાહક સુરક્ષા કાયદા મુજબ ફરિયાદ કરી શકો છો.

● **માહિતી મેળવવાનો અધિકાર :** ચીજવસ્તુ કે સેવા ખરીદતી વખતે વસ્તુની પસંદગી કરવા માટે વસ્તુસંબંધી જરૂરી તમામ જાણકારી મેળવવી તે ગ્રાહકનો અધિકાર છે.

● **પસંદગી કરવાનો અધિકાર :** વિવિધ પ્રકારની અનેક વસ્તુઓમાંથી ગ્રાહકને પોતાને અનુકૂળ આવતી વસ્તુ પસંદ કરવાનો અધિકાર છે.

● **રજૂઆત કરવાનો અધિકાર :** ગ્રાહકના હકો અને હિતોના રક્ષણ માટે ગ્રાહક સુરક્ષા મંડળમાં તેની યોગ્ય રજૂઆત કરવાનો અધિકાર છે.

● **ફરિયાદ નિવારણનો અધિકાર :** ખામીયુક્ત માલ, ક્ષતિયુક્ત સેવા કે છેતરામણીની રજૂઆતથી ઉપભોક્તાને થયેલ નુકસાનનું વળતર મેળવવાનો અધિકાર છે.

● **ગ્રાહકશિક્ષણ મેળવવાનો અધિકાર :** આ અધિકારથી જીવનભર માહિતીસભર ગ્રાહક બનવા માટે તમામ જાણકારી અને જ્ઞાન મેળવવાનો અધિકાર મળેલ છે.

### ગ્રાહકની ફરજ

ગ્રાહકશિક્ષણથી ગ્રાહક છેતરપિંડીથી બચી શકે છે. ખરીદી કરતી વખતે કેટલીક બાબતો અંગે સાવચેતી રાખવાની પણ ગ્રાહકની ફરજ બને છે, જે નીચે મુજબ છે :

- કોઈ પણ વસ્તુની ખરીદીના સમયે જી.એસ.ટી.વાળા બિલનો ચોક્કસ આગ્રહ રાખી તે મેળવવું અને યોગ્ય સમય સુધી સાચવી રાખવું.
- મોટી ખરીદીમાં તથા ખાસ કરીને ઇલેક્ટ્રૉનિક્સ વસ્તુઓ 'આઈ.એસ.આઈ.' માર્કાની જ ખરીદવી. દુકાનદારના સહીસિક્કા કરેલા ગેરન્ટી કાર્ડ, વૉરંટી કાર્ડ, ફ્રી સર્વિસ કૂપન વગેરે ધ્યાનમાં રાખીને ખાસ મેળવી લેવા અને તે સાચવવાં.
- સોના-ચાંદી જેવી ખરીદીમાં 'હૉલમાર્ક' વાળા દાગીના જ ખરીદવા. કોઈ પણ પ્રકારના ટૅક્સ બચાવવાની વેપારીની વાતોમાં આવ્યા વિના હંમેશા પાકા બિલનો આગ્રહ રાખવો. બિલમાં શુદ્ધતા, કિંમત, ઘડાઈ વગેરે તમામ વિગત સ્પષ્ટ અને અલગ લખાયેલી છે કે નહિ તેની ચોકસાઈ કરવી.

જાગો ગ્રાહકનો લોગો

- ખાદ્યપદાર્થો 'એગમાર્ક' 'fssai' લોગોવાળા જ ખરીદવા. તેનું પૅકિંગ, કંપની, બ્રાન્ડ નેમ, બેચનો નંબર, ઉત્પાદનની તારીખ, એક્સપાયરી ડેટ, ઇનગ્રેડિયન્ટ (સમાવિષ્ટ ઘટકો) વગેરે તમામ વિગતોની ખરાઈ કરવી અને ભેળસેળના કિસ્સામાં અચૂકપણે ફરિયાદ કરવી.
- દવાઓની પ્રિસ્ક્રિપ્શન સાથે ખરાઈ કરી લેવી. ઉત્પાદનની તારીખ અને એક્સપાયરી ડેટ વગેરે તપાસી લેવા. જેનરિક દવાઓ મળતી હોય તો પહેલાં એ જ ખરીદવાનો આગ્રહ રાખવો.
- કપડાંમાં કાપડ, કલર, સિલાઈ, જરી, ભરત, માપ-સાઇઝ વગેરે ચેક કરી ખરીદી કરવી.
- પેટ્રોલ કે સી.એન.જી. પંપ પર મીટર ઝીરો થયા પછી જ વાહનમાં ઇંધણ ભરવું, ગૅસ-વિતરણમાં બાટલાનું વજન અને સલામતી બાબતની ચકાસણી કરવી.

- શૈક્ષણિક સંસ્થાઓમાં સલામતીની વ્યવસ્થા, શિક્ષકોની લાયકાતની વિગતો અને ફી ભર્યાની રસીદ મેળવી લેવી.
- જીવનવીમા પૉલિસી કે વાહનવીમાના સંજોગોમાં પૉલિસીની શરતો સમજી અસલ પૉલિસીનો દસ્તાવેજ અચૂક મેળવી લેવો.
- બિનજરૂરી અને ખોટી ખરીદીથી બચવું. સેલ, ભેટકૂપન, ઇનામી યોજના વગેરે લોભામણી જાહેરાતોથી છેતરાવું નહિ અને છેતરાયા હોય તો વર્તમાનપત્રો દ્વારા તેની જાણકારી અન્યને આપવાથી બીજા લોકો છેતરાતા અટકશે.

### આટલું જાણો

ભારત સરકારમાં 15મી માર્ચના રોજ 'વિશ્વ ગ્રાહક દિન' તથા 24મી ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' તરીકે ઊજવવાનું નક્કી કરેલ છે. ગ્રાહકોની ફરિયાદનું ઝડપી અને બિનખર્ચાળ નિવારણ કરવા દરેક જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ગ્રાહક સુરક્ષા મંડળો અને ગ્રાહક અદાલતો રચવામાં આવ્યાં છે.


ગ્રાહક સુરક્ષા અંગે ફરિયાદો માટે ગ્રાહક હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર : 1800 233 0222

### પ્રવૃત્તિ

- તમારા મિત્રએ ખરીદેલ મોબાઇલ ફોન ખામીયુક્ત છે. ગ્રાહક સુરક્ષા સંદર્ભે તેણે શું કરવું જોઈએ ? નુકસાનીનું વળતર કેવી રીતે મેળવી શકાય તેની સલાહ મેળવો.
- તમારા વિસ્તારના ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ગ્રાહકને જાગૃત કરવા માટેના પેમ્ફલેટ્સ તૈયાર કરો.

## ઉત્પાદનથી બજાર સુધીની યાત્રા-ખમીસ


આપણે બજાર, બજારના પ્રકાર અને આપણી આસપાસના બજાર વિશે અભ્યાસ કર્યો. આપણી આસપાસની ઘણી પ્રવૃત્તિ બજાર-વ્યવસ્થા પર અસર કરે છે. દરેક વ્યક્તિ પોતાની જરૂરિયાતની વસ્તુઓ ખરીદીને બજાર-વ્યવસ્થાને ચાલક બળ પૂરું પાડે છે. હવે આપણે ખમીસ (શર્ટ) અને પેન્ટ બનાવવામાં વપરાતા કાપડની વાત કરીને બજારની વિશેષ માહિતી મેળવીએ. તમે સૌ જાણો જ છો કે, કાપડ બનાવવા માટે કપાસ એ કાચો માલ છે. કપાસના વાવેતરથી શરૂ કરીને શર્ટ-પેન્ટના વેચાણ સુધીમાં બજારની શૃંખલા એકબીજાથી કેવી રીતે જોડાયેલ છે તે જાણીએ. સૌરાષ્ટ્રમાં આવેલ રામપર ગામમાં મગનભાઈ પાસે 5 એકર જમીન છે. તેમણે તેના ખેતરમાં ખરીફ પાકનું વાવેતર કરવા કપાસનું બિયારણ વેચતા દુકાનદાર પાસેથી કપાસનાં પ્રમાણિત કરેલ બિયારણની ખરીદી કરી. જૂન માસમાં વરસાદ આવે તે પહેલાં જ ખેડીને તૈયાર રાખેલ



કપાસ જીવનચક્ર

તેમના ખેતરમાં આ કપાસિયાં વાવી દીધાં. પ્રથમ વરસાદ જ વાવણીલાયક થઈ જતાં બે-ચાર દિવસમાં જમીનમાંથી કપાસના અંકુર ફૂટીને બહાર આવી ગયા. વરસાદને લીધે કપાસની સાથે નિંદામણ પણ ઊગી નીકળેલ. કપાસના છોડ ફરતેથી નિંદણ દૂર કરીને ખેતર એકદમ ચોખ્ખું નિંદણમુક્ત કરી નાખ્યું. ખેતરમાં આડીઅવળી ખેડ કરીને બે-ત્રણ સારા વરસાદ સાથે રાસાયણિક ખાતર પણ આપી દીધું. નવરાત્રી આવતા સુધીમાં તો ખેતરમાં જુઓ તો તમારા માથા સુધી આવી જાય એવો કપાસ ખેતરમાં લહેરાવા લાગ્યો. ફૂલડાં ખીલીને તેમાં મોટાં-મોટાં જીંડવાં પણ ખૂબ આવી ગયાં હતાં અને હવે જીંડવાંમાંથી સફેદ કપાસ બહાર દેખાવા લાગ્યો એટલે મગનભાઈ મજૂરો મારફતે આ કપાસ વિણાવીને ગાંસડીઓ બાંધીને તેમના ઘરમાં મુકાવવા

લાગ્યા. છેલ્લે વરસાદ ઓછો થવાથી તેમના ખેતરમાં કપાસનું ઉત્પાદન જોઈએ તેટલું ન થયું. કપાસના ભાવોની વધ-ઘટ વચ્ચે અંતે મગનભાઈ તેમના ખેતરમાં ઉત્પન્ન થયેલ કપાસ વેચવા માટે ટ્રેક્ટરમાં ભરીને તાલુકામથકે આવેલ માર્કેટિંગ યાર્ડમાં લઈ




કાપડના ઉત્પાદનની પ્રક્રિયા

ગયા. તેમના કપાસની વેપારીઓએ હરાજી કરી, જેમાં ચુનીલાલ વેપારીએ તેમનો કપાસ ખરીદી લીધો અને મગનભાઈને વળતર તરત જ મળી ગયું. ચુનીલાલે બધો જ કપાસ જીનિંગ ફેક્ટરી ચલાવતાં ધનજીભાઈના કારખાનામાં વેચી દીધો. જીનમાં આ કપાસમાંથી કપાસિયાં અલગ કરીને તેલ કાઢનાર વેપારીને વેચી દીધાં. તમે સૌ જાણો જ છો કે, કપાસિયાનું તેલ ખાદ્યતેલ તરીકે વપરાય છે અને ખોળ પશુઓના આહારમાં ખાણ તરીકે ઉપયોગી છે. જીનિંગ મિલના માલિકે રૂની ગાંસડીઓ દોરા બનાવતી સ્પિનિંગ મિલમાં મોકલી આપી. આ દોરાને અમદાવાદની એક કાપડમિલે કાપડ બનાવવા ખરીદી લીધા. જેમાંથી તૈયાર થયેલ કાપડના તાકા કલર કરતી ડાઈંગ મિલમાં કલર કરવા મોકલી આપ્યા. આ કાપડને વસ્ત્રો બનાવતી ફેક્ટરીમાં અલગ-અલગ માપનું કટિંગ કરીને, તેની સિલાઈ કરીને તૈયાર ખમીસ (શર્ટ) અને પેન્ટ બનાવી, તેને લેબલ લગાવી, બૉક્સમાં પૅક કરીને જથ્થાબંધ વિદેશ નિકાસ કરવામાં આવ્યાં અને બજારમાં પણ વેચવામાં આવ્યાં. આપણા શહેરમાં આવેલ શો-રૂમના વેપારી આ પેન્ટ-શર્ટ ખરીદી લાવે છે અને તેમની પાસેથી આપણે પેન્ટ-શર્ટ ખરીદીએ છીએ.

કપાસથી શર્ટ-પેન્ટ બનવા સુધીની સફરમાં આપણે જોયું કે, કાચા માલમાંથી તૈયાર થઈને વસ્તુ કેટલા બધા લોકો (ખેડૂત, ઉત્પાદક, વેપારી, પરિવહન સેવા) પાસેથી પસાર થઈને છેક ગ્રાહક સુધી પહોંચે છે અને તેમાં જોડાયેલા દરેકને તેમાંથી ઓછા-વધુ પ્રમાણમાં વળતર મળે છે. આપણે રોજબરોજની ચીજવસ્તુઓ બજારના માધ્યમથી મેળવીએ છીએ. આ બજાર અનેકને રોજગારી પણ આપે છે. રોડ-રસ્તા, પરિવહન, બૅંકિંગ અને સંદેશાવ્યવહારની સુવિધાઓને લીધે બજાર-વ્યવસ્થામાં ક્રાંતિ આવી છે. વિશ્વના દેશો પરસ્પર વેપાર દ્વારા જોડાયેલ છે. આપણી આસપાસનાં બજાર અને ઑનલાઇન બજાર દ્વારા આપણે વૈશ્વિક બજાર સાથે જોડાયેલા રહીએ છીએ. આમ, વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ એક બજાર છે.

## સ્વાધ્યાય

Z1Z8Q1

**1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) બજાર એટલે શું ?

(2) ગુજરી બજારમાં વેપારીને સામાન્ય રીતે કેવા પ્રકારનો ખર્ચ થતો નથી ?

(3) નિયંત્રિત બજારની વ્યવસ્થા શા માટે કરવામાં આવી છે ?

(4) ખાદ્યપદાર્થોની ખરીદી વખતે કેવી કાળજી લેવી જોઈએ ?

(5) ઉત્પાદકથી ગ્રાહક સુધી પહોંચતી વસ્તુમાં કોણ-કોણ વળતર મેળવે છે ?

**2. મુદ્દાસર ઉત્તર આપો :**

(1) બજારના પ્રકાર જણાવી તેની જરૂરિયાતો સમજાવો.

(2) ગ્રાહક કોને કહેવાય ? ગ્રાહકના અધિકારો જણાવો.

(3) ખરીદી કરતી વખતે ગ્રાહકે કેવી સાવચેતી રાખવી જોઈએ ? સમજાવો.

(4) કાપડની ઉત્પાદન-પ્રક્રિયાને વર્ણવો.

**3. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં સામે આપેલ ( ) માં ✓ કે ✗ ની નિશાનીથી દર્શાવો :**

(1) ગુજરી બજારમાં મોટા દુકાનદારોને રોજગારી મળી રહે છે. ( )

(2) જથ્થાબંધ માલસામાન વેચનાર વેપારીને છૂટક વેપારી કહે છે. ( )

(3) ગ્રાહકના હકો અને હિતોના રક્ષણ માટે ગ્રાહક સુરક્ષા મંડળમાં રજૂઆત કરવાનો ગ્રાહકને અધિકાર છે. ( )

**4. મને ઓળખો :**

ISI ____________ fssai ____________ ____________

भारत सरकार GOVERNMENT OF INDIA ____________ ____________

**5. ખાલી જગ્યા પૂરો :**

(1) કોઈ એક નિશ્ચિત દિવસે જ ભરાતી હોય તેવી બજારને ........ બજાર કહે છે.

(2) ખેડૂતોની ખેતપેદાશોનું જાહેર હરાજીથી વેચાણ ........માં થાય છે.

(3) સોના-ચાંદીના દાગીના ........ માર્કાવાળા જ ખરીદવા જોઈએ.

(4) કાપડના ઉત્પાદન માટેનો કાચો માલ ........ છે.

(5) વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વ એક ........ છે.

•

## • ચાલો, સમજ ચકાસીએ •

# 1. રાજપૂતયુગ : નવાં શાસકો અને રાજ્યો

(1) સાતમી સદીના ઉત્તરાર્ધથી બારમી સદીના અંત સુધીના સમયગાળાને કયો યુગ ગણવામાં આવે છે ?

(A) મરાઠાયુગ (B) રાજપૂતયુગ (C) વૈદિકયુગ (D) પ્રાચીનયુગ

(2) ચંદેલોનાં મુખ્ય નગરોમાં કયા નગરનો સમાવેશ થતો નથી ?

(A) ખજુરાહો (B) અવંતિ (C) કાલિંજર (D) મહોબા

(3) નીચેનામાંથી કોનો સમાવેશ સોલંકીવંશના શાસકોમાં થતો નથી ?

(A) મૂળરાજ (B) ભીમદેવ (C) વિસળદેવ (D) કુમારપાળ

(4) નીચેમાંથી રાજ્ય (વંશ) અને શાસકોની કઈ જોડ ખોટી છે ?

(A) ચાલુક્ય (વાતાપી)–પુલકેશી બીજો (B) રાષ્ટ્રકૂટવંશ–ગોવિંદ ત્રીજો

(C) પલ્લવવંશ–નરસિંહ વર્મા (D) ચોલવંશ–સેતુંગવન

(5) રાજપૂતયુગમાં દરિયા પારના વેપાર માટે ગુજરાતનાં કયાં બંદરો જાણીતાં હતાં ?

(A) નવલખી અને માંડવી (B) ખંભાત (સ્તંભતીર્થ) અને ભરૂચ (ભૃગુકચ્છ)

(C) પોરબંદર અને વેરાવળ (D) સંજાણ અને ઓખા

# 2. દિલ્લી સલ્તનત

(6) દિલ્લી સલ્તનતના શાસકોના સમયકાળની દૃષ્ટિએ સાચો ક્રમ કયો ?

(A) ગુલામવંશ, ખલજીવંશ, લોદીવંશ, સૈયદવંશ, તુઘલકવંશ

(B) તુઘલકવંશ, સૈયદવંશ, લોદીવંશ, ગુલામવંશ, ખલજીવંશ

(C) ગુલામવંશ, ખલજીવંશ, તુઘલકવંશ, સૈયદવંશ, લોદીવંશ

(D) ગુલામવંશ, ખલજીવંશ, તુઘલકવંશ, લોદીવંશ, સૈયદવંશ

(7) કોના શાસન બાદ દિલ્લીની ગાદી ઉપર સુલતાન અલાઉદ્દીન આવ્યો ?

(A) નાસીરુદ્દીન (B) જલાલુદ્દીન (C) કુતુબુદ્દીન (D) શિહાબુદ્દીન

(8) ઈબ્નબતુતા કોના સમયમાં ભારતની મુલાકાતે આવેલા હતા ?

(A) મુહમ્મદ તુઘલક (B) ઈબ્રાહીમ લોદી (C) ગિયાસુદ્દીન તુઘલક (D) અલાઉદ્દીન ખલજી

(9) સલ્તનતકાળમાં સુલતાનનો પ્રધાનમંત્રી કયા નામથી ઓળખાતો ?

(A) બીરબલ (B) ખલીફા (C) વઝીર (D) મુનિમ

# 3. મુઘલ સામ્રાજ્ય

(11) મુઘલ શાસકોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) બાબર (B) શેરશાહ (C) શાહજહાં (D) જહાંગીર

(12) કયા મુઘલ શાસકે બધા ધર્મોનાં તત્ત્વોને એકઠા કરીને ‘દીન-એ-ઈલાહી’ નામના સંપ્રદાયની સ્થાપના કરી હતી ?

(A) અકબરે (B) બાબરે (C) જહાંગીરે (D) શાહજહાંએ

(13) શિવાજીનો રાજ્યાભિષેક ક્યાં થયો હતો ?

(A) શિવનેરી (B) સંગમનેર (C) રાજગઢ (D) માનગઢ

(14) મુઘલ વહીવટી તંત્રમાં સર્વોચ્ચ ન્યાયાધીશ કોને ગણવામાં આવતો ?

(A) દીવાન-એ-વઝીર-કુલ (B) બાદશાહ (C) મીરબક્ષ (D) કાજી

(15) મુઘલ શાસનકાળમાં મહાભારતનો અનુવાદ કોણે કર્યો હતો ?

(A) અમીર ખુશરોએ (B) રસખાને (C) અબુલફઝલે (D) રહિમખાન ખાનાએ

# 4. મધ્યયુગીન સ્થાપત્યો, શહેરો, વેપારી અને કારીગરો

(16) સંસ્કૃત ભાષામાં સ્થાપત્ય માટે કયો શબ્દ વપરાય છે ?

(A) ‘સ્થપતિ’ (B) ‘બાંધકામ’ (C) ‘ઈમારત’ (D) ‘વાસ્તુ’

(17) નીચેનામાંથી સ્થાપત્ય અને સ્થળની કઈ જોડ ખોટી છે ?

(A) તાજમહાલ–આગ્રા (B) વિજયસ્તંભ–ઉદેપુર

(C) લાલકિલ્લો–દિલ્લી (D) રાજરાજેશ્વરમંદિર–તાંજોર

(18) મુઘલ શાસનમાં બનાવવામાં આવેલા બાગોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) લાલબાગ (B) નિશાન બાગ (C) શાલીમાર બાગ (D) આરામ બાગ

(19) યુનેસ્કોએ કઈ વાવને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપ્યો છે ?

(A) રાણીની વાવ–પાટણ (B) માધાવાવ–વઢવાણ

(C) અડીકડીની વાવ–જૂનાગઢ (D) મીનળવાવ–વીરપુર

(20) દુનિયામાં એક જ જગ્યાએ પહાડ પર સૌથી વધારે મંદિરો હોય તેવું સ્થળ ?

(A) સમેતશિખર (B) પાવાપુરી (C) પાલીતાણા (D) તારંગા ટેમ્પલ

(21) નીચેનામાંથી કયો ગ્રંથ જીવનકથા છે ?

(A) બાબરનામા (B) જહાંગીરનામા (C) શાહજહાંનામ (D) આઈન-એ-અકબરી

# 5. વનવાસી, વિચરતી જાતિ અને સ્થાનિક સમુદાય

(22) મધ્યયુગમાં ખૂબ શક્તિશાળી જનજાતિમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) ખોખર–પંજાબ (B) બલોચ (C) ડુંગરી ગરાશિયા (D) લંઘા-મુલ્તાન

(23) કઈ વિચરતી જાતિનો સમૂહ ‘ટાંડા’ તરીકે ઓળખાતો ?

(A) વણજારા (B) વસાવા (C) ગોમતી (D) ચૌધરી

(24) બારમી સદી સુધી ચેર સરદારોનું અધિપત્ય કયા વિસ્તારમાં હતું ?

(A) ગોવા અને કોંકણમાં (B) બિહાર અને ઝારખંડમાં

(C) ઉત્તરપ્રદેશમાં (D) બંગાળમાં

(25) કઈ વિચરતી અને વિમુક્ત જાતિ દ્વારા મધ્ય એશિયામાંથી અનેક ચીજવસ્તુઓ ભારતમાં આવતી અને જતી ?

(A) બજાણિયા (B) નટ (C) કાંગસિયા (D) વણજારા

(26) ભારતની સૌથી જૂની જનજાતિઓ પૈકીની એક જાતિ છે.

(A) અહોમ (B) ગોંડ (C) ચેર (D) ખોખર

## 6. ભક્તિયુગ : ધાર્મિક સમુદાયો અને વિચારકો

(27) ભક્તિમાર્ગના સંતો અને ચિંતકો અને તેમના સ્થાનની કઈ જોડ ખોટી છે ?

(A) દક્ષિણ ભારત–રામાનુજાચાર્ય (B) બંગાળા–જયદેવ અને ચૈતન્ય

(C) ગુજરાત–સુરદાસ અને કબીર (D) મહારાષ્ટ્ર–જ્ઞાનદેવ

(28) નરસિંહ મહેતાનું કયું પદ (પ્રભાતિયું) આજે રાષ્ટ્રીય ભજન બન્યું છે ?

(A) 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ' (B) 'વૈષ્ણવજન તો તેને કહીએ...'

(C) 'સુખ-દુઃખ મનમાં ના આણીએ' (D) 'જાગને જાદવ તું, કૃષ્ણ ગોવાળિયા'

(29) કબીરનો કવિતાસંગ્રહ કયા નામે ઓળખાય છે ?

(A) બીજક (B) જ્ઞાનેશ્વરી (C) વિનયપત્રિકા (D) અનુભવબિંદુ

(30) ભક્તિ-આંદોલનના સંતો અને તેમની કૃતિ(ગ્રંથ)ની કઈ જોડ ખોટી છે ?

(A) ગુરુગ્રંથ સાહિબ–નાનક (B) બીજક–કબીર

(C) નાલિયેર-દિવ્ય-પ્રબંધમ-આલવર સંતો (D) વિનયપત્રિકા–સુરદાસ

(31) મહારાષ્ટ્રમાં ભક્તિમાર્ગનો ફેલાવો કરનાર સંતોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) જ્ઞાનદેવ (B) એકનાથ (C) જયદેવ (D) તુકારામ

(32) અજમેરમાં ચિશ્તી પરંપરાની સ્થાપના કરનારા સૂફી સંત -

(A) મોઇનુદ્દીન ચિશ્તી (B) કુતુબુદ્દીન બખ્તિયાર

(C) નિઝામુદ્દીન ઓલિયા (D) શેખ બૂરહાનુદ્દીન ગરીબ

## 7. પ્રાદેશિક સંસ્કૃતિનું ઘડતર

(33) મલયાલમ સંસ્કૃતિ સાથે જોડાયેલી મલયાલમ ભાષા કયા રાજ્યની મુખ્ય ભાષા છે ?

(A) તમિલનાડુ (B) કર્ણાટક (C) ગોવા (D) કેરલ

(34) ગુજરાતી ભાષાનો સાચો વિકાસક્રમ કયો છે ?

(A) સંસ્કૃત-હિન્દી-પ્રાકૃત-ગુજરાતી (B) સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ-ગુજરાતી

(C) સંસ્કૃત-પ્રાકૃત-હિન્દી-ગુજરાતી (D) સંસ્કૃત-અપભ્રંશ-પ્રાકૃત-ગુજરાતી

(35) તહેવાર (ઉત્સવ) અને રાજ્યની કઈ જોડ ખોટી છે ?

(A) પોંગલ–તમિલનાડુ (B) ઓણમ–આંધ્રપ્રદેશ

(C) દુર્ગાપૂજા–બંગાળા (D) લોહડી–પંજાબ

(36) ગુજરાતમાં યોજાતાં મેળાઓની કઈ જોડ ખોટી છે ?

(A) તરણેતરનો મેળો (સુરેન્દ્રનગર જિલ્લો) (B) વૈઠાનો મેળો (અમદાવાદ જિલ્લો)

(C) અંબાજીનો મેળો (બનાસકાંઠા જિલ્લો) (D) માધવપુરનો મેળો (જૂનાગઢ જિલ્લો)

(37) કથકલી એ કયા રાજ્યની નૃત્ય પરંપરા છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) મણિપુર (C) કેરલ (D) કર્ણાટક

(38) મંદિર સ્થાપત્યશૈલીના મુખ્ય પ્રકારોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) ગાંધારશૈલી (B) નાગરશૈલી (C) દ્રવિડશૈલી (D) વેસરશૈલી

# 8. અઢારમી સદીના શાસકો

(39) મુઘલ વંશના અંતિમ શાસકોમાં કોનો સમાવેશ કરી ના શકાય ?

(A) શાહઆલમ બીજો (B) મહંમદશાહ (C) જહાંદરશાહ (D) જહાંગીર

(40) દિલ્લી, જયપુર, ઉજ્જૈન અને મથુરામાં વેધશાળાઓની સ્થાપના કરનાર ખગોળશાસ્ત્રી રાજા કોણ હતા ?

(A) રણજિતસિંહ (B) સવાઈ જયસિંહ (C) બહાદૂરશાહ (D) રાજા માનસિંહ

(41) મરાઠા રાજ્યના પ્રથમ પેશ્વા કોણ હતા ?

(A) બાલાજી વિશ્વનાથ (B) માધવરાય (C) બાજીરાવ (D) જસવંત હોળકર

(42) શીખ રાજ્યની સ્થાપના કરનાર શીખ ગુરુ કોણ હતા ?

(A) ગુરુનાનક (B) ગુરુ અર્જુનસિંહ (C) ગુરુ ગોવિંદસિંહ (D) બંડાબહાદૂર

(43) પાણિપતનું ત્રીજું યુદ્ધ કોની-કોની વચ્ચે થયું હતું ?

(A) અંગ્રેજો અને મરાઠા વચ્ચે (B) મરાઠા અને મુઘલો વચ્ચે

(C) મરાઠાઓ અને અબ્દાલી (ઈરાની) વચ્ચે (D) અંગ્રેજો અને મુઘલો વચ્ચે

# 9. પૃથ્વીની આંતરિક રચના અને ભૂમિ-સ્વરૂપો

(44) પૃથ્વીની આંતરિક રચના માટે નીચેનું કયું વિધાન બંધબેસતું નથી ?

(A) પૃથ્વીસપાટીના સૌથી ઉપલા સ્તરને 'ભૂકવચ' કહે છે.

(B) પૃથ્વીસપાટીનું ઉપલું સ્તર બહુ જ ઘટ્ટ છે.

(C) પૃથ્વીસપાટીનું ઉપલું સ્તર ભૂમિખંડ પર 35 કિલોમીટર સુધી હોય છે.

(D) ભૂમિખંડની સપાટી ખાસ કરીને 'સિલિકા' અને 'ઍલ્યુમિના' જેવા ખનિજોથી બનેલ છે.

(45) નિર્માણ–પ્રક્રિયાના આધારે ખડકોના પ્રકારોમાં કયા પ્રકારનો સમાવેશ કરી શકાય નહિ ?

(A) અગ્નિકૃત ખડકોનો (B) પ્રસ્તર ખડકોનો

(C) વિકૃત ખડકોનો (D) અવશિષ્ટ ખડકોનો

(46) કયા ખનિજનો ઉપયોગ ઈંધણ તરીકે થતો નથી ?

(A) કોલસો (B) સ્લેટ (C) ખનીજ તેલ (D) કુદરતી વાયુ

(47) કઈ પ્રક્રિયા પૃથ્વીની સપાટી પર વિભિન્ન ભૂમિસ્વરૂપોનું નિર્માણ કરે છે ?

(A) ઘસારણ અને નિક્ષેપણની (B) અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ

(C) ઠંડી અને ગરમી (D) ઉદ્યોગિકીરણ અને શહેરીકરણ

(48) રણમાં ઘસારણ અને નિક્ષેપણનું મુખ્ય પરિબળ કોને ગણવામાં આવે છે ?

(A) હિમનદી (B) ઠંડી (C) પવન (D) ગરમી

## 10. પર્યાવરણનાં ઘટકો અને આંતર સંબંધો

(49) પર્યાવરણમાં કયા આવરણનો સમાવેશ કરી શકાય નહિ ?

(A) મૃદાવરણ (B) જલાવરણ (C) વાતાવરણ (D) ભાવાવરણ

(50) વાતાવરણમાં કોનો સમાવેશ કરવામાં આવે છે ?

(A) મહાસાગરો, સાગરો, સરોવરો, નદીઓ વગેરે

(B) ખડક, ખનિજ, મેદાનો, ખીણો વગેરે

(C) વાયુઓ, પાણીની વરાળ, ધૂળના રજકણો, ક્ષારકણો

(D) વનસ્પતિ, પ્રાણીઓ, જીવજંતુઓ અને માનવો

(51) વર્ષા વહેલી સવારમાં સમુદ્રકાંઠે ચાલવા જાય છે ત્યાં તેને કયો સ્ફૂર્તિદાયક વાયુ પ્રાપ્ત થશે ?

(A) ઑક્સિજન (B) નાઇટ્રોજન (C) ઓઝોન (D) હાઇડ્રોજન

(52) 'ત્સુનામી' જેવા શક્તિશાળી વિનાશક મોજા ઉત્પન્ન કરવામાં કઈ પ્રક્રિયા જવાબદાર નથી ?

(A) જ્વાળામુખી (B) ભૂકંપ (C) ભૂસ્ખલન (D) દાવાનળ

(53) જે સ્થાન પર ગરમ અને ઠંડા પ્રવાહો એકબીજાને મળે છે, તેના માટે કયું વિધાન બંધબેસતું નથી ?

(A) તે વિસ્તાર સૌથી શ્રેષ્ઠ મત્સ્યન ક્ષેત્ર માનવામાં આવે છે.

(B) તે વિસ્તાર જળપરિવહન માટે ઘાતક હોય છે.

(C) તે વિસ્તારમાં ધુમ્મસ નિર્માણ થવાથી દૃશ્યતા ઓછી હોય છે.

(D) તે વિસ્તારમાં બહુ જ ઠંડી પડતી હોય છે.

## 11. વાતાવરણની સજીવો પર અસરો

(54) વાતાવરણ માટે કયું વિધાન અયોગ્ય છે ?

(A) વાતાવરણ એટલે ટૂંકા સમયની સ્થિતિ

(B) પૃથ્વીની ચારે બાજુ વીંટળાઈને આવેલા હવાના આવરણને વાતાવરણ કહે છે.

(C) પૃથ્વી પરનું વાતાવરણ રંગહીન, સ્વાદરહિત અને વાસરહિત છે.

(D) વાતાવરણ વિના પૃથ્વી પરની જીવસૃષ્ટિનું અસ્તિત્વ અશક્ય છે.

(55) વાતાવરણમાં વાયુઓના પ્રમાણની કઈ જોડ ખોટી છે ?

(A) નાઈટ્રોજન : 78.03 ટકા (B) ઑક્સિજન : 20.99 ટકા

(C) કાર્બન ડાયૉક્સાઇડ : 50.00 ટકા (D) આર્ગોન : 00.94 ટકા

(56) પૃથ્વીની સપાટીને વિંટળાઈને આવેલા વાતાવરણના પ્રથમ આવરણને કયું આવરણ કહેવામાં આવે છે ?

(A) ક્ષોભ-આવરણ (B) મધ્યાવરણ (C) ઉષ્માવરણ (D) અપનાવરણ

(57) રેડિયો-પ્રસારણ માટે કયું આવરણ મહત્ત્વનું ગણવામાં આવે છે ?

(A) મધ્યાવરણ (B) ઉષ્માવરણ (C) આયનાવરણ (D) ક્ષોભ-આવરણ

(58) કઠણ અને ઈમારતી લાકડું આપતા સાગ, શાલ, લીમડો જેવાં વૃક્ષો કયાં જંગલોમાંથી મળી આવે છે ?

(A) ઉષ્ણકટિબંધીય ખરાઉ જંગલો (B) સમશીતોષ્ણ બારેમાસ લીલાં જંગલો

(C) સમશીતોષ્ણ ખરાઉ જંગલો (D) ભૂમધ્ય સાગરનાં જંગલો

(59) મોસમી પવનોના દેશોમાં કયા દેશનો સમાવેશ કરી શકાય નહિ ?

(A) ભારત (B) નૉર્વે (C) શ્રીલંકા (D) બર્મા

(60) દિનેશ ચીડ, દેવદાર, ફુરની વનસ્પતિઓનાં જંગલોમાં ફરી રહ્યો છે તો તે કયા પ્રકારનું જંગલ હશે ?

(A) સમશીતોષ્ણ ખરાઉ હશે ? (B) ભૂમધ્ય સાગરનાં જંગલો

(C) શંકુદ્રુમનાં જંગલો (D) ઉષ્ણ કટિબંધીય ખરાઉ જંગલો

## 12. આપત્તિ અને વ્યવસ્થાપન

(61) કઈ આપત્તિની ચોક્કસ આગાહી કરી શકાતી નથી ?

(A) ભૂકંપ (B) પૂર (C) વાવાઝોડું (D) તમામ

(62) તમે શાળામાં હોવ ત્યારે વાવાઝોડું આવે તો તમે શું કરશો ?

(A) ઘર તરફ જશો. (B) દોડાદોડી કરશો.

(C) શાંતિપૂર્વક વર્ગખંડમાં બેસી રહેશો. (D) રાડારાડ કરશો.

(63) વરસાદ ઓછો થવાથી પાણીની અછત ઊભી થાય છે. આ પરિસ્થિતિને શું કહે છે ?

(A) ત્સુનામી (B) દુષ્કાળ (C) પૂર (D) વાવાઝોડું

(64) માનવસર્જિત આપત્તિ કઈ છે ?

(A) હુલ્લડ (B) જ્વાળામુખી (C) દુષ્કાળ (D) પૂર

## 13. સંસાધનોનું જતન અને સંરક્ષણ

(65) સંસાધનોના પ્રકારમાં કોનો સમાવેશ કરવામાં આવતો નથી ?

(A) જંગલ-સંસાધન (B) જળ-સંસાધન (C) પ્રાણી-સંસાધન (D) રેલવે-સંસાધન

(66) કચ્છના મોટા રણમાં જોવા મળતું પક્ષી

(A) સુરખાબ (B) મૂકર (C) ગ્રેંન્ડેલા (D) સ્નો પાર્ટ રીસ

(67) લદાખની મુખ્ય નદી

(A) ગંગા (B) ગંડકી (C) દામોદર (D) સિંધુ

(68) નીચેનામાંથી કયું સંસાધન અનવીનીકરણીય નથી.

(A) પેટ્રોલિયમ (B) ખનિજ કોલસો (C) કુદરતી વાયુ (D) જંગલો

(69) ભારતમાં વાઘ કયા ક્ષેત્રમાં જોવા મળતો નથી ?

(A) ઉત્તરાખંડ (B) ગુજરાત (C) મધ્યપ્રદેશ (D) પશ્ચિમ બંગાળ

(70) વિશ્વ સૌથી મોટું રણ કયું છે ?

(A) કચ્છનું રણ (B) લદાખનું રણ (C) સહારાનું રણ (D) મહામરુસ્થળ

## 14. લોકશાહીમાં સમાનતા

(71) કેટલી ઉંમરથી નાના બાળકને મજૂરીએ રાખવું એ કાયદાનો ભંગ થયો કહેવાય છે ?

(A) 14 (B) 15 (C) 16 (D) 18

(72) 18 વર્ષની ઉંમર થતા ભારતીય નાગરિકને કયો વિશેષ અધિકાર મળે છે ?

(A) નોકરી (B) મત (C) શિક્ષણ (D) રમત

(73) બસની મુસાફરી દરમિયાન કેવી વ્યક્તિઓ માટે વિશેષ વ્યવસ્થા હોય છે ?

(A) દિવ્યાંગ (B) પૈસાદાર (C) સરપંચ (D) શિક્ષક

## 15. રાજ્ય સરકાર

(74) રાજ્યની વિધાનસભા બીજા કયા નામથી ઓળખાય છે ?

(A) રાજ્યસભા (B) લોકસભા (C) ધારાસભા (D) સંસદ

(75) રાષ્ટ્રની સરકાર કયા નામે ઓળખાય છે ?

(A) રાજ્ય (B) સંઘ (C) ગ્રામ (D) ન્યાય

(76) MLA બનવા તમારી ઉંમર કેટલી હોવી જોઈએ ?

(A) 30 (B) 25 (C) 35 (D) 18

(77) કોની ભલામણથી રાષ્ટ્રપતિ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદે છે ?

(A) રાજ્યપાલ (B) મુખ્યમંત્રી (C) પ્રધાનમંત્રી (D) અધ્યક્ષ

(78) કઈ અદાલત Court of Record તરીકે ફરજ બજાવે છે ?

(A) વડી (B) જિલ્લા (C) તાલુકા (D) ફોજદારી

## 16. જાતિગત ભિન્નતા

(79) ભારતમાં વસ્તી–ગણતરી દર કેટલાં વર્ષે થાય છે :

(A) પાંચ (B) દસ (C) પંદર (D) વીસ

(80) મહિલાઓને સશક્ત કરવા કઈ સહાય આપવામાં આવે છે ?

(A) ઉદ્યોગ માટે (B) પશુપાલન માટે (C) ધંધા માટે (D) તમામ

# 17. સંચાર-માધ્યમ અને જાહેરાત

(81) વેપારીઓ પોતાનો ધંધો વિસ્તારવા શું કરે છે ?

(A) જાહેરાત આપે. (B) ડિસ્કાઉન્ટ આપે. (C) ગિફ્ટ વાઉચર આપે. (D) તમામ

(82) કઈ સુવિધા ભારતમાં બંધ કરવામાં આવી છે ?

(A) ટપાલ (B) તાર (C) પાર્સલ (D) ઈન્ટરનેટ

# 18. બજાર

(83) તમે દુકાનેથી પેન ખરીદો છો તો તમે શું કહેવાઓ ?

(A) ગ્રાહક (B) વેપારી (C) દુકાનદાર (D) વેચનાર

(84) તમે ખેડૂત છો. તમે તમારું ઉત્પાદન વેચવા ક્યાં જશો ?

(A) માર્કેટિંગ યાર્ડ (B) જી.આઇ.ડી.સી. (C) મોલ (D) તમામ

(85) શાકાહારી ખાદ્યસામગ્રી પર કયા રંગની નિશાની હોય છે ?

(A) લાલ (B) લીલા (C) ભૂરા (D) પીળા

(86) વસ્તુ ખરીદતી વખતે તમે શું ધ્યાન રાખશો ?

(A) માર્કો (B) એક્સપાયરી ડેટ (C) બિલ લેવું (D) તમામ

(87) ગ્રાહક સુરક્ષા અધિનિયમ-1986 મુજબ ગ્રાહકને કેટલા હક મળેલા છે ?

(A) પાંચ (B) છ (C) સાત (D) આઠ

(88) કયા પ્રકારના બજારમાં વસ્તુ ખરીદ કરવા સ્થળ ઉપર જવું પડતું નથી ?

(A) ગુર્જરી બજાર (B) શૉપિંગ મોલ (C) ઑનલાઈન બજાર (D) મહોલ્લા બજાર

(89) કયું બજાર કોઈ એક નિશ્ચિત દિવસે જ ભરાતુ હોય છે ?

(A) સાપ્તાહિક બજાર (B) મોલ (C) નિયંત્રિત બજાર (D) મહોલ્લા બજાર

(90) ખેડૂતોનું શોષણ અટકાવવા સરકારે કઈ વ્યવસ્થા કરી છે ?

(A) ખેતીવાડી સરંક્ષણ સમિતિ (B) જમીન વિકાસ બૅન્ક

(C) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (D) ડેરી વિકાસ બૉર્ડ

(91) માંસાહારી ખાદ્ય સામગ્રી પર કયા રંગની નિશાની કરવામાં આવે છે ?

(A) લીલા (B) લાલ (C) પીળા (D) વાદળી

(92) તમે સોનાનો હાર ખરીદવા જશો ત્યારે કઈ નિશાની જોઈને ખરીદશો ?

(A) આઇ.એસ.આઇ. માર્ક (B) વુલમાર્ક

(C) હૉલમાર્ક (D) એગમાર્ક